# નુર મૌલાના શાહ કરીમ અલ-હુસૈની હાઝર ઈમામ (અ.સ.)ના ડાયમંડ જ્યુબિલી પ્રસંગેના મુલાકાતના મુબારક ફરમાનો

(ફક્ત શીયા ઈમામી ઈસ્માઈલીઓ માટે)

ડાયમંડ જ્યુબિલી : ૨૦૧૭-૨૦૧૮

(For private circulation only)

# નુર મૌલાના શાહ કરીમ અલ-હુસૈની હાઝર ઈમામ (અ.સ.)ના ડાયમંડ જ્યુબિલી પ્રસંગેના મુલાકાતના મુબારક ફરમાનો

(ફક્ત શીયા ઈમામી ઈસ્માઈલીઓ માટે)

ડાયમંડ જ્યુબિલી : ૨૦૧૭-૨૦૧૮



"અમારી જમાત એ યાદ રાખે કે આપણી પ્રણાલિકા એ અક્કલની પ્રણાલિકા છે. અક્કલની પ્રણાલિકા આપણને જ્ઞાન હાસલ કરવાની છૂટ આપે છે. જેનો ઉપયોગ અલ્લાહના સર્જનને સારી રીતે સમજવા અને વિશાળ સમાજના (large society) ભલા માટે કરવામાં આવે છે. જ્ઞાન હાસલ કરી તમારા દીન પ્રમાણે જીવન જીવો, તે જ્ઞાનથી બીજાઓને મદદરૂપ થાઓ."

(એગ્લેમોન્ટ, પેરિસ, ૧૧ જુલાઈ, ૨૦૧૭ - હોમેજ સેરિમની ડાયમંડ જ્યુબેલી સમારંભના ઉદ્દ્ઘાટન પ્રસંગે)

# અનુક્રમણિકા
# ડાયમંડ જ્યુબિલી : ૨૦૧૭ - ૨૦૧૮


૧. તાલિકા મુબારક.........................................૯

૨. એગ્લેમોન્ટ, પેરિસ, ૧૧ જુલાઈ, ૨૦૧૭ – હોમેજ સેરિમની
ડાયમંડ જ્યુબેલી સમારંભના ઉદ્‌ઘાટન પ્રસંગે...................૧૫

૩. કમ્પાલા, યુગાન્ડા, ૧૦ ઓક્ટોબર,૨૦૧૭
ડાયમંડ જ્યુબિલી દરબાર......................................૨૩

૪. દારેસ્લામ, ટાન્ઝાનિયા, ૧૨મી ઓક્ટોબર,૨૦૧૭
ડાયમંડ જ્યુબિલી દરબાર......................................૩૦

૫. ટોરોન્ટો, કેનેડા ૧૭મી નવેમ્બર,૨૦૧૭ (સવારે )...............૩૮

૬. ટોરોન્ટો, કેનેડા ૧૭મી નવેમ્બર,૨૦૧૭
(બપોર પછીના સમયે) .......................................૪૫

૭. ટોરોન્ટો, કેનેડા ૧૮મી નવેમ્બર,૨૦૧૭ (સવારે)..............૫૧

૮. ટોરોન્ટો, કેનેડા ૧૮મી નવેમ્બર,૨૦૧૭
(બપોર પછીના સમયે)........................................૫૭

૯. મોન્ટ્રીઅલ, કેનેડા ૨૧મી નવેમ્બર,૨૦૧૭ (સવારે)............ ૬૩

૧૦. મોન્ટ્રીઅલ, કેનેડા ૨૧મી નવેમ્બર,૨૦૧૭
(બપોર પછીના સમયે) .......................................૭૧

૧૧. ગરમચશ્માં, ચિત્રાલ, પાકિસ્તાન,

૯મી ડિસેમ્બર, ૨૦૧૭, ડાયમંડ જ્યુબિલી દરબાર...........૭૮

૧૨. બૂની, ચિત્રાલ, પાકિસ્તાન, ૯મી ડિસેમ્બર, ૨૦૧૭

ડાયમંડ જ્યુબિલી દરબાર....................................૮૬

૧૩. તાઉસ, ઘીઝર, પાકિસ્તાન, ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭

ડાયમંડ જ્યુબિલી દરબાર .................................. ૯૩

૧૪. અલીઆબાદ, હુંઝા, પાકિસ્તાન, ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭

ડાયમંડ જ્યુબિલી દરબાર..................................૧૦૧

૧૫. ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭

(સવારે) ..........................................................૧૦૬

૧૬. ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭

(બપોર પછીના સમયે).....................................૧૧૫

૧૭. ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૭

(સવારે)...........................................................૧૨૦

૧૮. ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૭

(બપોર પછીના સમયે) .................................. ૧૩૬

૧૯. કરાંચી પાકિસ્તાન, ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૭................૧૪૬

૨૦. કરાંચી પાકિસ્તાન, ૧૭મી ડિસેમ્બર, ૨૦૧.................૧૫૮

૨૧. કરાંચી પાકિસ્તાન, ૧૮ મી ડિસેમ્બર, ૨૦૧૭.............૧૭૪

૨૨. કરાંચી, પાકિસ્તાન, ૧૯મી ડિસેમ્બર,૨૦૧૭.............. ૧૮૮

૨૩. તાલિકા મુબારક, નોર્ધન એરિયા, પાકિસ્તાન..................૨૦૩
૨૪. દુબઈ, યુનાઈટેડ આરબ અમીરાત, ૨૫મી
જાન્યુઆરી,૨૦૧૮, ડાયમંડ જ્યુબિલી દરબાર.............૨૦૫
૨૫. અમદાવાદ, ભારત, ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮.............. ૨૧૩
૨૬. અમદાવાદ, ભારત, ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૮.............. ૨૧૯
૨૭. અમદાવાદ, ભારત, ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ..............૨૨૬
૨૮. હૈદ્રાબાદ, ભારત, ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ...............૨૩૧
૨૯. મુંબઈ, ભારત, ૧લી માર્ચ, ૨૦૧૮
ડાયમંડ જ્યુબિલી દરબાર....................................૨૩૮
૩૦. એટલાંટા, જ્યોર્જિયા, યુ.એસ.એ,
૧૪મી માર્ચ, ૨૦૧૮ ......................................૨૪૬
૩૧. એટલાન્ટા, જ્યોર્જિયા, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા,
૧૫મી માર્ચ, ૨૦૧૮ (સવારે) ............................૨૫૪
૩૨. એટલાન્ટા, જ્યોર્જિયા, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા,
૧૫મી માર્ચ, ૨૦૧૮ (બપોર પછીના સમયે) ..............૨૬૧
૩૩. એટલાન્ટા, જ્યોર્જિયા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા,
૧૭ માર્ચ ૨૦૧૮........................................ ૨૬૭
૩૪. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા,
૨૦મી માર્ચ ૨૦૧૮...................................... ૨૭૬

૩૫. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ્ અમેરિકા,

૨૧મી માર્ચ ૨૦૧૮(સવારે) .......................... ૨૮૩

૩૬. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ્ અમેરિકા,

૨૧મી માર્ચ ૨૦૧૮(બપોર પછી) .........................૨૮૭

૩૭. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ્ અમેરિકા,

૨૨મી માર્ચ ૨૦૧૮ ...................................૨૯૩

૩૮. નૈરોબી, કેનિયા, ૧૪મી એપ્રિલ, ૨૦૧૮

ડાયમંડ જ્યુબિલી દરબાર...................................૩૦૦

૩૯. વેનકુવર, કેનેડા ૫મી મે,૨૦૧૮

ડાયમંડ જ્યુબિલી દરબાર ................................૩૦૯

૪૦. વેનકુવર, કેનેડા ૬ઠ્ઠી મે,૨૦૧૮ ..........................૩૨૧

૪૧. કેલગરી, કેનેડા ૯મી મે,૨૦૧૮...........................૩૩૦

૪૨. કેલગરી, કેનેડા, ૧૦મી મે, ૨૦૧૮ ........................ ૩૩૬

૪૩. કેલગરી, કેનેડા, ૧૧મી મે, ૨૦૧૮ .......................૩૪૪

૪૪. પેરિસ, ફ્રાન્સ ૨૩મી જૂન,૨૦૧૮

ડાયમંડ જ્યુબિલી દરબાર...................................૩૫૦

૪૫. લંડન, યુનાઈટેડ કિંગ્ડમ, ૨૯મી જૂન, ૨૦૧૮

ડાયમંડ જ્યુબિલી દરબાર .................................૩૫૮

૪૬. લિસ્બન, પોર્ટુગલ, ૭મી જુલાઈ, ૨૦૧૮ ................ ૩૬૫

૪૭. લિસ્બન, પોર્ટુગલ, ૧૧મી જુલાઈ, ૨૦૧૮

ડાયમંડ જ્યુબિલી દરબાર ....................................૩૭૫

૪૮. ADDRESS of His Highness the Aga Khan,

Ottawa,Thursday,February27, 2014...................૩૯૧

૪૯. પ્રવચન:- હિઝ હાઈનેસ ધ આગાખાન,

ગુરુવાર, ફેબ્રુઆરી ૨૭, ૨૦૧૪ .........................૪૧૫

# હોમેજ સેરિમની



"મઝહબી બાબતોમાં વખતના ઈમામ જમાતની વિવિધતા અને પ્રણાલિકાઓને ધ્યાનમાં લઈ દિશાસૂઝ અને દોરવણી આપવાનું ચાલુ રાખશે. અમોને ખાત્રી છે કે જીવનના પડકારો ખાસ કરીને કટોકટી અને ઝડપી ફેરફારોનો સામનો કરવા માટે ફક્ત તમારા વડવાઓનો મઝહબ જ તમને શક્તિમાન બનાવશે. દરેક સમયે તમારા ધર્મને તમારી સાથે રાખો, જે અવળા સંજોગોમાં રક્ષણ અને રાહતનું મૂળ બનશે."

(એગ્લેમોન્ટ, પેરિસ, ૧૧ જુલાઈ, ૨૦૧૭ - હોમેજ સેરિમની ડાયમંડ જ્યુબેલી સમારંભના ઉદ્‌ઘાટન પ્રસંગે)

# ૧. તાલિકા મુબારક

અમારા વ્હાલા પ્રેસિડેન્ટ અને મેમ્બરો,

૧૧મી જુલાઈ, ૨૦૧૭ના ઈમામત દિન, કે જે અમારી ડાયમંડ જ્યુબિલી વર્ષની શરૂઆત પણ દર્શાવે છે, તે પ્રસંગે, અમે અમારા ફ્રાન્સ. બેલ્જિયમ, સ્વિટ્ઝર્લેન્ડ અને આઈવરી કોસ્ટની જમાતના  સર્વે રૂહાની બાળકોને અમારા અતિશય હેતપૂર્વકના, માતા પિતા તરીકેના વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. આ સમયે જગતભરના અમારા સર્વે વ્હાલા રૂહાની બાળકો, ખાસ કરીને અમારા હૃદયમાં, વિચારોમાં અને દુઆઓમાં છે.

અમારી ગોલ્ડન જ્યુબિલી પછીના દાયકામાં અનેક નોંધ પાત્ર ફેરફારો, વૈશ્વિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે થયેલ છે. તેમાંના અમુક ફેરફારો હજુ પણ વિકસિત થઈ રહ્યા છે. ઝમાનાના ઈમામ તરીકે, અમે અમારી જમાતને નવીન ઉદ્ભવ  થઈ રહેલા પડકારોનો સામનો કરવા માટે, હિદાયત અને દોરવણી આપવાનું ચાલુ રાખીશું, અમારા રૂહાની બાળકો અને તેમની સંસ્થાઓએ અમુક સમયે પ્રતિકૂળ સંજોગોમાં, જે મજબૂતી, દ્રઢ સંકલ્પ અને પરિવર્તન માટેની અનુરૂપતા દાખવી છે. તે બાબતે અમને અતિશય મહાન ખુશી આપેલ છે.

એ ઘણા સંતોષની બાબત છે કે અમારી જમાતે, તેમના સઘળા અનેક દેશોમાં અને વાતાવરણમાં છેલ્લા સાઠ વર્ષો દરમ્યાન ભવિષ્યનો વિશ્ર્વાસપૂર્વક સામનો કરવા માટે ક્ષમતાનું ઘડતર કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. અમારી જમાતો કે જે જુદા જુદા દેશો, સંસ્કૃતિઓ અને પ્રણાલિકાઓમાં, ઈમામ પ્રત્યેની તેમની સામુહિક વફાદારી દ્વારા અને ઈસ્માઈલી તરીકાના એ મૂળભૂત સિધ્ધાંતો, કે જે જીવનના રૂહાની અને ભૌતિક પાસાઓ વચ્ચે સમતુલા, ધર્મના પાલનમાં નિયમિતતા અને ઈસ્લામની શાંતિ, સહાનુભૂતિ, ઉદારતા તેમજ માનવ જીવન અને પ્રતિષ્ઠા માટેના સન્માનને નીતિમત્તાઓના સતત અમલને આવશ્યક બનાવે છે, તેના પાલન દ્વારા સંગઠિત થયેલ છે. તેમની વચ્ચે વધી રહેલા સંપર્ક અને સહાયને જોઈને અમને ખાસ કરીને ખુશી થાય છે. અમારી જમાતની વિવિધતા કે જે સમગ્ર રીતે ઉમ્માહની વિવિધતાનું પ્રતિબિંબ પાડે છે, તેણે જમાતને એ વધુ વિશાળ બહુમતવાદી સમાજ કે જેનો તેઓ ભાગરૂપ છે. તેમાં રહેવા અને તેના પ્રતિ સિધ્ધાંતો પ્રદાન આપવા માટે શક્તિમાન બનાવેલ છે.

આપણે જ્યારે ડાયમંડ જ્યુબિલી વર્ષની શરૂઆત કરીએ છીએ, ત્યારે અમે એ બાબતથી વાકેફગાર છીએ કે જગતના અમુક ભાગોમાંની અમારી જમાતે રાજકીય, સામાજિક અને આર્થિક અસ્થિરતાની પરિસ્થિતિઓનો સામનો કરવાનું ચાલુ રાખેલ છે. આ જમાતો સતત રીતે અમારા હૃદયમાં અને

વિચારોમાં છે અને અમે આજના દિવસે, તેઓને અમારા ઉત્તમ, અતિશય હેતપૂર્વકના વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે દુઆ કરીએ છીએ કે આ સાઠ વર્ષો દરમ્યાન જે સંસ્થાકીય પાયાઓનું આપણે ઘડતર કર્યું છે, તે આ જમાતોને ઈન્શાઅલ્લાહ, એક સલામત અને સમૃધ્ધ ભવિષ્ય તરફ ઝડપી પરિવર્તન માટે આગળ વધવાનું ગતિશીલ બળ પુરૂ પાડે.

ડાયમંડ જ્યુબિલીના આ પ્રસંગે, અમારા વિચારો અને દુઆઓ ખાસ કરીને તે જમાતો માટે રહે છે કે જેઓ લડાઈ અને હિંસાની પરિસ્થિતિઓનો ભોગ બન્યા છે. ઈમામ તરીકે, આ જમાતોને સહાય કરવા માટે, અમે અમારી અંગત અને સંસ્થાકીય શક્તિઓને દિશામાન કરવાનું ચાલુ રાખીશું. અને અમે એ જમાતોને મુશ્કિલ-આસાન, સુરક્ષા અને સલામતી, અને તેમના પ્રદેશોમાં શાંતિ અને સ્થિરતાની પુન:સ્થાપના માટે અમારા ખાસ, ખાસ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ડાયમંડ જ્યુબિલી એક ખુશીનો પ્રસંગ છે, પરંતુ તે સહભાગીતાનો પણ પ્રસંગ છે. અને અમે ખાસ કરીને ખુશી છીએ કે ઈસ્લામની નીતિમત્તાની સર્વોચ્ચ પ્રણાલિકામાં ઘણા બધા મુરીદો, જમાતના મજબૂત ભવિષ્ય માટે, ઈમામતના કાર્યોને સહાય કરવા, પોતાના સમય અને જ્ઞાન તેમજ ભૌતિક

સંસાધનોનું નઝરાણું અર્પણ કરવા આગળ આવ્યા છે. તમારી ઉદારતા, આપણી સંસ્થાઓ કે જેની સેવા જમાત મુસ્લિમ ઉમ્માહ અને વિશાળ સમાજ પ્રતિ લોકોના વિભાજન અને વિખવાદ વચ્ચે જોડાણો સાધવામાં એક નોંધપાત્ર ભૂમિકા ધરાવે છે, તેને વધુ મજબૂત બનાવવા માટે યોગદાન  આપશે. એ અમારી આશા અને આકાંક્ષા છે કે આપણી સંસ્થાઓ શ્રેષ્ઠતા અને સ્થિરતાની ક્ષમતાના એવા સ્તરો હાંસલ કરે કે જે જગતના સર્વ ભાગોમાંની ભવિષ્યની પેઢીઓ માટે જીવનની એક સ્થિર ગુણવત્તા પ્રતિ યોગદાન આપશે.

ગોલ્ડન જ્યુબિલીની જેમ, અમે આ ઉદ્દેશ માટે, અમારી જમાતે ડાયમંડ જ્યુબિલી માટે અમને જે નઝરાણું અર્પણ કર્યું છે તેને સમર્પિત કરીએ છીએ અને અમે દુઆ કરીએ છીએ કે તમારી ઉદારતાનો અનેક અનેક ઘણી વધુ વાર બરકાતની સાથે બદલો પ્રાપ્ત થાય.

છેલ્લા સાઠ વર્ષોની સિધ્દ્ધિઓ તરફ દ્રષ્ટિ કરતા, અમે એ અનેક રૂહાની બાળકોની ભક્તિભાવપૂર્વકની સેવાઓને યાદ કરીએ છીએ કે જેઓ હવે આપણી વચ્ચે નથી પરંતુ તેઓ ઈમામ સાથે એવા પાયાનું ઘડતર કરવા માટે કાર્ય કર્યું છે કે જેના ઉપર આપણા કાર્યક્રમો અને સંસ્થાઓની સ્થાપના થયેલ છે. અમે તેમની રૂહાનીઓ માટે અમારા ઉત્તમ, હેતપૂર્વકના વ્હાલભર્યા

દુઆઆશિષો ફરમાવીએ છીએ અને તેમના પાયાના અગ્રણી કાર્ય માટે અમારો ઊંડો આભાર વ્યક્ત કરીએ છીએ.

આ ખુશીભર્યા પ્રસંગે અમે અમારી સઘળી કાઉન્સિલોના પ્રેસિડેન્ટો અને મેમ્બરો, અમારી સઘળી સંસ્થાઓના ચેરમેનો અને મેમ્બરો, અમારા સર્વે મુખીઓ, કામડિયાઓ, મુખીયાણીઓ, કામડિયાણીઓ અને એ સર્વે વોલન્ટીયર કાર્યકરો, કે જેઓ એ છેલ્લા સાઠ વર્ષો દરમ્યાન અમારી અને જમાતની સેવા કરી છે તેઓને અમે અમારા અતિશય હેતપૂર્વકના, માતા પિતા તરીકેના, ખાસ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમે અમારા સર્વે મરહૂમ રૂહાની બાળકોના રૂહ માટે અમારા ઉત્તમ, વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે દુઆ કરીએ છીએ કે તેમની રૂહાનીઓ અનંત શાંતિને પામે.

અમારા સર્વે રૂહાની બાળકોને અમે અમારા અતિશય હેતપૂર્વકના, માતા પિતા તરીકેના, ખાસ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને તમારા અભિનંદનોના ઉષ્માભર્યા સંદેશાઓ માટે અમારા ઉત્તમ, વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમારી જમાતની ઈમાનની મજબૂતી અને એકતા માટે અમારા ખાસ દુઆઆશિષોની સાથે અમે તમારી રૂહાની

ભલાઈ, દુન્યવી સફળતા, તંદુરસ્તી, સુખ અને પ્રગતિ માટે અમારા હેતપૂર્વકના વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

તમારા હેતવંતા

આગાખાન

## ૨. એગ્લેમોન્ટ, પેરિસ, ૧૧ જુલાઈ, ૨૦૧૭
## – હોમેજ સેરિમની
## ડાયમંડ જ્યુબેલી સમારંભના ઉદ્‌ઘાટન પ્રસંગે

*બિસ્મિલ્લાહીર રહમાનીર રહીમ*

અમારું વ્હાલું કુટુંબ,

અમારી જમાતના વ્હાલા આગેવાનો,

અમારા જગતભરના વ્હાલા રૂહાની બચ્ચાંઓને કે જેઓને અમે ફરમાવીએ છીએ.

અમારા કુટુંબ માટે, અમારી જમાતના આગેવાનો માટે, અને જગતભરના અમારા રૂહાની બાળકો માટે આજનો દિવસ ઘણોજ અસાધારણ છે. અમે અમારા ફરમાનની શરૂઆતમાં જગતભરની જમાતને અમારા ઉમળકાભર્યા, હેતપૂર્વકના, પ્યારભર્યા ઉત્તમ ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ઘણા આનંદમાં છીએ કે અમારું કુટુંબ જેમાં અમારા બાળકો અને ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે હતા તે કરતા પણ વધુ પૌત્રો હમણાં અહીંયા હાજર છે. અમે તેઓને ઈમામતના અને અલગ અલગ સંસ્થાઓમાં વર્ષોથી મદદ અને ભાગ લેવા માટે

અમારો આભાર વ્યક્ત કરીએ છીએ અને આ બાબત અમને ઘણીજ ખુશ કરે છે.

આ ખુશીના પ્રસંગે, અમારા ફરમાનની શરૂઆતમાં જે જમાતો સંઘર્ષમાં છે, તેમને મુશ્કિલ આસાન માટે અમે અમારા ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. જે લોકો હજુ પણ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તેઓની સલામતી અને સુરક્ષા માટે દુઆ ફરમાવીએ છીએ. જે મુરીદોએ પોતાની જાન ગુમાવી છે, તેઓના આત્માઓને અમે ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

જગતભરના મુરીદો વતી સંબોધન અને વચનબધ્ધતા માટે અમે મહેમુદનો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

અહીંયા ઘણા મુરીદો એવા છે જેમને અમે જાણીએ છીએ, તેમને જોઈને અમોને ઘણોજ આનંદ થાય છે. તેઓએ જમાતની અને વખતના ઈમામની ઘણા દાયકાઓથી અદ્દભુત ખિદમત કરી છે. તેઓને અને તેમના કુટુંબોને અમે વ્હાલ અને પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અગાઉની જ્યુબિલીઓની માફક ડાયમંડ જ્યુબિલી પણ અમારા જગતભરના મુરીદો અને તેઓ જે સમાજોમાં વસે છે, તેમના જીવનની ગુણવત્તા સુધારવાના લક્ષ્યાંકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની તક પુરી પાડે છે. અમોએ અમારા

આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરીને આ બાબતમાં ઘણા લક્ષ્યાંકો નક્કી કર્યા છે.

આ લક્ષ્યાંકોમાં ગરીબી નાબુદી, આપણી સંસ્થાઓની સ્થિરતા અને મજબૂતી, બાળશિક્ષણથી ત્રીજા લેવલ (early child education to tertiary education) સુધી શિક્ષણની સુધારણા, અને (infrastructure) યાને આધારભૂત વ્યવસ્થામાં સુધારણા, ખાસ કરીને જે સમાજોમાં જીવનની ગુણવત્તાના વધારા માટે જ્યાં  પાણી અને ઉર્જા (water & energy) ની જરૂરીઆત છે, તેની સુધારણા કરવાના લક્ષાંકો નક્કી કરવામાં આવ્યા છે.

અમોને ખુશી થાય છે કે આપણી સંસ્થાઓ ગરીબી નાબુદીના પ્રશ્ને કાર્ય કરી રહી છે. જ્યુબિલી વર્ષ અને ભવિષ્યમાં પણ અમારી જમાત અને AKDN ની બધી સંસ્થાઓ માટે ગરીબી નાબુદીની પ્રાથમિકતા કેન્દ્ર સ્થાને રહેશે.

સંસ્થાઓની સ્થિરતા અને મજબૂતી માટે કાયમી ફંડ માટે વિચારણા કરવામાં આવી છે કે જેથી સંસ્થાઓને કાયમી ધોરણે નાણાકીય ખાત્રી (guarantee) રહે. અમારી વિચારણામાં દીન માટેની સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.

શિક્ષણ ક્ષેત્રે આપણી કોશિષ એ પાયા ઉપર આધારિત હશે કે દરેક બાળકને જન્મથી (early child born) વધુમાં વધુ બાળ શિક્ષણ (early child education) ની તક મળે. કારણકે વિજ્ઞાન શીખવે છે કે માણસનું મગજ બીજા કોઈ સમય કરતા બચપણમાં વધુ ઝડપથી વિકાસ પામે છે. આપણે ભૂતકાળમાં સેકન્ડરી (માધ્યમિક) અને ત્રીજા લેવલનું એજ્યુકેશન ઉપર ધ્યાન આપ્યું હતું, હવે આપણે પ્રી–પ્રાયમરી અને પ્રાયમરી શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું.

આ લક્ષ્યો સાથે આગળ વધવા માટે, હાલની સંસ્થાઓ અને કાર્યક્રમોને મજબૂત કરવા અને નવા લક્ષ્યો વિકસાવવા માટે ઘણો સમય અને પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ પ્રયાસો હંમેશા પ્રશંસીય બાબતો જેવી કે  સામાજિક પરિવર્તન અને વિશ્વના વિવિધ સમુદાયોના જીવનની ગુણવત્તામાં સુધારો એ નાગરિક સમાજની ક્ષમતાઓ દ્વારા ચાલે છે. સરકારની ભૂમિકાથી વધુને વધુ અપેક્ષા છે કે તે નાગરિક સમાજના સકારાત્મક વિકાસને  શક્ય બનાવે.

સદભાગ્યે, ઘણા દેશોમાં જ્યાં જમાત વસવાટ કરે છે, જાહેર અને ખાનગી ક્ષેત્ર બંને નાગરિક સમાજને મજબૂત બનાવવાની  જરૂરિયાત અને ફાયદાને માન્યતા આપી રહ્યા છે, અને તે આ સંદર્ભમાં છે કે છેલ્લા દસ વર્ષથી આગાખન ડેવેલપમેન્ટ નેટવર્ક તેની પ્રવૃત્તિઓ વિસ્તૃત કરી છે.

આધુનિક વિકાસની વિચારસરણીનું એક મહત્વનું  પાસું એ છે કે સમાજો બાહ્ય ટેકો અને માર્ગદર્શન પર આધાર રાખવાને બદલે પોતાની સક્રિય શક્તિને  એકત્રિત કરીને પોતાને શ્રેષ્ઠ બનાવી શકે છે. એકેડીએન તેની આર્થિક, આરોગ્ય, શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને અન્યમાં થતી પ્રવૃત્તિઓની વિવિધતાને લીધે, વિશ્વના ઘણા દેશોમાં નાગરિક સમાજના વિકાસને વધારવા માટે અસાધારણ રૂપે સારી રીતે સ્થાન પામ્યું છે.

તેનું સંચાલન ઉદાર પુરુષો અને સ્ત્રીઓ દ્વારા કોઈ પણ વળતર વિના, તેમની ક્ષમતાઓ અને સમય અર્પણ કરે છે, જેથી તેમના સમાજમાં જીવનની ગુણવત્તામાં સુધારણા માટે ફાળો આપી શકાય.

આ પહેલ અમારા, તેમજ અન્ય સમુદાયો અને સંસ્થાઓ પાસેથી  ટેકો લ્યે છે અને તેમના પરિણામો શ્રેષ્ઠ પ્રેક્ટીસ (best પ્રેક્ટીસ) સામે રાખી માપવામાં આવે છે.

માપનું  સંસાધન અને કાર્યને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરવું તે હકારાત્મક પરિણામો માટે મુખ્ય યોગદાન  આપનાર છે; આ રીતે અમે આજે તે બધા લોકોનો આભાર માનીએ છીએ કે જેમણે વિવિધ સંસ્થાઓ દ્વારા વિશ્વના વિવિધ ભાગોમાં આપણા કાર્યોમાં ફાળો આપ્યો છે અને આપી રહ્યા છે, અને

અમો તેમના કાર્ય બદલ આભારી છીએ અને તેમની પ્રશંસા કરીએ છીએ.

મઝહબી બાબતોમાં વખતના ઈમામ જમાતની વિવિધતા અને પ્રણાલિકાઓને ધ્યાનમાં લઈ દિશાસૂઝ અને દોરવણી આપવાનું ચાલુ રાખશે. અમોને ખાત્રી છે કે જીવનના પડકારો ખાસ કરીને કટોકટી અને ઝડપી ફેરફારોનો સામનો કરવા માટે ફક્ત તમારા વડવાઓનો મઝહબ જ તમને શક્તિમાન બનાવશે. દરેક સમયે તમારા ધર્મને તમારી સાથે રાખો, જે અવળા સંજોગોમાં રક્ષણ અને રાહતનું મૂળ બનશે. અમારી જમાત એ યાદ રાખે કે આપણી પ્રણાલિકા એ અક્કલની પ્રણાલિકા છે. અક્કલની પ્રણાલિકા આપણને જ્ઞાન હાસલ કરવાની છૂટ આપે છે. જેનો ઉપયોગ અલ્લાહના સર્જનને સારી રીતે સમજવા અને વિશાળ સમાજના (large society) ભલા માટે કરવામાં આવે છે. જ્ઞાન હાસલ કરી તમારા દીન પ્રમાણે જીવન જીવો, તે જ્ઞાનથી બીજાઓને મદદરૂપ થાઓ.

પોર્ટુગલમાં ઈસ્માઈલી ઈમામતની બેઠક (seat of Ismaili Imamat) સ્થાપિત થવાથી મને ઘણો સંતોષ થયો છે. ઈસ્માઈલી ઈમામતની ક્ષમતાની મજબૂતી અને સંસ્થાઓની ક્ષમતાના વધારાની પ્રક્રિયાને ચાલુ રાખવાથી ભવિષ્યમાં જમાતની જરૂરીયાતને પહોંચી વળવા માટેનું અગત્યનું પગલું છે.

આજે જે મુરીદો અહીંયાં  હાજર છે અને જગતભરના અમારા મુરીદો સતત રીતે  અમારા હૃદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં છે.

અમારા મુરીદ દુનિયાના કોઈપણ ભાગમાં, દુનિયાના કોઈપણ ખૂણામાં રહેતા હોય તે દરેકે દરેક મુરીદના ખભા ઉપર અમે અમારો  હાથ મુકીએ છીએ, અને દરેકને  વ્યક્તિગત રીતે અમારા ઉમળકાભર્યા, અમારા વ્હાલભર્યા માતા પિતા તરીકેના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમે દુઆ કરીએ છીએ કે તમારી બધી દુન્યવી મુશ્કેલીઓ સામે રક્ષણ મળે, તમારી વ્યક્તિગત મુસીબત યા તો કુટુંબીક મુસીબતોની મુશ્કેલ આશાન માટે દુઆ ફરમાવીએ છીએ. અમે દરેક મુરીદના ઈમાનની મજબૂતી માટે દુઆ ફરમાવીએ છીએ કે જેથી તમે સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબુત રહો. અમે શાંતિ માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબમાં એકતા માટે દુઆ ફરમાવીએ છીએ. મર્હુમ રૂહાની બાળકોના રૂહોની અખંડ શાંતિ અને રાહત માટે દુઆ ફરમાવીએ છીએ.

અમે દુઆ કરીએ છીએ કે તમારા જીવનમાં રૂહાની રોશની હોય, જે તમને તમારા દરરોજના જીવનમાં માર્ગદર્શન આપે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

***નજરાણું અર્પણ કર્યા પછી***

અમારું વ્હાલું કુટુંબ અને અમારા રૂહાની બચ્ચાઓ,

તમોએ આ પ્રસંગે જે નજરાણું અર્પણ કરેલ છે તેનાથી અમો ઘણા પ્રભાવિત થયા છીએ અને અમે આશા રાખીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તે નજરાણું તમારા દરેક માટે તમારા જીવન દરમ્યાન હજાર ઘણું વધે.

આ પ્રસંગે અમારી આખા જગતની જમાતનો વિચાર કરીએ છીએ અને જમાતને દુઆ ફરમાવીએ છીએ ખાસ કરીને એ જમાત કે જે મુશ્કેલીમાં જીવી રહી છે. તેમને આવતા દિવસોમાં શાંતિ માટે, સુરક્ષા અને જીવનમાં વિશ્વાસ માટે દુઆ ફરમાવીએ છીએ.

તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે તમારા કુટુંબને અને તમારી જમાતને લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, સુખ માટે, દુન્યવી સફળતા માટે અને મઝહબની પ્રેક્ટીસની સફળતા માટે અમારા ઉમળકાભર્યા, વ્હાલભર્યા અને પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩. કમ્પાલા, યુગાન્ડા, ૧૦ ઓક્ટોબર,૨૦૧૭
## ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, તમને અને તમારા કુટુંબોને અને તમારી જમાતને અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે જગતભરની જમાત, તે જયાં પણ રહેતી હોય, શાંતિપૂર્ણ હશે, તે જે પણ સમસ્યાઓનો સામનો કરતી હોય, તેનું નિરાકરણ થાય, અને જગતભરના દરેક મુરીદના સંતોષ મુજબ તેનું નિરાકરણ થાય. અમે તમારા કુટુંબોને અમારા હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ અને તેમને કહેજો કે અમે તેમના વિશે એવી રીતે વિચારીએ છીએ કે જાણે તેઓ અહીં અમારી સમક્ષ હતા.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે આફ્રિકામાં, જગતના અન્ય ભાગોમાં ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે એવી કંઈ આકાંક્ષાઓ છે કે જે આપણને તમારા કુટુંબ માટે, જમાત માટે ધરાવવી જોઈએ? સૌથી પ્રથમ, શાંતિ. જયાં પણ ઘર્ષણ છે, ત્યાં અમે શાંતિ માટે

આશા રાખીએ  છીએ અને અમે માનીએ છીએ કે તમે શાંતિ માટે પ્રયાસ કરો, અને વર્તમાન સમયમાં જે જમાતો ઘર્ષણનો સામનો કરી રહી છે, તેઓ પ્રતિ શાંતિ લઈ આવવા માટે આપણે સર્વે જે પણ કંઈ કરી શકીએ, તે કરવું જોઈએ. બીજું આપણે તેઓ માટે સારી તંદુરસ્તી ઈચ્છવી જોઈએ -- કે તેઓ સારા તંદુરસ્તીભર્યાં અને સુખમય જીવન જીવે, અને મુશ્કેલીઓ તેમના જીવનનાં ભાગરૂપ ન હોય. ત્રીજું, આપણે તેઓને -- પ્રથમ બેશક, દીની બાબતોમાં, અને બીજું, દુન્યવી બાબતોમાં સફળતા ઈચ્છવી જોઈએ. આથી, આજે અમે તમને આ ફરમાનમાં, આ જમાતને અને જગતભરની જમાતને આ ફરમાવીએ છીએ, અમે તેમના ભવિષ્ય માટે એ ઉમેદો રાખીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે આપણે આપણી જાતને પૂછીએ છીએ: એવી કંઈ અગ્રતાઓ છે, કે આપણને આફ્રિકામાંની જમાત માટે, એશિયામાંની જમાત માટે, પશ્ચિમી જગતમાંની જમાત માટે ધરાવવી જોઈએ. સૌથી પ્રથમ, અમે જેમ અગાઉ ફરમાવ્યું તેમ શાંતિ, આપણને શાંતિ મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ. અને જયાં પણ ઘર્ષણ છે ત્યાં આપણને ઘર્ષણનો ઉકેલ લાવવામાં યોગદાન   આપવું

જોઈએ, કે જેથી તમારા સર્વે ભાઈઓ અને બહેનો શાંતિમાં જીવી શકે અને ભવિષ્ય માટે, તેમનાં  જીવનનું ઘડતર કરી શકે. બીજું, આપણે તેઓની સારી તંદુરસ્તી ઈચ્છવી જોઈએ, કે તેઓ માંદગીથી ન પીડાય, અથવા જો તેઓ સમસ્યાઓનો સામનો કરતા હોય, તો તે સમસ્યાઓનું નિરાકરણ થાય. ત્રીજું, આપણને તેમને તેમના કુટુંબોમાં એકતા ઈચ્છવી જોઈએ, કે જેથી કુટુંબો, પેઢી દર પેઢી ભવિષ્યનું ઘડતર કરી મજબૂત બની શકે, કારણ કે આ એક એવું મહત્વપૂર્ણ ફરજરૂપ કાર્ય (mandate) છે કે જે ઈમામ આ પેઢી ઉપર, જમાતની ભવિષ્યની પેઢીઓ માટે મૂકે છે -- અને આથી, તે દાયકા પછી દાયકા સુધી રહેશે. તે માત્ર આ પેઢી જ નહિ; દાયકા પછી દાયકા સુધી, આ ખંડ (room)માંના દરેક મુરીદો, એક અથવા બીજી રીતે, તેમના કુટુંબોના ભવિષ્ય માટે ઘડતર કરશે. તે એક ઘણો જ મહત્વનો વિચાર છે.

અમે એ પણ ઈચ્છીએ છીએ કે આપણી યુવાન પેઢીઓ -- અને અમે અમારી સમક્ષ સઘળી જુદી જુદી વયના બાળકોને જોઈએ છીએ -- તેઓએ સારા શિક્ષણનો ફાયદો મેળવવો જોઈએ, કે જેથી અલ્લાહ-ખુદાએ આપણને જે નવાજેશ ફરમાવેલ છે, કે જે બુધ્ધિશક્તિ (brain) છે -- જે બુધ્ધિશક્તિ છે -- આપણને જે આપવામાં આવ્યું છે, તેમાં આપણે રોકાણ કરી શકીએ છીએ, જે આપણને આપણી અતરાફના સર્વે પ્રાણીઓ, કે જેને આપણે દરરોજ જોઈએ છીએ, તેનાથી

જુદા પાડે છે. તે માત્ર એક જ તફાવત છે -- જીવન નહિ, મૃત્યુ નહિ, બિમારી નહિ, સારી તંદુરસ્તી નહિ -- આ બધામાં આપણે સહભાગીતા ધરાવીએ છીએ, પરંતુ આપણે એક વસ્તુમાં સહભાગીતા નથી ધરાવતા, તે માનવીની બુધ્ધિશક્તિ (human brain) છે. અને આથી, આપણને આપણી માનવ બુધ્ધિશક્તિને આપણા ધર્મના પાલનમાં પ્રવૃત (engage) કરવી જોઈએ. અને અમે આ બાબત અમારા રૂહાની બાળકોને અનેક પ્રસંગોએ ફરમાવેલ છે, ધર્મ એ અક્કલની બાબત છે; એ અક્કલની, માનવીની અક્કલ છે, જેને ધર્મના પાલનમાં પ્રવૃત કરવી જ જોઈએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે અહીં આફ્રિકામાં ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ ત્યારે આપણને સૌ પ્રથમ, આ પ્રજાઓ (population)ના નાગરિકોના જીવનની ગુણવત્તા પ્રતિ યોગદાન આપવું જોઈએ, કે જેથી આપણે સહુ સાથે મળીને એક મજબૂત અને તંદુરસ્ત ભવિષ્યનું ઘડતર કરી શકીએ. આપણી સંસ્થાઓ -- આપણી શાળાઓ, આપણી નાણાંકીય સંસ્થાઓ, આપણી અન્ય સંસ્થાઓ મજબૂત હોવી જોઈએ -- જેથી આપણે સભ્ય સમાજ (civil society), એ સભ્ય સમાજ કે જેમાં આપણે રહીએ છીએ, તેની ગુણવત્તા પ્રતિ યોગદાન આપીએ. આપણને આપણું જ્ઞાન, આપણી ક્ષમતાઓ, આપણી લાયકાતોને, જે સંસ્થાઓને માનવ

સહાયની જરૂરત હોય તેને ઉપલબ્ધ બનાવવી જોઈએ, કે જેથી તેઓ પૂર્વ આફ્રિકામાંના દરેકના ભવિષ્ય માટે ઘડતર કરી શકે.

અમો માનીએ છીએ કે તમારે તમારા કટુંબોની ભવિષ્યની પેઢીઓ માટે તકોના દેશો તરફ દ્રષ્ટિ કરવી જોઈએ -- તકોના દેશો તરફ -- જયાં તમે અને તમારી  ભવિષ્યની પેઢીઓ ન માત્ર માનવિય કાબેલિયત(ક્ષમતા), બૌધ્ધિક કાબેલિયતનું ઘડતર કરે, પરંતુ ભૌતિક ક્ષમતાનું પણ ઘડતર કરે, કે જેથી,  તે કાબેલિયત(ક્ષમતા) થકી  જે સગવડો તમને ઉપલબ્ધ ન હોય તેની પસંદગીઓ પેઢી દર પેઢી કરી શકો. તમે હંમેશા અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અને અમારી દુઆઓમાં છો. અને અમે આ પ્રસંગે તમને તમારા સુખ માટે, તમારા લાંબા જીવન માટે, તમારી સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે અમારા ઉત્તમ, ખાસ દુઆઆશિષો, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *નઝરાણા અને ભેટની રજૂઆત પછીનું ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

સામાન્ય રીતે એ ઈમામ છે કે જેમણે જમાતને ભેટો આપવી જોઈએ, પરંતુ આ સમયે તમે તેનાથી વિપરીત કર્યું છે અને તમે અમને લાડ લડાવ્યા છે. અને અમે આ સુંદર ઐતિહાસિક ભેટ

કે જે અમને અમારા કુટુંબની અને જગતના અન્ય ભાગોની પ્રણાલિકાઓની યાદ અપાવે છે, તે માટે તમારો આભાર માનીએ છીએ. અને અમે આશા રાખીએ છીએ કે આ નઝરાણું તમારા માટે સેંકડોગણું અને સેંકડો અને સેંકડોગણું, વધવા પામે. અને અમે તમને અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમારું નઝરાણું નોંધપાત્ર છે, અને અમે આ સુંદર, સુંદર વસ્તુ માટે ઘણા જ આભારી છીએ. તમે જાણતા હશો કે મીનાકારી (enamel)માંની વસ્તુઓ બનાવવી ખાસ કરીને મુશ્કેલ હોય છે. અને આથી, આ ખાસ ભેટ અમારા માટે વિશિષ્ટ અર્થ ધરાવે છે, કારણ કે અમે જાણીએ છીએ કે આ સુંદર, સુંદર વસ્તુને બનાવવા માટે કેટલો બધો પ્રયાસ કરવામાં આવ્યો છે. અને અમે આ અદ્દભુત ભેટ માટે જમાતના આભારી છીએ કે જે અમને અહીં યુગાન્ડામાંની અમારી મુલાકાતની, અને આજે અમારી જમાતની મુલાકાતની હંમેશ માટે યાદ અપાવશે.

અમે ફરીથી, તમારામાંના દરેકને, અને તમારા કુટુંબોને, (તેઓ) અહીં હોય કે વિદેશમાં હોય, અમારા અતિશય ઉમળકાભર્યા

અને અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ, ઉત્તમ વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમે તમારા કુટુંબોને અમારો સંદેશ પાઠવવા માટે યુગાન્ડાની ટેલિફોન પધ્ધતિને અતિશય વ્યસ્ત (overload) કરી શકો છો. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમે આ પ્રસંગે યુગાન્ડાના પ્રેસિડેન્ટ અને સરકારે, આ મુલાકાત દરમ્યાન અમારા પ્રતિ જે સઘળી સૌજન્યશીલતા દર્શાવેલ છે તે બદલ, તેમના પ્રતિ પણ અમારો આભાર વ્યકત કરવા ચાહીએ છીએ. અમને યુગાન્ડાની આ મુલાકાત વખતે ઘણું જ સન્માન આપવામાં આવેલ છે, અને અમે અમારી જમાતને જણાવવા ચાહિએ છીએ કે અમે તેની કેટલી કદર કરીએ છીએ. અમારા મંતવ્ય પ્રમાણે, તે માત્ર તમારા ઈમામનુ જ સન્માન નથી, તે તેમની જમાતનું પણ સન્માન છે. આથી, આનું યુગાન્ડામાંની અમારી જમાતની ગુણવત્તાની માન્યતા તરીકે અર્થઘટન કરજો.

અમે તમને ફરી એક વાર અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૪. દારેસ્લામ, ટાન્ઝાનિયા, ૧૨મી ક્ટોબર,૨૦૧૭
## ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, તમારામાંના એકે એકને અને તમારા કુટુંબોને અને તમારી જમાતને, પછી તેઓ (અહીં) હાજર હોય અથવા જગતમાં અન્ય ક્યાંય હોય, અમારા ઉત્તમ અને અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ફરમાવીએ છીએ કે તમે તમારા કુટુંબને કહેજો કે આ પ્રસંગે અમે તેમના વિશે પણ વિચારીએ છીએ. અમે જગતભરની જમાત વિશે વિચારીએ છીએ. અમે જગતભરની જમાતને અમારા દુઆઆશિષો મોકલાવીએ છીએ અને અમે આજે તમને અને તમારા કુટુંબોને સુખ, લાંબા જીવન, દીની બાબતોમાં સફળતા, અને દુન્યવી બાબતોમાં સફળતા માટે અમારા ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ તકે સરકાર પ્રતિ આ મુલાકાત પ્રસંગે અમને આવકારવામાં તેની સદભાવના બદલ અમારો આભાર વ્યક્ત

કરવા, અને એમ ફરમાવવા ચાહિએ છીએ કે સરકારમાંની જુદી જુદી વ્યક્તિઓ સાથે મળી શકવા બદલ અને જગતના આ ભાગના ભવિષ્ય અંગે ચર્ચા વિચારણા કરી શકવા બદલ અમે કેટલા બધા ખુશી થયા છીએ.

આ કરકસરતાપૂર્વક રહેવાનો સમય છે -- એટલા માટે નહિ કે અમે મોટી સમસ્યાઓની ધારણા કરીએ છીએ. પરંતુ અમારી આશા અને દુઆ એ છે કે જમાતના કુટુંબોમાં પેઢી દર પેઢી તમે ભવિષ્ય માટે ઘડતર કરશો -- ભવિષ્ય માટે ઘડતર કરશો. આથી, ભવિષ્યની પેઢીઓ, તેઓ જ્યાં પણ રહેતી હોય, તેઓ પસંદગીઓ કરવાની ક્ષમતા ધરાવતી હશે. તેઓ જે પણ પ્રવૃત્તિ કરવાની ઈચ્છા ધરાવતી હોય, તેમાં સફળતા પૂર્વક સ્થાયી થવાની ક્ષમતા ધરાવતી હશે. અને આથી, તમારા કુટુંબોની ભવિષ્યની પેઢીઓની શાંતિ, સારી તંદુરસ્તી, એકતા, ઈમાનની મજબૂતી અને સુખમાં રહી શકે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ જગતના આ સુંદર ભાગની મુલાકાત અમારા માટે ખાસ કરીને એક ખુશીપૂર્ણ મુલાકાત રહી છે. અને અમે તમારી સાથે ભવિષ્ય માટેના અમુક વિચારોની આપલે કરવા ચાહતા હતા.

જે પ્રથમ મુદ્દો અમે તમને ફરમાવીએ છીએ તે અમારી જમાતની એકતા છે. તમે સઘળા ભાઈઓ અને બહેનો છો.

અને તે એક ઘણો જ મજબૂત રૂહાની સંબંધ છે. શાંતિ અને સુખ ચેનમાં, પરસ્પરની સહાય (mutual support) અને પ્રોત્સાહનમાં, અને આપણી પ્રણાલિકા મુજબ રહેવાનું તમારા ઉપર છે, કે જેથી તમે તમારા સિધ્ધાંતો અને તમારા મૂલ્યો ઉપર ભવિષ્યમાં ઘડતર કરી શકો.

જે બીજો મુદ્દો અમે ફરમાવીએ છીએ, તે એ છે કે જમાત જયાં પણ રહેતી હોય, આપણી પાસે સંસ્થાઓ હોય. એવી સંસ્થાઓ કે જે મુરીદો અને અન્યોના જીવનની ગુણવત્તા માટે કાળજી ધરાવતી હોય, અને એ અતિશય મહત્વનું છે કે આપણી સંસ્થાઓએ હંમેશા ઉત્તમ પ્રથા (best practice) સાથે સેવા કરવાનો ઉદ્દેશ રાખવો જોઈએ. તેનો અર્થ એ છે કે તમે ન માત્ર તમારા જ્ઞાન માંથી આપો છો, પરંતુ તમે જે પણ સેવા અર્પણ કરો છો તેમાં ઉમેરો કરવા માટે તમારા અંગત પ્રયાસ માંથી આપો છો. આપણી સંસ્થાઓ જમાતની બહારના લોકોના માનસમાં આપણી જમાતનું પ્રતિનિધિત્વ કરે છે. આથી તે અતિ આવશ્યક છે કે આપણી સંસ્થાઓએ, જેને આપણે સામાન્ય રીતે "ઉત્તમ પ્રથા" કહીએ છીએ તેનો ઉદ્દેશ્ય ધરાવવો જોઈએ. આ એક લક્ષ્યાંક છે કે જે અમે જગતભરના દરેક મુરીદ માટે ધરાવીએ છીએ -- તેમના જીવનમાં, તેમના કુટુંબમાં, તેમના વ્યવસાયોમાં, અને તેઓ જે સર્વ પ્રવૃતિઓ કરે છે, તેમાં ઉત્તમ પ્રથા.

આ એક એવો સમય છે કે જ્યારે જમાતની એકતા અતિશય મહત્વની છે કારણ કે તમે જાણો છો તેમ વધુ અને વધુ જમાતો ઝમાનાના ઈમામ સાથે સંપર્કમાં છે. અમુક વખતે, આપણે અનેક, અનેક દાયકા સુધી ભૌતિક સંપર્ક નહોતા ધરાવતા, અને તે આપણા સર્વ માટે જગતભરની જમાતો તરફ દ્રષ્ટિ કરવાનો, તેમની સંસ્થાઓ તરફ દ્રષ્ટિ કરવાનો સમય છે, ભવિષ્યમાં ઘડતર કરવા માટે તેમને શેની જરૂરત છે, અને તેમના પોતાના દેશોમાં, તેમની પોતાની સંસ્થાઓનું ઘડતર કરવા માટે આપણા જ્ઞાન, આપણી ક્ષમતાઓ, આપણા અનુભવ થકી તેમની સહાયતા કરીએ, કે જેથી જમાત, તેની પોતાની પ્રવૃત્તિઓમાંથી ફાયદો મેળવી શકે અને માત્ર બીજાઓ ઉપર આધારિત ન રહે.

આવનારા વર્ષોમાં એ અતિશય મહત્વનું હશે કે અમારી જમાત શિક્ષણમાં રોકાણ કરવાનું ચાલુ રાખે. આજે માનવ સમાજને ઉપલબ્ધ જ્ઞાનનું પ્રમાણ, માનવ ઈતિહાસમાં પહેલા કદી પણ હતું તેના કરતા ઘણું વધારે છે, અને તે અતિ આવશ્યક છે કે અમારા મુરીદો તેમના બાળકોનું ભવિષ્ય, તેમની કારકિર્દીઓ (careers), તેમની વ્યવસાયિક પ્રવૃતિઓનું વિકાસ કરવા માટે તેમની અક્કલ ઉપર આધાર રાખવાની સ્થિતિમાં હોય. આથી, આજે અમે અમારી જમાતને ફરમાવીએ છીએ:ઉત્તમ પ્રથાનો લક્ષ્યાંક રાખવાનો, ઉત્તમ પ્રથાનો આશય રાખવાનો, હંમેશા તમે જેટલું પણ સારી રીતે કરી શકો તેમ હો, તેટલું સારી રીતે

કરવાનો પ્રયાસ કરવાનો વિચાર ધ્યાનમાં રાખો, અને જો તમારી પાસે નવું જ્ઞાન શીખવાની તક હોય તો તે તકનો, ન માત્ર જ્યારે તમે શાળામાંના વિદ્યાર્થીઓ હો, અને કદાચ ઘણું બધું મનોરંજન (fun) કરતા હો છો ત્યારે, પરંતુ તમારા સમગ્ર જીવનકાળ દરમ્યાન ઉપયોગ કરો. હા, અમે તે પણ અમારા યુવાન રૂહાની બાળકો માટે ઈચ્છીએ છીએ, કે તેઓ જ્યારે યુવાન હોય ત્યારે તેઓ ઘણું બધું મનોરંજન કરે. તે એવો સમય હોય છે કે જ્યારે  તેઓ જીવનનો આનંદ માણી શકે છે. જ્યારે  તેઓ હજુ કુટુંબની જવાબદારી ધરાવતા હોતા નથી, અને જ્યારે  તેઓ આ જીવનની બધી સારી વસ્તુઓનો આનંદ માણી શકે છે.

અમે ફરી એક વાર, તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને, તમારી જમાતોને, તેઓ જયાં પણ હોય, સુખ માટે, એકતા માટે, સારી તંદુરસ્તી માટે, દીની બાબતોમાં સફળતા માટે અને દુન્યવી બાબતોમાં સફળતા માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *નઝરાણા અને ભેટની રજૂઆત પછીનું ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ બાબત પહેલા પણ ફરમાવી છે અને અમે હમણાં તે ફરીથી ફરમાવીશું: સામાન્ય રીતે એ ઈમામ ઉપર હોય છે કે તેઓ પોતાની જમાતને એનાયત ફરમાવે. તમે આજે તેનાથી વિપરીત કર્યું છે અને તમે અમને લાડ લડાવ્યા છે, અને અમે ઘણા, ઘણા જ ખુશી છીએ. ફાતિમી સિક્કાઓની આ સુંદર ભેટ કે જે જગતભરની પરિસ્થિતિઓમાંની જમાતના આપણા લાંબા ઈતિહાસની તમને યાદ અપાવે છે અને અમને યાદ અપાવે છે, તે માટે અમે ઘણા આભારી છીએ. અમે આ અતિશય વિચારવંત ભેટ માટે બેહદ આભારી છીએ અને અમે આશા રાખીએ છીએ કે એ ભેટની બરાકાતનો તમને અનેક, અનેક, અનેક, અનેકગણો બદલો મળે, અને તે તમારા માટે તમારા ધાર્મિક જીવનમાં અને તમારા ભૌતિક જીવનમાં સુખ અને સફળતા લઈ આવે. અને અમે તમને  ફરી એક વાર, તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકનાં, અને અમારા ઉત્તમ વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

કોઈપણ મુરીદો કે જેઓ દુન્યવી અથવા અન્ય મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોય, અમે તેમના માટે, મુશ્કેલ આસાન માટે પણ દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે તમારામાંના

એકે એકને અને દરેકને, તમારા રૂહાની જીવનમાં અને તમારા ભૌતિક જીવનમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ પ્રસંગે અમે એ સઘળા રૂહાની મુરીદો માટે પણ  ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ, જેમના માટે અમે તેમના આત્માઓની  અનંત શાંતિ અને રાહત માટે દુઆઓ કરીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમે આ તકે આ અદ્દભુત નઝરાણું કે જે તમે પેશ કરેલ છે તેના માટે, અમારી જમાત પ્રતિ અમારો ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરવા ચાહતા હતા. અને અમે તમને જણાવવા ચાહિએ છીએ કે જે નજરાણું તમે અર્પણ કરો છો, તેનો અમે જમાત, આ જમાત અને જગતભરની જમાતોના ફાયદા માટે ઉપયોગ કરીશું. સંગઠિત રીતે કાર્ય કરવું, આપણે સૌ, જમાત માટે એક સલામત અને ખુશીપૂર્ણ ભવિષ્યનું ઘડતર કરવાનો પ્રયાસ કરવો, એ એક એવો ઉદ્દેશ છે કે જેમાં આપણે સૌ સહભાગી છીએ, અને અમે જે જમાતો ઘર્ષણવાળા વિસ્તારોમાં રહે છે, તેમના માટે ખાસ વિચારો ધરાવીએ છીએ, અને અમે તેઓની

શાંતિ, તેમના રક્ષણ, અને તેમની સલામતી માટે ઉત્તમ દુઆઆશિષો મોકલાવીએ છીએ.

અમે તમારામાંના એકે એકને અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ અને તમે અમારા સ્મિત ઉપરથી જાણી શકો છો કે તમારી સાથે આ સમય વીતાવવા બદલ અમે કેટલા બધા ખુશી છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૫. ટોરોન્ટો, કેનેડા ૧૭મી નવેમ્બર,૨૦૧૭ (સવારે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં હાજર અમારા સર્વે રૂહાની બાળકોને, તમારા કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકનાં અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમારા કુટુંબોમાંના સર્વે રૂહાની મુરીદોને પણ અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે તેઓની રૂહાનીઓ અનંત શાંતિને પામે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆત કેનેડાની સરકારે અમારા પ્રતિ, અને અમારા દ્વારા અમારી જમાત, જેઓ કેનેડામાં રહે છે અને જેઓ બહારથી આવેલ છે તે બંને પ્રતિ, જે સઘળી સદભાવનાઓ અને સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે, તે બદલ તેમના પ્રતિ અમારો આભાર માનીને કરવા ચાહીએ છીએ.

આ ફરમાનમાં અમે તે સઘળી જમાતોને ખાસ દુઆઆશિષો પાઠવીને પણ શરૂઆત કરવા ચાહીએ છીએ કે જેઓ હાલના સમયમાં જગતમાં ઘર્ષણવાળી પરિસ્થિતિઓમાં રહે છે. અમે

શાંતિ માટે, એકતા માટે, લાંબા આયુષ્ય માટે, અને મુશ્કિલ-આસાન માટે દુઆ આશિષો મોકલાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

આજે આપણી જમાત ઈતિહાસમાં કોઈ પણ સમય કરતાં વધુ પ્રમાણમાં ફેલાએલી છે. તેનો અર્થ એ થાય છે કે આપણને જમાતમાં એવા આગેવાનો તરફ દ્રષ્ટિ કરવી જોઈએ કે જેઓ જમાતને સિરાતલ-મુસ્તકીમ, સીધા માર્ગ ઉપર, શાંતિના જીવન તરફ, પ્રમાણિકતાના જીવન તરફ, ઈમાનદારીના જીવન તરફ, અને ઉદારતાના જીવન તરફ દોરવશે. માનવ ઈતિહાસમાં આ એક એવો સમય છે કે જ્યાં જગતભરના સમાજોએ સંગઠિત થવું જ જોઈએ. તેઓએ જીવનની મુશ્કેલીઓનો સામનો કરવા, તેમની ભવિષ્યની પેઢીઓ માટે ઘડતર કરવા, એવી સંસ્થાઓનું સર્જન કરવા સંગઠિત થવું જ જોઈએ, કે જે શિક્ષણમાં, આરોગ્ય સંભાળમાં, આર્થિક વિકાસમાં ઉત્તમ પ્રથા (best practice) આપશે. આથી, આ એક એવો સમય છે કે જ્યારે  સમાજના સઘળા સંસાધનોને સંગઠિત થવાની જરૂરત છે. અને એક સભ્ય સમાજ (civil society) ના સિધ્ધાંતની અંદર આપણી જમાત, ઈન્શાઅલ્લાહ, પોતાની ભૂમિકા ભજવશે. અને અમે તમારી સાથે તમારી કાબેલિયતો, તમારું જ્ઞાન, તમારી પ્રમાણિકતા

લઈ આવશો, કે જેથી જમાત પોતે, પરંતુ તમે જેમની વચ્ચે વસવાટ કરો છો, તે સઘળા લોકો પણ, ઉત્તમ પ્રથામાંથી ફાયદો મેળવી શકે.

અમે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ અને અમે અમને પોતાને કહીએ છીએ: આપણી જમાતની યુવાન પેઢીઓ ઉપર ઘણો બધો આધાર રહેલો છે અને અમે ચાહીએ છીએ કે તેઓ જીવનકાર્ય (mission) ની સમજણ ધરાવે. એવું શું છે કે જે તેઓ પોતાના માટે, પોતાની જમાત માટે, જે દેશોમાં તેઓ રહે છે તેમના માટે પ્રાપ્ત કરવા ચાહે છે? અને આથી, આજે અમે જમાતની યુવાન પેઢીઓને ફરમાવીએ છીએ: કદાચ ઈતિહાસમાં તમારી પાસે, તમારી પોતાની તરફ જ્ઞાન લઈ આવવાની, તમારી પોતાની તરફ મૂલ્યો લઈ આવવાની, તે મૂલ્યોની તમારી ભવિષ્યની પેઢીઓ માટે બાંયધરી લેવાની અજોડ તકો રહેલી છે. અને આથી, અમે ફરમાવીએ છીએ, તે મૂલ્યોની અંદર જીવન જીવો, જ્યારે તમે માબાપ બનો, ત્યારે તમારા બાળકોને શિક્ષિત બનાવો, તમારા બાળકોને તે મૂલ્યોની સાથે શિક્ષિત બનાવો, કે જેથી તેઓ તમારા જીવનના કાયમી ભાગરૂપ બને.

બીજું આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, એ ભૂલી નહિ જાઓ કે તમારો એક માત્ર ભાગ જે અનંત છે, તે તમારો રૂહ છે; તમારું શરીર અનંત નથી-- તમારો રૂહ

અનંત છે. અને આથી, જ્યારે તમારી પાસે શાંતિની એક ક્ષણ હોય, ત્યારે તમારી તસ્બીહ લ્યો, અલ્લાહના નામનું, પયગંબર (સ.અ.સ) ના નામનું, હઝરત અલી (અ.સ.) ના નામનું સ્મરણ કરો કે જેથી તે ક્ષણે તમે તમારા ધર્મ સાથે શાંતિમાં હો, કે જેથી તમારા જીવનનો તે ભાગ સઘળા સમયે તમારી સાથે હોય. તમારા ધર્મને ભૂલી જાઓ નહિ.

તમે એવી પરિસ્થિતિઓમાં રહો છો કે જે અમે માનીએ છીએ કે તમને અમુક સ્તરની રાહત આપે છે. પરંતુ આ રાહત, તમારા વ્યક્તિત્વો (individualities) માં જે અનંત છે, કે જે તમારો રૂહ છે, તે માટેની સંભાળની સાથે હોવી જોઈએ. અમે આશા રાખીએ છીએ કે અમારી જમાત આ સંદેશ સમજે છે, તેને તમારામાંના પ્રત્યેક માટે તે એક વ્યક્તિગત સંદેશ તરીકે લેશે, અને જ્યારે  તમારી પાસે એક ક્ષણ હોય ત્યારે તમે તમારી તસ્બીહ લ્યો, અને અલ્લાહને યાદ કરો. આથી, દરેક મુસ્લિમના જીવનનો અગત્યનો ભાગ સ્મરણ (remembrance) છે. તે દુઆ-બંદગીના સમયે જ ન હોવું જોઈએ, તે કોઈ પણ સમયે હોઈ શકે છે. તે વિચાર તેના પોતામાં એક આશીર્વાદ છે, એક દુઆ-બંદગી છે. આથી, તમારા દરરોજના જીવનમાં તમારા ધર્મને સક્રિય રાખો. અને તેમ તમે તે દરેક સમયે કરી શકો છો, કે જ્યારે  તમને એવું લાગે કે તમે જે ભૌતિક જગતમાં જીવો છો, તેની બહાર તમને શક્તિ મેળવવાની જરૂરત છે.

કેનેડામાંની અમારી જમાત જગતના અનેક ભાગોમાંથી આવે છે. અમને લાગે છે કે કેનેડામાંની જમાતમાં જો વધુ નહિ તો ઓછામાં ઓછી સાત જુદી જુદી રાષ્ટ્રીયતાઓ (nationalities) છે. આથી અમે એ મુરીદોને ફરમાવીએ છીએ કે જેઓ કેનેડાની બહારથી આવેલ છે: તમારા વતનના દેશોમાંની તમારી જમાતને અમારા દુઆઆશિષો પહોંચાડજો. તેઓને કહેજો કે તેઓ અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે, અને એ કે અમે તેમના માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો મોકલાવીએ છીએ.

અમે આજે અહીં તમારામાંના પ્રત્યેકને, વ્યક્તિગત રીતે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે તમને ઈમાનની મજબૂતી માટે, પ્રમાણિકતા માટે, તમારા રૂહાની જીવનમાં સફળતા માટે, તમારા ભૌતિક જીવનમાં સફળતા માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે અને સિરાતલ-મુસ્તકીમ ઉપર સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.
ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ જ્યુબિલી વર્ષ દરમ્યાન અમે જગતભરની આપણી સંસ્થાઓને, આપણી જમાતમાં જ્યાં પણ ગરીબી છે, ત્યાં

તેને ઓછી કરવા માટે પોતાની શક્તિઓનો, પોતાની કાબેલિયતોનો, પોતાના સંસાધનોનો ઉપયોગ કરવા માટે આમંત્રિત કરેલ છે. અમે ચાહીએ છીએ કે આ જ્યુબિલી વર્ષ એક એવું વર્ષ હોય કે જેમાં તમે સઘળા, અને તમારા ઈમામ તરીકે અમે, એમ કહી શકીએ કે આપણે જ્યુબિલી વર્ષનો એક હેતુ (purpose) માટે ઉપયોગ કરેલ છે. અને તે હેતુ જમાત જ્યાં પણ રહેતી હોય, જમાતમાં ગરીબી ઓછી કરવાનો હતો. તમે તે કેવી રીતે કરી શકો?

સૌ પ્રથમ, જ્ઞાનની આપલે કરીને. તમે એક પ્રગતિશીલ, શિક્ષિત સમાજમાં રહો છો. તમારા બાળકો, ઈન્શાઅલ્લાહ, સારા શિક્ષણની સાથે વૃધ્ધિ પામશે. અને તે શિક્ષણ અજોડ રીતે (uniquely) કેનેડિયન નથી, તે એક વૈશ્વિક શિક્ષણ છે, જેમ જગતભરમાંથી જે લોકો અહીં વસે છે તે લોકો માટે કેનેડા એક વૈશ્વિક સંસાધન (global resources) છે. આથી, અમે તમને ફરમાવીએ છીએ, તમે જ્યાં પણ તમારાથી થઈ શકે આગળ આવો, અને જગતના એ ભાગોમાં કે જ્યાં જમાત હજુ પણ પૂરતી રીતે વ્યવસ્થિત નથી, ત્યાં સંસ્થાઓને, કાર્યક્રમોને, પ્રયોજનોને વ્યવસ્થાબધ્ધ બનાવવા તમારું ડહાપણ, તમારું જ્ઞાન, તમારી ક્ષમતાઓ અર્પણ કરો. અમને ખાત્રી છે કે તમે એ બાબતથી વાકેફગાર છો કે આજે એવા અનેક દેશો છે કે જે ઈમામતની ક્ષિતિજ (horizon), ઈમામતની જાણકારીની સૂક્ષ્મપટ્ટી (radar screen) ઉપર આવેલ છે, જે દાયકાઓ પહેલાં ઈમામત અને જમાતની

સંસ્થાઓ સાથે સંપર્કમાં નહોતા. આજે હવે આ સ્થિતિ નથી રહી. આથી, અમે આશા રાખીએ છીએ કે દરેક મુરીદ કે જેની પાસે કાબેલિયત છે તે જગતભરની અન્ય જમાતોને કાબેલિયતમાં સહભાગી બનાવવા તૈયાર હશે. અને આધુનિક ટેકનોલોજીઓ, બેશક, તમને તેમ કરવા માટે શક્તિમાન બનાવે છે.

અમે આજે આ ફરમાનનું સમાપન તમને સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને સિરાતલ-મુસ્તકીમ  ઉપર મજબૂતી માટે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૬. ટોરોન્ટો, કેનેડા ૧૭મી નવેમ્બર, ૨૦૧૭ (બપોર પછીના સમયે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં હાજર અમારા સર્વે રૂહાની બાળકોને, તમારા કુટુંબોને પછી તેઓ અહીં હોય અથવા અન્ય ક્યાંય હોય, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આપણી જમાત જે સઘળા દેશોમાં રહે છે, ત્યાં શાંતિ માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે આવનારા વર્ષોમા શાંતિનું પુન:સ્થાપન થશે અને દરેક કુટુંબ પાસે એક મજબૂત, એક આધાર રાખી શકાય તેવા (dependable) ભવિષ્યનું ઘડતર કરવાની તક રહેલી હશે. આ એ બાબત છે કે જે અમે અમારી જગતભરની જમાત માટે ઈચ્છીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આપણે એક એવા સમયમાં રહીએ છીએ કે જ્યારે માનવ જ્ઞાન, માનવ વિકાસમાંના અન્ય કોઈ પણ સમય કરતાં વધુ ઝડપથી વિસ્તાર પામી રહ્યું છે. આ એક એવો સમય છે કે

જ્યાં ધર્મ અને અક્કલ સબંધી સંભાળપૂર્વકની વિચારણાની જરૂરત છે. આપણું સદભાગ્ય છે કે આપણો ધર્મ એ અક્કલનો ધર્મ છે, એ અર્થમાં કે આપણા ધર્મનું પાલન આપણને દરરોજ અલ્લાહના સર્જન વિશે વધુ શીખવાનું જણાવે છે. તેનો અર્થ એ છે કે જ્યારે તમે ભૌતિક જગતમાં રહો છો ત્યારે તમારી અક્કલ બીજા જગતમાં રહે છે. અને બુધ્ધિવાદ (intellectualism) ના માર્ગનું અનુસરણ કરવાનું, તે બૌધ્ધિક માર્ગમાં એ લક્ષ્ય કે જે ધર્મ છે તેને હાંસલ કરવાનું, અલ્લાહના સર્જનને સમજવાનું પ્રત્યેક વ્યક્તિ ઉપર રહેલુ છે. આ બાબત છે કે જે ઈસ્લામ સઘળા મુસ્લિમોને જણાવે છે.

આપણે, અને ખાસ કરીને તમે અહીં, એક એવા પશ્ચિમી જગતમાં રહો છો કે જ્યાં ઈસ્લામ પ્રવર્તમાન (prevalent) ધર્મ નથી. પરંતુ તે અતિશય મહત્વનું છે કે પશ્ચિમી જગતમાંની અમારી સઘળી જમાત આપણા ધર્મના મૂલ્યોને વફાદાર રહે. અને તે મૂલ્યો તેને લાગુ પાડવાની ક્ષમતા (applicability) માં વિશ્વવ્યાપક મૂલ્યો છે. અને અમે ચાહીએ છીએ કે પશ્ચિમી જગતમાંની અમારી જમાત તે મૂલ્યોનું પશ્ચિમી જગતમાં પ્રતિનિધિત્વ કરે.

તે મૂલ્યો કયા છે? પ્રથમ ધર્મ. તે માનવ જીવનનો મૂળભૂત પાયો છે, ધર્મ. ધર્મ, માત્ર એક પ્રાસંગિક વિચારણા (occasional reflection) જ નહિ, પરંતુ એક કાયમી આકાંક્ષા (permanent aspiration) કે તે ધર્મ, તમે જે સઘળું

કરો છો, તેમાં તમારા ભાગરૂપ હોય, કે જેથી ધર્મની નીતિમત્તા, તમે જે રીતે તમારા જીવન જીવો છો તેનું સંચાલન કરતી હોય. ઈસ્લામ એક એવો ધર્મ છે કે જે માનવ જીવનના સઘળા પાસાઓને આવરી લે છે. આથી, તે એ લોકો માટે એક સંપૂર્ણ માર્ગદર્શક છે કે જેઓ આ ધર્મનું પાલન કરે છે. અને અમે ચાહીએ છીએ કે પશ્ચિમી જગતમાંની અમારી જમાત ધર્મના મૂલ્યોથી સારી રીતે વાકેફગાર બને, અને તે ધર્મના મૂલ્યો પ્રમાણે જીવન જીવે.

પશ્ચિમને ઈસ્લામ પાસેથી ઘણું શીખવાનું છે. અમે તે ફરીથી ફરમાવીએ છીએ: "પશ્ચિમને ઈસ્લામ પાસેથી ઘણું બધું શીખવાનું છે." આથી અમે ચાહીએ છીએ કે આપણા મુરીદો આપણા ધર્મનું એ રીતે પ્રતિનિધિત્વ કરે કે જે રીતે તેનું પ્રતિનિધિત્વ કરવામાં આવવું જોઈએ: નીતિમત્તાને માન આપવું, પ્રમાણિકતા સાથે જીવન જીવવું, એક સન્માનજનક વાતાવરણમાં અને એક ખુશીપૂર્ણ વાતાવરણમાં જીવન જીવવું, અલ્લાહના સર્જનને સમજવા અક્કલનો વધુ સારી રીતે ઉપયોગ કરવો. તે આ બાબત છે કે જે મુસ્લિમો પાસેથી તેમના શિક્ષણના સંદર્ભમાં જરૂરી છે. તે યુનિવર્સિટીની પદવી (degree) માટેનું શિક્ષણ નથી : જો કે, અમને ખાત્રી છે કે તમે સર્વે યુનિવર્સીટીની પદવી ચાહો છો, અને અમે તેવી પરિસ્થિતિમાંથી પસાર થયા છીએ: પરંતુ બધું કર્યા અને કહ્યા પછી આપણને અલ્લાહના સર્જનને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

સારા નસીબે વિજ્ઞાન આપણને અલ્લાહના સર્જન વિશે, દરરોજ વધુ અને વધુ શીખવે છે. પરંતુ અમે નથી માનતા કે માનવજાતનો ચમત્કાર એક એવો (ચમત્કાર) છે કે જેને ક્યારે પણ સંપૂર્ણ રીતે સમજવામાં આવશે. અને આપણી આસપાસ જે દરેક વસ્તુ છે તેને સમજવાનું બૌધ્ધિક મિથ્યાભિમાન (vanity) ધરાવતા હોવાનો આપણે શા માટે ડોળ કરવો જોઈએ. આપણે બૌધ્ધિક રીતે સન્માનજનક (respectful), બૌધ્ધિક રીતે નમ્ર, બૌધ્ધિક રીતે જિજ્ઞાસુ (curious), બૌધ્ધિક રીતે સુમાર્ગદર્શિત (well-directed) બનીએ, પરંતુ આપણે એવો ડોળ ન કરીએ કે માનવ જ્ઞાનના પાસાને કોઈ મર્યાદાઓ નથી.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમારામાંના મોટાભાગના જેઓ આજે અહીં છે તેઓ કેનેડામાં રહે છે. એ અગત્યનું છે કે કેનેડીઅન મૂલ્યો દેખીતી રીતે, માત્ર કેનેડામાંની જમાત દ્વારા જ નહિ, પરંતુ કેનેડાની બહાર પણ જાણવામાં આવે. અને અમે આજે ખાસ કરીને એ હકીકત ભારપૂર્વક જણાવવા ચાહીએ છીએ કે કેનેડા બહુમતવાદી  સમાજ (pluralistic society) ને મહત્વ આપે છે, (તેણે) એવી સંસ્થાઓમાં રોકાણ કર્યું છે કે જે બહુમતવાદી સમાજને ટકાવી રાખે છે. અને જગતભરની આપણી જમાત, સામાન્ય રીતે કહીએ તો જટિલ (complex) બહુમતવાદી સમાજોમાં છે. આથી, આજે અમે અમારી જમાતને

ફરમાવીએ છીએ: તમે કેનેડામાંથી જે શીખ્યા છો, તેમાં બીજાઓને સહભાગી બનાવવાનો પ્રયાસ કરો. બહુમતવાદ માટેનો આદરમાન, જગતભરની આપણી જમાતની માનસિકતા (psyche) નો ભાગ બને. આપણે એક એવી પરિસ્થિતિ તરફ હૃદય, આકાંક્ષાઓ (aspirations), લક્ષ્યાંકોને ખુલ્લા રાખીએ, કે જ્યાં, જમાત જ્યાં પણ રહેતી હોય, આપણે જે લોકોની વચ્ચે રહેતા હોઈએ, તેઓ એમ કહેશે, "આ પ્રમાણે અમે અમારી મૂલ્ય પદ્ધતિ મુજબ અમારું જીવન જીવવાની ઈચ્છા ધરાવીએ છીએ." જો તમે આમ કરવા શક્તિમાન બનો, તો અમે માનીએ છીએ કે તમે આપણા ધર્મના એક સૌથી નોંધપાત્ર ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરશો, કારણકે તમને જેમની વચ્ચે રહો છો તે સઘળા માટેના સન્માનને તમે વ્યવહારમાં લાવશો.

અમે અહીં આજે રાતના અમારા સર્વે રૂહાની બાળકોને સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અને તમારી નેક ઉમેદો પરિપૂર્ણ થાય તે માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

મુખી અને કામડિયાએ હમણાં અમને યાદ અપાવ્યું છે કે આ મુલાકાતના પ્રસંગે આપણે તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોને પણ યાદ કરીએ. આથી અમે તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોને અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે તેઓની રૂહાનીઓ માટે દુઆ કરીએ છીએ કે તેઓ હંમેશા અનંત શાંતિને પામે.

અમે તમને સઘળાઓને સુખ માટે, લાંબા જીવન માટે, તમારા પ્રયાસોમાં સફળતા માટે અને આપણા ધર્મની નીતિમત્તા પ્રમાણે જીવન જીવવા માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૭. ટોરોન્ટો, કેનેડા ૧૮મી નવેમ્બર,૨૦૧૭ (સવારે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં હાજર અમારા સર્વે મુરીદોને, તમારી જમાતોને, તમારા કુટુંબોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તેઓ જ્યાં પણ રહેતા હોય, અમે તેઓની શાંતિ માટે, તેઓની સારી તંદુરસ્તી માટે, જીવનની સારી ગુણવત્તા માટે, અને સઘળી જમાતોમાંના સઘળા મુરીદો વચ્ચે ભાઈચારાની મજબૂત ભાવના માટે દુઆ કરીએ છીએ. અને અમે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

કેનેડામાંની જમાત એક એવા દેશમાં રહે છે કે જેનું શાસન એ પ્રદેશના કાયદા-કાનુનો (laws of the land) પ્રમાણે થાય છે, અને જે બહુમતવાદને મહત્વ આપે છે. આવી સ્થિતિ એ બધા દેશોમાં નથી, કે જ્યાં જમાત આજે વસવાટ કરે છે. આથી, અમે અમારી કેનેડિઅન જમાતને ફરમાવીએ છીએ:

બહુમતવાદના અર્થના, જુદા જુદા સમુદાયોના સંગઠિત થવાની ખુશીના, સમુદાયોને તેઓની આર્થિક બાબતો (economics)ને હાથ ધરવામાં, ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાંની, અથવા રણ વિસ્તારોમાંની, આબોહવાને હાથ ધરવામાં, તેઓને જે મુશ્કેલી હોય તેનો સામનો કરવા માટે, તેઓને સાથે મળવાની જરૂરતના સંદેશનો ફેલાવો કરો. અમારા આગેવાનો અને અમારી જમાત પાસેથી અમે જેની અપેક્ષા રાખીએ છીએ એ સક્રિય ભાઈચારો છે, જ્યારે  મુશ્કેલીઓ હોય ત્યારે એક બીજાની સહાય કરવી, કે જેથી જેમ સમય વીતતો જાય છે, તેમ દરેક વ્યકિત અને દરેક કુટુંબની પાસે જીવનની જે ગુણવત્તા હોવી જોઈએ, તેની સુધારણા કરવાના પ્રયાસમાંથી કોઈ બાજુએ રહી જવા ન પામે.

બીજો મુદ્દો જે આજે સવારના અમે ફરમાવીશું તે એ છે કે, આપણી યુવાન પેઢીઓ પાસે કેનેડામાં સારા શિક્ષણની પહોંચ ધરાવવાની એક તક છે. અને અમે આશા રાખીએ છીએ કે કેનેડામાંની જમાત, અને કેનેડામાંની યુવાન પેઢીઓ આ તકનો ફાયદો મેળવશે, અને ત્યાર પછી તેઓએ જે જ્ઞાન મેળવ્યું છે તેનો, તેઓ કેનેડાની સેવા કરવા, અને જગતના અન્ય ભાગોની સેવા કરવા માટે ઉપયોગ કરશે. આમ, કેનેડિયન મૂલ્યોને જગતના અન્ય ભાગોમાંની સમગ્ર જમાતમાં લઈ જવામાં આવે તેનો વિચાર, એક અગત્યનો વિચાર છે કે જેને અમે અતિ ઘણી મહત્વતા આપીએ છીએ.

જગતના અનેક ભાગોમાંથી મુરીદો અહીં કેનેડામાં આવ્યા છે. અમને લાગે છે કે આજે અહીં જમાતમાં સાત અથવા આઠ જુદી જુદી રાષ્ટ્રીયતાઓ (nationalities) છે. અમે ચાહીએ છીએ કે તમારામાંના જેઓ અહીં કેનેડામાં સ્થાયી થયા છે, તેઓ જગતના અન્ય ભાગોમાંની જમાતો પ્રતિ પુલો (bridges) તરીકે કાર્ય કરે, કે જેથી તમે જે પણ વ્યવસાયોમાં કાબેલિયત, જ્ઞાન, સમજણ ધરાવો છો, તે તેમના પ્રતિ લાવી શકો- કારણ કે આ આપણી જમાતમાંનો એક ભાઈચારો (brotherhood) છે. અને ભાઈઓની અંદર કુટુંબ જે એક લક્ષ્યાંક ધરાવશે, તે કુટુંબના સઘળા સભ્યોના જીવનની ગુણવત્તાની સુધારણા કરવાનું છે. આથી, અમે અહીં કેનેડામાંના અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમારી પાસે તક હોય, તો જગતના અન્ય ભાગોમાંની અન્ય જમાતોને, તેઓને જે સમસ્યાઓ હાથ ધરવી પડે છે તેને હાથ ધરવા માટે સહાય કરવામાં થોડો સમય, થોડો વિચાર આપો.

બીજો મુદ્દો જે અમે આજે ફરમાવવા ચાહીએ છીએ તે એ છે કે અહીં કેનેડામાંની, જગતના અન્ય ભાગોમાંની જમાતમાં આપણી પાસે આપણી પોતાની સંસ્થાઓ છે -- આપણી પાસે આપણી શાળાઓ છે, આપણી પાસે આપણા તબીબી કેન્દ્રો (medical centres) છે, આપણી પાસે આપણી નાણાકીય સંસ્થાઓ છે. આપણી પાસે એવી તમામ પ્રકારની સંસ્થાઓ છે કે જે જમાતની અને સ્થાનિક લોકોની સેવા

કરવા માટે છે. એ મહત્વનું છે કે તે સંસ્થાઓ એવા મુરીદો ઉપર આધાર રાખવા શક્તિમાન હોય, કે જેઓ તેમના પ્રતિ ઉત્તમ પ્રથા (best practice) લઈ આવે. આથી અમે અહીં કેનેડામાંના અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમે કેનેડાની બહારની સંસ્થાઓને સેવાના એક અથવા બે વર્ષો આપવાનો, તેઓ સ્થાનિક જમાત અને સંબંધિત દેશના લોકો, એમ બંનેને  જે સેવા આપે છે તેની ગુણવત્તાની સુધારણા કરવામાં, તેઓને સહાય કરવાનો સંકલ્પ ધરાવતા હો, જો તમે જગતભરની એ જમાતો, કે જેઓ સઘળા પોતાના જીવનની ગુણવત્તાને, અને સ્થાનિક લોકોના જીવનની ગુણવત્તાને સુધારવાનો, સમાન લક્ષ્યાંક મેળવવાનો પ્રયાસ કરે છે તેમને, તમારી કાબેલિયતોમાં, તમારા જ્ઞાનમાં સહભાગી બનાવશો, તો અમે ખરેખર ઘણા, ઘણાજ ખુશી થશું.

અહીં  કેનેડામાંની અમારી સઘળી જમાતોને અમે સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, વિદ્યાર્થીઓને -- તેમના અભ્યાસમાં સફળતા માટે, અમારા ઉત્તમ, ઉત્તમ, પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. યુવાનોને -- તમારી યુવાનીનો આનંદ માણો, ડહાપણ ધરાવનારને -- તમારા ડહાપણમાં સહભાગી બનાવો, ડહાપણ ધરાવનારને -- તમારા ડહાપણમાં સહભાગી બનાવો. અને આપણી જમાતમાં ડહાપણ ધરાવનાર અનેક સ્ત્રી-પુરુષો છે, આથી આપણી પાસે સહભાગી બનાવવા માટે ઘણુંબધું ડહાપણ છે. અમે તમને

સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનનું જમાતમાં એ સઘળા વોલન્ટીયરો પ્રતિ અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કર્યા વગર સમાપન કરવા નથી ઈચ્છતા, કે જેઓ એ આ મુલાકાતને ખુશીપૂર્ણ બનાવવા માટે, મુલાકાત જે મુજબ થવી જોઈએ તેવી બનાવવા માટે, આટલું બધું સારી રીતે કાર્ય કર્યું છે. અને તેઓએ એ યાદ રાખવું જોઈએ કે અમે તેમના વિશે ઘણી વાર વિચાર કરીએ છીએ, કારણ કે તેઓની સ્વૈચ્છિક સેવા નોંધપાત્ર છે અને તેને આપણા જીવનનાં અનેક ક્ષેત્રોમાં પ્રતિબિંબિત (નકલ, replicated) કરવી જોઈએ. વોલન્ટીયરોને અમે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા મુખીઓ અને કામડિયાઓ હંમેશા અમને મહત્વની બાબતો વિશે યાદ અપાવે છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તેઓ અમને તમારી પાસે એ બાબતની પુષ્ટિ કરાવવા ચાહે છે કે અમે જમાતમાં સઘળી વ્યક્તિગત મહેમાનીઓ કબૂલ ફરમાવીએ છીએ અને અમે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ કે એ મહેમાનીઓ તમારા માટે સુખ, સફળતા, સારી તંદુરસ્તી અને જીવનની એક વધુ સારી ગુણવત્તા લઈ આવે. અમે જેવી રીતે પહેલાં ફરમાવ્યું છે તેમ, અમે અમારા એ સઘળા વોલન્ટીયરોને પણ અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે જેઓએ આવું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે. અને અમે એ સઘળા મુરીદોને અમારા દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે જેઓ અહીં કેનેડામાંથી કેનેડા બહારની જમાતની, સમયે સમયે સેવા કરવાનું વિચારે છે કે જેથી તેઓ તમારા જ્ઞાનમાંથી, તમારા ડહાપણમાંથી અને તમારી કાબેલિયતોમાંથી ફાયદો મેળવી શકે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમારામાંના એકે એકને અને દરેકને અને તમારા કુટુંબોને, અને તમારી જમાતોને અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને તમારે એ જાણવું જોઈએ કે અમારી જમાત સાથે હોવામાં અમે કેટલો બધો આનંદ ધરાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૮. ટોરોન્ટો, કેનેડા ૧૮મી નવેમ્બર, ૨૦૧૭ (બપોર પછીના સમયે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ સારું છે કે સમય સમય પર આપણને જગતના વિવિધ ભાગોમાંની જમાત માટે લક્ષ્યાંકો નક્કી કરવા જોઈએ. અને અમે વિચાર્યું કે જગતભરની જમાત માટે અમારી આશાઓ શું છે, અમારી ઈચ્છાઓ શું છે, અમારી દુઆઓ શું છે, તે વિષે અહીં કેનેડામાં અમે અમારી જમાતને સહભાગી બનાવીએ.

પ્રથમ શાંતિ. એ દરેક દેશ કે જેમાં આજે જમાત રહે છે તેમાં શાંતિ. અને આથી, અમે જગતભરના અમારા સઘળા મુરીદોને ફરમાવીએ છીએ, તમે જે પણ રીતે કરી શકતા હો : જે દેશોમાં જમાત રહે છે તે માટે શાંતિનું ઘડતર કરવામાં યોગદાન આપો.

બીજું પાસું કે જે અમે જ્યુબિલી વર્ષમાં હાંસલ કરવાની ઈચ્છા રાખીએ છીએ તે જગતભરની આપણી સંસ્થાઓને

મજબૂત બનાવવાનું  છે, કે જેથી તેઓ એ વિવિધ દેશો, કે જ્યાં તેઓ કાર્ય કરે છે, તેમાં જમાતની વધુ સારી રીતે સેવા કરી શકે. અને અહીં અમે શિક્ષણ વિશે વાત કરી રહ્યા છીએ, અમે આરોગ્ય-સંભાળ વિશે વાત કરી રહ્યા છીએ, અમે આર્થિક સહાય વિશે વાત કરી રહ્યા છીએ, અમે મજબૂત સંસ્થાઓ વિશે વાત કરી રહ્યા છીએ, કે જેથી આપણી જમાત, તેઓ જગતભરમાં જે સભ્ય સમાજ (civil society)માં રહે છે તેમાં સંસ્થાકીય ક્ષમતા ધરાવતી હોય. કેનેડા એક શિક્ષિત જમાત ધરાવે છે, અને અમે એવી આશા રાખીએ છીએ કે જ્યારે તમારી પાસે જગતભરની અન્ય જમાતોની સેવામાં તમારું જ્ઞાન અને શિક્ષણ લઈ આવવાની તકો હોય, ત્યારે તમે તમારી જાતને પૂછશો: હું શું કરી શકું? શું હું સહાય કરી શકું? અને શું હું એ બાબત વિશે ચોક્કસ હોઈ શકું કે મારી સહાય જગતના અન્ય ભાગોમાંની જમાતો માટે અસરકારક પરિણામો ઉત્પન્ન કરી શકશે?

આપણી સંસ્થાઓ શિક્ષણમાં, આરોગ્ય સંભાળમાં, આર્થિક વિકાસમાં વૃદ્ધિ પામી રહી છે. પરંતુ તેમની અસરકારકતા એ સ્ત્રી-પુરુષોની ગુણવત્તા, વચનબદ્ધતા (commitment) ઉપર આધાર રાખે છે કે જેઓ તેમની અંદર કાર્ય કરે છે. આથી, અમે કેનેડામાંની અમારી જમાતને ફરમાવીએ છીએ: જો તમે સમયે સમયે ઉપર કેનેડાની બહારની કોઈ એવી સંસ્થાને સેવાનું એક વર્ષ આપવાની વિચારણા કરતા હો, કે જેને તમે જાણો છો તેને

તમારી સહાયની જરૂરત હોય, કે જે તમારી સહાયને આવકારશે, તો અમે એવી આશા રાખીએ છીએ કે તમે તેને ધ્યાનમાં લેશો, કારણ કે, કેનેડા અને જગતના બીજા દેશો વચ્ચેની જ્ઞાનની આપણી સહભાગીતા, કાબેલિયતની આપણી સહભાગીતા, એ એક એવું ઘણું, ઘણું મહત્વનું સંસાધન છે કે જેને અમે આશા રાખીએ છીએ કે આપણે ગતિશીલ બનાવી શકીએ છીએ. અને અમે જાણીએ છીએ કે કેનેડિયન જમાત તેના સમય અને તેના જ્ઞાન થકી ઘણીજ ઉદાર છે.

ત્રીજું પાસું જે અમે જમાતમાં યુવાન પેઢીને ફરમાવીએ છીએ તે એ છે કે, શિક્ષણ પહેલા ક્યારે (પણ હતું) તેના કરતા અતિ વધારે મહત્વનું બન્યું છે. તમે એક એવા જગતમાં વૃદ્ધિ પામશો કે જેમાં લોકો પોતાનું જીવનકાળ દરમ્યાન પ્રવૃત્તિઓને ત્રણ અથવા ચાર વખત બદલાવે છે. અને આથી, એ અગત્યનું છે કે તમારા સમગ્ર જીવન દરમ્યાન સતત ધોરણે શીખતાં રહેવાની, અને નવીન પ્રવૃતિઓ, તે જે પણ હોય, તેની સાથે સુસંગત થઈ શકવાની તમારી પાસે બૌદ્ધિક ક્ષમતા (intellectual capacity) હોવી જોઈએ.

અમે માનીએ છીએ કે એ જમાતના હિતમાં છે કે આપણી સંસ્થાઓ, આપણા કુટુંબો, આપણા સંગઠનોએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ. આથી, જો વ્યાપારી સાહસો

(enterprises) સાથે મળી શકે, વ્યવસાયિક સમૂહો (professional groups) સાથે મળી શકે, તો અમે ઘણા, ઘણા જ ખુશી થઈશું, કારણકે અમે માનીએ છીએ કે કોઈ ચોક્કસ પહેલમાં વિશિષ્ટ યોગ્યતાની બહુવિધતા (multiplicity of talent) માં મજબૂતી હોય છે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: સાથે મળીને કાર્ય કરવા વિશે વિચાર કરો, કુટુંબોમાં વ્યવસાયોમાં, નવા જ્ઞાનમાં પુલો બાંધવા વિશે વિચાર કરો, કે જેથી જેમ કહેવામાં આવે છે તેમ, તમે (જીવનની) રમતમાં આગળ રહો (be ahead of the game). હા, અમે માનીએ છીએ કે જગતના આ ભાગમાં આમ કહેવામાં આવે છે : રમતમાં આગળ (રહો). અને તમારા ઈમામ તરીકે અમે તેના કરતા વધારે શેની ઈચ્છા કરી શકીએ કે તમે હંમેશા રમતમાં આગળ રહો. હા, જીતવા માટે બહાર પડો. આથી, અમે અમારી જમાત માટે દરેક દિવસે, દરેક દિવસે, દરેક દિવસે મહત્વકાંક્ષી છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

કેનેડાની આ એક ઘણી જ ખુશીપૂર્ણ, ખુશીપૂર્ણ મુલાકાત રહી છે અને અમે આશા રાખીએ છીએ કે આવનારા વર્ષોમાં આપણી સંસ્થાઓ દ્વારા જે નિર્ણયો લેવામાં આવશે, તે જગતભરની આપણી જમાતો તરફ તમારું જ્ઞાન, તમારી કાબેલિયતો લઈ આવવા માટે તમને પ્રોત્સાહન આપશે.

આપણને એ ભૂલવું ન જોઈએ કે જ્યાં પણ જમાત રહે છે ત્યાં હરીફાઈ છે. આપણું જગત એ હરીફાઈનું જગત છે, અને અમે એ બાબતની ચોકસાઈ કરવા માટે ઘણા, ઘણા જ આતુર છીએ કે આપણી યુવાન પેઢીઓ એ મુદ્દાને હાથ ધરવા માટે, અને તેઓ જે કાર્ય કરે છે તેમાં સફળ બનવા માટે શિક્ષિત હોય.

અંતમાં અમે તમને દરેકને, અને તમારી જમાતોને, અને તમારા કુટુંબોને, સુખ માટે, લાંબા જીવન માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે, અમારા ઉત્તમ, ઉત્તમ, પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અંતમાં, વોલન્ટીયરો કે જેઓ અહીં અને જગતમાં બીજી જગ્યાઓએ જમાત માટે જે અદ્દભુત કાર્ય કરી રહ્યા છે, તે માટે અમે તેઓ પ્રતિ અમારો ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. આ સ્વૈચ્છિક સેવા પ્રશંસનીય છે, અને અમે વિચારીએ છીએ કે અમારી જેમ, તમે સઘળા તેનો આદરમાન કરશો અને તેના માટે આભારી બનશો. આથી, અમે આપણા વોલન્ટીયરોને ફરમાવીએ છીએ: મુબારક. અમે તમને તમારા જીવનમાં દરેક સારી વસ્તુ, પરંતુ સહુથી વિશેષ, શાંતિ, સારી તંદુરસ્તી અને સુખ ઈચ્છીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

મુખી અને કામડિયાએ અમને અહીં અમારા રૂહાની બાળકોને એ બાબતની પુષ્ટિ આપવા માટે અરજ કરી છે કે સઘળી મેહમાનીઓ કબુલ ફરમાવવામાં આવેલ છે. અમે ખુશી, (અને) આભારી છીએ અને અમે ઈચ્છીએ છીએ કે તે તમારા સર્વે  માટે, દરરોજ, સેંકડોગણી વધવા પામે, કે જેથી તમે હંમેશા તમારા ચહેરાઓમાં આનંદ અને ખુશી ધરાવો. અમારી જમાતના ચહેરા  ઉપર સ્મિત જોવા કરતા બીજી કોઈ પણ વસ્તુ અમને વધારે ખુશ કરતી નથી, તમે તેના માટે ખાત્રી રાખી શકો છો. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

મુખીએ હમણાં એક સવાલ પૂછ્યો છે. તેમણે અમને અરજ કરી છે, શું આ અંતિમ મુલાકાત હતી, અંતિમ મુલાકાત જેવી કોઈ વસ્તુ હોતી નથી. તેમણે એ જાણવું જોઈએ. અમે હંમેશા અમારી જમાત સાથે છીએ, હંમેશાં સર્વ સમયે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૯. મોન્ટ્રીઅલ, કેનેડા ૨૧મી નવેમ્બર,૨૦૧૭ (સવારે)

*(મૌલાના હાઝર ઈમામે ફરમાનની શરૂઆત ફ્રેન્ચમાં કરી હતી)*

*(મૌલાના હાઝર ઈમામે જે ફ્રેન્ચમાં ફરમાવ્યું તેનો ગુજરાતી તરજુમો)*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે શરૂઆતમાં તમને ફ્રેન્ચમાં સંબોધન કરીશું અને અમે અમારા ફરમાનનું સમાપન અંગ્રેજીમાં કરીશું. અમે આશા રાખીએ છીએ કે તમે સર્વે બંને ભાષાઓ સમજો છો.

અમે આ ફરમાનની શરૂઆત તમારામાંના એકે એકને, તમારા કુટુંબોને, તમારી જમાતને, તેમના જીવનની ગુણવત્તા માટે, તેમના ઘરે શાંતિ માટે, સારી તંદુરસ્તી માટે, સંગઠિત, ખુશહાલ કુટુંબો માટે, અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ, અને અમે તમને, જ્યારે  તમે તેમના સંપર્કમાં આવો, ત્યારે તેમને અમારા ઉત્તમ દુઆઆશિષો પાઠવવાનું ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને તેમને કહેજો કે ભલે તેઓ આજે અમારી સમક્ષ હાજર નથી, છતાં પણ તેઓ અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં

છે, અને અમે તેઓને અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

***(મૌલાના હાઝર ઈમામે આગળ અંગ્રેજીમાં ફરમાવ્યું હતું)***

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અમારા રૂહાની બાળકોને એ જણાવવા ચાહીએ છીએ કે આજે, આ મુલાકાતના પ્રસંગે, તમારી સાથે હોવા બદલ અમે કેટલા બધા ખુશી છીએ. તે વફાદારીના, પ્રમાણિકતાના, આપણા ધર્મના પાલનના, આપણા ધર્મની નીતિમત્તાનો આદરમાન કરવાના આપણા મૂલ્યો પ્રતિ આપણી વચનબધ્ધત્તાને ફરીથી તાજી કરવાનો, અને જે લોકોની વચ્ચે આપણે રહીએ છીએ તેમને તેમાં સહભાગી બનાવવાનો એક પ્રસંગ છે.

વૈશ્વિક જમાત ઈતિહાસમાં પહેલા કદી પણ હતી, તે કરતા વધુ વિશ્વવ્યાપક (universal) છે. અને એ મહત્વનું છે કે જગતભરની સઘળી જમાતો, તેમના જીવનની ગુણવત્તામાં સારી પ્રગતિ કરવા માટે શક્તિમાન હોવી જોઈએ, તેઓ તેમના સમાજોની શાંતિમાં વધારો કરવા માટે શક્તિમાન હોવી જોઈએ, તેઓ -- પેઢી દર પેઢી -- તેમના જીવનની ગુણવત્તાનું, તેમની બૌધ્ધિક ક્ષમતાઓનું, તેમની પોતાની, ન માત્ર આ પેઢીની, પરંતુ ભવિષ્યની પેઢીઓની સંભાળ લેવાની તેમની ક્ષમતાનું ઘડતર કરવા માટે શક્તિમાન હોવી જોઈએ.

અને કેનેડામાંની અમારી જમાતને અમે ફરમાવીએ છીએ: તમારી પાસે આ દેશમાં માત્ર તમારા ભવિષ્યનું ઘડતર કરવાની જ નહિ, પરંતુ જે જમાતો અને કુટુંબો કેનેડામાં રહેતા નથી, તેમની તરફ સહાયનો હાથ લંબાવવાની પણ એક અદ્દભુત તક રહેલી છે.

આપણી જમાત, આપણી જગતભરની જમાત, કદાચ ઈતિહાસમાં ક્યારે પણ હતી તેના કરતા વધુ સંપર્કમાં છે. અને જેમ આ જમાતો સંગઠિત બને છે, તેમ અમે એવી આશા રાખીશું કે તેઓની સંસ્થાઓ, અમારી વૈશ્વિક જમાતના ફાયદા માટે, સમાન કાર્યક્રમો, સમાન પરિણામો ઉપર સાથે મળીને કાર્ય કરવા શક્તિમાન બનશે. આથી, અમે કેનેડામાંની જમાતને ફરમાવીએ છીએ: તમે તમારા ભાઈઓ અને બહેનોને, અહીં કેનેડામાં, જ્યારે તમે કરી શકો તેમ હો, જો તેઓ નવા (તાજેતરમાં) આવેલ હોય, અને વિદેશમાં, તેઓને સહાય કરો, કે જેથી જગતભરમાં આપણી જમાત મજબૂત થવા પામે.

જમાત જે દેશોમાં રહે છે તે ઘણી અલગ અલગ પરિસ્થિતિઓ ધરાવે છે. અમુક શાંતિમાં છે, બીજાઓ, દુઃખદ રીતે ઘર્ષણમાં છે. આપણી જમાતે શાંતિ ઉપર ઘડતર કરવું જોઈએ -- આપણને શાંતિ ઉપર ઘડતર કરવું જોઈએ -- તેનો અર્થ એ છે કે એ દરેક મુરીદ કે જે એવા વાતાવરણમાં રહે છે, કે જ્યાં

તણાવ (stress) છે, તેણે શાંતિની પુન:સ્થાપના માટે, મજબૂતીકરણ માટે યોગદાન  આપવાનો પ્રયાસ કરવો જોઈએ. માનવ સમાજ ઘર્ષણની પરિસ્થિતિમાં કોઈ પણ પ્રગતિ કરતો નથી. યુવાન લોકો બેધ્યાન થતા હોય છે, એવું આશ્ચર્યજનક રીતે વિચારીને, કે તેઓ જ્યારે  મોટા થાય અને પરિપક્વ સ્ત્રી-પુરુષો બને, ત્યારે તેમનુ શિક્ષણ પૂર્ણ કરવા માટે, તેમના શિક્ષણનો ઉપયોગ કરવા માટે, તેઓએ ક્યાં જવું જોઈએ. આથી, અમે કેનેડામાંના અમારા રૂહાની બાળકો કે જેમાનાં અનેકનાં કુટુંબો  બીજા દેશોમાં છે, તેમને ફરમાવીએ છીએ: આજે જે દેશોમાં ઘર્ષણ છે, તેમાં શાંતિને પ્રોત્સાહન આપવા માટે તમારા ઉત્તમ પ્રયાસોને ઉપયોગમાં લ્યો. અને અમે આ જમાતોને શાંતિ માટે, એકતા માટે, અને ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરવામાં મજબૂતી માટે, અમારા ખાસ દુઆઆશિષો મોક્લાવીએ છીએ.

કેનેડામાંની અમારી જમાત માટે, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: સારી રીતે કાર્ય કરો, પ્રમાણિકતાની સાથે કાર્ય કરો, તમારા કુટુંબો માટે મજબૂત ભવિષ્યોનું ઘડતર કરો. અને જો તમે સમયે સમયે -- કેનેડામાં અથવા કેનેડાની બહાર  જમાતની સેવા કરવા ચાહતા હો, તો આગળ આવો, તમારી સેવા આપો, અને એ યાદ રાખો કે જ્યારે  તમે લોકોને, ખાસ કરીને અમારી જમાતને, તેમના જીવનની ગુણવત્તાનો વિકાસ કરવામાં સહાય કરવા તમારી

સેવા આપો છો, ત્યારે ઈમામ બેહદ પ્રમાણમાં, બેહદ પ્રમાણમાં ખુશી થાય છે.

*(ત્યાર પછી મૌલાના હાઝર ઈમામે ફ્રેન્ચમાં ફરમાવ્યું હતું તેનો ગુજરાતી તરજુમો)*

તમારે એ જાણવું જોઈએ કે જેમ સમય વીતતો જાય છે, તેમ ઈમામ હંમેશા તમારી નજદીક છે, હંમેશા. અને આથી, એવી એક પણ સેકન્ડ નથી હોતી, કે જ્યારે ઈમામ તેમની દુઆઓમાં, તમારી નજદીક ન હોય, અને તેઓ તમને સઘળાઓને, તમારામાંના એકે એકને, પ્રથમ તમારા રૂહાની જીવનમાં સફળતા માટે, પછી તમારા ભૌતિક જીવનમાં સફળતા માટે, અને શાંતિ તેમજ સ્વસ્થતા (tranquility)ના વાતાવરણમાં રહેવા માટે, તેમના ઉત્તમ દુઆઆશિષો ફરમાવે છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

*(મૌલાના હાઝર ઈમામે આગળ અંગ્રેજીમાં ફરમાવ્યું હતું)*

અમે એવું ધારીએ છીએ કે અહીં જમાત મુખ્યત્વે અંગ્રેજી-ભાષી (જમાત) છે, શું એ બરાબર છે? બહુ સારું. જેઓ ફ્રેન્ચ નથી સમજતા, તેમના માટે (જણાવવાનું), અમે મૂળભૂત રીતે અમારા રૂહાની બાળકોને ફરમાવ્યું: શાંતિપૂર્વક રહો, તમારી વચ્ચે અને બીજાઓની સાથે એકતાનું ઘડતર કરો, તમારી

સંસ્થાઓને મજબૂત બનાઓ, અને જ્યાં પણ તમે કરી શકો તેમ હો, અહીં કેનેડામાં અને જગતના અન્ય ભાગોમાં સેવા કરો.

અમે તમને સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અમારા ઉત્તમ અને અમારા અતિશય ઉમળકાભર્યા, પ્રેમાળ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આપણે કહીએ છીએ, "મુશ્કિલ-આસાન" -- તે એ બાબત છે કે જે અમે આજે અહીં અમારા સઘળા રૂહાની બાળકો માટે ઈચ્છીએ છીએ, મુશ્કિલ-આસાન. તમારા જીવનમાં કોઈ પણ સમસ્યાઓ ન હોય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જાણતા હતા કે એવી એક અન્ય બાબત છે કે જેને અમે સંબોધવા ચાહતા હતા. અમે આપણી જમાતમાં આપણા વોલન્ટીયરોનું અદ્દભુત કાર્ય જોયું છે, અને આથી, આજે અમે તેમના કાર્યને સન્માનવા ચાહીએ છીએ અને અમે એ સઘળા વોલન્ટીયરો કે જેઓએ અમારી મુલાકાત માટે જમાતમાં આ અદ્દભુત સેવાઓ આપી છે, અને જે કાર્ય તેઓ ભવિષ્યમાં કરશે તે માટે, ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવવા ચાહીએ છીએ.

અમારા સઘળા વોલન્ટીયરોને મુબારક, અને અમે તેમને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે વોલન્ટીયરો ધ્યાન પૂર્વક સાંભળી રહ્યા છે.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે ન માત્ર અમારી સમક્ષ (હાજર) અમારા સઘળા મુરીદોને અને તમારા કુટુંબોને અમારા ઉત્તમ દુઆઆશિષો પાઠવીએ છીએ. પરંતુ અમે આપણી જમાતના સર્વે રૂહાની સભ્યોની શાંતિ અને રાહત માટે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે મુશ્કિલ-આસાન માટે પણ ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. કોઈપણ મુરીદ કે જે દુન્યવી અથવા અન્ય કોઈ મુશ્કેલીઓનો સામનો કરી રહેલ હોય તે માટે, અમે શાંતિ માટે અને તેમની સમસ્યાઓના ઉકેલ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમારી કેનેડા જમાતને, અમે ફરી એકવાર ફરમાવીએ છીએ કે અમે તમારામાંના એકે એકને અને દરેકને, તમારા કુટુંબોને અને તમારી જમાતોને, કે જેઓ કેનેડાની બહાર છે, અને તેઓ જે દેશમાં રહે છે, તેમાં શાંતિ અને મુશ્કિલ-આસાન માટે પણ, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો મોકલાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા દુઆઆશિષો પ્રસારિત કરજો. શું અમે (તે માટે) તમારા ઉપર ભરોસો રાખી શકીએ? બહુ સારું.

# ૧૦. મોન્ટ્રીઅલ, કેનેડા ૨૧મી નવેમ્બર,૨૦૧૭ (બપોર પછીના સમયે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆતમાં, અમારી સમક્ષ અમારા મુરીદોને, તમારા કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે ફરમાવીએ છીએ કે અમારા તરફથી તમારી જમાતોને જેટલું બની શકે તેટલું જલ્દી અમારો આ સંદેશો પાઠવજો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ જ્યુબિલી વર્ષને જગતભરમાંની આપણી જમાતમાં ગરીબીની નાબૂદી (poverty elimination), અથવા ઓછામાં ઓછું, ઘટાડા (reduction) પ્રતિ સમર્પિત કરવા ચાહીએ છીએ. આમ કરવા માટે, અમે આપણી સંસ્થાઓને ગતિશીલ બનાવીશું, કે જેથી તેઓ ગરીબીના કારણોનું વિશ્લેષણ (analysis) કરે, અને તે કારણોના ઉકેલોની યોજના તૈયાર કરે. અમે ચાહીએ છીએ કે જ્યુબિલીનું આ વર્ષ પરિવર્તનનું એક વર્ષ બને, કે જ્યાં જગતભરના સઘળા મુરીદો તેઓના જીવનની ગુણવત્તાને, એવી રીતે વિકસાવવાની તક ધરાવશે કે જે પહેલાના વર્ષોમાં શક્ય બનવા પામ્યું નહિ હતું.

અમારી કેનેડિઅન જમાત એક મજબૂત જમાત છે, તે એક શક્તિશાળી જમાત છે, તે એક શિક્ષિત જમાત છે, અને અમે એવી  આશા રાખીએ છીએ કે અમારા કેનેડિઅન મુરીદો, વધારે ગરીબ અને વધારે પ્રમાણમાં બાજુએ હડસાઈ ગયેલ (marginalised) સમાજોમાંની જમાતોના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા, આપણે કેવી ઉત્તમ રીતે સાથે મળીને કાર્ય કરી શકીએ તે જોવામાં અમારી સાથે સહભાગી થશે. આ એક એવી વચનબદ્ધતા છે, કે જે અમે આ જ્યુબિલી વર્ષમાં લેવા ચાહીએ છીએ, પરંતુ તે એક એવી  વચનબદ્ધતા નથી કે જે જ્યુબિલી વર્ષમાં પૂર્ણ થશે. આ એક એવી  વચનબદ્ધતા છે કે જેના ઉપર આપણને ઘડતર કરવું જોઈએ, અને જ્યાં આપણી જમાતો મુશ્કેલ પરિસ્થિતિઓમાં રહે છે ત્યાં કોશિષ કરવી જોઈએ અને કાયમી રૂપાંતર (transformation), કાયમી સુધારણા હાંસલ કરવી જોઈએ.

આજે જમાત બે પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહી છે: પ્રથમ, માનવ સર્જિત મુશ્કેલીઓ; બીજું કુદરતી સંકટો. અને આવનારા દાયકાઓમાં અમે ચાહીએ છીએ કે માનવ સર્જિત સંકટની અને કુદરતી સંકટની, એમ બંને સમસ્યાઓને હાથ ધરવા માટે આપણે સૌએ, સાથે મળીને કાર્ય કરવું જોઈએ. આથી, અમે જગતભરની જમાતના આગેવાનો સાથે, આપણે આ સમસ્યાઓને કેવી ઉત્તમ રીતે હાથ ધરી શકીએ તે વિશે ચર્ચા-વિચારણા કરીશું, કે જેથી આ જ્યુબિલી વર્ષ,

જગતભરની જમાતો માટે પરિવર્તન અને પ્રગતિની બાંયધરી લેવા માટે, ઝડપથી આગળ વધવાનું એક સાધન (trampoline) બનવા પામે.

અમે જમાતમાંની યુવાન પેઢીઓને ફરમાવીએ છીએ : એ બાબતથી વાકેફગાર બનો કે તમારું શિક્ષણ, અમે યાદ કરી શકીએ છીએ તેમ, પહેલા કદી પણ હતું તે કરતાં હકીકતમાં વધારે અગત્યનું છે. આજે, જગતભરમાં, આપણે એવા સમાજોને હાથ ધરી રહ્યા છીએ, આપણે તેમાં જીવી રહયા છીએ કે જ્યાં નોકરીઓ માટે, કારકિર્દીઓ માટે, જ્ઞાન માટે વધતા પ્રમાણમાં હરીફાઈ ઉપસ્થિત છે. અને અમે આશા રાખીએ છીએ કે અમારી અહીંની અને જગતભરની જમાત પણ એ સમજવા પામશે કે ન માત્ર એક બાળક તરીકે, પરંતુ એક વ્યક્તિના સમગ્ર જીવનમાં જ્ઞાન મેળવવાનો પ્રયાસ કરવો એ આજે એક આવશ્યક વસ્તુ છે.

બીજું, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ કે આર્થિક પરિસ્થિતિઓ વિકાસશીલ જગતમાં, પરંતુ બીજી જગ્યાઓએ પણ અસ્થિર (volatile) છે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: વાજબી રીતે જીવન જીવો, સંભાળપૂર્વક જીવન જીવો, તમારી ભવિષ્યની પેઢીઓ માટે સંસાધનોને બાજુએ રાખો, કે જેથી તમે પેઢી દર પેઢી, તમારા

કુટુંબોના અને તમારી ભવિષ્યની પેઢીઓના જીવનની ગુણવત્તાની સુધારણા કરી શકો.

અમે આ તકે જમાતમાંના એ સઘળા વોલન્ટીયરો કે જેઓએ આ મુલાકાતની તૈયારી કરવા અને તેને અમારા માટે આટલી બધી ખુશીપૂર્ણ બનાવવા આટલું બધું અદ્‌ભુત કાર્ય કર્યું છે, તેમના માટે પણ અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યકત કરવા ચાહીએ છીએ. અને અમને લાગે છે કે તમે અમારા ચહેરા ઉપરથી જાણી શકો છો કે અમે ખુશ છીએ. એ એક રમૂજભર્યો ચેહરો નહિ, પરંતુ તે એક ઘણો જ ખુશીપૂર્ણ ચેહરો છે.

અમે તમારામાંના એકે એકને અને દરેકને લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર રહેવા માટે, રૂહાની સફળતા માટે અને દુન્યવી સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમે હમણાં જોયું કે મુખી પાસે નોંધો (નો કાગળ) છે. અમારી પાસે નોંધો નથી.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

હસવું એ ખુશીની એક અભિવ્યક્તિ છે. જ્યારે  અમારી જમાત અમારી સાથે હસે છે, ત્યારે અમે ઘણા જ ખુશી થઈએ છીએ. અમુક વખતે, એવી સમજ હોય છે કે જમાતના, ઈમામના, આપણા ચહેરા ઓ ઉપર આવશ્યકપણે સ્મિત હોવું જોઈએ નહિ. પરંતુ એક કુટુંબ તરીકે આપણે સાથે મળીને જેટલા વધારે આનંદ ધરાવીએ, ઈમામ  તેટલા વધારે ખુશ હોય છે. આથી, અમે તમને ફરમાવીએ છીએ: તમારી ખુશી અને તમારો આનંદ એ અમારી ખુશી અને અમારો આનંદ છે. આથી, આપણે ભવિષ્ય પ્રતિ, કેનેડામાંની જમાત માટે અને જગતભરની જમાત માટે, એક ખુશીપૂર્ણ, મજબૂત, નક્કર ભવિષ્યનું ઘડતર કરવા માટે કાર્ય કરીએ. આનો અર્થ બીજી બાબતોની સાથોસાથ એ છે કે, આપણે જગતભરમાં મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવું જોઈએ, કારણ કે એ ઘણા દેશોમાં કે જ્યાં જમાત વસવાટ કરે છે, ત્યાં સંસ્થાકીય જીવન સમગ્ર જનસમુદાય (population) ને સેવા આપવા માટે પૂરતા પ્રમાણમાં મજબૂત નથી. અને અમે આરોગ્ય-સંભાળ વિશે વાત કરી રહ્યા છીએ, અમે શિક્ષણ વિશે વાત કરી રહ્યા છીએ, અમે સભ્ય સમાજ વિશે વાત કરી રહ્યા છીએ, અમે સભ્ય સમાજની સંસ્થાઓ વિશે વાત કરી રહ્યા છીએ. અને આથી, અમે ચાહીએ છીએ કે અમારી જમાત, તમારા જ્ઞાન સાથે, તમારા અનુભવ સાથે, તમારી તાલીમ સાથે આગળ આવે, અને જગતભરની સંસ્થાઓમાં જોડાઓ, કે જેથી તમે તેમની

કાબેલિયતમાં વધારો કરો, તેમના માટે અને તેમના દ્વારા એ રાષ્ટ્રીય જનસમુદાય (national population) માટે કાર્ય કરો કે જેમાં આપણી જમાત ઉપસ્થિત છે.

અમે આજ રાતના, જમાતના સઘળા વોલન્ટીયરોને પણ અમારા ઉષ્માભર્યા દુઆઆશિષો ફરમાવવા ઈચ્છીએ છીએ. તમે શ્રેષ્ઠ, અસાધારણ કાર્ય કર્યું છે. અને અમે તમને તમારા અદ્દભુત કાર્ય માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે એવી આશા રાખીએ છીએ કે આ અદ્દભુત સ્વૈચ્છિક કાર્ય આવનારા દાયકાઓમાં ચાલુ રહેશે; પરંતુ તમે આ મુલાકાત દરમ્યાન એક ભવ્ય ઉદાહરણ સ્થાપિત કરેલ છે. અમે ફરીથી તમારામાંના એકે એકને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે સારી તંદુરસ્તી માટે, લાંબા આયુષ્ય માટે, મુશ્કેલીમાંથી રક્ષણ માટે -- જેને આપણે "મુશ્કિલ આસાન" કહીએ છીએ તે માટે -- અને તમારા રૂહાની જીવનમાં તેમજ તમારા દુન્યવી જીવનમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. સમતુલા જાળવી રાખો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

એ યાદ રાખો કે અમે સર્વે સમયે તમારી સાથે છીએ -- દિવસ અને રાત્રીની દરેક સેકન્ડે અમે અમારી જમાત સાથે છીએ. અને અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૧૧. ગરમચશ્માં, ચિત્રાલ, પાકિસ્તાન, ૯મી ડિસેમ્બર, ૨૦૧૭ ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે આ ફરમાનની શરૂઆત, પાકિસ્તાનની સરકારે અમને પાકિસ્તાનમાં જે અદ્‌ભુત, ઉદાર અને ઉષ્માપૂર્ણ રીતે આવકાર આપેલ છે, તે બદલ તેમના પ્રતિ અમારો આભાર દર્શાવીને કરીએ છીએ. અમે તમને જણાવવા ચાહીએ છીએ કે અમે આજે તમારી સાથે હોવા બદલ, આપણી સંસ્થાઓએ જે કાર્ય કર્યું છે તે નિહાળવા, આપણા સમુદાય અને બીજાઓ વચ્ચેના સંબંધોને નિહાળવા બદલ કેટલા ઊંડાણપૂર્વક ખુશી થયા છીએ.

અને અમે તમને વર્ષો દરમ્યાન જે સંદેશ મોકલાવ્યો હતો, તેને વધુ મજબૂત બનાવીને અમે શરૂઆત કરીશું, તે એ છે કે જગતભરની અમારી જમાતે, તમે જે સઘળા લોકોની વચ્ચે રહો છો, તેમની સાથે શાંતિપૂર્ણ સંબંધો બાંધવાનો હંમેશા પ્રયાસ કરવો જોઈએ. આપણો ધર્મ શાંતિનો ધર્મ છે, આપણી નીતિમત્તા શાંતિની નીતિમત્તા છે, આપણી માન્યતા એ છે કે જ્યાં પણ લોકો જુદા જુદા સમુદાયોમાં રહેતા હોય, ત્યાં માનવ સમાજે પોતાને ટકાવી રાખવું જોઈએ, કે જેથી જેમની વચ્ચે આપણે રહીએ છીએ, તેઓ અથવા આપણે આપણા જીવનની ગુણવત્તામાં જે પણ સમસ્યાઓ ધરાવતા હોઈએ,

તેનો સામનો કરવામાં તેમની સહાય કરવા માટે તેઓ આપણા ઉપર વિશ્વાસ રાખી શકે.

ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરતી વખતે, એ મહત્વનું છે કે આપણે મજબૂત સંસ્થાઓનું ઘડતર કરીએ -- એવી સંસ્થાઓ કે જે, જેમાં આપણે રહીએ છીએ તે દેશોની સેવા કરશે, પરંતુ તે જમાતની પણ સેવા કરશે. આથી, પાકિસ્તાનમાં સંસ્થાઓને વિકાસ પામવામાં, વધુ વિશાળ રીતે, વધુ અને વધુ લોકોની, કાબેલિયતના વધુ ઉચ્ચ સ્તરોએ સેવાઓ આપવા માટે પ્રોત્સાહન આપવું એ અમારો ઉદ્દેશ છે, કે જેથી આપણે આપણી પોતાની સંસ્થાઓ દ્વારા, પાકિસ્તાનના લોકો પ્રતિ ક્ષમતા લઈ આવીએ.

એ મહત્વનું છે કે ઉમ્માહના ઈતિહાસના આ સમયે, બેશક, અમારા સહીત તમો સર્વેએ, શાંતિ માટે ખંતપૂર્વક કાર્ય કરવું જોઈએ -- ખંતપૂર્વક. આપણને શાંતિ માટે કાર્ય કરવું જ જોઈએ. આ એક એવો સંદેશ છે કે જે અમે ન માત્ર અહીં પાકિસ્તાનમાં અમારી જમાતને, પરંતુ જગતભરમાં દરેક સ્થળે આપીએ છીએ. એ અસ્વીકાર્ય (unacceptable)છે કે ઉમ્માહની અંદર તણાવ અથવા સંઘર્ષ હોય. તે ઈસ્લામના મૂળભૂત સિધ્ધાંતોથી વિરુધ્ધ છે. ઈસ્લામ તમને જણાવે છે કે તમે બધા ભાઈઓ અને બહેનો છો, અને આ એવો સંબંધ છે કે જેનું તમારે અને બેશક અમારે, આપણા જીવનના દરેક દિવસે રક્ષણ કરવું જોઈએ.

આપણે જ્યારે ભવિષ્ય માટે ઘડતર કરીએ, ત્યારે આપણને એ સમજવાની જરૂરત છે કે જગતના એવા ભાગો છે કે જેમને સંસ્થાકીય સહાયની જરૂરત છે. અને ઉત્તરીય પાકિસ્તાન જગતનો એક એવો વિસ્તાર છે કે જયાં સંસ્થાકીય સહાય જરૂરી છે. આથી, એ અમારી આશા છે કે આવનારા દાયકાઓમાં, આપણે શિક્ષણમાં, આરોગ્ય-સંભાળમાં, સામાજિક વ્યવસ્થામાં, નાણાકીય સંસ્થાઓમાં સંસ્થાકીય સહાયનો ઉમેરો કરવા શક્તિમાન બનીશું, કે જેથી આપણે, જમાત અને જેમની વચ્ચે આપણે રહીએ છીએ તે લોકોની અંદર ક્ષમતાનો વિકાસ કરીએ.

અને અમે આજે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે જેમની વચ્ચે રહો છો તે સમુદાયોની સાથે પુલોનુ ઘડતર કરો, સમાન લક્ષ્યાંકો (common goals) તરફ; જીવનની ગુણવત્તાનું ઘડતર કરવાના, તમે જેમની વચ્ચે રહો છો તે સમગ્ર લોકો માટે સારી તંદુરસ્તી ટકાવી રાખવાનો પ્રયાસ કરવાના સમાન લક્ષ્યાંકો તરફ કાર્ય કરો.

શિક્ષણની મહત્વતા વિશે વિચાર કરો અને તમારા શિક્ષણનો ફાયદો મેળવો, કે જેથી જેમ તમે વૃધ્ધિ પામતા જાઓ, અને જેમ તમે વૃધ્ધિ પામેલ સ્ત્રી-પુરુષો તરીકે તમારા દરરોજના જીવનમાં સક્રિય બનતા જાઓ, તેમ આવનારા વર્ષો માટે, મનુષ્યો તરીકે તમારી ક્ષમતાઓમાં વધારો થાય. આથી, આજે

અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: શિક્ષણમાં રોકાણ કરો, એ ધ્યાનમાં રાખો કે શિક્ષણ પચાસ વર્ષો અગાઉ જેવું હતું, તેવું નથી. આજે શિક્ષણ, તમારા સમગ્ર જીવન દરમ્યાન એક દરરોજની સતત પ્રક્રિયા છે. ઘણા કુટુંબો, ઘણી સ્ત્રીઓ, ઘણા પુરુષો તેમની પ્રવૃતિઓ બદલાવે છે -- અને અમે માનીએ છીએ કે જો એ ખોટું ન હોય તો જગતના ભાગોમાં એવા અનેક સ્ત્રી-પુરુષો છે કે જેઓ પોતાની પ્રવૃતિઓને પોતાના જીવનમાં ચાર વખત બદલાવે છે -- તેનો અર્થ એ છે કે જેમ વર્ષો વિતતા જાય, તેમ તમારી પાસે નવીન પ્રવૃતિઓ સાથે સુસંગત બનવાની શક્તિ હોવી જ જોઈએ. તમે સતત ધોરણે શીખવા માટે શક્તિમાન હોવા જોઈએ. શિક્ષણ, વિધ્વતાભરી શૈક્ષણિક પ્રક્રિયા (academic educational process) પૂરતું જ મર્યાદિત રહ્યું નથી -- તે સમગ્ર જીવન દરમ્યાન એક સતત પ્રક્રિયાના ભાગરૂપ છે. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ : તમારી જાતને શિક્ષિત બનાવો અને તમારી જાતને શિક્ષિત બનાવવાનું ચાલુ રાખો, એવું નહિ વિચારતા કે શાળાનું શિક્ષણ એ અંત છે, તે લક્ષ્યાંકોમાંનો એક છે, પરંતુ તે તેના પોતામાં અંત નથી, શૈક્ષણિક પ્રક્રિયા સમગ્ર જીવન સુધી ચાલુ રહે છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે ફરમાનમાં આ તકે જમાતમાંના સઘળા રૂહાની મુરીદો માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ કે, તેમની રૂહાનીઓ અનંત શાંતિને પામે. અમે અહીં તમને સર્વેને, તમારા કુટુંબોને, તમારી જમાતોને લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, અને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. એ યાદ રાખો કે તમે સઘળા સમયે, તમારા ઝમાનાના ઈમામના હૃદયમાં, વિચારોમાં અને દુઆઓમાં છો. તમે હંમેશાં અમારી સાથે છો, તમે હંમેશાં, હંમેશાં, હંમેશાં અમારી સાથે છો અને આ અતિશય ખુશીભર્યા પ્રસંગે અમે તમને અમારા ઉત્તમ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમે વોલન્ટીયરોને પણ અમારા દુઆઆશિષો ફરમાવવા ચાહીએ છીએ કે જેઓએ જમાતને, આના જેવી મુલાકાતનો લાભ મેળવવા શક્તિમાન બનાવવા, અમારી પોતાની અવરજવર માટે આવું સુંદર કાર્ય કરેલ છે, અને અમે તેઓને તેમના શ્રેષ્ઠ કાર્ય માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. આથી, અમે તમને, જો તમારા કુટુંબોમાં વોલન્ટીયરો હોય, તો સંદેશવાહક બનવા ફરમાવીએ છીએ -- જમાતમાં સઘળા વોલન્ટીયરો પ્રતિ અમારા દુઆઆશિષો, અમારો સ્નેહ, અમારી પ્રશંસા, અને અમારો આદરમાન લઈ જાઓ. અમે તમને ફરી એક વાર, વ્યક્તિગત રીતે, અને જો તમે બહારથી આવતા હો, તો તમારા કુટુંબોને અને તમારી

જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન ,ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે સૌ પ્રથમ, અમારા રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ કે અમે તમારું નઝરાણું અને તમારી ભેટ કબુલ ફરમાવેલ છે. અને એ અમારી આશા, અમારી ઈચ્છા, અમારી દુઆ છે કે તે નઝરાણું તમારા માટે હજારગણું, હજારગણું, હજારગણું વધવા પામે કે જેથી, તમારા જીવનની ગુણવત્તામાં, ઈન્શાઅલ્લાહ, વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થાય. અમે અમારા રૂહાની બાળકોને એ પણ ફરમાવીએ છીએ કે, તમે અમને એક સુંદર ભેટ, એક ઐતિહાસિક ભેટ થકી લાડ લડાવ્યા છે. અને આ અયોગ્ય રીત છે, કારણ કે તેમના બાળકોને લાડ લડાવવા એ ઈમામ ઉપર છે. આથી, અમે વિશેષ રીતે સદભાગી હોવાનું અનુભવીએ છીએ કે માબાપે પોતાના બાળકોની સંભાળ રાખવાની જે સામાન્ય પ્રક્રિયા હોય છે, તેને તમે બદલાવી નાખી છે. તમે આમ ઘણું જ જુદી રીતે કરેલ છે -- જે

વિપરીત છે -- અને અમે તમારી વિચારશીલતા (thoughtfulness) માટે ઘણા, ઘણા જ આભારી છીએ.

વર્ષો દરમ્યાન, ભવિષ્યમાં, આપણે ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં અને આરોગ્ય-સંભાળના ક્ષેત્રમાં, વધુ મજબૂત અને વધુ મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવાનો પ્રયાસ કરીશું. એ મહત્વનું છે કે જેમ દાયકાઓ વિતતા જાય, જમાત અને જમાત જેમની વચ્ચે રહે છે તેમાંનાં સ્ત્રી-પુરુષો, તેઓ પોતાનો આર્થિક રીતે, યોગ્ય રીતે, વિકાસ કરવા શક્તિમાન બને તે માટે, ઉત્તમ માનવ જ્ઞાનની પહોંચ ધરાવતા હોવા જોઈએ, કે જેથી તેમના જીવન તંદુરસ્ત હોય, વધુ લાંબા હોય, તેમના બાળકો એક પેઢીથી બીજી પેઢી સુધી વધુ તંદુરસ્ત હોય અને વધુ ખુશહાલ હોય. આથી, આપણે જયારે શિક્ષણની વાત કરીએ છીએ અને આપણે આરોગ્ય-સંભાળની વાત કરીએ છીએ, ત્યારે આપણે માત્ર આજના સંબંધમાં વાત નથી કરતા -- આપણે આવતીકાલ સંબંધી અને પરમ દિવસ (the day after tomorrow) સંબંધી અને તેના પછીના દિવસ સંબંધી વાત કરીએ છીએ -- કે જેથી આપણી જમાત, તે જ્યાં પણ હોય, તેમના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા સમયસર, આગળની તરફ દ્રષ્ટિ કરી શકે. અને લોકોના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા માટે, રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે, આપણે જે સઘળા પગલાઓને સ્થાનબદ્ધ કરવાની જરૂર

પડે, તેને સ્થાનબધ્ધ કરવામાં તમારી સહાય કરવા માટે, અમે અહીં છીએ.

અંતમાં અમે ફરીથી તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, જાણે અમે તમને સ્પર્શ કરેલ છે. લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૧૨. બૂની, ચિત્રાલ, પાકિસ્તાન, ૯મી ડિસેમ્બર,૨૦૧૭
# ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે આ ફરમાનની  શરૂઆત અમને જે ઘણી જ ઉષ્મા, સૌજન્યશીલ અને વિચારશીલ રીતે આવકાર આપવામાં આવેલ છે, તે બદલ પાકિસ્તાનની સરકાર પ્રતિ અહીં  અમારો આભાર દર્શાવીને કરીએ છીએ, અને અમને ખાત્રી છે કે એ આભારમાં સહભાગી બનવામાં તમે અમારી સાથે સામેલ થશો.

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા ઉત્તમ, અને અમારા અતિશય વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારે એ જાણવું જોઈએ કે આ સમયે અમારી જમાત સાથે હોવા બદલ અમે કેટલા ખુશી છીએ. અને અમે જ્યારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમે અમને પોતાને પૂછીએ છીએ કે એ સઘળી પેઢીઓ જે અમારી સમક્ષ છે, અને જેઓ

તે પછી આવશે, તેમના માટે એક સારા ભવિષ્ય માટેની તૈયારી કરવા ઈમામે પોતાની જમાતને શું દોરવણી આપવી જોઈએ.

પ્રથમ, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ : તમારા ધર્મની નીતિમત્તામાં રહીને જીવન જીવો, તમારા ધર્મની નીતિમત્તામાં રહીને જીવન જીવો. પ્રમાણિક બનો. માદક પદાર્થો (drugs) સાથે પ્રવૃત્તિ નહિ ધરાવો. તમારા કુટુંબોને સંગઠિત રાખો. તમારા બાળકોને શિક્ષિત બનાવો. તમારા કુટુંબની ભવિષ્યની પેઢીઓ માટે સંસાધનોને બાજુએ રાખો, કે જેથી તમે તમારા કુટુંબોના મજબૂત ભવિષ્ય પ્રતિ યોગદાન  આપો, કે જેથી એક પેઢીથી બીજી પેઢી સુધી. તમે જમાતમાં સર્વે કુટુંબોના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા શક્તિમાન બનો.

એ યાદ રાખો કે શિક્ષણ હવે માત્ર શાળાના શિક્ષણ (schooling)ની બાબત રહી નથી -- આજે શિક્ષણ સમગ્ર જીવન દરમ્યાન એક સતત પ્રક્રિયા છે. આથી, તમે જેમ તમારા જીવનમાં આગળ વધતા જાઓ, તમને પોતાને શિક્ષિત બનાવવાનું ચાલુ રાખો, કે જેથી તમે તમારા કુટુંબો માટે અને તમારા પોતાના માટે, વધુ સારી અને વધુ સારી ક્ષમતાનું ઘડતર કરવા શક્તિમાન બનો. અમારા યુવાન રૂહાની બાળકોને, અમે તેઓને ફરમાવીએ છીએ: શિક્ષણનો અવસર ચુકતા નહિ. તમે જે શીખો છો તેના ઉપર ઘડતર કરો અને

તમારા સમગ્ર જીવન દરમ્યાન શીખવાનું ચાલુ રાખો -- અને આથી, તમારા સમગ્ર જીવન દરમ્યાન ઘડતર કરવાનું ચાલુ રાખો. આજે શિક્ષણ પુસ્તકો અને કલમ તથા કાગળ અને કદાચ હિસાબ કરવાના મશીન (calculating machine) સાથે શાળામાં બેસવાની બાબત રહી નથી -- તમે તેમ કરવા નથી ચાહતા. તમે જે કરવાનું ચાહો છો તે એવું જ્ઞાન સંપાદન કરવાનું અને જ્ઞાનનો વિસ્તાર કરવાનું છે કે જે, તમે જેમ એક પેઢી થી બીજી પેઢી સુધી જીવન જીવો, તેમ તમને અને તમારા કુટુંબોને ઉપયોગી બનશે. આથી, પ્રથમ આધારરૂપ બાબત (premise) તમે જે પણ પ્રવૃત્તિઓ ધરાવો છો, તેમાં કાબેલ બનવાનું શીખવાનું છે. અને એ ધ્યાનમાં રાખો કે તે કાબેલિયત સમય દરમ્યાન બદલાશે, કારણ કે તે હંમેશા બદલાય છે. આથી, શૈક્ષણિક પ્રક્રિયા કાંઈ એવી પ્રક્રિયા નથી, કે જેની આજે શરૂઆત થાય છે અને આવતીકાલે તે પૂર્ણ થાય છે, તે તમારા સમગ્ર જીવન દરમ્યાન એક સતત પ્રક્રિયા છે. અને અમે અમારી જમાત માટે આંકાક્ષા ધરાવીએ છીએ કે તમે સુશિક્ષિત (well-educated) હો, તમે તમારા જીવનની ગુણવત્તાની સુધારણા કરવા તમારા શિક્ષણનો ઉપયોગ કરો.

બીજું, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: બીજા સમુદાયો સાથે સારા સંબંધોનું ઘડતર કરો, બીજા સમુદાયો સાથે સારા સંબંધોનું ઘડતર કરો. તેમની સાથે કાર્ય કરો અને તેમને તમારી સાથે કાર્ય કરવા માટે પ્રોત્સાહન આપો, કે જેથી

સઘળાઓ, સાથે મળીને, તમે જીવનની મુશ્કેલીઓ સંબંધી કાર્ય કરી શકો. ઈન્શાઅલ્લાહ, તેમના ઉપર કાબુ મેળવી શકો, અને જીવન જીવવા માટે એક વધુ સારું માનવ વાતાવરણ (human environment) ધરાવી શકો. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે જેમની વચ્ચે રહો છો તે સમાજો અને સમુદાયોની સાથે ઉષ્માભર્યા સંબંધોનું ઘડતર કરો, અને સહયોગી (collaborative) પ્રવૃત્તિઓ શોધવાનો પ્રયાસ કરો, કે જેથી સાથે મળીને, તમે ભવિષ્ય માટે ઘડતર કરી શકો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જે વસ્તુઓ તમને પોતાને અથવા તમારા કુટુંબોને નુકસાન કરતી હોય તેનાથી દૂર રહો. અને આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, માદક પદાર્થો સાથે વ્યવહાર નહિ કરો. અમે નથી ચાહતા કે અમારા રૂહાની બાળકો માદક પદાર્થો સાથે કોઈ પણ રીતે વ્યવહાર કરે -- વપરાશ કરવો, વેપાર કરવો, માદક પદાર્થો સાથે સંકળાએલી કોઈ પણ પ્રવૃત્તિ હોય -- અમે નથી ચાહતા કે અમારી જમાત આ પ્રવૃત્તિમાં સામેલ થાય. આથી, તમારામાંના એકે એકને અમે ફરમાવીએ છીએ: આ બાબતમાં ઈમામની ઈચ્છાઓનું સન્માન કરો. કારણ કે અમને ખાત્રી છે કે આ બાબત ઘણીજ તમારા ઉત્તમ હિતમાં રહેશે.

બીજું, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ : જો તમે એક સારી પ્રવૃત્તિ, એક ધંધાકીય પ્રવૃત્તિ, એક ખેતીવાડીની પ્રવૃત્તિ, એક વ્યાપારી પ્રવૃત્તિ અથવા વ્યવસાયિક પ્રવૃત્તિ, જેમ કે શિક્ષણની આસપાસ સાથે મળી શકો, તો સાથે મળો, સાથે મળીને કાર્ય કરો. અને જો તમે સાથે મળીને કાર્ય કરવા શક્તિમાન હો, તો અમને લાગે છે કે તમને જણાશે કે તમે વધુ ઝડપથી, તમારા પોતાના માટે, અને તમારા કુટુંબો માટે, એક વધુ મજબૂત ભવિષ્યનું ઘડતર કરી શકશો.

અંતમાં, આ મુલાકાતમાં, અમે અમારા રૂહાની બાળકોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને સુખ, તમારા કુટુંબોમાં એકતા, અને સૌથી વિશેષ, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી ઈચ્છીએ છીએ. તમે રૂહાની સુખ, દુન્યવી સુખ, સંગઠિત કુટુંબો, તંદુરસ્ત બાળકો ધરાવો અને તમારી નેક ઉમેદો પરિપૂર્ણ થાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

પ્રેસિડેન્ટે હમણાં તમારા વતી, એક ભવ્ય નજરાણું પેશ કરેલ છે, કે જે અમે જમાત તરફથી કબૂલ ફરમાવીએ છીએ, અને અમે અહીં આજે, જમાતમાંના દરેક મુરીદને, તમારા કુટુંબોને અને તમારી જમાતોને દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે આશા રાખીએ છીએ કે આ નજરાણું તમારા માટે સેંકડોગણું, સેંકડોગણું વધવા પામશે. અમે તમને એ પણ ફરમાવવા ચાહીએ છીએ કે આ અતિ સુંદર ઐતિહાસિક ભેટ કે જે તમે આ પ્રસંગે બનાવેલ છે, તેના માટે અમે કેટલા બધા આભારી છીએ, જે અમને આપણી જગતભરની જમાતના ઈતિહાસની યાદ અપાવે છે.

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, જાણે કે અમે તમારા ખભાનો વ્યક્તિગત રીતે સ્પર્શ કરેલ છે, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યાર ભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને લાંબા જીવન માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, તંદુરસ્ત શિક્ષિત બાળકો માટે અને દરેક બાબતોમાં મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જોકે, અમે શારીરિક રીતે તમારી વચ્ચેથી સીધાવી જઈશું, અમે હંમેશાં અમારી જમાત સાથે છીએ. દરેક દિવસે, દરેક મિનિટે, દરેક સેકન્ડે, અમે હંમેશાં અમારી જમાત સાથે છીએ. આથી, અમે ચાહીએ છીએ કે તમે એ યાદ રાખો, કારણ કે અમારા બાળકો હંમેશાં અમારી સાથે છે, હંમેશાં, દિવસ અને રાત, શિયાળો, પાનખર, ઉનાળો, વરસની દરેક ઋતુમાં અને જગતના દરેક સ્થળોએ, તેઓ હંમેશાં અમારી સાથે છે. અમે તમારામાંના એકે એકને ફરીથી, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે મુશ્કિલ-આસાન માટે ઘણાં, ઘણાં જ ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે તમારા કુટુંબોમાં, તમારા જીવન શાંતિમય, સફળ, તંદુરસ્ત અને સંગઠિત તેમજ સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂત હોય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૧૩. તાઉસ, ઘીઝર, પાકિસ્તાન, ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭ ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં  હાજર અમારા સર્વે રૂહાની બાળકોને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય  ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ  વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમારી જમાતને, જેઓ કદાચ આજે અહીં  હાજર નથી, તેમને ફરમાવવા ચાહીએ છીએ કે તેઓ કેટલા બધા અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે, અને અમે તેઓની સઘળી ઉમેદોની પરિપૂર્ણતા માટે કેટલી મજબૂતીપૂર્વક અમારા દુઆઆશિષો  પાઠવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય વિતતો જાય છે તેમ, આપણી સંસ્થાઓમાં, આપણા અંગત જીવનમાં, આપણા પ્રયાસોમાં, જેના ઉપર આપણે ઘડતર કરીએ છીએ તેના નૈતિક સિદ્ધાંતો - અને આ બાબત સામાજિક સંબંધોમાં આપણે જે માનીએ છીએ તેના આધારરૂપ છે - કે તમે જે દરેક સ્થળે રહો છો ત્યાં તે શાંતિ

લઈ આવે છે. જયાં ઘર્ષણ છે -- ત્યાં ઘર્ષણનું નિવારણ કરવા માટે યોગદાન  આપો. જયાં લોકો વચ્ચેના સંબંધોના સંદર્ભમાં મુશ્કેલી છે -- ત્યાં લોકોને સાથે લઈ આવવામાં સહાય કરો. જયાં સંસ્થાઓ સંતોષજનક રીતે કામગીરી નથી બજાવતી -- ત્યાં તેમની કામગીરીમા સુધારણા કરવા તેમને સહાય કરો. બીજા શબ્દોમાં (કહીએ તો) લોકોમાં, સમુદાયોમાં, સંસ્થાઓમાં સર્વસંમતિ (consensus)નું ઘડતર કરવા માટે, તમારા જીવનમાં, તમારી આસપાસ શક્ય તેટલો વધુ પ્રયાસ અને પ્રયત્ન કરો, કે જેથી જમાત જે સમાજોમાં રહે છે, તેને તેઓ સર્વે વધુ સારી રીતે સેવા આપી શકે.

અમે આ ફરમાનની શરૂઆતમાં પાકિસ્તાનની સરકારે આ મુલાકાત પ્રસંગે અમને જે અતિ ઉદાર રીતે આવકાર આપ્યો છે, તે બદલ તેમના પ્રતિ પણ અમારો ઉષ્માપૂર્ણ આભાર વ્યકત કરવા ચાહીએ છીએ.

અમે જયારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમને પોતાને અમે પૂછીએ છીએ: એવા કયા સિધ્ધાંતો છે કે જેના ઉપર આપણી જમાતે પોતાના ભવિષ્યનું ઘડતર કરવું જોઈએ. પ્રથમ, આપણા ધર્મની નીતિમત્તાઓ છે, એટલે કે સાચા બની રહેવું, દુષ્ટતા (evil)થી દૂર રહેવું, માદક પદાર્થો (drugs)થી દૂર રહેવું, તમારી પોતાની અંદર અને બીજાઓની સાથે ભાઈચારાનું સર્જન કરવું, તમે જે સમાજોમાં રહો છો, તેમના

માટે બીજાઓની સાથે મળીને મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવું. બૌદ્ધિક જગત (intellectual world) પ્રતિ યોગદાન આપો, કે જેથી જ્ઞાન, સમાજ તરફ જે સઘળું લાવી શકે તેમ છે તે લઈ આવે. કારણ કે આજે, કદાચ માનવ ઈતિહાસમાં પહેલા કદી પણ હતું તે કરતા વધારે, જ્ઞાન સામાજિક પરિવર્તન અને સામાજિક પ્રગતિ માટે આધારરૂપ બાબત છે.

અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બાળકો પ્રારંભિક બાળવયના શિક્ષણ (early childhood education) પ્રતિ પણ વચનબદ્ધ બને. એ યાદ રાખો કે નાનાં બાળકો ખાસ કરીને શિક્ષણની પ્રક્રિયા પ્રતિ ખુલ્લા (નિખાલસ) હોય છે. આથી, તમારી ભવિષ્યની પેઢીઓને પ્રારંભિક શિક્ષણનો લાભ આપો, કે જેથી તેઓ જેમ મોટાં થતાં  જાય, તેમ તેમની આગળ રહેલ જીવન માટેની સમસ્યાઓને હાથ ધરવા માટે તેઓ બૌદ્ધિક રીતે સુસજ્જ હોય.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

એ ઘણું જ મહત્વનું છે કે અમારી જમાત આપણા ધર્મની નીતિમત્તાની અંદર જીવન જીવે. અમને સંપૂર્ણપણે ખાત્રી છે કે જો તમે ધર્મની નીતિમત્તાની અંદર જીવન જીવવા માટે કાબેલ (capable) અથવા -- શક્તિમાન (able) છો, અમને કાબેલના બદલે -- શક્તિમાન કહેવું જોઈએ, તો તમે જે સમાજોમાં રહો છો તે સન્માનજનક હશે, આભારી હશે, આપણા ધર્મની

નીતિમત્તાની અંદર રહેવાના પ્રયાસમાં સહભાગી થવાની ઈચ્છા ધરાવશે. અને આપણા ધર્મની નીતિમત્તાઓ શું છે? સૌ પ્રથમ, ધર્મમાં ભાઈચારા અને બહેનપણાનું સન્માન કરવું. એ સંબંધ એક સામાજિક સંબંધ છે, પરંતુ તે સદાચાર (morality) ઉપર આધારિત છે. અને એ ઘણું જ મહત્વનું છે કે જગતભરમાં, જયાં પણ જમાત રહેતી હોય, તે આધારરૂપ બાબત (premise) તેમના દરરોજનાં જીવનના ભાગરૂપ હોવી જોઈએ -- પછી તે અહીં પાકિસ્તાનમાં હોય, પછી તે પાડોશના દેશોમાં હોય, પછી તે પશ્ચિમી જગતમાં હોય, પછી તે મધ્ય એશિયામાં હોય, પછી તે મધ્ય-પૂર્વમાં હોય -- આ એક વૈશ્વિક સિધ્ધાંત છે, કે જેના ઉપર જમાતે જીવન જીવવું જોઈએ.

ભવિષ્યમાં, આપણે ઈન્શાઅલ્લાહ, મજબૂત સંસ્થાઓનું ઘડતર કરીશું, અને તે સંસ્થાઓ જમાતની સેવા કરશે, કે જેથી તમને શિક્ષણમાં, આરોગ્ય-સંભાળમાં, આર્થિક વિકાસમાં, નાગરિક સમાજ (civic society)માં જે પણ જરૂરતો હોય, આ સઘળી જરૂરતોને, જમાતના સ્ત્રી-પુરુષો, તેમના પ્રયાસો. તેમનું જ્ઞાન, તેમની કાબેલિયત લઈ આવીને, લાંબા ગાળા સુધી ટકાવી રાખશે, કે જેથી તમે તમારી આસપાસ સમાન લક્ષ્યાંકો તરફના સર્વસંમતિના સમાજોનું ઘડતર કરો. અમારા મત પ્રમાણે તે ઘણું જ મહત્વનું છે કે સમાજનો આ સર્વસંમતિનો દ્રષ્ટિકોણ (consensual view), કે જે તમે ચાહો

છો, તે એક એવો મૂળભૂત સિધ્ધાંત બને કે જેના ઉપર તમે અને આપણી સંસ્થાઓ જીવન જીવે અને સક્રિય બને. અમે અમારા રૂહાની બાળકોને એ પણ ફરમાવીએ છીએ કે પ્રારંભિક બાળવયનું શિક્ષણ લોકોને ભવિષ્યમાં તેમના જીવનનિર્વાહ (livelihoods) માટે તૈયાર કરવાનું સંપૂર્ણપણે એક અતિ આવશ્યક ભાગ છે. આથી, અમે આશા રાખીએ છીએ કે અમારા રૂહાની  બાળકો એ ધ્યાનમાં રાખશે કે ઈ.સી.ડી. (E.C.D) -- આપણે જેને ઈ.સી.ડી. કહીએ છીએ, પ્રારંભિક બાળવયનો વિકાસ -- એક એવી બાબત છે કે જેના તરફ તમે પ્રતિબધ્ધ બનશો, જેને તમે પ્રોત્સાહન આપશો, જેને તમે ટકાવી રાખશો, જેના પ્રતિ તમે તમારું જ્ઞાન, તમારી કલ્પના, તમારી જાણકારી લઈ આવશો, કે જેથી જમાતની વધુ યુવાન પેઢીઓ ભવિષ્ય પ્રતિ તેમના જીવનના શક્ય તેટલા અતિ પ્રારંભિક દિવસોથી, શક્ય તેટલા ઉત્તમ શિક્ષણની સાથે દ્રષ્ટિ કરી શકે.

અમે અમારા રૂહાની બાળકોને એ પણ ફરમાવીએ છીએ કે આંતર-સમુદાય (inter-community) સંબંધો તમારી પોતાની, અને જે દેશોમાં તમે વસવાટ કરો છો તેની બહેતરી માટે મૂળભૂત છે. આથી, અમે એ ખાત્રી મેળવવા ચાહિએ છીએ કે જમાત, અહીં  અને એ સર્વ જગ્યાઓએ કે જયાં જમાત રહે છે, ત્યાં ખુશીપૂર્ણ, શાંતિમય, સન્માનજનક આંતર-સમુદાય

સંબંધોનું ઘડતર કરવા તે જે પણ કરી શકે તેમ હોય, તે સઘળું તે કરશે.

અંતમાં, અમે તમારામાંના એકે એકને અને દરેકને, તમારામાંના પ્રત્યેકને, અને તમારા કુટુંબોને અને તમારી જમાતને અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકનાં અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે સુખ માટે, લાંબા જીવન માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, દીની બાબતોમાં સફળતા માટે, અને દુન્યવી બાબતોમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને એ યાદ રાખો કે તમારા ઈમામ સર્વ સમયે, સર્વ સમયે તમારી સાથે છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ મુલાકાતના પ્રસંગે તમારામાંના એકે એકને અને દરેકને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે નઝરાણા અને ભવ્ય ભેટ કે જે તમે અમને અર્પણ કરેલ છે, તે માટે પણ અમારા ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કરીએ છીએ. અમે ચાહીએ છીએ કે એ નઝરાણું તમારામાંના પ્રત્યેક માટે હજારગણું, હજારગણું વધવા પામે. કે જેથી આવનારા દાયકાઓમાં તમે શાંતિપૂર્વક, ભરોસા સાથે, વિશ્વાસ સાથે અને તમે જે પણ પ્રવૃત્તિઓ ધરાવતા હો, તેમાં મુશ્કિલ-આસાન સાથે, આગળની તરફ દ્રષ્ટિ કરી શકો. અમે તમને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમે જે પણ મુશ્કેલીઓ ધરાવતા હો તેનું નિરાકરણ, તમારા સંતોષ પ્રમાણે એવી રીતે થાય કે જે તમારા માટે, તમારા કુટુંબો માટે, તમારી જમાત માટે સારું હોય. અને એ કે સઘળા વિસ્તારોમાં અને સઘળી બાબતોમાં સંપૂર્ણ રીતે શાંતિ પુન:સ્થાપિત થાય.

અમે આવનારા વર્ષોમાં, પાકિસ્તાનમાં, બીજા વિકાસશીલ દેશોમાં, પશ્ચિમી જગતમાં સંસ્થાઓનું ઘડતર કરવા તરફ દ્રષ્ટિ કરીશું, કે જેથી આપણી વિશ્વભરની જમાત પાસે જેમ જગત બદલાતું જાય, તેમ વિકાસ કરવાની, પ્રગતિ કરવાની, તેના જીવનની ગુણવત્તાની, તેના આરોગ્યની, તેના જ્ઞાનની, પોતાની સફળતાપૂર્વક સંભાળ રાખવા માટેની તેની શક્તિની સુધારણા કરવાની ક્ષમતા રહેલી હોય. અને તમે પરિવર્તનને

અકલમંદીપૂર્વક, આગળની તરફ દ્રષ્ટિ કરવાની સાથે, વિચારણાપૂર્વક હાથ ધરી શકવાની સ્થિતિમાં હોવા જોઈએ, કે જેથી જીવનના આકસ્મિક બનાવો (accidents), આકસ્મિક બનાવો ન રહે, તમે તમારા ભવિષ્યનું, તમારા કુટુંબોના ભવિષ્યનું, તમારા બાળકોના ભવિષ્યનું આયોજન કરવા શક્તિમાન હો, કે જેથી તમારા કુટુંબોની ભવિષ્યની સઘળી પેઢીઓમાં સ્થિરતા અને વિશ્વાસનું ઘડતર કરી શકાય. એ અમારી દુઆ છે -- એ અમારા દુઆઆશિષો  છે, જે અમે તમને, તમારામાંના એકે એકને, તમારા કુટુંબો માટે, સફળતા માટે ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ ધ્યાનમાં રાખો, મહેરબાની કરીને એ ધ્યાનમાં રાખો, કે ઈમામ હંમેશાં તમારી સાથે છે. દિવસમાં અથવા રાત્રીમાં એવી એક પણ સેકન્ડ નથી હોતી, કે જ્યારે  ઈમામ તમારી સાથે ન હોય, તેઓ હંમેશાં તમારી સાથે છે. અને તેઓ તમારામાંના એકે એકને અને દરેકને તેઓના ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવેલ છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૧૪. અલીઆબાદ, હુંઝા, પાકિસ્તાન, ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭ ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે અમારા રૂહાની  બાળકોને જણાવવા ચાહીએ છીએ કે અમે પાકિસ્તાનમાં હોવા બદલ કેટલા ખુશી છીએ, અને આ મુલાકાત દરમ્યાન અમને અને અમારી જમાતને જે સઘળી સૌજન્યશીલતાઓ દર્શાવવામાં આવેલ છે તે બદલ અમે સરકારનો આભાર માનીએ છીએ. આપણે જે દેશોમાં રહીએ છીએ તેમના પ્રતિ વફાદારીની આપણે જમાતમાં એક લાંબી પ્રણાલિકા ધરાવીએ છીએ. આજે જમાત એક વૈશ્વિક જમાત છે. એવા બહુ જ થોડા દેશો છે કે જેમાં કોઈ ઈસ્માઈલી ઉપસ્થિત ન હોય. અને અમે કેવળ આજે તમને એ યાદ અપાવવા તેનો નિર્દેશ કરીએ છીએ કે જગતભરની જમાતો તેમના વસવાટના, રાષ્ટ્રીયતા (nationality)ના દેશો પ્રતિ વફાદાર છે.

અહીં પાકિસ્તાનમાં આપણે -- પાકિસ્તાનના સઘળા લોકોની જેમ -- શાંતિ મેળવવાનો પ્રયાસ કરવા, સુખ મેળવવાનો પ્રયાસ કરવા, સઘળા સમુદાયોમાં મિત્રતા મેળવવાનો પ્રયાસ કરવા, જે લોકો પાકિસ્તાનમાં રહે છે તેમના જીવનની ગુણવત્તાની સુધારણા કરવાનો પ્રયાસ કરવા, ઘર્ષણને ટાળવાનો પ્રયાસ કરવા, સઘળા સમુદાયો અને સઘળા લોકો વચ્ચે સુમેળતા લાવવાનો પ્રયાસ કરવા, ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ. અને જમાત જ્યાં પણ રહેતી હોય, સુમેળતાનો, શાંતિનો આ સંદેશ, એવો સંદેશ છે કે જેને જમાત, તેના આગેવાનો, અને તેની સંસ્થાઓ આગળ વધારતી રહે છે. આથી, અમે પાકિસ્તાનમાં અહીં અમારી જમાતને ફરમાવીએ છીએ : અહીં જે સઘળા સમુદાયો રહે છે તેમાં શાંતિ અને એકતા લઈ આવવા માટે સખત કાર્ય કરો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે જાણો છો, અમુક વખતે જમાતને નવાઈ લાગે છે કે અમે શા માટે ફરમાનોમાં રમૂજ કરીએ છીએ. અને અમને તે ઘણું વિચિત્ર લાગે છે. તમે અમારા બાળકો છો. અમે ચાહીએ છીએ કે તમે સ્મિત કરો અને હસો. અને અમે ચાહીએ છીએ કે તમે તમારા ચહેરા ઉપર ખુશી ધરાવો.

અમે આજે અહીં અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: સૌ પ્રથમ, અમને જે અદ્દભુત રીતે આવકાર આપવામાં આવ્યો

છે તે બદલ, અમે પાકિસ્તાનની સરકારનો આભાર માનવા ચાહીએ છીએ. બીજું, અમે અમારા રૂહાની બાળકોને આ અતિ સુંદર દેશમાં, સઘળા સમુદાયોમાં શાંતિ અને સુમેળતા તરફ કાર્ય કરવા માટે પ્રોત્સાહન આપવા માંગીએ છીએ. આપણે શાંતિના સંદેશવાહકો (bearers) હોવા જોઈએ.આપણે ભલમનસાઈ (goodwill)ના સંદેશવાહકો હોવા જોઈએ. આપણે જ્ઞાન અને કાબેલિયતના સંદેશવાહકો હોવા જોઈએ. આપણે એવા લોકો હોવા જોઈએ કે જેઓ સિરાતલ-મુસ્તકીમ -- સીધા માર્ગમાં માનતા હોય અને તેનું પાલન કરતા હોય.

આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે, આ પ્રંસગે અમારા રૂહાની બાળકો સાથે હોવા બદલ આ અમારા માટે એક ખુશીનો દિવસ છે. અમે તમને સુખ, લાંબા જીવન, તમારા કુટુંબોમાં એકતા, દુનિયામાં સફળતા અને રૂહાની બાબતોમાં સફળતા માટે ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા, દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને યાદ રાખો કે તમારા ઈમામ સર્વ સમયે, દિવસ અને રાત, દરેક અઠવાડિએ, દરેક મહિને, દરેક વર્ષે તમારી સાથે છે. અને અમે મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ, જે કોઈપણ મુશ્કેલીઓનો સામનો કરતા હોય, અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે હમણાં એક અદ્દભુત નજરાણું અને એક ભેટ પેશ કરેલ છે, અને અમારા જન્મદિન પ્રસંગે આ અદ્દભુત ભેટ માટે પાકિસ્તાનની અમારી જમાતનો અમે આભાર માનીએ છીએ. અમે તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતોને પણ, ખાસ કરીને જેઓ અહીં અમારી હુઝુરમાં નથી તેઓને, આ અતિશય ખુશીભર્યા પ્રસંગે, ખાસ, ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

અમે જગતભરમાં, અને જમાત જયાં પણ રહે છે, ત્યાં શાંતિ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમારામાંના સર્વે માટે, વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ -- કે તમે એવા વાતાવરણમાં રહો કે જયાં તમે તમારા કુટુંબોમાં, તમારી પ્રવૃત્તિઓમાં, તમારા કાર્યમાં ખુશીની સાથે રહો, કે જેથી જેમ તમારા જીવન વિકાસ પામતા જાય, તેમ તે સૂર્યપ્રકાશમાં, ખુશીમાં વિકાસ પામે. અને તમે હંમેશાં તમારા

ચહેરા  ઉપર સ્મિત ધરાવો, જીવન તમારા પ્રતિ સારું હોય, તે તમારી ઉમેદો પરીપૂર્ણ કરે.

ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

## ૧૫. ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭ (સવારે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ ફરમાનની શરૂઆતમાં, અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારી જમાતને ફરમાવીએ છીએ કે જ્યારે તમે તમારા કુટુંબોના સંપર્કમાં આવો, જો તેઓ અહીં ન હોય, તો તેઓને અમારા દુઆઆશિષો પહોંચાડજો, તેઓને કહેજો કે અમે તેઓને એવી રીતે દુઆઆશિષો મોકલાવીએ છીએ, જાણે તેઓ અમારી સમક્ષ હતા, આથી એ રીતે, આ સઘળા રૂહાની બાળકોએ આજે, ઝમાનાના ઈમામ તરફથી દુઆ આશિષો મેળવેલ છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જ્યારે જગતભરની જમાત માટે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમારી પ્રથમ આશા, અમારી પ્રથમ ચિંતા એ છે કે જમાત શાંતિમાં રહે – જ્યાં પણ જમાત રહેતી હોય,

તેઓ તેમની આસપાસ શાંતિ ધરાવે, તેઓ માનવ સુરક્ષાની ચિંતા કર્યા વગર જીવન જીવવા શક્તિમાન બને, તેમના બાળકો શાળામાં સફળતાપૂર્વક જાય, તેઓ પોતાનો જીવન નિર્વાહ યોગ્ય રીતે અને શાંતિપૂર્વક કમાવવા શક્તિમાન બને. અને અમે ચાહીએ છીએ કે તમે તમારી જમાતને, તમારા કુટુંબોને, આ હેતુઓ માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો પહોંચાડજો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ મુલાકાત ખાસ કરીને ખુશીપૂર્ણ રહી છે, કારણ કે અમે અનેક જુદા જુદા દેશોમાંના એવા મુરીદોને જોયા છે જેઓ પાકિસ્તાન આવ્યા છે, અને અમે ચાહીએ છીએ કે તેઓ પોતાની જમાતો તરફ અમારી ખુશી, અમારો આનંદ, અમારા વિચારો, અમારો વ્હાલ, અને ખાસ કરીને અમારા દુઆઆશિષો લઈ જાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આપણે જ્યારે  સમયમાં આગળ વધીએ છીએ, ત્યારે આપણને સૌથી અગત્યના લક્ષ્યાંકોમાનો એક લક્ષ્યાંક જે ધરાવવો જોઈએ, તે એ છે કે જ્યાં જમાત રહે છે તે દરેક દેશમાં, તે દરેક સ્થળમાં આપણને શાંતિને – શાંતિ અને સ્વસ્થતા (tranquility) ને પ્રોત્સાહન આપવું જોઈએ, કે જેથી

કુટુંબો, બાળકો બીક વિના, ડર વિના, વૃદ્ધિ પામી શકે, તેઓ જે વાતાવરણમાં રહે છે તેમાં તેઓ વિશ્વાસ ધરાવી શકે.

અને અમે જમાતમાં અમારી યુવાન પેઢીઓને ફરમાવીએ છીએ: તમે તમારા શિક્ષણ સાથે આગળ વધવા માટે આ તકનો ઉપયોગ કરો અને યાદ રાખો કે આજે શિક્ષણ એ શાળાના શિક્ષણ (schooling) ની બાબત રહી નથી. તે આખા વર્ષની જીવન પર્યંતની એક એવી સહભાગીતા છે કે જ્યાં જગતભરના મુરીદોને શિક્ષણની સાતત્યતા (continuum) માં સામેલ થવાનું જરૂરી છે, કારણ કે વર્ષના પ્રત્યેક દિવસે, વર્ષોના વર્ષો સુધી, આપણને નવું જ્ઞાન ઉપલબ્ધ બને છે. અમારા રૂહાની બાળકો એ જાણે છે કે જગત હરીફાઈભર્યું છે, અને સફળ બનવા માટે, તમને પોતાને લાયક બનાવવાની, અને તમને પોતાને ફરીથી લાયક બનાવવાની, અને ફરીથી લાયક બનાવવાની, અને ફરીથી લાયક બનાવવાની તમને જરૂરત છે. તે આરોગ્યપદ (healthy) છે. તે બુદ્ધિને સક્રિય રાખે છે, તે તમને સમાજમાં ચેતનશીલ (vibrant) રાખે છે અને, ઈન્શાઅલ્લાહ તમે જેમ તમારા જ્ઞાનમાં, ઉત્તરોત્તર (step by step), આગળ વધતા જશો, તેમ તે તમારા પ્રતિ સુખ લઈ આવશે.

અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો કે, એ યાદ રાખો કે જગત એ માત્ર એક ભૌતિક વાતાવરણ નથી.

રૂહનું વાતાવરણ (પણ) છે, અને દરેક વ્યક્તિનો તે એક માત્ર અનંત ભાગ છે. આથી, તમારા ધર્મનું નિયમિત રીતે – પરંતુ અનિયમિત રીતે પણ, પરંતુ અનિયમિત રીતે પણ પાલન કરવા સાવચેત રહો. અલ્લાહને એ સમયે યાદ કરો કે જ્યારે કોઈપણ તમારી બાજુમાં ન હોય, જ્યારે તમે એકલા હો, જ્યારે તમારે શાંતિ અને ખુશી તેમજ સિરાતલ- મુસ્તકીમ ઉપર મજબૂતી મેળવવાનો પ્રયાસ કરવાનો હોય. આથી, અમારી જમાતને આજે અમારું ફરમાન એ છે: તમારા ધર્મની ઉપસ્થિતિ તમારી સાથે સઘળા સમયે, સઘળા સમયે રાખો, અને ઈન્શાઅલ્લાહ, તે તમને માર્ગદર્શન આપશે, તે તમારા પ્રતિ સુખ લઈ આવશે, તે તમારા પ્રતિ વિશ્વાસ લઈ આવશે, તે તમને મુશ્કેલીઓનો સામનો કરવાનું બળ આપશે, અને તે તમારા પ્રતિ રોશની (enlightenment) લઈ આવશે. અને અમે આશા રાખીએ છીએ કે જેમ તમે તમારા જીવનમાં આગળ જીવશો, તેમ તમારા જીવનમાં આ બાબત દરરોજ સાચી હશે. અમે તમારામાંના એકે એકને અને દરેકને ફરીથી, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે તમે એવું વિચારો કે અમારા હાથ ઊંચા થયા છે. અને તે તમારામાંના દરેકને, તમારામાંના દરેકને સ્પર્શી રહ્યા છે. અને અમે આજે તમારી સાથે હોવા બદલ

ઘણા જ ખુશી છીએ, અને અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *પ્રથમ હોલમાંથી સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે હવે બાજુના ખંડમાં જઈશું, પરંતુ અમે ચાહીએ છીએ કે તમે એ યાદ રાખો કે અમારી જમાત હંમેશા, દિવસ અને રાત્રે, અઠવાડિયા પછી અઠવાડિયા, મહિના પછી મહિના, વર્ષ પછી વર્ષ સુધી, અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે. અને અમે તમારામાંના એકે એકને, અને તમારા કુટુંબોને અને તમારી જમતોને, આજે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે તમે તમારા કુટુંબોના સંપર્કમાં આવો, ત્યારે અમે આજે જે તમને ફરમાવ્યું છે તે ફરીથી કહેજો. તેમને કહેજો કે જો કે, ભલે તેઓ શારીરિક રીતે અહીં  અમારી સમક્ષ નથી, તેઓ જગતભરની જમાત, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે.

અમે સુખ માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે તમારા જીવનમાં રોશની માટે, રૂહાની સફળતા અને ઉન્નતિ, ઉન્નતિ અને વધુ ઉન્નતિ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને તમે તમારા રૂહાની સુખ માટેની શોધમાં તે વિશિષ્ટ રોશની પ્રાપ્ત કરો, તેનો તમારામાંના એકે એકને સ્પર્શ થાય, તમે તેનાથી વાકેફગાર બનો, તમે તેને તમારી સાથે રાખો – અમારી જમાત માટે એ અમારી આશા, અમારી દુઆ, અમારા દુઆઆશિષો છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમને જણાવવા ચાહીએ છીએ -- અને અમને ખાત્રી છે કે તમે અમારા ચહેરા  ઉપર જોઈ શકો છો -- અમે આજે અમારા રૂહાની બાળકો સાથે હોવા બદલ કેટલા બધા ખુશી છીએ. તે અમારા જીવનમાં વાસ્તવિક આનંદનો એક દિવસ છે. અમે તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને અને તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે જ્યારે  તમે તમારા કુટુંબોના સંપર્કમાં આવો, ત્યારે તમારા કુટુંબોના સઘળા સભ્યોને અમારા દુઆઆશિષો પહોંચાડજો, તેઓ જ્યાં પણ હોય – અહી પાકિસ્તાનમાં અથવા જગતભરના અન્ય દેશોમાં – તેઓને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો પહોંચાડજો.

અમે તમને સિરાતલ- મુસ્તકીમ ઉપર સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમારા દુન્યવી જીવનમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમારા કુટુંબોમાં શાંતિ અને સુખ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે તમને સારી તંદુરસ્તી માટે અને લાંબા જીવન તેમજ તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.આથી, જ્યારે  તમે આ મુલાકાતમાંથી વિદાય લો, ત્યારે અમે ચાહીએ છીએ કે તમે – અમારી જેમ, જ્યારે અમે અમારા રૂહાની બાળકોને જોઈએ છીએ, તેમ મોટું સ્મિત ધરાવો. અને તે ખુશી લઈ જાઓ, અને તે ખુશી યાદ રાખજો.

આવનારા વર્ષોમાં, આપણે કોશિષ કરવી જોઈએ અને મજબુત સંસ્થાઓનું ઘડતર કરવું જોઈએ. આપણને આપણા યુવાનોને શિક્ષિત બનાવવા જોઈએ. જ્યાં પણ અસુરક્ષા હોય – ભલે પછી તે કુદરતી સંકટ હોય કે માનવ સમસ્યાઓ હોય, આપણને જમાતોની સુરક્ષા કરવી જોઈએ. આપણને કોશિશ

કરવી જોઈએ અને એ બાબતની ચોકસાઈ કરવી જોઈએ કે જમાત – તેની પોતાની અંદર, અને બીજાઓના સંબંધમાં – શાંતિમાં રહે, કે જેથી તમે સઘળા, સર્વે સમયે, ખુશીનું, રૂહાની સફળતાનું, અને ભૌતિક સફળતાનું જીવન જીવી શકો, તમે નાદુરસ્તી (ill-health) થી મુક્ત રહો; ચિંતાઓથી મુક્ત રહો, અને તમારા સમગ્ર જીવન દરમ્યાન તમારી મુશ્કિલ-આસન થાય. અને અમે ફરી એક વાર તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે અને તમારા કુટુંબોને, અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆ આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અહી અમારી જમાતને અમારી છેલ્લી દરખાસ્ત તમારા કુટુંબોને અમારા દુઆઆશિષો પહોંચાડવાની છે. તેઓ જ્યાં પણ હોય, તેઓ એ જાણે કે આ સમયે, તેઓ અમારા વિચારોમાં, અમારા વ્હાલમાં, તેમના સારા જીવન માટેની અમારી ચિંતામાં, અમારી ફિકરમાં છે, અને અમે આશા રાખીએ છીએ કે ભવિષ્ય, શાંતિનું, સુખનું, રૂહાની સફળતાનું, અને ભૌતિક સફળતાનું એક ભવિષ્ય હશે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ પણ યાદ રાખો કે અમે હંમેશા તમારી સાથે છીએ. એવી એક પણ સેકન્ડ નથી હોતી કે અમે અમારી જમાત સાથે ન

હોઈએ. આથી, એ બાબત ધ્યાનમાં રાખો કે જેથી, તમે એ જાણો કે તમે જે પણ સમસ્યાઓનો સામનો કરી રહ્યા હો, અમે હંમેશા  તમારી પડખે છીએ. અને અમે તમને મુશ્કિલ-આસન, ખુશીનું, સફળતાનું – દીની અને દુન્યવી એમ બંને સફળતાનું જીવન ઈચ્છીએ છીએ. યાદ રાખો – અમે ફરમાવેલ છે, દીની પ્રથમ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૧૬.ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭ (બપોર પછીના સમયે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ ફરમાનની શરૂઆતમાં, અમે તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને અમારા ઉત્તમ, અને અમારા અતિશય હેતપૂર્વકના વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે તમે તમારા કુટુંબના, તમારી જમાતના સંપર્કમાં આવો, જો તેઓ દેખીતી રીતે, અહીં ન હોય, તો તમે તમારા કુટુંબોને, અને તમારી જમાતને, મહેરબાની કરીને અમારા ઉષ્માભર્યા, ઉષ્માભર્યા દુઆઆશિષો, અમારા ઉષ્માભર્યા દુઆઆશિષો પહોંચાડજો, અને તેઓને કહેજો કે તે એવી રીતે છે કે જાણે, તેઓ આજે અમારી સમક્ષ હતા, અમે તેઓને દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તેઓને રૂહાની સુખ માટે, લાંબા જીવન માટે, અને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ એક એવો સમય છે કે જ્યારે  સમગ્ર ઉમ્માહમાં એવા સંખ્યાબંધ મુદ્દાઓ છે કે જે ચર્ચા-વિચારણામાં છે -- રાજ્યપદ (statehood) નો પ્રકાર; બંધારણીય સરકારનો પ્રકાર; સભ્ય સમાજનો પ્રકાર; સભ્ય સમાજ શું છે અને સભ્ય સમાજ કેવી સારી રીતે સંચાલિત થાય છે; આધુનિક સમય માટેની સંસ્થાઓ -- શાળાઓ, હોસ્પિટલો, યુનિવર્સિટીઓ, વ્યવસાયિક સંગઠનો કેવી સારી રીતે સંચાલિત થાય છે. પરંતુ અમે અમારી જમાતને યાદ અપાવવા ચાહીએ છીએ કે એ બધાની અંતર્ગત, તે બધાની અંતર્ગત, આપણા ધર્મની નીતિમત્તા, આપણા ધર્મની  નીતિમત્તા છે. અને અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારા જીવનમાં સર્વ સમયે, તમારા ધર્મની નીતિમત્તાને, તમારા ધર્મની નીતિમત્તાને ધ્યાનમાં રાખો -- પ્રમાણિકતા, નમ્રતા, ઈમાનદારી, મિત્રતા, ભાઈચારો, જ્યારે સમસ્યાઓ હોય ત્યારે એક બીજાને સહાય કરવી, ઉદાર બનવું, ન માત્ર ભૌતિક જગતથી પરંતુ વધારે મહત્વનું, તમારા ડહાપણની સાથે, તમારા સમયની સાથે, તમારા જ્ઞાનની સાથે ઉદાર બનવું-- કે જેથી જમાતની અંદર, કાબેલિયતોની, જ્ઞાનની, ક્ષમતાની સહભાગીતાની આધારિત મિત્રતા હોય, કે જેથી જગતભરની, સમગ્ર જમાત આગળ આવી શકે, અને જમાતના જ્ઞાનના સમગ્રતામાંથી ફાયદો મેળવે. અને જો તમે  એ બાબત ઉપર વિચારણા કરો, તો તમે ઘણું જલ્દીથી એ યાદ કરી શકશો, કે આજે આપણી જમાત

એક વૈશ્વિક જમાત છે. તે એક રાષ્ટ્રીય જમાત રહી નથી, તે સમગ્ર જગતની એક જમાત છે.

બીજું, તે એક એવી જમાત છે કે જે વ્યવહારું રીતે (practically) માનવ જ્ઞાનના અને માનવ પ્રયાસના દરેક પાસામાં જ્ઞાન ધરાવે છે. આથી, આજે જમાતની પાસે એવી ક્ષમતાઓ છે, કે જે સદીઓ અગાઉ તે કદાચ ધરાવતી નહોતી. અને આથી, આ સાંજના અમે અહીં અમારા રૂહાની બાળકોને -- પરંતુ જગતભરની જમાતને પણ ફરમાવી રહ્યા છીએ: તમારા જ્ઞાનની આપ-લે  કરો, તમારી કાબેલિયતોની આપ-લે કરો, આગળ આવો અને જેમને સહાયની જરૂરત છે, તેમને સહાય કરો. અને જો તમે તેમને સહાય કરવા શક્તિમાન હો, તો પછી તમે એ જાણો કે, તમે જે વિશિષ્ટ પ્રયાસ કર્યો છે, તેનાથી ઈમામ તરીકે, અમે અતિશય ખુશી થશું. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: ઈસ્લામનો આ ભાઈચારો એક એવો ભાઈચારો છે કે જેને આપણને આપણા દરરોજના જીવનમાં અમલમાં મૂકવો જોઈએ -- એક બીજાને મદદ કરો, એક બીજાની રક્ષા કરો, એક બીજાને સહાય કરો. અને જ્યાં મુરીદો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોય -- ત્યાં તેમને મશ્કેલીઓને દૂર કરવામાં સહાય કરો, કારણ કે ઈમામ તરીકે અમે, અમારી જમાત માટે શાંતિ, સુખ, દીની બાબતોમાં સફળતા, અને દુન્યવી બાબતોમાં સફળતા ઈચ્છીએ છીએ. આથી, અમે અમારા રૂહાની બાળકોને

જણાવવા ચાહીએ છીએ કે તે આ બાબત છે કે જેના માટે અમે અહીં અમારી સમક્ષ અમારા સઘળા રૂહાની બાળકોને, તમારા કુટુંબોને, તમારી જમાતને દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ, અને તેમને અમારો સ્નેહ, અમારો પ્રેમ, અમારા વિચારો, અમારી દુઆઓ પહોંચાડજો. તેઓ એ જાણે કે ઈમામ તેની સાથે છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમે અમારા મુખીને પૂછ્યું, કે હવે અમારે શું કરવું જોઈએ -- શું અમને સીધાવી જવું જોઈએ, શું અમારે રહેવું જોઈએ, અને તેમણે કહ્યું, "હાઝર ઈમામ, જમાત માટે વધુ દુઆઆશિષો". આથી, અમે તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને અને તમારી જમાતને અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય પ્યારભર્યા દુઆઆશિષો પાઠવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે, અને ખાસ કરીને મુશ્કિલ આસાન માટે દુઆ આશિષો ફરમાવીએ છીએ. તમે જે પણ સમસ્યાઓનો સામનો કરી રહ્યા હો, તે દૂર થઈ જાય, દૂર

થઈ જાય, દૂર થઈ જાય. આપણને તે નથી જોઈતી. ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો.

અમુક વખતે અમારી જમાત અમને કહે છે, "પણ હાઝર ઈમામ તમે અમને શા માટે હસાવો છો?" અને અમે ફરમાવીએ છીએ: એક પિતા પોતાના બાળકો સાથે શું કરે છે, શું તેમ કરવું એ સામાન્ય બાબત નથી? આથી, જ્યારે  અમે જોઈએ છીએ કે અમારી જમાત ખુશી છે, અમે ખુશી છીએ. આથી અમે ચાહીએ છીએ કે તમે એ જાણો, અને અમે તમને ફરીથી ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ -- તે તમારા કુટુંબ તરફ લઈ જાઓ, તે તમારી જમાત તરફ લઈ જાઓ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૧૭. ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૭ (સવારે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે સવારના આ ફરમાનની  શરૂઆત, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, તમારા  કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા ઉત્તમ અને અમારા અતિશય હેતપૂર્વકના વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  તમે તમારા કુટુંબોના, તમારી જમાતના  સંપર્કમાં આવો, ત્યારે તેઓને અમારા દુઆઆશિષો પાઠવવાની અને તેઓને એમ કહેવાની અમે તમને દરખાસ્ત કરીએ છીએ કે જેવી રીતે તમે છો, તેવી રીતે તેઓ, ખાસ કરીને અમારા હૃદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે.

અમે આ ફરમાનની  શરૂઆત પાકિસ્તાનની સરકારે આ મુલાકાત દરમ્યાન અમારા પ્રતિ જે સઘળી સદભાવનાઓ અને સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે, તે બદલ તેમનો આભાર માનીને કરવા ચાહીએ છીએ. તે એક ખુશીપૂર્ણ મુલાકાત રહી છે, તે એક એવી મુલાકાત રહી છે, કે જે જેમાં દેશના ભવિષ્ય, જમાતમાંની  સંસ્થાઓના ભવિષ્ય માટે કાર્ય કરવામાં આવ્યું

છે, અને આજે જે કાર્ય કરવા શક્તિમાન બન્યા છે, તેનાથી અમે ખુશી છીએ.

આવનારા દાયકાઓ દરમ્યાન, અમે પાકિસ્તાનમાં જે કરવાનો પ્રયાસ કરીએ છીએ તે મજબૂત સંસ્થાઓનું સર્જન કરવાનું છે. સૌથી પ્રથમ, શિક્ષણના ક્ષેત્રમાં સંસ્થાઓ, કારણ કે અમે દ્રઢપણે એવું માનીએ છીએ કે પાકિસ્તાનમાંનાં અને બેશક, જગતભરના અમારા રૂહાની બાળકોના જીવનની ગુણવત્તામાં આ એક મૂળભૂત તત્વ છે. આથી આજે અમે અમારા મુરીદોને ફરમાવીએ છીએ: તમને પોતાને શિક્ષિત બનાવવાની જે તકો તમે ધરાવો છો, તેનો ઉપયોગ કરો. એ ધ્યાનમાં રાખો કે શિક્ષણ અંત પામતું નથી કે શરૂ થતું નથી, તે એક જીવન-પર્યંતની પ્રક્રિયા છે. શિક્ષણની પહોંચ, શિક્ષણનો ઉપયોગ, શિક્ષણને તમારા હેતુ, તમારા કુટુંબ, તમારા ભવિષ્ય, તમારા આર્થિક વિકાસ માટે ઉપયોગી બનાવવું -- આ સઘળું સંપૂર્ણપણે મૂળભૂત છે.

આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: આધુનિક શિક્ષણ તરફની સતત પહોંચ (ongoing access) ના સંદર્ભમાં જીવન જીવો અને એ પણ ધ્યાનમાં રાખો કે શિક્ષણ પોતે એક બદલાતી જતી પ્રક્રિયા છે. તે એક સ્થિર થઈ જતી પ્રક્રિયા (frozen process) નથી -- તે એક બદલાતી જતી પ્રક્રિયા છે, દરેક દાયકાઓમાં, જગતભરના લોકોને,

નવીન જ્ઞાન, નવીન સ્વરૂપોમાં ઉપલબ્ધ બનતું હોય છે. અને તમારા ઈમામ તરીકે, અમે જે આકાંક્ષા ધરાવીએ છીએ, તે એ છે કે તમે જગતભરમાં જ્ઞાનમાં આગેવાનોમાં હોવા જોઈએ. આ બાબત છે કે જે અમે તમારા માટે ઈચ્છીએ છીએ, આ બાબત છે કે જે અમે તમારા બાળકો માટે, તમારી આગામી પેઢીઓ માટે ઈચ્છીએ છીએ કે જેથી તેઓ ખુશીનું, પ્રમાણિકતાનું, અને દુન્યવી તેમજ રૂહાની સફળતાનું એક જીવન ધરાવે. અને આના માટે અમે તમને અને તમારા બાળકોને અને જમાતની ભવિષ્યની પેઢીઓને, અમારા ઉત્તમ, ઉત્તમ, વ્હાલભર્યાં દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

પાકિસ્તાનમાંની, જગતના અન્ય ભાગોમાંની અમારી જમાત એવા સમુદાયોની વચ્ચે રહે છે કે, જેઓ ઈસ્માઈલી મુસ્લિમો નથી. પરંતુ જે મહત્વનું છે તે એ છે કે આપણે જે લોકોની વચ્ચે રહીએ છીએ, તેમની સાથે આપણે મજબૂત, મિત્રતાભર્યા સબંધો ધરાવીએ છીએ, કે જેથી બિન-ઈસ્માઈલીઓ અને ઈસ્માઈલીઓ, તેમના જીવનની ગુણવત્તામાં સુધારણાં કરવા, તેમની ભૌતિક સુખાકારીમાં સુધારણા કરવા, તેમના જીવનનિર્વાહ (livelihood)માં વધારો કરવા સાથે મળીને કાર્ય કરી શકે, કે જેથી તેઓ વધુ સારી અને વધુ સારી તંદુરસ્તીની સાથે, વધુ લાબું અને વધુ લાંબુ જીવન

જીવી શકે, કે જેથી ભવિષ્યની પેઢીઓ, જેમ તેઓ પોતાના વ્યવસાયોમાં, અથવા તેઓના ધંધા-રોજગારમાં, અથવા તે જે પણ હોય, તેમાં તેઓ આગળ વધતા જાય, તેમ પોતાની આર્થિક સ્થિતિની સુધારણા કરવા શક્તિમાન બને.

આ બાબતને હાંસલ કરવા માટે, આપણી પાસે મજબૂત સંસ્થાઓ હોવાની જરૂરત છે, અને આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: એ યુવાન મુરીદો, મધ્યમ ઉંમરના મુરીદો, બુઝુર્ગ મુરીદોને પણ આવકારીશું, કે જેઓ આગળ આવે છે અને આપણી સંસ્થાઓની સેવા કરે છે, જ્યારે તેઓ પોતાની સાથે પોતાનું જ્ઞાન, અનુભવ, કાબેલિયત લઈ આવે છે. કારણ કે, બધું કર્યા અને કહ્યા પછી, આપણું જગત એક હરીફાઈભર્યું જગત છે. તે જગતનો પ્રકાર છે, કે જેમાં તમે રહો છો, અને તે પાકિસ્તાન માટે સાચું છે, તે જગતમાંના દરેક દેશ માટે સાચું છે. આથી, અમારી જમાત માટે અમારી આકાંક્ષા એ છે કે તમે આ હરીફાઈભર્યા જગતમાં સફળ બનો, તમે દુન્યવી સફળતા અને રૂહાની સફળતા ધરાવો, તમે તમારા કુટુંબોમાં એકતા ધરાવો, તમે સારી તંદુરસ્તી ધરાવો, અને તમે સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂત રહો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

***પ્રથમ હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન***

અમને હમણાં મુખી અને કામડિયા દ્વારા બીજા હોલમાં જવા માટે અરજ કરવામાં આવી છે, આથી અમે તમારી બાજુમાં હશું, અમે તમારા વિશે વિચાર કરી રહ્યા હશું, અને તમે હંમેશા અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં, અને અમારા વ્હાલમાં હશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આજે જમાત ઘણી મોટી છે, આથી તમે અલગ અલગ બેઠા છો, અને કારણ કે તમે અલગ અલગ બેઠા છો, અમે તમે સઘળાઓની  વચ્ચે હશું, અને અમે એ દરેક મુરીદને જોઈશું કે જે આજે આ મુલાકાત માટે આવેલ છે.

શરૂઆતમાં, અમે તમને ફરીથી, તમને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય  ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને ફરમાવીએ છીએ કે જ્યારે તમે ઘરે જાવ, જ્યારે તમે તમારા કુટુંબ સાથે વાતચીત કરો, ત્યારે તમે તેમને અમારા

દુઆઆશિષો પહોંચાડજો. તેઓને કહેજો કે તેઓ કેટલા બધા અમારા હૃદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે. અને જો કે, તેઓ શારીરિક રીતે અમારી સમક્ષ નથી, (તેમ છતાં) તેઓ અમારા હૃદયમાં છે, તેઓ અમારી દુઆઓમાં છે -- ભલે પછી તેઓ જગતમાં ક્યાંય પણ હોય -- તેઓ અમારા હૃદયમાં છે અને અમારી દુઆઓમાં છે.

આપણે જ્યારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે એ મહત્વનું છે કે પાકિસ્તાનમાં અને અન્ય જગ્યાઓએ, આપણે એવા પગલાં ભરવા પ્રતિબધ્ધ બનીએ કે જે જમાતને તેની એકતાના સંદર્ભમાં, તેના જીવનની ગુણવત્તાના સંદર્ભમાં, તમારી આવનારી પેઢીઓ માટે એક મજબૂત ભવિષ્યનું ઘડતર કરવાના સંદર્ભમાં મજબૂત બનાવશે. આથી, પ્રથમ મુદ્દો, જે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે જે નવીન નથી (તે એ છે કે): તમારા શિક્ષણમાં રોકાણ કરો, એ બાબતની ચોકસાઈ કરો કે તમારા બાળકો શક્ય તેટલા ઉત્તમ શિક્ષણની પહોંચ ધરાવે. જો તેઓને સહાયની જરૂરત હોય -- ક્યારેક ક્યારેક બાળકોને સહાયની જરૂરત પડતી હોય છે -- તો તમે તમારી શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી તે સહાય મેળવવાનો પ્રયાસ કરો. અને તમને એવું જણાય કે અહીં પાકિસ્તાનમાં આપણી જમાતના શિક્ષણને ટકાવી રાખવા માટે આપણને વધુ કાર્ય કરવાની જરૂરત છે, તો (તમે) તે કહો, તેના માટે વાત કરો, કારણ કે અમારી આકાંક્ષા એ છે કે દરેક મુરીદ સુશિક્ષિત

હોય, પોતાના જીવન, અને પોતાના કુટુંબોના જીવન સફળતાપૂર્વક જીવવા અને તેનો વિકાસ કરવા માટે તેમની પાસે બૌદ્ધિક કાબેલિયત હોય.

એ પણ ધ્યાનમાં રાખો કે ઈસ્લામમાં શિક્ષણ ભૌતિક આશય માટે નથી. શિક્ષણ પ્રથમ અલ્લાહના સર્જન વિશે શીખવા માટે છે -- તે ઈસ્લામમાં શિક્ષણનો મૂળભૂત આશય છે. તે પછી, તમારા શિક્ષણનો ઉપયોગ તમારા દરરોજના જીવનમાં તમારી પોતાની પ્રવૃતિઓ માટે થાય છે -- પરંતુ ઈસ્લામમાં, શિક્ષણ પ્રથમ, અલ્લાહના સર્જન વિશે શીખવા માટે છે. તેનો અર્થ શું થાય છે? તેનો અર્થ માનવ જીવન વિશે શીખવાનો છે, અને જ્યારે તમે માનવ જીવન વિશે શીખો છો, ત્યારે તે શિક્ષણને તમારા પોતાના ફાયદા માટે, તમારા કુટુંબોના ફાયદા માટે, તમારી ભવિષ્યની પેઢીઓના ફાયદા માટે ઉપયોગમાં લેવા માટેનો થાય છે.

આથી, સુરક્ષાના મુદ્દાઓ, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતીના મુદ્દાઓ, દુન્યવી પ્રગતિમાં મજબૂતીના મુદ્દાઓ -- આ બધા મુદ્દાઓ છે, અને આજે અમે તમને આ સઘળા પ્રયાસોમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમે હંમેશા, હંમેશા, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં, અમારા વ્હાલમાં છો, આથી, તમે એ જાણો કે ઈમામ  હંમેશા તમારી સાથે છે. અને આપણે જમાતના અને આપણે જેમની વચ્ચે રહીએ છીએ તે લોકોના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા સાથે મળી કાર્ય કરીશું.

ઈસ્લામની નીતિમત્તાઓ પ્રતિ વફાદાર રહો, ઈમાનદાર બનો, તમારી વચ્ચે ભાઈઓ અને બહેનો તરીકે અને જગતભરના બીજા સમુદાયો સાથે  મિત્રતા ધરાવો. શાંતિ જાળવી રાખો -- જ્યાં તણાવ અથવા ઘર્ષણ હોય છે, ત્યાં, જગતમાં ક્યાંય પણ, કોઈ પણ સમાજ પ્રગતિ કરી શકે નહિ. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારા પોતાના કાર્યો દ્વારા, એક ખુશીપૂર્ણ ભવિષ્ય, જ્ઞાન ઉપર, સમાનતા ઉપર, ઈમાનદારી ઉપર, સફળતાપૂર્વક આગળ વધવા ઉપર આધારિત એક ભવિષ્યનું ઘડતર કરો. અને એ ધ્યાનમાં રાખો કે જો તમે આપણી નીતિમત્તાઓ પ્રમાણે જીવન જીવો છો, તો ઈમામ તરીકે અમે, દરેક દિવસે, દરેક દિવસે તમારી પડખે હશું. આથી, તમે એ ધ્યાનમાં રાખો કે આ તમારા ઈમામની ઈચ્છા છે કે તમે આ રીતે આગળ વધો.

અમે તમને ફરી એક વાર, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા

ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જગતના આ ભાગમાં કોઈ ખાસ સમસ્યાઓની અપેક્ષા નથી રાખતા, પરંતુ અમારા મુરીદો હંમેશા જીવનની સમસ્યાઓનો સામનો કરતા હોય છે. હંમેશા એવી મુશ્કેલીઓ હોય છે, કે જેને હાથ ધરવાની જરૂરત પડે છે, અને આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: અમે તમને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, તમારી સઘળી સમસ્યાઓ દૂર થઈ જાય, તમે શાંતિપૂર્વક અને ખુશી પૂર્વક જીવન જીવો, અને તમે કોઈ પણ સમસ્યાઓ ધરાવતા હોય, ઈન્શાઅલ્લાહ (તે) દૂર થઈ જાય, દૂર, દૂર થઈ જાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *બીજા હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓ,

અમને હમણાં અરજ કરવામાં આવી છે કે અમને બાજુના ખંડમાં જવાનું છે. અમે બાજુના ખંડની જમાતને જોવા માટે આતુર છીએ, પરંતુ એ યાદ રાખો કે અમે હંમેશા તમારી સાથે

છીએ, અમારા હૃદયમાં, અમારા વ્હાલમાં, અમારા સ્નેહમાં, અમારા ડહાપણમાં અમે હંમેશા, હંમેશા, હંમેશા તમારી સાથે છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમને દ્રઢપણે એવું લાગે છે એટલે આજે અમે ફરમાવીએ છીએ: "મુશ્કિલ-આસાન", તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તેનું એવી રીતે નિરાકરણ થાય કે જે તમને ખુશી કરે, તમને ખુશી કરે, તમારા કુટુંબને ખુશી કરે, તમારી જમાતને ખુશી કરે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ત્રીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે આ ફરમાનની શરૂઆત, તમારામાનાં એકે એકને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તેઓને કહેજો કે અમે તેમના દીદાર એવી રીતે કબૂલ ફરમાવીએ છીએ કે જાણે તેઓ અહીં અમારી સમક્ષ હતા, અને અમે ઈચ્છીએ છીએ કે તેઓ અહીં હોતે, ઈન્શાઅલ્લાહ, ભવિષ્યની મુલાકાતો પ્રસંગે, તમારા કુટુંબો પણ આગળ આવશે અથવા તેમની સાથે હોવા માટે અમે મુસાફરી કરી શકીશું. એ અમારી ઈચ્છા છે, પરંતુ તેને પુરી કરવાનું હંમેશા આસાન નથી હોતું. પરંતુ અમે ચાહીએ છીએ કે તેઓ એ જાણે કે, આ મુલાકાતના પ્રસંગે, અમે તેમના વિશે વિચારીએ છીએ, અને અમે તેઓને સુખ માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે, અને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો મોક્લાવીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

પાકિસ્તાનમાંની અમારી જમાત સંખ્યાબંધ જુદા જુદા વિસ્તારોમાં -- ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં, રણના વિસ્તારોમાં, જુદા જુદા સમુદાયોની વચ્ચે રહે છે -- અને એ મહત્વનું છે કે આપણે, પાકિસ્તાનમાંના જુદા જુદા સઘળા સમુદાયો સાથે સૌજન્યશીલતાના, આદર માનના કાર્યકારી સંબંધો ધરાવીએ, કે જેથી આપણે, સૌ સાથે મળીને, જીવનના પડકારોનો સામનો કરવાની ક્ષમતાનું સર્જન કરી શકીએ. વ્યક્તિઓ પોતાની સમસ્યાઓનો માત્ર (પોતે) એકલા ઉકેલ લાવવાના

પ્રયાસ કરે તેના બદલે, જીવનના પડકારોને સાથે મળીને, સૌ લોકો દ્વારા હાથ ધરવામાં આવે એ ઘણું વધારે સારું છે.

બીજો મુદ્દો જે અમે તમને ફરમાવીએ છીએ તે એ છે કે સભ્ય સમાજ, એટલે કે માનવ સમાજ, મજબૂત સંસ્થાઓ દ્વારા પ્રગતિ કરે છે. અને આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારી પાસે તમારી સંસ્થાઓને મજબૂત બનાવવાની જયાં તક હોય, ત્યાં અમે ચાહીએ છીએ કે તમે જે પણ સહાય લાવી શકો તેમ હો, તેને (લઈ આવવાનું) ધ્યાનમાં લ્યો.

"સંસ્થાઓ" દ્વારા અમારો મતલબ શું છે? સૌથી પહેલાં, અમારો મતલબ સભ્ય સમાજની સંસ્થાઓ છે, જે લોકોને -- લોકો જે આર્થિક મુશ્કેલીમાં છે, જે લોકોને તંદુરસ્તીની સમસ્યાઓ છે, જે લોકોને પોતાના સમુદાયો અથવા પોતાના કુટુંબોમાં સમસ્યાઓ છે તેમને સહાય કરે છે. આપણને આપણી જમાતમાંના અને અન્ય સમુદાયોમાંના લોકોને સહાય કરવા માટે, સાથે મળીને માનવ સમાજની શક્તિનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ, કે જેથી આપણી આસપાસ શાંતિ હોય, અને આપણી પોતાની જમાતમાં શાંતિ હોય. આથી, આજે સવારના અમારી જમાતને અમારો પ્રથમ મુદ્દો (એ છે) : તમે જ્યાં પણ કરી શકો તેમ હો, કુટુંબોની અંદર, સમુદાયોની અંદર, સંસ્થાઓની અંદર શાંતિનું ઘડતર કરવા માટે સહાય કરો

-- સાથે મળીને ઘડતર કરો, કે જેથી સંસ્થાઓ વધારે મજબૂત બની શકે.

બીજું, એ યાદ રાખો કે આપણા ધર્મનો ભાગ એ આપણી અક્કલ છે. તે શીયા ઈસ્માઈલી ઈસ્લામ માટે એક ઘણોજ મહત્વનો મુદ્દો છે. અક્કલ આપણી માન્યતાનો ભાગ છે અને આથી, તમને પોતાને શિક્ષિત બનાવો, તમારા બાળકોને શિક્ષિત બનાઓ, કે જેથી તેઓ તેમની આસપાસના જગત વિશે એક વધુ સારી સમજણ ધરાવે અને એ જગતમાં પ્રગતિ કરવા માટે તેઓ વધુ સારી રીતે લાયકાત ધરાવતા હોય. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારા બાળકોને શિક્ષિત બનાવો, તેમને સહાય કરો, તેમને ટકાવી રાખો, તેમને પ્રોત્સાહન આપો. અને જો તેઓ મુશ્કેલી ધરાવતા હોય, તો ઉકેલો લાવવાનો પ્રયાસ કરો, કે જેથી તેઓ પોતાના શિક્ષણમાં આગળ વધવા માટે ટકી રહી શકે.

આથી, અમે તમને ફરમાવીએ છીએ: શિક્ષણને મહત્વ આપો, તમારી શૈક્ષણિક સંસ્થાઓને ટકાવી રાખો. જો તમારા માટે શિક્ષણના ક્ષેત્રમાં નવીન જરૂરિયાતો હોય -- આર્થિક સહાય, બૌધ્ધિક સહાય -- તો તે કહો, તેના વિશે વાત કરો, કારણ કે ઝમાનાના ઈમામ તરીકે અમારી આકાંક્ષા એ છે કે સમગ્ર વૈશ્વિક જમાતમાં તમે સુરક્ષિત હોવા જોઈએ, કે જેથી અમે

એવો વિશ્વાસ ધરાવી શકીએ કે અમારા મુરીદો જે જીવન ધરાવે છે તેમાં તેઓ પ્રગતિ કરશે.

શિક્ષણ એક એવી બાબત નથી કે જે સ્થિર (static) હોય; એટલે કે, જેમ સમય વીતતો જાય છે, તેમ યુવાન પેઢીઓને નવીન જ્ઞાનની જરૂરત હોય છે, અને આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: એ નવીન જ્ઞાનથી વાકેફગાર રહો કે જે સમાજમાં આવી રહેલ છે, કે જેથી તમે તે જ્ઞાનને તમારા માટે કાર્ય કરતુ બનાવી શકો, અને તમે જગતભરના શિક્ષિત સ્ત્રી-પુરુષોના બદલાતા જતા વાતાવરણના ભાગરૂપ બની શકો. શિક્ષણ માનવ સમાજનો એક આવશ્યક ભાગ છે. પરંતુ તે ધર્મનો પણ ભાગ છે. એ ધ્યાનમાં રાખો કે ઈસ્લામમાં, જ્યારે શિક્ષણ માટેની સલાહ આપવામાં આવે છે, ત્યારે તે અલ્લાહના સર્જન વિશે વધુ સારી રીતે શીખવા માટે હોય છે. આથી, તે તેના પ્રતિ એક એવું પાસું ધરાવે છે, કે જે ધર્મ પ્રતિ જોડાયેલું છે, દુન્યવી લક્ષ્યાંકો પ્રતિ જોડાયેલું નથી -- તે અન્ય સમાજો કરતા ઘણું જ જુદું છે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમને પોતાને શિક્ષિત બનાઓ, તમારા શિક્ષણનો ભવિષ્ય માટે ઉપયોગ કરો, અને જેમ તમારા જીવન આગળ વધતા જાય, તેમ નવીન જ્ઞાનની પહોંચ ધરાવો, કારણ કે નવીન જ્ઞાન વધુ અને વધુ મહત્વનું બનતું જાય છે. અને એ અમારી જમાત માટેની અમારી આકાંક્ષા છે કે તમે જે કોઈપણ

બીજા સમાજોમાં રહો છો, તેના જેટલા, અથવા તેનાથી વધુ સારી રીતે તમે શિક્ષિત બનવા જોઈએ. જો તેમ કરવામાં તમે સફળ થાઓ, તો પછી અમને વિશ્વાસ છે કે આ દુન્યવી જગતમાં તમારી ખુશી મજબૂત, સુંદર આધારરૂપ પાયાઓમાં, સુંદર આધારરૂપ પાયાઓમાં સારી રીતે દ્રઢ બનેલ (well anchored) અને સ્થિર થયેલ હશે.

આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારા શિક્ષણનો એક એવી ભેટ સ્વરૂપે વિચાર કરો કે જે તમે જઈને લઈ શકો છો. તે કંઈક એવું છે કે જે તમે કરી શકો છો. અમુક સમયે, જીવનમાં એવી વસ્તુઓ હોય છે, કે જે તમે ચાહો છો, (પરંતુ) તમે લઈ શકતા નથી -- તે તમને આપવામાં આવે ત્યાં સુધી તમારે રાહ જોવી પડે છે. અને અમે વિવિધ ફરમાનોમાં ફરમાવ્યું છે કે તે કેમ થાય છે. શિક્ષણના સંબંધમાં, તે તમારા માટે લેવા માટે હોય છે. આથી, જ્યારે કે અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: જીવનમાં દરેક પાસાઓમાં લાલચી નહિ બનો. (પણ) શિક્ષણમાં લાલચી બનો. શિક્ષણમાં લાલચી બનો. જાઓ અને તેની શોધ કરો. તેને તમારી પોતાની તરફ લઈ આવો અને તમારા દરરોજના જીવનમાં તેનો ઉપયોગ કરો.

અમે તમને સારી તંદુરસ્તી માટે, લાંબા જીવન માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને ખાસ કરીને સિરાતલ-મુસ્તકીમ

ઉપર મજબૂતી માટે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૧૮. ઈસ્લામાબાદ પાકિસ્તાન, ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૭ (બપોર પછીના સમયે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આપણી જમાતમાં સઘળા રૂહાની મુરીદોની અનંત શાંતિ અને રાહત માટે પણ અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ અમે ચાહીએ છીએ કે અમારી જમાત પોતાના ભવિષ્યના જીવનની ગુણવત્તા માટે મજબૂત પાયાઓનું ઘડતર કરે. અમે તમને શિક્ષણ વિષે ઘણા ફરમાનો ફરમાવ્યા છે. અમે તમને શિક્ષણને ગંભીર રીતે લેવા, તમારા જીવનકાળ દરમ્યાન તમારા શિક્ષણને ચાલુ રાખવા,

અને સંતોષજનક રીતે રહેવા માટે તે શિક્ષણનો વિવિધ રીતે ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપેલ છે.

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ ભાષા બદલાય છે. ભાષાઓ વધુ શક્તિશાળી, વધુ વૈશ્વીક બને છે, અને અન્ય (ભાષાઓ) ઘટવા લાગે છે, અને ઓછી શક્તિશાળી તેમજ ઓછી વૈશ્વિક બને છે. અંગ્રેજી વધતા પ્રમાણમાં એક એવી વૈશ્વિક ભાષા છે, કે જેને જગતભરના લોકો બોલવાનું શીખી રહ્યા છે. તે અર્થશાસ્ત્ર (economics) ની ભાષા છે, તે વિજ્ઞાનની ભાષા છે, તે ખગોળશાસ્ત્ર (astronomy)ની ભાષા છે, તે ઔષધશાસ્ત્ર (medicine) ની ભાષા છે. આથી, અમે અહીં પાકિસ્તાનમાં અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: અંગ્રેજી શીખવાની વિચારણા કરો. તેનો અર્થ એ નથી કે તમે ઉર્દૂ અથવા જે પણ રાષ્ટ્રીય ભાષા તમે દેશના તમારા વિસ્તારમાં બોલતા હો, તેને છોડી આપો. પરંતુ દ્વિભાષી (bi-lingual) બનવું, સૌથી વધુ વૈશ્વિક ભાષા, કે જે અંગ્રેજી છે તેનું વાંચન કરવા અને સમજણ મેળવવા શક્તિમાન બનવું, તે તમારા માટે તમારા ભવિષ્યનો વિકાસ કરવા માટે એક અગત્યનું પાસું છે. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારી રાષ્ટ્રીય ભાષા શીખો, તમારી રાષ્ટ્રીય ભાષાનો ઉપયોગ કરો, પરંતુ દ્વિભાષી બનવાનો પણ પ્રયાસ કરો, એટલે કે બે ભાષાઓ બોલવી -- અને બીજી ભાષા જે તમારે શીખવી જોઈએ, તે અંગ્રેજી છે.

એક બીજુ કારણ છે કે તમારા ઈમામ ઈચ્છે છે કે તમે અંગ્રેજીમાં વાતચીત કરો. તે એક એવી ભાષા છે કે જે જગતમાંની વિવિધ જમાતોમાં એક જોડનારી (binding) ભાષા તરીકે, આપણી જગતભરની જમાત ધરાવશે. અને અમે ચાહીએ છીએ કે અમારી જમાત સરહદોની પાર, સમુદ્રોની પાર, વ્યવસાયોની પાર આ સંબંધો ઉપર ઘડતર કરવા શક્તિમાન બને. અને આથી, અમે એવી આશા રાખીએ છીએ કે અમારા મુરીદો અંગ્રેજી ભાષા શીખશે, તેનો ઉપયોગ કરવાનું શીખશે, તેમાંથી જ્ઞાન મેળવવાનું શીખશે, કારણ કે એવું ઘણું વિશાળ જ્ઞાન છે, કે જે આજે અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. અને આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: અંગ્રેજી શીખો. તેનો અર્થ એવો નથી કે તમે તમારી રાષ્ટ્રીય ભાષા કે તમારી સ્થાનિક ભાષાને છોડી આપો. જગતભરમાં, જયાં પણ તે શક્ય હોય, ત્યાં જમાતે દ્વિભાષી બનવું જોઈએ. તમે તમારી રાષ્ટ્રીયતાની ભાષા બોલો છો, અને તેનાથી ઉપર તમે અંગ્રેજી ભાષા બોલો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ અમે ચાહીએ છીએ કે તમે તમારા કાર્યના આધારરૂપ પાયાઓ વિશે વિચારણા કરો. પ્રથમ, તમારો ધર્મ આવે છે -- તમારા ધર્મની નીતિમત્તા, પ્રમાણિકતા, જે તમારા ધર્મની નીતિમત્તા સાથે આવે છે, એક

સુવ્યવસ્થિત રીતે (in an orderly way), એવી રીતે વર્તણૂક કરવાની સખ્તાઈ (rigor), કે જે જમાત માટે, તમારા દેશ માટે, તમારી ભવિષ્યની પેઢીઓ માટે ફાયદાકારક હોય. પરંતુ એ ધ્યાનમાં રાખો કે એવા બીજા પાસાઓ છે કે જેના ઉપર અમે ચાહીએ છીએ કે તમે વિચારણા કરો. પ્રથમ છે તમારા ધર્મની ભૂમિકા. અમે અમારી જમાતને અનેક વખતે ફરમાવ્યું છે કે મનુષ્ય એક રૂહ ધરાવે છે. તે મનુષ્યનો એકમાત્ર ભાગ છે કે જે અનંત છે. આથી, તમારી દુઆ બંદગીમાં, જમાતખાનાની હાજરીમાં નિયમિત બનો. તમારામાંના એકે એકની વચ્ચે ભાઈચારાની નીતિમત્તાનું પાલન કરો. જયાં મદદની જરૂરત હોય, ત્યાં મદદ કરો. જયાં પ્રોત્સાહન અને સહાયની જરૂરત હોય, ત્યાં તે લઈ આવો, અને એ યાદ રાખો કે તમે ભાઈઓ અને બહેનો છો. અને અમે ચાહીએ છીએ કે જમાતમાં શાંતિ, જમાતમાં એકતા, જમાતમાં ખુશી, દીની બાબતોમાં અને દુન્યવી બાબતોમાં જમાતમાં સફળતા હોય. અને અમે તમને, તમારામાંના એકે એકને, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતોને, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશીષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને રૂહાની સુખ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે તમે તમારા ધર્મના પાલનમાંથી ખુશી પ્રાપ્ત કરો, તે તમારા

પ્રતિ રોશની (enlightenment) -- ભૌતિક રોશની નહિ -- રૂહની, આત્માની રોશની લઈ આવે. અને તે ખુશી સર્વ સમયે તમારી સાથે રહે, તે તમારા ભવિષ્યને પ્રકાશિત બનાવે, તમે તેનો વિશ્વાસ કરો, તમે તેનાથી ખુશ રહો, તે તમારા પ્રતિ તમારા દરરોજનાં જીવનમાં પ્રોત્સાહન અને પોષણ (sustenance) લઈ આવે. એ યાદ રાખો કે તમારો ધર્મ તમારા તેના ભાગરૂપ છે, કે જે અનંત છે. તમારું શરીર અનંત નથી -- તમારો ધર્મ, તમારો રૂહ અનંત છે. અમે તમને ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *પ્રથમ હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે હમણાં અમને લાડ લડાવ્યા છે, અને અમે અમારી જમાતને ઘણી વાર ફરમાવીએ છીએ: એ સ્પષ્ટપણે અયોગ્ય રીત છે. એ પિતા ઉપર હોય છે કે તે તેમના બાળકોને લાડ લડાવે, નહિ કે બાળકો તેમના પિતાને લાડ લડાવે. પરંતુ અમે તમને જણાવવા ચાહીએ છીએ કે જે અતિ સુંદર ભેટ તમે અમને અર્પણ કરેલ છે, તે બદલ અમે કેટલા બધા આભારી છીએ -- તે અમને આ અદ્દ્ભુત  મુલાકાતની, જે ખુશી અમે મેળવેલ છે તેની, આપણે સાથે સમય વીતાવેલ છે એ હકીકતની યાદ અપાવશે, અને અમે તમે સઘળાઓને જોવા,

તમને દુઆઆશિષો ફરમાવવા, આવનારા વર્ષો માટે તમને અમારા વિચારો (જણાવવા) અને અમારી દુઆઓ આપવા શક્તિમાન બન્યા છીએ. અને અમે તમને જણાવવા ચાહીએ છીએ કે તમે અમને જે રીતે લાડ લડાવ્યા છે, તેનાથી આજે સાંજના અમે કેટલા બધા સદભાગી હોવાની લાગણી અનુભવીએ છીએ. અમે ખરેખર અતિશય આભારી છીએ અને અમે તમારી ભેટને, આ ખાસ કરીને મહત્વની મુલાકાતની એક અદ્દભુત સ્મૃતિ તરીકે જાળવી રાખીશું.

અમે આશા રાખીયે છીએ કે તમારામાંના એકે એકને અને દરેકને, એ નઝરાણું કે જે તમે પેશ કરેલ છે, તે તમારા માટે સોગણું, સોગણું વધવા પામશે, અને તમે દરરોજના જીવનમાં ખરાબ વસ્તુઓથી સુરક્ષિત રહો, તમે ખુશી, એકતા, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી, સારી તંદુરસ્તી, લાંબુ જીવન, અને તમારા બાળકો માટે સારું શિક્ષણ ધરાવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત તમને એ જણાવીને કરીએ છીએ કે આજે અમે તમારી સાથે હોવા બદલ કેટલા અતિશય પ્રમાણમાં ખુશી છીએ. અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની

બાળકો સાથે હોવા, તમારી સાથે સમય વીતાવવા, ભવિષ્ય સંબંધી વિચારણા કરવા બદલ અમારી ખુશીનું તમે પ્રમાણ જાણો. તે અમારા માટે બેહદ ખુશીનું મૂળ છે.

અમે તમારામાંના એકે એકને અને દરેકને, સુખ માટે, લાંબા જીવન માટે અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને દુઆઆશિષો ફરમાવીએ છીએ કે તમારી સમસ્યાઓ, તમારા કોયડાઓ, તમારી મુશ્કેલીઓ દૂર થઈ જાય, અદ્રશ્ય થઈ જાય, અને તમારા જીવનની ક્ષિતિજો (horizons) ખુશીપૂર્ણ, તોફાન અને વાદળો (અંધકારમય બાબતો) થી સાફ હોય અને તમે શાંતિ અને વિશ્વાસપૂર્વક આગળની તરફ દ્રષ્ટિ કરો.

વર્ષો દરમ્યાન, આપણે પાકિસ્તાનમાં વધુ સંસ્થાઓનું ઘડતર કરીશું, આપણે એ બાબતની ચોકસાઈ કરવાનો પ્રયાસ કરીશું કે શિક્ષણની ગુણવત્તાની સુધારણા થવાનું ચાલુ રહે, કે જેથી પાકિસ્તાનમાંની -- પરંતુ જગતમાંના બીજા દેશોમાંની પણ -- આપણી જમાતના શિક્ષણના ધોરણો, જગતમાં અન્ય કોઈ જગ્યાએ હોય તેની જેમ તેટલાં સારા હોય. જો આપણે તેમાં સફળ થઈએ, તો તે કોઈપણ જગ્યાએ રહેવા માટે, તમારા જીવનનિર્વાહ સન્માનજનક રીતે અને કાબેલિયતપૂર્વક કમાવવા માટે, તમારી વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં અથવા તમારા ધંધા-રોજગારની પ્રવૃત્તિઓમાં આગળ વધવા માટે, તમારા

બાળકોના શિક્ષણમાં રોકાણ કરવા માટેનો તમારો પાસપોર્ટ (પરવાનો) બની રહેશે, કે જેથી તમારા બાળકો શિક્ષિત યુવાન છોકરાઓ અને યુવાન છોકરીઓ તરીકે વૃદ્ધિ પામી શકે અને જીવનમાં, યથા સમયે તેઓ પોતાનો માર્ગ તૈયાર કરી શકે. આથી, અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બાળકો એ સમજે કે અમે જમાતમાં શિક્ષણની મહત્વતા ઉપર શા માટે આટલો બધો ભાર મુક્યો છે. એ ધ્યાનમાં રાખો કે આજે શિક્ષણ એક જીવન-પર્યંતની પ્રક્રિયા છે, અને આથી, જીવન-પર્યંતની એ પ્રક્રિયામાં સામેલ થાઓ, તેને તમારા હેતુને પૂર્ણ કરવા માટે ઉપયોગી બનાઓ, તેને તમારા હેતુને પૂર્ણ કરવા માટે ઉપયોગી બનાઓ. શિક્ષણ એક હેતુ માટે હોય છે, તે આકસ્મિક (accidental) નથી, તે સ્ત્રી-પુરુષોને તેઓ જે સમાજોમાં રહે છે, તેમાં તેઓને પ્રગતિ કરવા માટે શક્તિમાન બનાવવા માટે છે. આથી, અમે અમારા રૂહાની  બાળકોને ફરમાવીએ છીએ: શિક્ષણમાં અને સારા શિક્ષણમાં રોકાણ કરો.

અમે અમારા રૂહાની  બાળકોને એ પણ ફરમાવીએ છીએ: તમે જે સમાજોની વચ્ચે રહો છો, તેમની સાથે ઉષ્માપૂર્વકના સંબંધોનું ઘડતર કરો. અમે એવું અનુભવવાનું ચાહીએ છીએ કે આપણે પાકિસ્તાન અને અન્ય જગ્યાઓમાંના બીજા સમુદાયો સાથે ઉષ્માપૂર્વકના સંબંધો ધરાવીએ છીએ, કે જેથી આપણે તેમની સંભાળ લઈ શકીએ અને તેઓ આપણી સંભાળ લઈ શકે, કે જેથી સમાજ સ્ત્રી-પુરુષો વચ્ચે એક ભાઈચારા તરીકે

સંચાલિત થાય, કે જેથી તમે જયાં પણ રહેતા હો, ત્યાં પ્રગતિ કરી શકાય. આથી, આ સામાજિક પ્રમાણિકતા (social conscience) કંઈક એવી બાબત છે કે જેને અમે અતિશય ઘણું મહત્વ આપીએ છીએ.

અમે તમારામાંના એકે એકને અને દરેકને, તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને અને તમારી જમાતોને અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે આજે રાત્રે તમને ફરમાવીએ છીએ: સખત કાર્ય કરો, પ્રમાણિકતાપૂર્વક કાર્ય કરો, તમારા બાળકોને શિક્ષણ આપો, ઈસ્લામની નીતિમત્તાને, આપણા પોતાના તરીકાની નીતિમત્તાને માન આપો અને એ બાબતની ચોકસાઈ કરો કે ભવિષ્યનું ઘડતર મજબૂત મૂલ્યો ઉપર, મજબૂત મૂલ્યો ઉપર કરવામાં આવેલ હોય -- તેને તમારા મૂલ્યો બનાવો. આ બાબત છે કે જે તમારા ઈમામ તરીકે, અમે તમારા માટે ચાહીએ છીએ, અમે ચાહીએ છીએ કે તમે આ મૂલ્યો ધરાવો, અને અમે ચાહીએ છીએ કે તમે તમારા કુટુંબોમાંની ભવિષ્યની પેઢીઓમાં, અને તમારી સંસ્થાઓમાં તેના ઉપર ઘડતર કરો.

અમે ફરીથી, તમારામાંના એકે એકને અને દરેકને, સુખ માટે, લાંબા જીવન માટે, અને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૧૯. કરાંચી પાકિસ્તાન, ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૭

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે સવારે આ ફરમાનની શરૂઆત, તમારામાંના એક એકને અને દરેકને, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા  અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય આગળ વધતો જાય છે, ઈમામ તેમને પોતાને પૂછે છે: અમારી જમાત ક્યાં જઈ રહી છે? તેની સંસ્થાઓ ક્યાં જઈ રહી છે? તમે શાંતિ, સફળતા, એકતા, ખુશી ધરાવો તે માટે તમારા જીવનમાં દરરોજ કંઈ સહાયની જરૂરત છે? અને જમાત માટે સેવા આપવા અમે જમાતની સંસ્થાઓ ઉપર નોંધપાત્ર રીતે આધાર રાખીએ છીએ. આથી, અમો આ ફરમાનની શરૂઆત, એ સઘળા મુરીદોને અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ, કે જેઓ આપણી સંસ્થાઓમાં કાર્ય કરે છે, તેઓ જે ઉત્તમ કાર્ય કરે છે તે માટે, તેને ચાલુ રાખવા માટેના પ્રોત્સાહન માટે, અને તેઓ આ જમાતી સેવામાંથી સુખ મેળવે તે માટે અમે તેઓને ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ભૂતકાળમાં અમારા રૂહાની બાળકોને ફરમાવ્યું છે કે જે જગતમાં તમે જીવન જીવો છો, અહીં અથવા બીજી દરેક જગ્યાએ, તમે એક એવા સમાજમાં, અથવા સમાજોમાં જીવન જીવો છો કે જે હરીફાઈભર્યા (સમાજો) છે. વ્યક્તિઓ પોતાના વ્યવસાયિક જીવનમાં, પોતાના ભૌતિક જીવનમાં પ્રગતિ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બાળકો જયારે યુવાન હોય, ત્યારે તેઓ પોતાને જે હરીફાઈભર્યું જીવન છે, તેના માટે તૈયાર કરે. એટલા માટે અમે અમારી જમાતને અનેક, અનેક પ્રસંગોએ ફરમાવ્યું છે: તમે તમારા બાળકોને જે ઉત્તમ શિક્ષણ આપી શકો તેમ હો, તે તેમને આપો. તેવી જ રીતે શિક્ષણનો એક સતત પ્રક્રિયા તરીકે વિચાર કરો -- શિક્ષણ, જ્યારે તમારા બાળકો પોતાની શાળા અથવા પોતાની યુનિવર્સિટી પૂર્ણ કરે છે, ત્યારે સમાપ્ત નથી થઈ જતું -- તે તમારી પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક કરવા માટે, તમને જે જાણવાની જરૂરત છે, તે વિશેના જ્ઞાનની સુધારણા કરવા માટે દરરોજના જીવનનો એક સતત ભાગ છે (ongoing part) છે.

અને આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, શિક્ષણનો વિચાર સમયની અંદર મર્યાદિત નથી રહ્યો. તેનો જીવનપર્યંતની એક પ્રવૃત્તિ તરીકે વિચાર કરો -- વાંચન કરો, વિચારણા કરો, વાર્તાલાપ કરો, ચિંતન કરો, અને દરરોજ, તમારું જીવન વધુ સારી રીતે જીવવા માટે, તમે જેટલું કરી શકો

તેટલું વધુ જ્ઞાન તમારા પ્રતિ લઈ આવો. આ એક એવું ફરમાન છે, જે અમે તમને આજે ફરમાવીએ છીએ, પરંતુ તે તમારા સમગ્ર જીવનકાળ દરમ્યાન લાગુ પડે છે.

આથી, આજે અમે અમારા મુરીદોને ફરમાવીએ છીએ: શીખવાનું ચાલુ રાખો, વિચારણા કરવાનું ચાલુ રાખો, તમારા જ્ઞાનની સુધારણા કરવાનું ચાલુ રાખો, કે જેથી તમારા સમગ્ર જીવનકાળ દરમ્યાન, તમે જે પણ પ્રવૃત્તિઓ ધરાવતા હો, તેમાં તમારી સ્થિતિની સુધારણા કરી શકો, અને તમારા કુટુંબોને મુજબૂત બનાવી શકો, કારણ કે તમે તમારા બાળકો માટે દ્રષ્ટાંતરૂપ બનો છો -- અને તેમને શિક્ષણના અને જ્ઞાન સંપાદન કરવાના સારા દ્રષ્ટાંતોની જરૂરત છે. અને જ્ઞાન સંપાદન કરવાની આ બાબત માટે અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય વીતતો જાય છે, તેમ આપણે જગતના વિવિધ ભાગોમાં સંસ્થાઓનું ઘડતર કરવાનું ચાલુ રાખીશું. અને કારણ કે જીવન હરીફાઈભર્યું છે, એટલે અમે આશા રાખીએ છીએ કે આપણા યુવાન મુરીદો પોતાના શિક્ષણમાં નોંધપાત્ર રીતે રોકાણ કરશે, તેઓ આપણી સંસ્થાઓને અને આથી, જમાતને સેવા આપવા માટે આગળ આવશે, અને અહીં, તેમજ

દુનિયામાં સર્વે જગ્યાએ પણ જમાતના જીવનમાં નવીન જ્ઞાન, અને વસ્તુઓને કરવાની નવીન રીત લઈ આવશે.

અમે ચાહીએ છીએ કે તમારામાંના જેઓના, તમારા કુટુંબના સભ્યો પાકિસ્તાનની બહાર છે, તેઓને તમે અમારા તરફથી, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો પહોંચાડજો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તેઓને કહેજો કે જેમ સમય આગળ વધતો જાય છે, તેમ તેઓ અમારા વિચારોમાં, અમારા હૃદયમાં, અમારી દુઆઓમાં છે. અને તે એવું છે કે જાણે તેઓ અમારી સમક્ષ ઊભા હતા. અમે અમારી જમાત વિશે સંપૂર્ણપણે વાકેફગાર છીએ, આથી અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: અમે આ ખુશીભર્યા પ્રસંગે આજે વિશ્વભરની જમાતને દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *પ્રથમ હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

મુખી અને કામડિયાએ અમને ઉપરના માળે જમાતમાં પધારવા અરજ કરી છે, કે જે અમે કરીશું. પરંતુ અમે જ્યારે ઉપરના માળે હશું, અને તમે અહીં નીચે છો, ત્યારે અમે

તમારા વિશે વિચાર કરીશું, અને તમે અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં, અને અમર્યાદિત પ્રેમની સાથે હશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

### *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે તમારામાંના એકે એકને અને દરેકને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આજે જમાત પહેલા કદી પણ હતી તે કરતાં વધુ આંતરરાષ્ટ્રીય છે. જમાત જગતના અનેક, અનેક જુદા જુદા દેશોમાં સ્થાપિત થયેલ છે. અને આજે તમને અમારું ફરમાન, તમારા માટે આ જમાતોને, શાંતીપૂર્વક જીવન જીવવા, ખુશીપૂર્વક જીવન જીવવા, એક સારા વાતાવરણમાં જીવન જીવવા, બીજા સમુદાયો સાથે મિત્રતાનું ઘડતર કરીને, સામાજિક મજબૂતી, આર્થિક મજબૂતીનું ઘડતર કરીને અને શાંતિમાં, શાંતિમાં

(રહેવા) માટે પ્રોત્સાહન આપવાનું, તેમને ટકાવી રાખવાનું અને તેમને સહાય કરવાનું છે. આથી, અમે આજે તમને, આ જમાતને અને અમારી વિશ્વભરની જમાતને ફરમાવીએ છીએ: શાંતિ માટે કાર્ય કરો, શાંતિનું ઘડતર કરવામાં સહાય કરો, જ્યાં તણાવ (stresses) છે, ત્યાં તણાવમાં સહભાગી નહિ થાવ. તણાવને દૂર કરવાનો પ્રયાસ કરો, કે જેથી જગતભરની આપણી જમાત, શાંતિપૂર્વક, સ્વસ્થતાપૂર્વક જીવન જીવી શકે; યુવાન લોકો પોતાના શિક્ષણમાં, પોતાની કારકિર્દીઓમાં આગળ વધી શકે. આથી, અમે ચાહીએ છીએ કે અમારી જમાત તેની આસપાસ અને બીજા સમુદાયોની સાથે શાંતિનું ઘડતર કરવામાં ઉદાહરણરૂપ બની રહે. આ એક એવો પ્રયાસ છે કે જે કરવો જરૂરી છે, પરંતુ તે એક ઘણોજ મહત્વનો પ્રયાસ છે, કે જેથી જમાત જયાં પણ રહે છે, તે જયાં પણ રહે છે ત્યાં તે શાંતિપૂર્વક, ખુશીપૂર્વક, સ્વસ્થતાપૂર્વક, અને એકતાપૂર્વક, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતીની સાથે રહી શકે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અહીં તમારામાંના સર્વેને, સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબમાં એકતા માટે અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ત્રીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ પ્રસંગે, અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ  પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  તમે તમારા કુટુંબો સાથે, તમારી જમાત સાથે સંપર્કમાં આવો, ત્યારે તેમને અમારા દુઆઆશિષો પહોંચાડજો, અમારી જમાત સાથે હોવા બદલ અમારી ખુશી, તેમની નેક ઉમેદોની પરીપૂર્ણતા માટે, અને તેઓ આવનારાં વર્ષોમાં શાંતિ અને ખુશી તેમજ એકતામાં રહે તે માટે અમારા દુઆઆશિષો પહોંચાડજો. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

એ અમારી દ્રઢ માન્યતા છે કે જગતના કોઈપણ ભાગમાં, કોઈપણ સમુદાયને પ્રગતિ કરવા માટે વ્યવસ્થાતંત્ર (organisation) ધરાવવાની જરૂરત છે -- એવી સંસ્થાઓ કે જે આરોગ્ય-સંભાળમાં, શિક્ષણમાં, આર્થિક-સહાયમાં,

વ્યવસાયિક માર્ગદર્શનમાં વિશેષતા પ્રાપ્ત (specialist) હોય - - અને એ અમારી આશા, અમારી ઈચ્છા છે કે વર્ષો દરમ્યાન, પાકિસ્તાનમાંની આપણી સંસ્થાઓ તમારા જીવનની ગુણવત્તામાં તમને સહાય કરવામાં વધુ મજબૂત અને વધુ મજબૂત બને. આથી, અમે અમારા સર્વે રૂહાની બાળકોને, પરંતુ ખાસ કરીને યુવાનોને ફરમાવીએ છીએ: જ્ઞાન હાંસલ કરો, તમને પોતાને શિક્ષિત બનાવો, અને તમારા શિક્ષણનો તમારા પોતાના માટે, તમારા કુટુંબ માટે, પરંતુ જમાત માટે પણ ઉપયોગ કરો. આ અમારી ઘણી ઊંડી ઈચ્છા છે, કારણ કે સમુદાયો, તેમના સંગઠનોમાં સારી યોગ્યતા ધરાવતી વ્યક્તિઓ તરફથી તેમને મળતી સહાય (અને) માર્ગદર્શન દ્વારા પોતાના જીવનની ગુણવત્તાની સુધારણા કરી શકે છે.

આપણું જગત હરીફાઈભર્યું છે: તમે દરરોજ એવા લોકો કે જેઓ સમાન વ્યવસાયોમાં છે, જે લોકો સમાન પ્રવૃત્તીઓમાં છે, તેમની સાથે હરીફાઈ કરો છો, અને જીવનની સ્પર્ધાત્મકતા (competitiveness) એક એવી બાબત છે, જેમાં અમે તમારા માટે અતિ મહાન સફળતા, અતિ મહાન સફળતા, અતિ મહાન સફળતા ઈચ્છીએ છીએ -- કે જેથી તમે તમારા પોતાના માટે અને તમારા કુટુંબોમાં ભવિષ્યની પેઢીઓ માટે મજબૂત ભવિષ્યનું ઘડતર કરી શકો. અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને દુન્યવી સફળતા માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર સફળતા માટે, અને સૌથી વિશેષ, તમે જે દુન્યવી જીવન જીવો છો તેમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે જેથી તમે શાંતિપૂર્વક, સારી તંદુરસ્તીમાં, ખુશીપૂર્વક અને એકતાપૂર્વક જીવન જીવી શકો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ચોથા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકનાં અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે તમે તમારા કુટુંબોના સંપર્કમાં આવો, જો તેઓ અહીં હાજર ન હોય, તો તમારા કુટુંબના સભ્યોને અમારા દુઆઆશિષો પહોંચાડજો, અને તેઓને કહેજો કે અમે તેમના વિશે, ખાસ કરીને સમયની આ ક્ષણે વિચાર કરીએ છીએ, તેઓ અમારા હૃદયમાં અને અમારા વિચારોમાં છે. અમે જેમ

તમને ફરમાવીએ છીએ, તેમ તેઓને એકતા માટે, ઈમાનની મજબૂતી માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. તેઓ જે પણ સમસ્યાઓ ધરાવતા હોય -- અમે તેમની સર્વે સમસ્યાઓના સફળતાપૂર્વક નિરાકરણ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય વીતતો જાય છે, જેમ આપણે જમાતમાં સંસ્થાકીય ક્ષમતા ધરાવવાની જરૂરતને જોઈએ છીએ તેમ, આપણે પાકિસ્તાનમાં અને જગતના બીજા દેશોમાં - શિક્ષણમાં, આરોગ્ય-સંભાળમાં, આર્થિક સહાયમાં અને બીજા ક્ષેત્રોમાં સંસ્થાઓનું ઘડતર કરવાનું ચાલુ રાખીશું. અને અમે આ તકે અમારા એ સર્વે મુરીદો કે જેઓ અર્થશાસ્ત્રમાં (economics)માં અથવા કાયદા-કાનૂનમાં અથવા અન્ય ક્ષેત્રોમાં વ્યવસાયિક શિક્ષણ ધરાવે છે, તેમને ફરમાવવા ચાહીએ છીએ: તેઓ આગળ આવીને જમાતી સંસ્થાઓને સેવા આપે તે માટેની અમે અપેક્ષા રાખીએ છીએ. એ મહત્વનું છે કે જગતભરની જમાત સૌથી વધુ શિક્ષિતની, સૌથી વધુ કાબેલ લોકોની સેવામાંથી ફાયદો મેળવે, કે જેથી આપણે જમાત અને જગતભરની તેની સંસ્થાઓ અને તેના લોકોના સંપૂર્ણ જ્ઞાનમાંથી ફાયદો મેળવીએ.

પાકિસ્તાનમાં, પરંતુ જગતના બીજા દરેક દેશોમાં આપણું જગત એક હરીફાઈભર્યું જગત છે. અને અમે અમારી જમાત માટે સફળતા, સારી સફળતા, વાજબી સફળતા, નૈતિક સફળતા ઈચ્છીએ છીએ કે જેથી, આપણે જે સમાજોમાં રહીએ છીએ તેમાં મૂલ્યો લઈ આવીએ, કે જેથી આપણે આપણા તરીકા માટે, આપણા તરીકાના મૂલ્યો માટે આદર(recognition) લઈ આવીએ, કે જેથી જગત એ જાણે કે ઈસ્લામનું આપણું અર્થઘટન એક સારું અર્થઘટન છે. એ, સઘળા મુરીદો કે જેઓ અહીં પાકિસ્તાનમાંની જમાતમાં, અને જગતમાં સર્વે જગ્યાએ છે તેમના હિત માટે છે. એ અમારી આકાંક્ષા છે કે આવનારાં વર્ષો દરમ્યાન આપણે એવા દેશોમાં સંસ્થાકીય ક્ષમતાનું ઘડતર કરવામાં સફળ થઈશું, જ્યાં આપણે તે ક્ષમતા હજુ નથી ધરાવતા. આથી, અમે પાકિસ્તાનમાંના અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમે જગતના બીજા ભાગોમાં સેવા કરવા ઈચ્છતા હો, તો આગળ આવો, અમને જણાવો, તમારી સહાય અર્પણ કરો, કારણ કે આપણો ભાઈચારો એક જગતનો (ભાઈચારો) છે. આપણે જે વિવિધ પ્રવૃતિઓ ધરાવીએ છીએ તેમાં આપણે એક બીજાને સરહદોની પાર, સંસ્થાઓની પાર સહાય કરીએ છીએ. અને આ ભવ્ય ભાઈચારો એક એવો આધારરૂપ પાયો છે, કે જેના ઉપર ઘડતર કરવા માટે, અને બુદ્ધિશાળી રીતે તેમજ કાબેલિયતપૂર્વક ઘડતર કરવા માટે તે આપણો પાયો છે.

આથી, અમે પાકિસ્તાનમાંના અમારા સઘળા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: આપણી જગતભરની જમાતને સહાય કરવાના પ્રયાસમાં સહભાગી થાઓ.

અમે તમને ફરી એક વાર, તમારામાંના એકે એકને, સુખ માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, તમારા બાળકો, તમે જે પણ પ્રવૃત્તિમાં તમારી કૌટુંબિક સફળતા ધરાવો છો તેને આગળ વધારવામાં સફળ બને તે માટે, અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને એ ધ્યાનમાં રાખો, એ ધ્યાનમાં રાખો, એ ધ્યાનમાં રાખો કે અમારા દુઆઆશિષો હંમેશાં  તમારી સાથે છે. તે એવું નથી કે કારણ કે, અમે આજે તમારી સાથે છીએ, એટલે તમે આવતી કાલે ઈમામના દુઆઆશિષો નહિ ધરાવો. અમે જયાં પણ હોઈએ, અમારી જમાત હંમેશા અમારા હૃદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં હોય છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૨૦. કરાંચી પાકિસ્તાન, ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૭

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ મુલાકાતના પ્રસંગે, અમે તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને અમે તમારી જમાતને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે જ્યારે તમે આ જમાતખાનામાંથી જાવ, ત્યારે તમે તમારી જમાતને તમારા કુટુંબોને, તમારા કુટુંબો માટે અને તમારી જમાત માટે અમારો વ્હાલ, અમારો પ્રેમ, અમારા દુઆઆશિષો પહોંચાડજો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ એ મહત્વનું છે કે આપણે જગતભરના  મુરીદો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવીએ, કે જેથી આપણી વૈશ્વિક જમાત, આપણી વૈશ્વિક જમાત, સ્ત્રીઓ અને પુરુષો તેમજ બાળકોના એક વૈશ્વિક ભાઈચારા તરીકે જીવન જીવે અને વિચાર કરે અને કાર્ય કરે; કે જેથી જમાત જ્યાં પણ રહે છે, ત્યાં જગતભરમાં પરસ્પરની સહાય (mutual support) હોય; કે જેથી જે લોકો દેશના એક ભાગથી બીજા ભાગમાં અથવા બીજા દેશમાં જાય, તો તેમને

પોતાને પુન:સ્થાપિત કરવામાં આપણે સહાય કરી શકીએ; કે જેથી યુવાન લોકો જેઓ પોતાના વ્યવસાયિક જીવનમાં શરૂઆત કરતા હોય, તેઓને સહાય અને પ્રોત્સાહન મળવા પામે, અને જ્યારે  તેઓ પોતાના વ્યવસાયિક જ્ઞાનનો વિકાસ કરે, અને મોટા થવા પામે, તેમજ વધુ બુદ્ધિશાળી, આપણે આશા રાખીએ -- હા, ઉંમરની સાથે વધુ બુદ્ધિશાળી બને, ત્યારે તેઓને મદદ મળવા પામે; અને ત્યાર પછી જગતભરમાં જમાત સારી પ્રગતિ કરશે. એ અમારી અતિશય ઊંડાણપૂર્વકની ઈચ્છા છે કે જગતભરમાં જમાત સારી પ્રગતિ કરે. અને અહીં, આ સુંદર દેશમાં, અમે તમારા માટે એ પણ ઈચ્છીએ છીએ કે તમે મહાન સફળતા મેળવો.

અમારી પાકિસ્તાનમાંની જમાત વાજબી રીતે એક ગતિશીલ (mobile) જમાત છે. મુરીદો દેશના જુદા જુદા ભાગોમાંથી આવે છે, તેઓ પોતાને દેશના બીજા ભાગોમાં સ્થાપિત કરે છે, અને અમે ચાહીએ છીએ કે તે પ્રક્રિયા એક ખુશીપૂર્ણ અને સફળ પ્રક્રિયા હોય. આથી, જ્યારે  મુરીદો દેશભરમાં સ્થળાંતર કરે, ત્યારે તેઓને એવી રીતે સહાય કરો કે તેઓ દેશના નવીન ભાગોમાં, નવીન પ્રવૃત્તિમાં, દેશના વિવિધ ભાગોમાં તેમના જીવનની નવીન શરૂઆતોમાં પોતાને સ્થાપિત કરે. અને અમે આ જ ફરમાન બીજા દેશોમાંની જમાતો માટે કરીશું કે જેઓ પાકિસ્તાનમાંના મુરીદોને આવકારશે, જેઓ વ્યવસાયિક કારણોના લીધે અથવા કૌટુંબિક કારણોના લીધે જગતના જુદા

જુદા ભાગોમાં કાર્ય કરે છે. આ ભાઈચારો, જગતભરની સઘળી જમાત વચ્ચેનો આ ભાઈચારો, એક એવું મૂળભૂત સંસાધન (fundamental resource) છે કે જેના ઉપર દરેક મુરીદ આધાર રાખી શકે. તમે આ ભાઈચારા ઉપર આધાર રાખી શકો, કે જેથી જ્યારે  તમે સ્થળાંતર કરો, જ્યારે  તમો પડકારોનો સામનો કરો, જ્યારે  તમે એવી સમસ્યાઓ ધરાવતા હો, જેનું તમારે નિરાકરણ કરવાનું હોય, ત્યારે સઘળી જમાત અને તેની સંસ્થાઓ સહાય કરે. અને અમે તમને તે સહાય માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ ધ્યાનમાં રાખો કે આપણી જમાતનો આ ભાઈચારો આજે એક વૈશ્વિક, વૈશ્વિક સંસાધન છે. જમાત ઘણા બધા દેશોમાં રહે છે, આથી, જો તમે તમારી કારકિર્દીઓને અથવા તમારી વ્યવસાયિક પ્રવૃત્તિઓને આગળ વધારવાનો નિર્ણય કરો છો, અથવા તમારા કુટુંબોએ જુદા જુદા દેશોમાં સ્થળાંતર કર્યું હોય, તો તમારી સંસ્થાઓ તમને સહાય કરી શકે. તમે જમાતની ઉપસ્થિતિ ધરાવો છો, તમે જમાતની સંસ્થાઓની ઉપસ્થિતિ ધરાવો છો, અને તમે જ્યારે  એક દેશથી બીજા દેશમાં જાઓ ત્યારે તેઓ જમાતની સેવા કરવા માટે છે. અને એ અમારી આશા છે, એ અમારી ઈચ્છા છે, એ અમારી દુઆ છે કે જ્યારે તમે સ્થળાંતર કરો ત્યારે તમે સફળ બનો. અમે એવું નથી

ફરમાવતા કે તમારે સ્થળાંતર કરવું જોઈએ -- અમારા કહેવાની ગેરસમજણ કરતા નહિ -- પરંતુ અમે ફરમાવીએ છીએ કે જો તમે સ્થળાંતર કરો, તો પછી તમને પોતાને ફરીથી સ્થાપિત કરવામાં સફળતા અને સુખ માટે તમે અમારા દુઆઆશિષો ધરાવો છો.

અને આજે અમે તમને એકે એકને, તમારા કુટુંબોને, તમારી જમાતને અમારા ઉત્તમ, હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને સિરાતલ-મુસ્તકીમ ઉપર સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે તમને દુન્યવી સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ અને અમે તમને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *પ્રથમ હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

તમારા મુખી બીજા માળે જવા માટે અમને અરજ કરે છે -- આથી અમે તમારા વચ્ચેથી સીધાવી જઈશું, પરંતુ તમે અમારા હૃદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છો, અને

અમે આજે તમને અમારા અતિશય હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

### *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં આજે અમારા સઘળા રૂહાની બાળકોને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજનો દિવસ આપણને પોતાને એ યાદ અપાવવા માટેનો દિવસ છે કે આપણી જમાત એક જ ભાઈચારો છે. તે એક વૈશ્વિક જમાત છે. આજે મુરીદો અનેક, અનેક જુદા જુદા દેશોમાં રહે છે. તેઓ આ નવા દેશોમાં વસવાટ કરે છે અને કાર્ય કરે છે, અભ્યાસ કરે છે, અને તેમના જીવનની ગુણવત્તાની સુધારણા કરવાનો પ્રયાસ કરે છે. અમે તમારી જેમ, તેઓને સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ જમાતો જ્યારે પોતાને સ્થાપિત કરે છે, ત્યારે અમે ચાહીએ છીએ કે જે મુરીદો વ્યવસાયિક કારણોના લીધે અથવા શૈક્ષણિક કારણોના લીધે અથવા તંદુરસ્તીના કારણોના લીધે એક દેશથી બીજા દેશમાં જવા ચાહે છે, તો તેઓ તેમને આવકાર આપે, કે જેથી, જગતભરની જમાત એક વૈશ્વિક ભાઈચારા તરીકે અસ્તિત્વ ધરાવે, સંચાલિત થાય (functions), કાર્ય કરે. આ અમારી ઈચ્છા છે, કે અમારી જમાત એ જ્ઞાનને ઈસ્લામની સમજને અમલમાં મૂકે કે તમે ભાઈઓ અને બહેનો છો. અને આથી, અમે આશા રાખીએ છીએ કે આ મજબૂત કાર્ય, જમાત જગતના કોઈ પણ ભાગમાં, કે જ્યાં તે રહેવાનો નિર્ણય કરે, ત્યાં તેને પોતાને સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં સહાય કરશે.

અને અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારા ધર્મની નીતિમત્તાની સાથે, એટલે કે પ્રમાણિકતાની સાથે, તમારા ધર્મના નિયમિત પાલન સાથે, બીજાઓ -- યુવાન, બિમાર, બુઝુર્ગને જેમને કદાચ મદદની જરૂર હોય, તેમને સહાય આપવાની સાથે જીવન જીવવાનું ચાલુ રાખો. જો તમે આ ભાઈચારાને અમલમાં મુકશો, તો તે એક અતિશય શક્તિશાળી સંસાધન છે, અને જો તમે તેને અમલમાં મુકશો, તો પછી ઈન્શાઅલ્લાહ, તમે તમારી આસપાસ સર્વ જગ્યાએ, તમારા કુટુંબોમાં, બીજાઓના કુટુંબોમાં અને જગતભરની જમાતમાં ખુશી લઈ આવશો. આથી, આજે અમે તમને આ

ભાઈચારાનું ઘડતર કરવા માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે અમારી જમાતને જણાવવા ચાહીએ છીએ કે જ્યારે જગતભરમાં ભાઈચારો કાર્યશીલ હોય છે, ત્યારે તમારા ઈમામ તરીકે અમે તેની લાગણી અનુભવીએ છીએ, કારણ કે મુરીદો, જ્યારે તેઓ તકલીફમાં હોય છે ત્યારે અમારી પાસે આવે છે. જ્યારે તેઓ અમારી પાસે નથી આવતા, તો (તેનો અર્થ એ છે કે) તમે સારી રીતે કાર્ય કરો છો. શું અમે જે ફરમાવીએ છીએ તે તમે સમજી શકો છો ? સારું, સારું -- એ અમારી મહાન ખુશી હોય છે કે જ્યારે જમાત સંગઠિત હોય છે, જ્યારે તમે એક બીજાને સહાય કરો છો, જ્યારે તમે એક ભાઈચારા અને એક બહેનપણા તરીકે જીવન જીવો છો, અને જીવન જીવવાનો આ તમારા માટે એક સૌથી ઉત્તમ માર્ગ છે. તે એક એવો માર્ગ છે, જેમાં મુસ્લિમોએ એકબીજાની સાથે સહાય, ભાઈચારા, પરસ્પરના પ્રયાસ (mutual endeavour) અને જો મુશ્કેલીઓ આવે તો મુશ્કેલીઓનો સંગઠિત બનીને સામનો કરવાની સમજની સાથે જીવન જીવવું જોઈએ.

આથી, આજે અમે તમને શાંતિપૂર્વક રહેવા, તમારા કુટુંબોમાં શાંતિ, તમારી જમાતમાં શાંતિ, તમારા ધર્મમાં શાંતિ માટે અમારા ઉત્તમ દુઆઆશિષો, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર

સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *બીજા હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

અમે અમારી જમાત સાથે હોવા બદલ ખુશી છીએ. અને અમે તમને જણાવવા ચાહીએ છીએ કે જ્યારે  પિતા પોતાના બાળકો સાથે હોય છે, જ્યારે  તેઓ સ્મિત કરતાં હોય છે, જ્યારે  તેઓ હસતાં હોય છે, જ્યારે  રમૂજ થતી હોય છે -- તે આપણા જીવનનો અદ્દભુત ભાગ હોય છે. આથી, અમે આશા રાખીએ છીએ કે તમે તમારા ચહેરાઓ ઉપર સ્મિત, તમારા કુટુંબોમાં રમૂજ અને આવનારા વર્ષો દરમ્યાન ઘણી જ ખુશી ધરાવશો. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ત્રીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમારા કુટુંબોના સર્વે રૂહાની સભ્યો માટે પણ, તેમના આત્માની અનંત શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આજે એ ઘણી જ ખુશીનો દિવસ છે કારણ કે અમે અમારી જમાત સાથે છીએ, અને અમે તમને જણાવવા ચાહીએ છીએ કે જ્યારે  અમે અમારા રૂહાની બાળકો સાથે  હોઈએ છીએ ત્યારે આ દિવસો, અઠવાડિયાઓ, મિનિટો, સેકન્ડો, કલાકો -- અમારા માટે તે અતિ ઘણી ખુશીની સઘળી ક્ષણો હોય છે. આથી, અમે તમને જણાવવા ચાહીએ છીએ કે અમે આજે અમારી જમાત સાથે હોવા બદલ અતિશય ખુશી છીએ.

અમે તમને, ભવિષ્ય માટે, જમાતમાં એકતા માટે, તમારા કુટુંબોમાં સુખ માટે, સારી તંદુરસ્તી માટે અને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ, તમારી સઘળી સમસ્યાઓનું તમારા સંતોષ મુજબ નિરાકરણ થાય, કે જેથી તમે શાંતિપૂર્વક, એકતાપૂર્વક, ખુશીપૂર્વક, અને ભવિષ્યમાં વિશ્વાસપૂર્વક જીવન જીવી શકો. આથી, અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ આપણે પાકિસ્તાનમાં અને બીજે ઘણા દેશોમાં મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવાનો પ્રયાસ કરીશું, કે જેથી આપણી જમાત તેમના જીવનની ગુણવત્તામાં સારી પ્રગતિ કરી શકે. આથી, આપણે જમાતને ટકાવી રાખવા માટે મજબૂત નાણાકીય સંસ્થાઓનું ઘડતર કરવાનો, જમાતની ભવિષ્યની પેઢીઓને શિક્ષિત બનાવવા માટે મજબૂત શૈક્ષણિક સંસ્થાઓનું ઘડતર કરવાનો પ્રયાસ કરીશું, કે જેથી તમે એવા વિશ્વાસની સાથે ભવિષ્યની તરફ આગળ દ્રષ્ટિ કરી શકો કે કાર્ય માટે અને તમે જે જીવન જીવશો તેના માટે સંસ્થાકીય સહાય રહેલી છે. એ ધ્યાનમાં રાખો કે પ્રયાસ (endeavour) આપણા ધર્મના ભાગરૂપ છે -- આપણે આળસુ લોકો નથી. આપણે કદાચ ક્યારેક ક્યારેક આળસુ હોય શકીએ, પરંતુ તે જીવનની સામાન્ય પદ્ધતિ નથી. તમારી શાંતિનો આનંદ માણો, તમારી શાંતિનો આનંદ માણો, પરંતુ સખત કાર્ય કરો, પ્રમાણિકતાપૂર્વક, વિશ્વાસપૂર્વક, અને વધુ અને વધુ જ્ઞાનની શોધમાં કાર્ય કરો, કે જેથી તમે આ જગતમાં, તમારા જીવન દરમ્યાન, પ્રગતિ કરી શકો.

એ યાદ રાખો કે આ ફરમાનમાં અમે તમારા કુટુંબોને, તમારી જમાતને દુઆઆશિષો  ફરમાવેલ છે, અને અમે દરખાસ્ત કરીએ છીએ કે તમે તમારી જમાતને, તમારા કુટુંબોને, તેઓ

જ્યાં પણ રહેતાં હોય, એ દુઆઆશિષો પહોંચાડજો. અમે તેમને સુખ, એકતા, લાંબુ જીવન, અને ખાસ કરીને, મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમને લાગે છે કે અમુક વખતે અમારા રૂહાની બાળકો, તેઓ પોતાને પૂછે છે, "શા માટે ઈમામ આપણને હસાવે છે? શું તે ઈમામની સામાન્ય ભૂમિકા (normal role) છે?" અમે ચાહીએ છીએ કે અમારા બાળકો ખુશ હોય. અમે ચાહીએ છીએ કે તેઓ સ્મિત કરે, અમે ચાહીએ છીએ કે તેઓ પોતામાં આનંદ મનાવે, અને અમારી હાજરીમાં આનંદ મનાવે. આથી, જ્યારે તમે સ્મિત કરો છો, ત્યારે તે બાબત અમને ખુશી આપે છે. આથી, જો ઈસ્લામના અન્ય અર્થઘટનો આ પ્રકારની ખુશી સાથે સહમત ન થતા હોય, તો તે તેમની નાખુશી છે, પરંતુ આપણી ખુશી, સાથે મળીને સ્મિત કરવામાં, આનંદ ધરાવવામાં, ખુશી લઈ આવવામાં, અને જગતના કોઈ પણ ભાગમાં, મુરીદો જે પણ સમસ્યાઓ ધરાવતા હોય તેનું નિરાકરણ કરવાનો પ્રયાસ કરવામાં રહેલી છે. આથી, આજે અમે તમને ફરમાવીએ છીએ: અમે તમને એકે એકને મુશ્કિલ-આસાન માટે, લાંબા જીવન માટે, અને સુખ માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે ફરીથી ફરમાવીએ છીએ, જો તમારા કુટુંબો અહીં ન હોય, અથવા તમે જે જમાતથી સબંધ ધરાવો છો તેની સાથે વાતચીત કરો,જે કદાચ અહીં ન હોય, તો તેમને અમારા દુઆઆશિષો પહોંચાડજો, અમારા દુઆઆશિષો પહોંચાડજો. અમે તેમ કરવાની તમને દરખાસ્ત કરીએ છીએ, અમે તેમ કરવા માટે તમને આમંત્રિત કરીએ છીએ. આથી, અમે એવો વિશ્વાસ ધરાવવા ચાહીએ છીએ કે તમે જગતભરની અને પાકિસ્તાનભરની અમારી જમાતને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકનાં દુઆઆશિષો પહોંચાડશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન

## *ચોથા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે તમારી સાથે હોવા બદલ અતિશય ઘણા ખુશી છીએ, અને અમે તમને જણાવવા ચાહીએ છીએ કે તમે અમારા જીવનમાં, અમારા વિચારોમાં, સમય દરમ્યાન અને ભવિષ્ય સંબંધી અમારી વિચારણામાં અમારા પ્રતિ અતિશય ખુશી લઈ આવો છો, અને અમે તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારી જમાતને એ યાદ અપાવવા ચાહીએ છીએ કે આપણે એક જ વૈશ્વિક ભાઈચારો છીએ, અને આજે જમાત ઈતિહાસમાં કદી હતી તેના કરતા વધુ ગતિશીલ છે. જમાતે પોતાને નવીન દેશોમાં સ્થાપિત કરેલ છે, તે પોતાને બંધારણીય સંસ્થાઓ દ્વારા વ્યવસ્થિત બનાવે છે, તે પોતાના બાળકોને નવીન શૈક્ષણિક પદ્ધતિમાં ટકાવી રાખે છે. અને અમે ચાહીએ છીએ કે અમારી વૈશ્વિક જમાત આ શક્તિઓ ઉપર ઘડતર કરવાનું ચાલુ રાખે, કે જેથી, જેમ સમય વીતતો જાય, તેમ તમે જગતમાં ઈચ્છા રાખો તેમ ક્યાં પણ જવા માટે, વ્યવસાયિક સંતોષ પ્રાપ્ત કરવા, કદાચ રોજગાર પ્રાપ્ત કરવા, કદાચ સંશોધન કરવા તમે મજબૂત પાયાઓ ધરાવી શકો, પરંતુ અમે ચાહીએ છીએ કે એ સઘળા દેશોમાં કે જ્યાં તમે જવા ઈચ્છતા હો ત્યાં, તમને ટકાવી રાખવા માટે તમારી પાસે હંમેશા મજબૂત સંસ્થાઓ હોય.

ઈમામ તરીકે, અમે અમારી જમાત માટે મહત્વકાંક્ષી છીએ. અને અમારી જમાત માટે મહત્વકાંક્ષી હોવા બદલ અમે ખુશી છીએ -- તે અમારા માટે ખુશી લઈ આવે છે. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: ઉત્તમ પ્રથા માટે આશય રાખો, તમે જીવનમાં જે પણ કંઈ કરતા હો તેમાં ઉત્તમ પ્રથા માટે આશય રાખો. આ તમારા પોતાના, તમારા કુટુંબોના, તમારી જમાતના હિતમાં છે, કારણ કે જીવન દરેક

જગ્યાએ હરીફાઈભર્યું છે, અને અમે ચાહીએ છીએ કે અમારી જમાત સ્થાનિક પરિસ્થિતિઓમાં જેટલું પણ વધુ સારું કરી શકાય તે રીતે આગળ વધે. આનો જે અર્થ થાય છે તે એ છે કે શિક્ષણ એક જીવન-પર્યંતની પ્રવૃત્તિ છે, અને આથી, અમે અમારી જમાતને શિક્ષણમાં, ન માત્ર સિદ્ધાંતિક શિક્ષણ (academic education) માં કે જ્યારે બાળકો શાળામાં હોય છે -- પરંતુ સામાન્ય શિક્ષણમાં પ્રવૃત્ત થવાનું ચાલુ રાખે તે માટે ઉત્તેજન આપીએ છીએ કે જે તમને તમે જે પણ સમાજમાં રહેતા હો, તમારા પોતાના માટે, અને તમારા બાળકો માટે મજબૂત ભવિષ્યનું ઘડતર કરવામાં સહાય કરશે. અને તમે ચોક્કસપણે "જ્ઞાન આધારિત સમાજ" ની અભિવ્યક્તિ સાંભળી હશે, અને આ અભિવ્યક્તિનો અર્થ સરળ રીતે એવો થાય છે કે જગતભરમાં સમાજ, જે પણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેમાં વધુ શિક્ષિત, વધુ જ્ઞાનસભર (knowledgeable), વધુ વ્યવસાયિક બનતો જાય છે. સંસ્થાઓ વધુ મજબૂત થતી જાય છે અને તેઓ વધુ સારૂ કાર્ય કરી રહી છે.

આથી, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: તમારા કાર્યમાં મહત્વકાંક્ષી બનો, ઊંચો ઉદ્દેશ્ય રાખો, ઊંચો ઉદ્દેશ્ય રાખો, અને એ યાદ રાખો, એ યાદ રાખો કે આપણા ધર્મનો ભાગ આપણી અક્કલને પ્રવૃત્ત બનાવે છે, તે આપણી અક્કલને પ્રવૃત્ત બનાવે છે, તે કહે છે, "જગત વિશે, અને

અલ્લાહના સર્જન વિશે શીખો" -- આથી જ્ઞાન ધર્મની આધ્યાત્મિકતા (spirituality) ની શોધના ભાગરૂપ છે. અને આથી અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે જે પણ વયના હો, તમે જે પણ ભાષા બોલતા હો, તમે જ્યાં પણ રહેતા હો, શિક્ષણ માટેની શોધ કરો અને તમને પોતાને અને તમારા બાળકોને શિક્ષિત બનાવો.

અમે જમાતનું કાળજીપૂર્વક ધ્યાન રાખીએ છીએ, તેઓ ક્યાં રહે છે, તેઓ પોતાનો જીવનનિર્વાહ કેવી રીતે કમાવે છે, તેમની સંસ્થાઓ કેવી રીતે કાર્ય કરે છે, અને અમે અમારી જમાત માટે ઘણા જ મહત્વકાંક્ષી છીએ. આથી તમે એ જાણો કે તમારા ઈમામ મહત્વકાંક્ષી છે, તેઓ તમારા માટે, તમારી સફળતા માટે, તમારી પ્રગતિ માટે, તમારી ખુશી માટે મહત્વકાંક્ષી  છે, આથી તમે જે પણ કાંઈ કરો છો, તેમાં જ્ઞાન દરરોજ, તમારા જીવનનો આધારરૂપ પાયો બને છે.

અંતમાં, અમે પાકિસ્તાનમાંની અમારી જમાતને ફરમાવીએ છીએ: જમાત (પહેલા) હતી તે કરતા આજે વધુ ગતિશીલ છે. લોકો દેશના જુદા જુદા વિસ્તારોમાંથી દેશના અન્ય વિસ્તારોમાં જાય છે. અને અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બાળકો, જ્યારે  જમાતો એક સ્થળેથી બીજે સ્થળે જાય, ત્યારે એક બીજાને મદદ કરે, તેમને પોતાને સંતોષજનક રીતે સ્થાપિત થવામાં સહાય કરે, તેમના બાળકો સારું શિક્ષણ

મેળવે, અને જો તેમને આર્થિક સહાયની જરૂરત હોય તો તેમને જે આર્થિક સહાયની જરૂર હોય, તે તેઓ મેળવે. આથી, સમગ્ર દેશમાં, જમાતની ગતિશીલતા (mobility) જમાતની નબળાઈમાં પરિણામે નહિ. તેનાથી વિપરીત, અમે ચાહીએ છીએ કે તે મજબૂતીનું ઘડતર કરે -- એ અમારી આકાંક્ષા છે.

અમે આશા રાખીએ છીએ કે આ ફરમાન સ્પષ્ટ છે, અમે જે ફરમાવવા માંગીએ છીએ તે તમે સમજ્યાં  હશો, આ ફરમાનના સંદર્ભમાં કાર્ય કરવાનો પ્રયાસ કરો. અને અમે તમને, તમારામાંના એકે એકને અમારા ઉત્તમ , ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારા કુટુંબોને, તમારી જમાતને પણ અમારા દુઆઆશિષો પહોંચાડજો, અને તેઓને કહેજો કે આ મુલાકાતના પ્રસંગે, તેઓ પણ અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે, અને અમે તેઓના માટે સુખ, ભૌતિક સફળતા, અને દીની સફળતા, (અને) દુન્યવી સફળતા પણ ઈચ્છીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૨૧. કરાંચી પાકિસ્તાન, ૧૮ મી ડિસેમ્બર, ૨૦૧૭

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અહીં અમારા સર્વે રૂહાની બાળકોને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમે અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ ફરમાનની શરૂઆતમાં, અમે અમારી એ સર્વે જમાતોને પણ અમારા દુઆઆશિષો ફરમાવીએ છીએ કે જેઓ મુશ્કેલ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે -- આર્થિક, સુરક્ષા (સબંધી), તેઓ જે પણ સમસ્યાઓનો સામનો કરતા હોય -- અમે તેઓને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અહીં હાજર તમને સર્વેને પણ મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ --- તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તેનું તમારા સંતોષ મુજબ નિરાકરણ થાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ એ મહત્વનું છે કે આપણે જમાતમાં મજબૂતીનું ઘડતર કરીએ. પ્રથમ, આપણા તરીકાના પાલનમાં; બીજું, અન્ય સમુદાયો સાથે સંબંધોનું ઘડતર કરવામાં; ત્રીજું, આપણી પોતાની સંસ્થાઓમાં, રાષ્ટ્રીય સંસ્થાઓમાં મજબૂતીનું ઘડતર કરવામાં, કે જેથી આ દેશમાં રહેતી ભવિષ્યની પેઢીઓ પોતાના ભવિષ્યનો વિકાસ કરવા માટે સંસ્થાકીય મજબૂતી ઉપર આધાર રાખવા શક્તિમાન બનશે અને તેનાથી અમારો કહેવાનો અર્થ શું છે? તેનાથી અમારો કહેવાનો અર્થ સંસ્થાઓ છે કે જ્યારે  જમાતના સભ્યો ખાસ સમસ્યાઓનો સામનો કરતા હોય છે, ત્યારે તેમને સહાય કરે છે. પ્રથમ અમે જેને અતિ આવશ્યક ગણીએ છીએ તે ધર્મનું પાલન છે. આથી, જ્યાં પણ સમસ્યાઓ છે, અમે ઈચ્છીએ છીએ કે તેનું નિરાકરણ થાય, અને જે પણ સમસ્યાઓ હોય તેનું નિરાકરણ કરવામાં આપણી સંસ્થાઓ યોગદાન  આપે. આપણે શાંતિપૂર્વક જીવન જીવવા ઈચ્છીએ છીએ, આપણે શાંતિપૂર્વક જીવન જીવવા ઈચ્છીએ છીએ, આપણે શાંતિપૂર્વક જીવન જીવવા ઈચ્છીએ છીએ, અને તમે શાંતિપૂર્વક જીવન જીવો તે માટે અમે તમને અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

બીજું, અમે તમને તમારા પોતાના, તમારા બાળકોના, જમાતની ભવિષ્યની પેઢીઓના માટે તંદુરસ્તીભર્યું જીવન ઇચ્છીએ છીએ અને અમે જગતભરના અમારા સર્વે મુરીદો માટે મુશ્કિલ-આસાન માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારી જમાત વધતા જતાં પ્રમાણમાં ગતિશીલ (mobile) છે. મુરીદો ગ્રામ્ય પ્રદેશમાંથી શહેરો તરફ આવી રહ્યા છે, તેઓ એક દેશથી બીજા દેશમાં સ્થાળાંતર કરી રહ્યા છે, તેઓ એવા નવા દેશોમાં શૈક્ષણિક તક મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે, કે જેની તેઓએ ભૂતકાળમાં મુલાકાત નહોતી કરી. અને આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ; જ્યારે તમે જગતભરમાં સ્થળાંતર કરો, ત્યારે તમારી સાથે આપણા ધર્મની નીતિમત્તા લઈ આવો, તમારી સાથે આપણા ધર્મની નીતિમત્તા લઈ આવો, કે જેથી ભલે જમાત ક્યાંય પણ રહેતી હોય, ઈન્શાઅલ્લાહ, તેનો આદરમાન કરવામાં આવશે, તે એકતાપૂર્વક રહેશે, તે પ્રમાણિકતા અને સખતાઈપૂર્વકના (rigorous) જીવનના સિદ્ધાંતો પ્રમાણેનું જીવન જીવશે. અને અહીં અમારી સર્વે જમાત, અને અમારી જગતભરની જમાત માટે, સિરાતલ- મુસ્તકીમ ઉપર સફળતા માટે અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે સવારે આ ફરમાનને જમાતમાં એ સઘળા વોલન્ટીયરોને અમારા ઉમળકાભર્યા દુઆઆશિષો ફરમાવ્યા વગર પૂર્ણ કરવા નથી ચાહતા અને અમે તેઓને ફરમાવીએ છીએ "મુબારક". તમે જે સઘળું કરો છો અને તમે જમાતની જે અદ્દભુત સેવા કરો છો તેમાં તમને બરકત પ્રાપ્ત થાય. અને જેટલા વધુ વોલન્ટીયરો હોય છે, અમે તેટલા વધુ ખુશી થઈએ છીએ. આથી જમાતમાં સઘળા વોલન્ટીયરોને અમે અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *પ્રથમ હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

મુખી અમને બીજા માળે જવા માટે અરજ કરે છે, આથી, અમે શારીરિક રીતે તમારા વચ્ચેથી સીધાવી જઈશું, પરંતુ તમે હંમેશા, હંમેશા, હંમેશા અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છો અને અમે તમને અમારા ઉમળકાભર્યા, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે વિશ્વભરની જમાતને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. જ્યાં પણ સમસ્યાઓ છે, તેનું નિરાકરણ થાય, તેનું નિરાકરણ સંતોષજનક રીતે થાય, અને આપણી જમાત તરફ શાંતિ લઈ આવે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

### *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે તમે તમારી જમાતને, તેઓ જ્યાં પણ રહેતા હોય, અમારા દુઆઆશિષો પહોંચાડજો, અને તેઓને કહેજો કે તેઓ અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે, અને અમે તેઓના માટે દુઆઆશિષો મોકલાવીએ છીએ. તેઓ જ્યાં પણ રહેતા હોય, અમે તેઓના માટે, ખાસ કરીને આ સમયે, મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો મોકલાવીએ છીએ. તેઓ જ્યાં પણ રહેતા હોય, તમે જ્યાં પણ રહેતા હો,

અમે તમને મુશ્કિલ-આસાન માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

આપણે જ્યારે  ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે એ સ્પષ્ટ છે કે જગતભરમાં આપણી જમાતે શાંતિપૂર્વક -- તેમની પોતાની વચ્ચે શાંતિપૂર્વક, બીજાઓની સાથે શાંતિપૂર્વક -- રહેવાનો પ્રયાસ કરવો જોઈએ, કે જેથી લોકો એક એવું જીવન જીવી શકે કે જે ફળદાયક (productive) હોય, જે અસરકારક હોય, જે તેમના માટે સારું હોય, અને તેઓ તેમના કાર્ય દ્વારા, તેમના પ્રયાસ દ્વારા, તેમની અકલમંદી દ્વારા, તેમના શિક્ષણ દ્વારા, તેમના સહકાર દ્વારા પોતાના જીવનની ગુણવત્તાની સુધારણા કરી શકે. આથી, સાથે મળીને કાર્ય કરવાથી અમે ચાહીએ છીએ કે અમારી જમાત, વિવિધ સંસ્થાઓમાં સાથે મળીને જગતભરમાં ક્ષમતાનું ઘડતર કરે. આથી, સંગઠિત થાઓ, તમે સંગઠનનું જે પણ આધુનિક સ્વરૂપ પસંદ કરો, તેમાં સાથે મળીને કાર્ય કરો, પરંતુ જો તમે સહકારી સંગઠનો (co-operative organisations) માં, વ્યવસાયિક મંડળોમાં, સમાન હિત (common interest) ની બાબતોમાં સાથે મળીને સમૂહોમાં કાર્ય કરો છો, કામગીરી કરો છો, તો અમે ખુશી છીએ. દાખલા તરીકે ખરીદીના મંડળો (purchasing associations) -- તમે સાથે મળીને જે પણ કરવા શક્તિમાન હો, તે બાબત અમારા માટે ઘણી, ઘણી જ ખુશી લઈ આવે છે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ:

સંગઠિત થાઓ, સાથે મળીને કાર્ય કરો, સાથે મળીને ઘડતર કરો, અને મજબૂત પાયાઓનું ઘડતર કરો. અને સાથે મળીને કાર્ય કરવા દ્વારા તમે જે સફળતા માટે લાયક છો, તેના માટે અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ ફરમાનના અંતમાં, અમે તમારામાંના એકે એકને, તમારા કુટુંબો માટે, તમારી જમાત માટે, મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તેનું તમારા સંતોષ મુજબ નિરાકરણ થાય, કે જેથી તમે ખુશી, એકતા, અને સિરાતલ-મુસ્તકીમમાં નિયમિતતા ધરાવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને એ ધ્યાનમાં રાખો કે અમે સર્વ સમયે તમારી સાથે છીએ, અમે સર્વ સમયે તમારી સાથે છીએ, તમારા ઈમામ તમારી સાથે છે. તમે જે સારી વસ્તુઓ કરો છો, તમે જે મુશ્કેલીઓનો સામનો કરો છો, તેમાં તેઓ (ઈમામ) તમારી સાથે રહે છે -- અમે હંમેશા અમારી જમાત સાથે છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ત્રીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં અમારા સર્વે રૂહાની બાળકોને, અને તમારા કુટુંબોને તેઓ જ્યાં પણ હોય, તમારી જમાતને, તે જ્યાં પણ હોય, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  તમે તમારા કુટુંબોના, તમારી જમાતના સંપર્કમાં આવો, ત્યારે અમારા દુઆઆશિષો પહોંચાડવાનું યાદ રાખજો. આ બાબત (કાર્ય) અમે તમારા ખભા ઉપર રાખીએ છીએ -- અને ઈમામની એ દરખાસ્તને પરિપૂર્ણ કરો કે તમે તમારી જમાતને અને તમારા કુટુંબોને અમારા દુઆઆશિષો પહોંચાડજો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, જેમ આર્થિક પરિસ્થિતિઓ બદલાય છે, જેમ શિક્ષણમાં વધુ અને વધુ યુવાન લોકો સામેલ થાય છે, તેમ એ મૂળભૂત છે કે આપણી જમાત તેની નીતિમત્તાને, તેની પ્રણાલિકાઓને, તેના ધર્મના પાલનને વફાદાર રહે, અને તમે હંમેશા એ યાદ રાખો કે જ્યારે

તમે હયાત હો છો ત્યારે જીવનમાં એક ભૌતિક પાસું હોય છે, અને એક રૂહાની પાસું હોય છે કે જે ક્યારે પણ મૃત્યુ પામતું નથી. તમારો રૂહ અનંત છે. આથી, એ ધ્યાનમા રાખો કે તમારે ન માત્ર તમારા શારીરિક અસ્તિત્વનું, પરંતુ તમારા રૂહનું પણ ધ્યાન રાખવું જોઈએ. આથી, તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો, તમારા ધર્મની નીતિમત્તા -- પ્રમાણિકતા, ઉદારતા, ભાઈચારો, જે લોકો મુશ્કેલીમાં હોય તેમને સહાય -- તેને તમારા દરરોજનાં જીવનમાં અમલમાં મૂકો, અને એ યાદ રાખો કે આપણી જમાત એક વૈશ્વિકભાઈચારો (global brotherhood) છે.

આથી તમે જે પણ કંઈ કરતા હો, એ ધ્યાનમાં રાખો કે તમે પાકિસ્તાનમાં, પરંતુ ઘણા બધા બીજા દેશોમાં (પણ) ભાઈઓ અને બહેનો ધરાવો છો. જો તમે બીજા દેશોમાં સ્થળાંતર કરો, તો એ દેશોમાં આપણી સંસ્થાઓના સંપર્કમાં રહો, કે જેથી તે દેશોમાંની આપણી સંસ્થાઓ તમારી ઉપસ્થિતિ વિશે વાકેફગાર હોય અને તમે જગતમાં ક્યાંય પણ રહેતા હો, તેઓએ તમને જે સહાય આપવી જોઈએ તે સહાય તમને આપી શકે.

આજે અમે તમને મુશ્કિલ-આસાન માટે, તમે સર્વે માટે, તમારા કુટુંબો માટે, તમારી જમાત માટે, અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ, આથી, મુશ્કિલ-આસાન માટે

અમારા દુઆઆશિષો પહોંચાડજો. ઝડપી બનો, સ્પષ્ટ બનો, અને તમારા કુટુંબને અને તમારી જમાતને કહેજો કે એ તમને ઈમામની દરખાસ્ત છે કે તમારા કુટુંબોને, તમારી જમાતને મુશ્કિલ-આસાન માટે, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો પહોંચાડજો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ચોથા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે જુઓ કે ઈમામ ત્યારે ખુશ હોય છે કે જ્યારે  આપણે સૌ સાથે મળીને હસી શકીએ. અને જો ટેક્નિકલ (technical) વસ્તુઓમાં કાંઈ ખામી ઉભી થાય, તો ઠીક છે, તેમાં શું થયું? અમે આ માઈક્રોફોન વગર તમારી સાથે વાત કરીશું: આથી, આ પ્રસંગે, અમે તમારામાંના એકે એકને અને દરેકને, અમારા અતિશય  હેતપૂર્વકના અને અમારા ઉત્તમ  પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને, તમારા કુટુંબોને, જો તેઓ અહીં ન હોય તો, તમારી જમાતને, અને એ સઘળા મુરીદો કે જેના સંપર્કમાં તમે આવો તેમને, અમારા દુઆઆશિષો પહોંચાડવાની દરખાસ્ત

કરીએ છીએ -- તેઓને કહેજો કે તેઓ અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે, અને અમે તમારા મારફત, તેઓને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ એ મહત્વનું છે કે આપણી જમાતનું મજબૂત સંસ્થાઓ ઉપર ઘડતર કરવું જોઈએ. તેનો જે અર્થ થાય છે તે એ છે કે, જેમ સમય વીતતો જાય છે, તેમ મજબૂત શૈક્ષણિક સંસ્થાઓ, મજબૂત આરોગ્ય સંસ્થાઓ, મજબૂત આર્થિક સંસ્થાઓનું ઘડતર કરવાનો આપણે પ્રયાસ કરીએ છીએ, આપણે પ્રયત્ન કરીએ છીએ, કે જેથી જમાત જ્યાં પણ રહેતી હોય, એક મુરીદ જ્યાં પણ રહેતો હોય, તે અથવા તેણી આપણી સંસ્થાઓની સહાય ઉપર નિર્ભર રહી શકે. આથી, આજે અહીં, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમારી પાસે, તમારા જીવનકાળ દરમ્યાન અમુક સમય માટે જમાતી સંસ્થાઓ માટે કાર્ય કરવાની, તમારું જ્ઞાન, તમારી કાબેલિયત, તમારી યુવાની, તમારી કલ્પનાશક્તિ, તમારી સર્જનશીલતા (creativity) લઈ આવવાની તક હોય તો -- અમે તમને જણાવવા ચાહીએ છીએ કે તમે હંમેશા અમારા દુઆઆશિષો તમારી સાથે

ધરાવશો, અને અમે તમને આ કાર્યમાં સફળતા માટે અમારા ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ પ્રસંગે, એ સઘળા વોલન્ટીયરોને પણ અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવવા ચાહીએ છીએ કે જેઓ અહીં પાકિસ્તાનની અમારી મુલાકાત દરમ્યાન આવું અદભૂત કાર્ય કર્યું છે, તેઓ ઉદાહરણરૂપ રહ્યા છે, તેઓ વ્યવસ્થાબધ્ધ (organised) રહ્યા છે, તેઓ શિસ્તબધ્ધ રહ્યા છે, તેઓ અસરકારક રહ્યા છે અને તેઓના ઉત્તમ કાર્યથી અમે ઘણા, ઘણા જ ખુશી અને સન્માનિત થયા છીએ. આથી, જમાતમાંના સઘળા વોલન્ટીયરોને અમે ફરમાવીએ છીએ: મુબારક ! આ કાર્ય તમને તમારા કુટુંબો પ્રતિ, તમારી જમાત પ્રતિ દરરોજ બરકત લઈ આવે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જ્યારે  પાકિસ્તાનમાં ઉમ્માહના અન્ય ભાગોમાં ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમે અમને પોતાને કહીએ છીએ: આપણે શું ઈચ્છા રાખીએ છીએ, આપણે  ઉમ્માહ માટે શું ઈચ્છા રાખીએ છીએ? અને અમને લાગે છે કે એ મહત્વનું છે કે આપણે એ જાણીએ કે માનવ સમાજ પોતાનો માત્ર ત્યારે જ વિકાસ કરી શકે જ્યારે  શાંતિ હોય. અને આથી,

આપણને એ દરેક દેશ કે જેમાં જમાત રહે છે, તેમાં શાંતિનું ઘડતર કરવા માટે શક્ય હોય તે દરેક વસ્તુ કરવી જોઈએ. જ્યાં પણ તણાવ હોય, જ્યાં પણ ઘર્ષણ હોય ત્યાં આપણે એક એવો સમુદાય બનાવવો જોઈએ કે જે શાંતિની દરેક પ્રક્રિયાને ટકાવી રાખે છે, તેમાં માને છે, તેને સહાય કરે છે. અને અમે ખાસ કરીને પાકિસ્તાનનો નિર્દેશ નથી કરતા -- અમે એવા વૈશ્વિક મુદ્દાઓનો નિર્દેશ કરીએ છીએ, કે જ્યાં સમાજો નિષ્ફળ જાય છે, કારણ કે તેઓ ઘર્ષણમાં હોય છે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે જ્યાં પણ રહેતા હો, તમે જે પણ કંઈ કરતા હો, તમારી આસપાસ શાંતિનું ઘડતર કરવાનો પ્રયાસ કરો. તમે જે રીતે જીવન જેવો છો, તમે જે શિક્ષણ ધરાવો છો, તેના ભાગ તરીકે શાંતિ લઈ આવો, અને એ બાબતની ચોકસાઈ કરવાનો પ્રયાસ કરો કે સમગ્ર ઉમ્માહમાં અને બીજી જગ્યાઓમાંના સમુદાયોમાં, તમે તમારી સાથે શાંતિ લઈ આવો. અને અમે ખાસ કરીને જગતભરની જમાત માટે શાંતિ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, તેઓ તેમની પોતાની વચ્ચે અને બીજા સમુદાયોની સાથે શાંતિનું ઘડતર કરે.

અમે આ ફરમાનને અમારી જમાતને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીને પૂર્ણ કરીએ છીએ. તમારી સમસ્યાઓ અદ્રશ્ય થાય, તમે પરિણામો (outcomes) થી ખુશી થાવ, તમારા કુટુંબોમાં એકતા હોય, તમે સારી

તંદુરસ્તી ધરાવો, અને અમે તમને ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૨૨. કરાંચી, પાકિસ્તાન, ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૭

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને અને તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  તમે તમારા કુટુંબોના સંપર્કમાં આવો, જેઓ કદાચ અહીં ન હોય, અથવા તમારી જમાત સાથે (સંપર્કમાં આવો) ત્યારે એ કહેવાની ચોકસાઈ રાખજો કે અમે તેમના વિશે વિચાર કરીએ છીએ, અને અમે તમારા મારફત તેમને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે વિશ્વભરની જમાતને મુશ્કિલ-આસાન માટે, શાંતિ માટે, સુખ માટે, અને રૂહાની રોશની માટે અમારા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆતમાં, સઘળી જમાતી સંસ્થાઓ પ્રતિ અમારો આભાર અને અમારી પ્રશંસા વ્યકત કરવા ચાહીએ છીએ, કે જેઓએ આ મુલાકાતને અમારા માટે આટલી બધી ખુશીપૂર્ણ બનાવવા, અને અહીં પાકિસ્તાનમાં આપણી સંસ્થાઓ સાથે અમે જે કાર્ય કરવા શક્તિમાન બન્યા છીએ, તેના સંદર્ભમાં આટલી બધી ઉપયોગી બનાવવા માટે તેઓ સહભાગી થયા છે. એ ધ્યાનમાં રાખો કે આવનારાં વર્ષો દરમ્યાન આપણે ઈન્શાઅલ્લાહ, જમાતને વધુ અને વધુ સેવા આપવા માટે, તેમના ભવિષ્યનું મજબૂત આર્થિક પાયાઓ ઉપર, મજબૂત બૌદ્ધિક પાયાઓ ઉપર, અગાઉથી અનુમાન કરવાની, અગાઉથી અનુમાન કરવાની, આગળની તરફ દ્રષ્ટિ કરવાની મજબૂત ક્ષમતા ઉપર ઘડતર કરવા માટે, અને યુવાન પેઢીઓને, આવતી કાલના અને પરમદિવસ (the day after tomorrow)ના જગતમાં જીવન જીવવા તૈયાર કરવા માટે, એ સંસ્થાઓ ઉપર ઘડતર કરીશું.

અમે આજે અમારા રૂહાની  બાળકોને, ખાસ કરીને યુવાન પેઢીઓને ફરમાવીએ છીએ: જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો -- જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો. કારણ કે પહેલા કદીપણ હતું તે કરતાં વધુ આજે, તમે જીવનમાં જેમ આગળ વધતા જાઓ, તેમ જીવન પર્યંતનું શિક્ષણ (life-long

learning) તમારી સાથે રહેવું જરૂરી છે. શિક્ષણ, જ્ઞાન, કાબેલિયત ન માત્ર અહીં  પાકિસ્તાનમાંની પરંતુ જગતભરની જમાતના ભવિષ્ય માટે મુખ્ય મુદ્દાઓ છે. પછી ભલે તે અહીં એશિયામાં હોય, પછી ભલે તે આફ્રિકામાં હોય, પછી ભલે તે ઉત્તર અમેરિકામાં હોય, પછી ભલે તે પશ્ચિમ યુરોપમાં હોય -- જ્ઞાન સામાજિક પ્રગતિ માટેનો પાયો છે, અને તે આજે "જ્ઞાન આધારિત સમાજ" (knowledge society) તરીકે ઓળખાય છે. આ રીતે આજે સમાજની વ્યાખ્યા કરવામાં આવે છે. આથી, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: સખત કાર્ય કરો, સખત અભ્યાસ કરો, સાથે મળી કાર્ય કરો, અને કાબેલિયત મેળવવાનો પ્રયાસ કરો. અને અમે સફળતા માટે તમને ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે સવારના અમારા રૂહાની બાળકોને એ પણ ફરમાવીએ છીએ: તમારી દુઆ-બંદગીમાં નિયમિત રહો. એ ધ્યાનમાં રાખો કે માનવ શરીર મર્યાદિત સમય માટે છે -- રૂહ અનંત છે. આથી આ મૂળભૂત સિધ્ધાંતને ધ્યાનમાં રાખો તે આપણો સિધ્ધાંત છે, તે મુસ્લિમોનો સિધ્ધાંત છે. આથી, આ બાબતને ધ્યાનમાં રાખો અને એની ચોકસાઈ કરો કે તમે તમારા ધર્મનું નિયમિત રીતે પાલન કરતા હો. અમે તમને તમારી દુન્યવી બાબતોમાં, તમારી ધર્મની બાબતોમાં, તમારા

કુટુંબોમાં, તમારી પ્રવૃત્તિઓમાં સફળતા માટે અને રૂહાની અને ભૌતિક -- સારી તંદુરસ્તી માટે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *પ્રથમ હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમારા પ્રેસિડેન્ટે આ મુલાકાત પ્રસંગે એક ભવ્ય નઝરાણું અર્પણ કર્યું છે. એ અમારી આશા છે કે એ નઝરાણું તમારામાંના એકે એક માટે, હજારગણું, હજારગણું વધવા પામશે -- કે જેથી તમે સઘળી ભૌતિક સમસ્યાઓથી મુક્ત થાઓ, કે જેથી તમે સારી તંદુરસ્તી, જમાતમાં એકતા, કુટુંબોમાં અને તમારી પ્રવૃત્તિઓમાં સારું કાર્ય અને સફળતા ધરાવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે ઘણાજ આભાર સાથે નઝરાણું કબૂલ ફરમાવીએ છીએ અને તેનો અહીં પાકિસ્તાનમાંની અને જગતના અન્ય ભાગોમાંની જમાતના ફાયદા માટે ઉપયોગ કરવામાં આવશે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે હમણાં અમને લાડ લડાવ્યા છે, અને તમારે અમને લાડ લડાવવા જોઈએ નહિ -- અમારે તમને લાડ લડાવવા જોઈએ. આથી આ એક અયોગ્ય રીત છે. પરંતુ તમે અમને જે અતિ સુંદર ભેટ અર્પણ કરી છે, તેના માટે અમે તમારો આભાર માનીએ છીએ. તે આપણા ઈતિહાસની સંસ્કૃતિના ભાગરૂપ છે. તે દમાસ્કસની એક સુંદર ધૂપદાની છે, જે ગુણવત્તાસભર હવા (quality air) લઈ આવે છે, જેમાં તમે શ્વાસ લ્યો છો, તેને તમે તમારા શરીરમાં લ્યો છો. અને અમે તમને એ જણાવવા ચાહીએ છીએ કે આ વિચારશીલ, ધ્યાન પૂર્વક પસંદ કરવામાં આવેલ, સુંદર ભેટ માટે અમે કેટલા બધા આભારી છીએ. અને તે આ મુલાકાતની, પાકિસ્તાનની આ મુલાકાતની યાદગીરી સ્વરૂપે અમારી પાસે રહેશે. અને અમે તમને અનેક, અનેક, અનેક, અનેક દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમો સર્વેને, તમારામાંના એકે એકને, તમારા કુટુંબને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા

અતિશય હેતપૂર્વકનાં, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  તમે તમારા કુટુંબોના અને તમારી જમાતના સંપર્કમાં આવો ત્યારે તેમને અમારા દુઆઆશિષો પહોંચાડજો. તેઓને કહેજો કે અમે તેમની ઉમેદોની પરિપૂર્ણતા માટે અને મુશ્કિલ-આસાન માટે તેમને દુઆઆશિષો મોકલાવીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ આપણે એ સઘળા દેશો કે જેમાં જમાત રહે છે તેમાં શિક્ષણમાં, આરોગ્ય-સંભાળમાં, સામાજિક સંગઠનમાં, મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવાનો પ્રયાસ કરીશું, કે જેથી વર્ષોના વીતવાની સાથે, જમાત જીવનની વધુ સારી ગુણવત્તા, વધુ સારું શિક્ષણ, સારી તંદુરસ્તી, એકતા, અને ખુશીની સાથે વધુ મજબૂત અને વધુ મજબૂત અને વધુ મજબૂત બને.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  તમે પાકિસ્તાનમાં બીજી જગ્યાએ, અથવા પાકિસ્તાનની બહાર તમારા કુટુંબોના સંપર્કમાં આવો, ત્યારે આ ફરમાન તમારા કુટુંબોને, તમારી જમાતોને જણાવજો,

અને તેઓને કહેજો કે આ પ્રસંગે, અમે ન માત્ર અમારી પાકિસ્તાનની જમાત વિશે વિચાર કરીએ છીએ, પરંતુ અમે અમારી વૈશ્વિક જમાત વિશે વિચાર કરીએ છીએ. અને તે એટલા માટે કે આ જમાતમાનાં એવા મુરીદો છે કે જેમણે જગતભરમાં સ્થળાંતર કર્યું છે, બીજા દેશોમાં પોતાને સ્થાપિત કરેલ છે, ત્યાં જમાતનું ઘડતર કર્યું છે. અને આજે અમે ચાહીએ છીએ કે તમે એ જમાતને અમારા દુઆઆશિષો પહોંચાડજો કે જેણે પોતાને પાકિસ્તાનની બહાર સ્થાપિત કરેલ છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આપણે જમાતમાં, જગતના વિવિધ ભાગોમાં, એવી સંસ્થાઓનું સર્જન કર્યું છે કે જે સહાય કરવા માટે છે, જે આપણી જમાતના જીવનની ગુણવત્તા પ્રતિ યોગદાન આપવા માટે છે. આપણે તે આરોગ્ય-સંભાળનાં ક્ષેત્રોમાં કર્યું છે, આપણે તે શિક્ષણના ક્ષેત્રોમાં કર્યું છે, આપણે તે આર્થિક સહાયનાં ક્ષેત્રોમાં કર્યું છે. અને અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બાળકો એ ધ્યાનમાં રાખે કે આમ કરવામાં આપણો ઉદ્દેશ્ય, જમાતને ઉત્તમ પ્રથા, ઉત્તમ પ્રથા ઉપલબ્ધ કરાવવાનો છે. તેનો અર્થ એવી સંસ્થાઓનું સર્જન કરવાનું થાય છે કે જે આરોગ્ય-સંભાળમાં, શિક્ષણમાં, આર્થિક સહાયમાં ઉત્તમ પ્રથા પુરી પાડી શકે. અને જેમ સમય આગળ વધતો જાય છે તેમ,

આપણે આ પ્રવૃત્તિઓમાં ઉમેરો કરીશું, ઈન્શાઅલ્લાહ, તેમને જમાતને વધુ ઉપલબ્ધ બનાવવા, આપણી સંસ્થાઓને મજબૂત કરીશું, તેમને વધારે ક્ષમતા પ્રદાન કરીશું.

અને તમારે આ સંસ્થા પાસે તમારી જરૂરતો વ્યક્ત કરવી જોઈએ. જમાત અને આપણી સંસ્થાઓ વચ્ચે વાર્તાલાપ (dialogue) થવો જોઈએ અને આ વાર્તાલાપ પાકિસ્તાનમાંની અને જગતના અન્ય ભાગોમાંની જમાત માટે, કંઈ વસ્તુ ઉત્તમ રીતે સેવા આપી શકશે, તે સંબંધી સાથે મળીને વિચારણા કરવાની એક અવિરત પ્રક્રિયા (ongoing process) બનવી જોઈએ. આથી જમાતની જરૂરતો શું છે અને એ જરૂરતોને કંઈ ઉત્તમ રીતે આપણે પહોંચી વળી શકીએ, તે માટે આપણે સમુદાયનું ડહાપણ (community wisdom) અને જમાતનું ડહાપણ મેળવવાનો પ્રયાસ કરીએ છીએ.

અમે આજે તમારામાંના એકે એકને અને દરેકને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે તમારા કુટુંબોમાં એકતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે સારી તંદુરસ્તી માટે

દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે સુખ - રૂહાની સુખ અને દુન્યવી સુખ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ત્રીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, બધાને એક સાથે, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે આ મુલાકાત પછી, તમે તમારા કુટુંબોને, તેઓ જ્યાં પણ હોય, અમારા દુઆઆશિષો પહોંચાડજો -- સુખ માટે, ઈમાનની મજબૂતી માટે, અને ખાસ કરીને સર્વે બાબતોમાં, ધર્મમાં અને જગતમાં, સર્વે બાબતોમાં મુશ્કિલ-આસાન માટે અમારા દુઆઆશિષો પહોંચાડજો. અમે સુખ માટે અને સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ તમારા ઈમામ તરીકે, અમે અમારી જમાતની ગુણવત્તા જે રીતે વિકસિત થઈ રહી છે તેને નિહાળીએ છીએ. અને અમે અમારી જમાત માટે જીવનની ઉત્તમ ગુણવત્તા ઈચ્છીએ છીએ. અને એ ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે, અમે અમુક સંખ્યાના લક્ષ્યાંકો ધરાવીએ છીએ.

સૌ પ્રથમ, તમારા કુટુંબોમાં એકતા રહે, કે જેથી, સાથે મળીને તમે દરરોજના જીવનના પડકારોનો સામનો કરી શકો. આથી, અમે જમાતમાના સર્વે કુટુંબોને એકતા માટે, અને પરસ્પરની સહાય, અને પ્રોત્સાહન તેમજ મજબૂતી, માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

બીજું, અમે અમારા રૂહાની  બાળકોને, ખાસ કરીને યુવાન રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમારી પાસે શિક્ષણ માટેની તક હોય, તો તમારા સમગ્ર જીવન દરમ્યાન શિક્ષણ લ્યો, શિક્ષણનો ઉપયોગ કરો -- જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો. અને નવીન જ્ઞાન અને નવીન કાબેલિયતોને ગ્રહણ કરો, કે જેથી તમે તમારા સમગ્ર જીવન દરમ્યાન, તમારા કાર્યમાં સફળતા અને કાબેલિયતની અજોડ રીતે, તમને પોતાને સ્થાનબધ્ધ કરવા શક્તિમાન હો. અમે અમારી જમાત, તમે જ્યાં કાર્ય કરો છો તે સર્વ ક્ષેત્રોમાં કાબેલિયત મેળવવાની ઈચ્છા કરીએ છીએ. અને

ઈન્શાઅલ્લાહ, જો તમારી પાસે તે કાબેલિયત હોય તો તમે સારી પ્રગતિ કરશો, અને આ બાબતની અમે અમારી જમાત માટે ઈચ્છા કરીએ છીએ.

ત્રીજું તમારા ધર્મના પાલનમાં નિયમિત બનો. એ ધ્યાનમાં રાખો કે દરેક મુરીદનો એક માત્ર ભાગ જે અનંત છે તે રૂહ છે. શરીર અનંત નથી, માત્ર રૂહ જ અનંત છે. આથી, તમારી દુઆ-બંદગીમાં નિયમિત રહો, કોઈપણ સમયે તમારી તસ્બીહ લ્યો, અને અલ્લાહ વિશે વિચાર કરો. કેવળ તસ્બીહ લ્યો અને કોઈ પણ સમયે, અલ્લાહના નામનું સ્મરણ કરો. તમારી તસ્બીહ લેવાનો કોઈ નિર્ધારિત સમય (fixed time) નથી. તે તમારી પસંદગી છે અને કોઈ પણ સમયે. આથી તમારા ધર્મને ન માત્ર દુઆ-બંદગીના નિયમિત સમયે -- (પરંતુ) સર્વ સમયે તમારા હૃદયમાં, તમારા વિચારોમાં રાખો.

ઈસ્લામમાં અલ્લાહ વિશેની સભાનતા (awareness) એક મૂળભૂત સિધ્ધાંત છે, અને આથી અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બાળકો એ સમજે કે તે સભાનતા ઘણી, ઘણી, ઘણી અગત્યની છે. અમે આ ફરમાન અમારા રૂહાની બાળકોને અગાઉ નથી ફરમાવ્યું, અને અમે તે તમને આજે ફરમાવીએ છીએ, કારણ કે અમે ચાહીએ છીએ કે તમે એ સમજો કે જો કે, તમે ભૌતિક જગતમાં જીવો છો, તેમ છતાં તમારે તે ભૌતિક જગતને તમારા જીવનનો અંતિમ ઉદ્દેશ્ય બનાવવો જોઈએ

નહિ. તમારા જીવનનો અંતિમ ઉદ્દેશ્ય રૂહાની સુખ, ઈમાનની મજબૂતી, ધર્મનું પાલન, ધર્મની નીતિમત્તા -- ભાઈચારા અને બહેનપણાની પરસ્પરના સન્માન (mutual respect) અને સહાયની, જેમને સહાયની જરૂરત છે તેમના પ્રત્યે ઉદારતાની નીતિમત્તાનું પાલન છે. આથી, નીતિમત્તાના આ સિધ્ધાંતો એવા સિધ્ધાંતો છે, કે જેના ઉપર અમારી જમાતે જીવન જીવવું જોઈએ. અને ઈન્શાઅલ્લાહ, એ સિધ્ધાંતોમાં જીવન જીવવાથી તમે મહાન ખુશી મેળવશો.

અમે આ મુલાકાતના પ્રસંગે તમને ફરી એક વાર, અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને જેવી આ મુલાકાત પૂર્ણ થાય કે (તરત જ) તમે તમારા કુટુંબોને, તમારી જમાતને, તેઓ જગતમાં ક્યાંય પણ હોય, અમારા દુઆઆશિષો મોકલાવજો. અને તેઓને કહેજો કે આ સમયે તમારી સમક્ષ અમે તેઓના વિશે વિચાર કરીએ છીએ. અને અમે તમને અમારા ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન,ખાનાવદાન.

## *ચોથા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની  શરૂઆત, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન,ખાનાવદાન.

જ્યારે  તમે તમારા કુટુંબોના, તમારા મિત્રોના સંપર્કમાં આવો, ત્યારે તમે તેઓને -- તેમના સુખ માટે, તેમની સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને મુશ્કિલ-આસાન માટે અમારા દુઆઆશિષો પહોંચાડજો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે પછીથી, અમે અમારી જમાતમાંથી શારીરિક રીતે સીધાવી જઈશું, પરંતુ અમે અમારી જમાતને એ જણાવવા ચાહીએ છીએ કે તમે હંમેશા, દિવસ અને રાત્રે, અમારા હૃદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં છો. અને અમે તમને સુખ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. ભલે ઈમામ શારીરિક રીતે અહીં હોય અથવા બીજી કોઈ જગ્યાએ હોય, અમે ચાહીએ છીએ કે રૂહાની સુખ તમારી સાથે હોય.

તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો. તમારા ધર્મની નીતિમત્તાની અંદર જીવન જીવો. એકબીજાને સહાય કરો. તમારી સંસ્થાઓને ટકાવી રાખો. તમારા કાર્યમાં સખ્ત પ્રયત્ન કરો. અને અમે તમને તમારી સઘળી દુન્યવી પ્રવૃત્તિઓમાં, અને તમારી સઘળી રૂહાની પ્રવૃત્તિઓમાં સફળતા માટે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન,ખાનાવદાન.

પાકિસ્તાનમાંની જમાત એવી સંખ્યાબંધ સંસ્થાઓ ધરાવે છે, જે ઉત્તરમાં, દક્ષિણમાં કાર્ય કરે છે, અને એ અગત્યનું છે કે આ સંસ્થાઓ, આપણે જમાતમાં જે સઘળા સૌથી વધુ યોગ્યપાત્ર (qualified) મુરીદો ધરાવીએ છીએ, તેમના જ્ઞાન અને કાબેલિયતમાંથી ફાયદો મેળવે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમે શિક્ષણમાં, નાણાકીય બાબતોમાં, આરોગ્ય-સંભાળમાં, સામાજિક સંગઠનમાં, પરોપકારી પ્રવૃત્તિ (philanthrophic activity)માં -- સારા શિક્ષણનો, વિશિષ્ટ જ્ઞાનનો આશીર્વાદ ધરાવો છો, તો તમે પાકિસ્તાનમાંની અને વિદેશમાંની આપણી સંસ્થાઓને તમારું જ્ઞાન ઉપલબ્ધ બનાવો, કારણ કે મજબૂત સંસ્થાઓની સાથે આપણી જમાત સારી પ્રગતિ કરશે.

આથી અમે પાકિસ્તાનમાંના અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: મજબૂત સંસ્થાઓનું ઘડતર કરો, અને

ઈન્શાઅલ્લાહ, તેઓ જમાતની સારી રીતે સેવા કરશે, તેઓ ન માત્ર જમાતની, પરંતુ બીજાઓની (પણ) સારી રીતે સેવા કરશે. અને અમે તેમના માટે મહાન સફળતા, મહાન સફળતા ઈચ્છીએ છીએ, અને અમે આશા રાખીએ છીએ કે તેઓ તે કાર્યમાંથી ખુશી મેળવશે. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જો કે, આજે અમે શારીરિક રીતે તમારી વચ્ચેથી સીધાવી જઈશું, અમારી જમાત હંમેશા, હંમેશા, હંમેશા અમારા હૃદયમાં, અમારા વિચારોમાં, અને અમારી દુઆઓમાં છે. કોઈપણ વર્ષના કોઈ પણ મહિનાના, કોઈ પણ દિવસની એક પણ સેકેંડ એવી નથી હોતી, કે જ્યારે  અમારી જમાત અમારા હૃદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં ન હોય. આથી, તમે એ જાણો કે  તમે સતત રીતે અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં છો.

અમે તમને તમારા કુટુંબોમાં એકતા માટે, જમાતમાં એકતા માટે, અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ દુઆઆશિષો  ફરમાવીએ છીએ -- તમારી સઘળી સમસ્યાઓ દૂર થઈ જાય. તે અદ્રશ્ય થઈ જાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૨૩. તાલિકા મુબારક
## નોર્ધન એરિયા, પાકિસ્તાન, ડિસેમ્બર, ૨૦૧૭

અમે અમારી જમાતને જણાવવા ઈચ્છીએ છીએ કે અમારી ડાયમંડ જ્યુબિલીના પ્રસંગે અમે પાકિસ્તાનની મુલાકાતથી કેટલા ખુશી છીએ, અને અમે ખાસ કરીને એટલા માટે રાજી છીએ કે અમે ચિત્રાલ અને ગિલગીટ-બાલ્તિસ્તાનની મુલાકાતે પણ આવી શક્યા. અમે અમારી જમાતને ફરમાનો કર્યા છે કે જેમાં અમે દીન અને દુનિયા વચ્ચે સંતુલન જાળવવાના મહત્વ ઉપર ભાર મૂક્યો છે. તમારા રોજીંદા જીવનમાં, નિયમિતપણે પ્રેકટીસ અને તમારા ધર્મની સભાનતા હોવી જરૂરી છે, અને અમે ઈચ્છીએ છીએ કે અમારી જમાત સિરાતલ-મુસ્તકીમ પર અડગ રહે. રૂહાની રોશની માટેની પરંપરાગત વ્યક્તિગત શોધ હઝરત અલીના સમયથી અમારા તરીકામાં અસ્તિત્વમાં છે. આ પ્રેકટીસ એ વિવિધ સ્વરૂપો અપનાવ્યા છે અને આ શોધ અમારા ધર્મનો મૂળભૂત સિધ્ધાંત રહેલો છે.

અમારી પાકિસ્તાનની મુલાકાત પ્રસંગે, અમે અમારી જમાતને જાણ કરવા ચાહીએ છીએ કે અમે ચિત્રાલ અને ગિલગીટ બાલ્તિસ્તાનમાં બૈતુલખ્યાલ મિજાલીસની સ્થાપનાની નવાજીશ કરવાનું નક્કી કર્યું છે, જેનો અમલ ૨૧ માર્ચ ૨૦૧૮ ના રોજ તમામ મોટા કેન્દ્રો પર થવો જોઈએ, તેથી

જે મુરીદોની ઈચ્છા હોય તેઓ અમારા તરીકાની આ પ્રેકટીસમાં ભાગ લઈ શકે છે.

અમારી મુલાકાતના અંતે, અમે પાકિસ્તાન જમાતના અમારા વ્હાલા રૂહાની બાળકોને, અમારા હેતપૂર્વકના અને અતિશય વ્હાલભર્યા  પ્રેમાળ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. અમે, બધા વોલિન્ટિયરોને પણ અમારી મુલાકાતને આટલી સફળ અને યાદગાર બનાવવા માટે તેઓની ઉત્તમ સેવાઓ બદલ અમારા  ખૂબ જ હેતપૂર્વકના પ્રેમાળ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

## ૨૪. દુબઈ, યુનાઈટેડ અરબ અમીરાત, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૮ ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અહીં હાજર અમારા સર્વે રૂહાની બાળકોને, તમારા કુટુંબોને, તમારી જમાતને -- તેઓ જગતમાં ક્યાંય પણ હોય -- અમે આજે, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે તમે તમારા કુટુંબના, તમારી જમાતના સંપર્કમાં આવો, ત્યારે પ્રથમ વસ્તુ જેનો તમે ઉલ્લેખ કરો, તે એ છે કે અમે તમારી મારફત તેમને અમારા દુઆઆશિષો ફરમાવેલ છે. શું અમને (તે માટે) વચન આપો છો? ઘણું સારું, અમે તે માટે ખાત્રી કરવા ચાહતા હતા કે દરેક મુરીદે "હા" પાડી છે. આથી, અમે ચાહીએ છીએ કે તમે તમારા કુટુંબને, તમારી જમાતને કહેજો કે અમે આ પ્રસંગે તમારી સાથે હોવા બદલ કેટલા ખુશી છીએ. અને બેશક, આ પ્રસંગે, અમે જેમ આ ફરમાનની શરૂઆતમાં ફરમાવ્યું છે તેમ, તમે તમારી જમાત કે જે કદાચ અહીં અમારી હુઝુરમાં નથી, તેને અમારા અતિશય

ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના દુઆઆશિષો પહોંચાડજો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે આ પ્રસંગ એ હકીકતની ઉજવણી કરવા માટેનો છે કે તમે ભાઈઓ છો અને તમે બહેનો છો. અને આજે આપણી જમાત, આપણા ઈતિહાસમાં ક્યારે પણ હતી તેના કરતાં વધુ વૈશ્વિક છે, અને આથી, તે પડકારો સાથેની, સફળતાઓ સાથેની, તકો સાથેની, કદાચ નિષ્ફળતાઓ સાથેની -- એક વિશાળ શ્રેણીની પરિસ્થિતિઓમાં રહે છે. પરંતુ એ હકીકત કે જમાત એક ભાઈચારો છે, તેનો અર્થ એ થાય છે કે દરેક મુરીદ કે જે બીજા દરેક મુરીદના સંપર્કમાં છે, તે (તેને) નિહાળે છે, (તેનું) ધ્યાન રાખે છે, સહાય કરે છે, (તેને મદદ કરવા) આગળ આવે છે. અને આ ભાઈચારો એવો છે, જે સમયમાં, સર્વે પેઢીઓમાં અમર્યાદિત રીતે કાર્ય કરે છે, કે જેથી જ્યારે તમારા દુન્યવી જીવનમાં સમસ્યાઓ હોય, ત્યારે તમારી પાસે એવા લોકો હોય કે જેઓ તમને મદદ કરશે, જેઓ તમને સહાય કરશે. અને જેઓ આ સહાય કરે છે, તેમને આજે અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આપણે જ્યારે ભવિષ્ય તરફ આગળ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે એ મહત્વનું છે કે આપણે જગતના આ ભાગમાંની અને બીજી દરેક જગ્યાઓમાંની જમાત માટે મજબૂત સંસ્થાઓનું ઘડતર કરીએ. આથી અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારી યુવાનીનો, તમારી તકનો, તમને પોતાને સારી રીતે શિક્ષિત બનાવવા માટે ઉપયોગ કરો, અને તે શિક્ષણનો માત્ર તમારા પોતાના માટે જ કંઈક મહત્વની બાબત તરીકે વિચાર નહિ કરો, પરંતુ તે તમારા કુટુંબો માટે, તમારી જમાત માટે, તમે જે દેશોમાં રહો છો તેના માટે મહત્વની બાબત છે. જમાત જ્યાં પણ રહે છે, એ અમારી આશા છે કે તેઓ જે દેશોમાં રહે છે, તેમાં તેઓ સહાય, વિકાસ અને સફળતા લઈ આવશે, કે જેથી જગતભરમાં જમાતની પ્રશંસા કરવામાં આવે, સન્માન આપવામાં આવે, અને તેઓ જે કાર્ય કરે છે, તેમાં તે અસરકારક હોય.

હકીકતમાં તેનો અર્થ શું થાય છે? તેનો અર્થ એ થાય છે કે ઈમામ જમાતને ફરમાવે છે: તમારા વસવાટના દેશોને સઘળી પેઢીઓ, સઘળી વયોના માટે -- સારી તંદુરસ્તીમાં રહેવા, ગરીબીથી દૂર રહેવા, ધન સંપત્તિનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા, અને એક એવી મૂલ્ય- પદ્ધતિ (value system) કે જે આપણું મૂલ્ય છે, આપણું મૂલ્ય છે, તે દ્વારા જમાતમાં મજબૂતીનું ઘડતર કરવા, તેને તકોના, તકોના દેશો બનાવવા તમારાથી બની શકે  તે સઘળું કરો. અને આપણા મૂલ્યના બે

પાસા (twofold) છે: તે ભૌતિક છે અને તે રૂહાની છે. અને અમે આજે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: દુન્યવી અને રૂહાની બંને બાબતોમાં મજબૂત બનો. અને એ અમારી આશા, અમારી ઈચ્છા છે કે તમે બંને જગતમાં - ભૌતિક જગતમાં અને રૂહાની જગતમાં સફળ બનો.

અને અમે આજે તમને, તમારામાંના એકે એકને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે, સુખ માટે, દુન્યવી સફળતા માટે, રૂહાની સફળતા માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, સારી તંદુરસ્તી માટે, અને તમારી ઈચ્છાઓની પરિપૂર્ણતા માટે -- તમારી ઈચ્છાઓની પરિપૂર્ણતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *નજરાણા અને ભેટની રજૂઆત વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની  શરૂઆત હવે, તમે અમને અર્પણ કરેલ નઝરાણા માટે, અને સા'દીની  કવિતાના આ અદ્દભુત લખાણની ભેટ માટે તમારા પ્રતિ અમારો બેહદ આભાર માનીને કરીએ છીએ. તે કંઈક એવી વસ્તુ છે જે અમારા માટે ઘણીજ અર્થપૂર્ણ છે: તે અમારા દાદાશ્રીને અમારી સાથે જોડે છે, કારણ કે તેઓ આ સુંદર દસ્તાવેજની માલિકી ધરાવતા

હતા, અને આથી, જે આપણી સંસ્કૃતિમાં કંઈક ઘણુંજ વિશિષ્ટ છે, તેની અમારા કુટુંબમાં સાતત્યતા (continuity) રહે છે. અને આજે અમે ફરમાવીએ છીએ કે તમે જે જગતમાં રહો છો, તેના વિશે જ્યારે  અમે વિચારીએ છીએ, ત્યારે એ કેટલું મહત્વનું છે કે તમે અને ઈસ્લામમાંના આપણા ભાઈઓ અને બહેનો પોતાની સંસ્કૃતિ વિશે જાણે, પોતાની સંસ્કૃતિને સમયની એક મહાન માનવીય ભેટ તરીકે સ્થાનબધ્ધ કરે, કે જેથી આપણા ધર્મને, આપણા સિધ્ધાંતોને, આપણાં મૂલ્યોને એ સઘળાઓ - મુસ્લિમો, બિન-મુસ્લિમો -- દ્વારા જાણવામાં આવી શકે, સમજવામાં આવી શકે, (તેમાં) સહભાગી બનાવવામાં આવી શકે, કે જેઓ જગતભરના લોકો વચ્ચે પ્રતિષ્ઠા ધરાવે છે.

આથી, આજે સાંજના અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: આપણી વચ્ચે શાંતિનું ઘડતર કરવા, જમાતમાં અને બહાર, જેઓ જરૂરતમંદ છે, તેઓને સહાય કરવા આપણે કટિબધ્ધ બનીએ. અને આપણે સઘળી પેઢીઓ માટે સારા નાગરિકો, ઉદાર માનવીઓ, વિચારશીલ વ્યક્તિઓ બનીએ અને જે લોકોની વચ્ચે આપણે રહીએ છીએ, તેઓ આપણી ઉપસ્થિતિથી ખુશી અને ગૌરવવંત બને. આપણે આવનારા વર્ષોમાં જમાત અને બીજાઓની સેવા કરવા માટે આપણી સંસ્થાઓનું ઘડતર કરીશું. આપણે તે સંસ્થાઓને સ્થાનબધ્ધ કરવાનો પ્રયાસ કરીશું, કે જેથી તેઓ જે સમાજોમાં

સંચાલિત થાય છે, તેમાં ગુણવત્તા અને જ્ઞાન તેમજ નવીનતા (novelty) અને સંશોધન લઈ આવી શકે, કે જેથી જગતભરમાં, જમાત જ્યાં પણ રહે છે, લોકો એવું કહે કે, "તમે નસીબદાર છો કે તમારી વચ્ચે મુરીદો રહે છે". આથી, એ અમારી આશા છે, એ અમારી ઈચ્છા છે, અને અમને ખાત્રી છે કે અમારી જમાત તેમાં સફળ બનશે.

અમે એકે એકને વ્યક્તિગત રીતે, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને સુખ માટે, સારી તંદુરસ્તી માટે, લાંબા જીવન માટે, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અમારા ઉત્તમ, ઉત્તમ વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ બે આંગળીઓ વચ્ચે "વોલન્ટીયરો" લખેલું છે. આથી જમાતમાં અમે એ સર્વે વોલન્ટીયરોને અમારા ઉત્તમ, ઉત્તમ વ્હાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ કે જેઓએ આ મુલાકાતને શક્ય બનાવવા માટે આ અદ્‌ભુત  કાર્ય કરેલ છે અને અમે તેમના કાર્યની પ્રશંસા કરીએ છીએ. અને અમે તમારા અને અમારા વતી એ દરેક મુરીદ પ્રતિ આપણો આભાર વ્યક્ત કરીએ છીએ કે જેઓએ જમાતમાં સેવા આપી છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે મુખીને પૂછ્યું કે એવો કોઈ મુદ્દો છે કે જે વિશે અમે ફરમાવીએ અને તેમણે અરજ કરી કે, "વધુ દુઆઆશિષો" આથી અમે અમારી જમાતને, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે તમારા કુટુંબોને વધુ દુઆઆશિષો ફરમાવીએ છીએ - તેઓ જ્યાં પણ હોય, તેઓ અમારા હૃદયમાં છે, તેઓ અમારા વિચારોમાં છે, તેઓ અમારી દુઆઓમાં છે, અને અમે જીવનની ઉત્તમ ગુણવત્તા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમે પાછા પધાર્યા છીએ અને અમે તમારી સાથે વધુ લાંબો સમય રોકાઈશું. અને આ મુલાકાત પ્રસંગે તમે અમને જે અદ્દ્ભુત ભેટ અર્પણ કરી છે તે માટે અમારો બેહદ આભાર અને અમારી ખુશી વ્યક્ત કરવા ચાહીએ છીએ. એ ઘણું જ મહત્વનું છે કે અમારી આસપાસ જગતના વિવિધ ભાગોમાંની અમારી જમાત સબંધી યાદગીરીની વસ્તુઓ હોય, અને અમે આ ભેટને સાચવીને રાખીશું. તે એક ઐતિહાસિક ભેટ છે. શું તમે જમાતને તે શું છે તે વિશે જણાવ્યું છે?

હવે તમે જાણો છો કે આ ભેટ કેટલી વિશિષ્ઠ છે, અને જ્યારે અમારી પાસે થોડો સમય હશે, ત્યારે અમે તેને વિગતવાર

જોવાની અપેક્ષા રાખીએ છીએ, અને તે અમને આ મુલાકાતની ખુશીની યાદ અપાવશે.

અમે આ તકે સરકાર અને અધિકારીઓએ આ મુલાકાત દરમ્યાન અમને જે ઉષ્માભર્યો આવકાર આપ્યો છે તે બદલ, અને ઉમ્માહના ફાયદા માટે, જગતના અન્ય ભાગોમાં અને અહીં સાથે મળીને કાર્ય કરવાની ભાવિ શક્યતાઓ (prospects) માટે તેમનો આભાર પણ માનવા ચાહીએ છીએ. આથી, અમે તમને જણાવવા ચાહતા હતા કે આપણા ભાઈઓ અને બહેનોની સહાયતા માટે, અહીં અને જગતના અન્ય વિસ્તારોમાં આપણે શું કરી શકીએ તેમ છીએ, તે વિશે આપણે ભાઈઓ અને બહેનો તરીકે વિચારી રહ્યા છીએ. આથી આપણા ભાઈઓ અને આપણી બહેનોના ફાયદા માટે બીજાઓ સાથે કાર્ય કરવાની આ તક માટે અમે ઘણા જ ખુશી છીએ.

અમે આ મુલાકાતના પ્રસંગે તમને ફરી એકવાર અમારા ઉત્તમ, ખાસ, ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને આ સુંદર ભેટ માટે અમે તમારો ઘણો આભાર માનીએ છીએ. ખાનાવદાન.

## ૨૫. અમદાવાદ, ભારત, ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓ,

અમે આ ફરમાનની શરુઆતમાં, તમારામાંના એક એકને અને દરેકને, તમારા કુટુંબોને -- (અહીં) હાજર અથવા અન્ય જગ્યાએ હોય, તમારી જમાતને અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકનાં અને અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

જયારે તમે તમારી જમાતના, તમારા કુટુંબના સંપર્કમાં આવો, ત્યારે તેઓને જણાવજો, તેઓને કહેજો કે તમારા મારફત અમે તેમને મુશ્કિલ-આસાન માટે, સુખ માટે, રૂહાની બાબતોમાં સફળતા માટે અને ભૌતિક બાબતોમાં સફળતા માટે દુઆઆશિષો મોકલાવેલ છે.

ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

આ ફરમાનની શરૂઆતમાં, અમે આ તકે, ભારતની સરકારે અમને ભારતમાં અહીં જે ઉદાર, સૌજન્યશીલ અને આદરણીય રીતે આવકાર આપેલ છે, તે બદલ તેમના પ્રતિ

અમારો ઉષ્માભર્યો અને હાર્દિક આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

અમે અહીં હાજર અમારી સર્વે જમાતને, પરંતુ તમારા કુટુંબો કે જેઓ કદાચ અહીં અમારી સમક્ષ નહિ હોય, તેમને પણ આ પ્રસંગે, સુખ માટે અને મુશ્કિલ-આસાન માટે અમારા ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓ,

તમારા જીવન જેમ આગળ વધતાં  જાય છે, તેમ આપણા ધર્મની નીતિમત્તાને ધ્યાનમાં રાખો. આપણા ધર્મની નીતિમત્તાની અંદર રહીને જીવન જીવો. સચ્ચાઈપૂર્વક, ઉદારતાપૂર્વક, સદભાવનાપૂર્વક, બીજાઓ માટેની વિચારશીલતાપૂર્વક જીવન જીવો, કે જેથી તમે આપણા ધર્મને તમારા દરરોજના જીવનમાં અમલમાં મુકો, કે જે કહે છે કે તમે ભાઈઓ અને બહેનો છો. જેઓને સહાયની જરૂરત છે, તેઓને સહાય કરો. જેઓએ ભૂલો કરી હોય, તેમને માફ કરો. જેઓને માર્ગદર્શનની અથવા મદદની જરૂરત હોય, તેઓને તે માર્ગદર્શન અને તે મદદ આપો.

અને એ ધ્યાનમાં રાખો, જેમ અમે પહેલા અનેક ફરમાનોમાં ફરમાવ્યું છે, કે તમે એક વિશાળ ભાઈચારો છો, એક વિશાળ

ભાઈચારો છો. અને આ ભાઈચારો ન માત્ર અહીં ભારતમાં છે, તે જગતભરમાં છે. આથી તમે, જયારે તમે સ્થળાંતર કરો, જયારે તમે મુસાફરી કરો, ત્યારે આ ભાઈચારાને આપણી જમાતના સઘળા મુરીદો, તેઓ જ્યાં પણ હોય, તેમની વચ્ચે અમલમાં મુકો.

આવનારાં વર્ષોમાં આપણને આપણી જમાતમાં મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવાની જરૂરત છે, કે જેથી આપણે મજબૂતી ઉપર, ડાહપણ ઉપર, દુરંદેશી (foresight) ઉપર ઘડતર કરી શકીએ, અને આપણી જમાતની જે જરૂરતો  છે, તેની તમારી વચ્ચે અને આપણી સંસ્થાઓ સાથે વ્યવસ્થિત યોજના બનાવવાનો પ્રયાસ કરીએ.

પ્રથમ, દરેક મુરીદ ઈન્શાઅલ્લાહ , એક શિક્ષિત મુરીદ હશે. એટલે કે, યુવાન મુરીદો શાળામાં જશે, યુનિવર્સિટીમાં જશે, અને પછી જયારે તેઓ પોતાનું ઔપચારિક શિક્ષણ (formal education) પુરૂ કરી લ્યે, ત્યારે તેઓ સ્વયં જીવન દ્વારા શિક્ષિત બનશે. તે શિક્ષણ મેળવવાનો પ્રયાસ કરો, તેમાંથી જ્ઞાન હાંસલ કરો, અને તમે જે બોધપાઠો શીખ્યા છો, તેને અમલમાં મૂકો.

જયારે એવા કુટુંબો કે વ્યક્તિઓ હોય કે જેઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોય, ઘણીય વાર આ મુશ્કેલીઓ એવી નથી હોતી કે જે તેમને પોતે સર્જેલી હોય. તે એવી મુશ્કેલીઓ હોય

છે કે જે જીવનની પરિસ્થિતિઓએ તેમના ઉપર લાદી હોય છે. તેઓની મદદે આવો. તેઓને સારી સલાહ આપો. જયારે તેઓને સહાયની જરૂર હોય, ત્યારે તેઓને સહાય કરો, કે જેથી આપણે એ વાસ્તવિક ભાઈચારા પ્રમાણે જીવન જીવીએ કે જેના વિશે ઈસ્લામ આપણને શીખવે છે. આથી, ઉદાર બનો, દયાળુ બનો, વિચારશીલ બનો, અને આપણો ધર્મ આપણને જે માર્ગદર્શન આપે છે, તેને એવી રીતે અમલમાં મૂકો, કે જેમાં આપણે એક ધર્મની અંદર, એક બીજાને, ભાઈઓ અને બહેનોની સાથે સંબંધિત થઈએ.

અમારા વ્હાલા  રૂહાની બચ્ચાંઓ,

આપણે જેમ આગળ વધીએ છીએ, તેમ અમે ચાહીએ છીએ કે તમે એ ધ્યાનમાં રાખો કે જયારે કે અમુક દાયકાઓ અગાઉ શિક્ષણ એક સમયની પ્રવૃત્તિ હતી, આજે શિક્ષણ જીવન - પર્યંતની પ્રવૃત્તિ છે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: શીખવાનું ચાલુ રાખો, સારા સ્ત્રોતો (sources)માંથી, ઉપયોગી સ્ત્રોતોમાંથી શીખો, તમારા સમયનો સર્જનાત્મક રીતે ઉપયોગ કરો, કે જેથી આપણે આપણી જમાતમાં, પેઢી દર પેઢી, કુટુંબોમાં એક પેઢીથી બીજી પેઢી સુધી મજબૂતીનો ઘડતર કરી શકીએ.

જો તમારા કુટુંબો ભારતની બહાર રહેતાં હોય, તો તેમની સાથે સંપર્કમાં રહો. તેમની સલાહ મેળવવાનો પ્રયાસ કરો,

તેમની મદદ મેળવવાનો પ્રયાસ કરો, અને જો તેઓ તે પ્રોત્સાહન મેળવવાનો પ્રયાસ કરે તો તેમને સહાય કરો, કારણકે તેમને પોતાને નવા દેશમાં સ્થાપિત કરવાની બાબત એ હંમેશા પડકાર ભરેલી (demanding) પ્રવૃત્તિ હોય છે. પરંતુ અમે આશા રાખીએ છીએ કે જગતભરની આપણી સંસ્થાઓ, જ્યાં પણ મુરીદો જતા હોય, ત્યાં સહાયરૂપ થશે અને જેઓ આ વિસ્તારોમાં નવા આવેલા (new arrivals) હોય, તેમને સહાય કરશે.

અમે તમારામાંના એક એકને અને દરેકને -- તમારામાંના દરેકને -- મુશ્કિલ-આસાન માટે, દીની બાબતોમાં, અને દુન્યવી બાબતોમાં સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ, તમારી ઉમેદો વાસ્તવિક બને, તમે સારી તંદુરુસ્તી, તમારા કુટુંબોમાં એકતા અને ખાસ કરીને મુશ્કિલ-આસાન ધરાવો. ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમે મુખી અને કામડિયાને પૂછ્યું, કે એવા કોઈ મુદ્દાઓ છે કે જેનો તેઓ ચાહે છે કે અમે અમારી જમાતને નિર્દેશ કરીએ અને તેમણે અરજ કરી કે, "વધુ દુઆઆશિષો".

આથી, અમે અમારી સમક્ષ એકે એક અને દરેક મુરીદને, તમારા માટે અને તમારા કુટુંબો માટે, સુખ માટે, અને સિરાતલ-મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે તમને અમારા ઉત્તમ હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે જેથી આજે તમારી ઉમેદો પરીપૂર્ણ થાય, ભવિષ્યમાં તમારી સામે તમે સારી વસ્તુઓ ધરાવો, અને (કોઈ) ખરાબ વસ્તુઓ નહિ. અને જેવી રીતે અમે ધરાવીએ છીએ તેમ, તમારા ચહેરા ઉપર ખુશી અને સ્મિત ધરાવો. અને અમે તમને ફરીથી ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૨૬. અમદાવાદ, ભારત, ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને આજે, અમે આ ફરમાનની શરૂઆત દુઆઆશિષોની સાથે કરીએ છીએ કે તમારી નેક ઉમેદો પરિપૂર્ણ થાય -- તમારી સર્વે નેક ઉમેદો, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબો માટે, તમારી જમાત માટે, તમારા કાર્ય માટે અને ધર્મના પાલન માટે પરિપૂર્ણ થાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય વીતતો જાય છે, તેમ આપણને જગતભરની જમાતમાં મજબૂતીનું ઘડતર કરવાની જરૂર છે. આજે જમાત, જમાતના ઈતિહાસમાં કદી પણ હતી તે કરતા વધુ વૈશ્વિક છે. અને યુવાન લોકો તેમજ બીજાઓ, તક માટેની શોધમાં, કારકિર્દીના વિકાસ (career development) માટે, અમુક સમયે આરોગ્ય-સંભાળ માટે એક દેશથી બીજા દેશમાં જાય છે. પરંતુ ઈમામ તરીકે, એ અમારી આશા અને અમારી ઈચ્છા છે

કે એક મુરીદ જગતમાં જ્યાં પણ જાય અને જ્યાં પણ જમાત હોય, ત્યાં તેઓ ભાઈઓ અને બહેનો તરીકે સંગઠિત બને. ધર્મમાં સંગઠિત બને, પરસ્પરની સહાયતામાં સંગઠિત બને, પરસ્પરની ઉદારતામાં સંગઠિત બને અને પરસ્પરની સંભાળમાં સંગઠિત બને -- કે જેથી ભાઈચારાના સિદ્ધાંતોને અમારી જગતભરની જમાત માટે દરરોજના જીવનમાં હકીકતમાં બદલવા પામે.

જ્યારે  તમે ભવિષ્ય માટે ઘડતર કરો છો, ત્યારે એ ધ્યાનમાં રાખો કે દરેક પેઢી જે ક્ષમતા ધરાવે છે, તેઓ તમારા કુટુંબોની ભવિષ્યની પેઢીઓ માટે તે ક્ષમતાનું ઘડતર કરે. એ અમારા માટે ઘણુંજ મહત્વનું છે કે અમે એવો વિશ્વાસ ધરાવીએ કે જમાતમાંના અમારા કુટુંબો એક પેઢીથી બીજી પેઢી સુધી ક્ષમતાનું ઘડતર કરી રહ્યા છે, કે જેથી જીવનની અસ્થિરતા (volatility) જોખમ બનવા ન પામે, પરંતુ તેનાથી વિપરીત, જીવનમાંની તક, અગાઉની પેઢીઓની મજબૂતી ઉપર ઘડતર કરવાની તકો બની રહે.

આથી આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે: તમારા કુટુંબોમાં બહુવિધ પેઢીઓ (multi-generation)ના સંદર્ભમાં વિચાર કરો. ભવિષ્ય માટે ડહાપણપૂર્વક, કાળજીપૂર્વક, વિચારપૂર્વક ઘડતર કરો, કે જેથી એક પેઢીનું કાર્ય એવો પાયો બની રહે કે જેના ઉપર પછીની પેઢી ઘડતર કરી

શકે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: ભવિષ્ય માટે વિચારશીલ બનો, ભવિષ્ય માટે તૈયારી કરો, ભવિષ્ય માટે ઘડતર કરો, અને ત્યાર પછી તમે, દરેક કુટુંબ, તમારી પોતાની પ્રવૃતિઓ અને તમારા ધંધા-રોજગારની અંદર શું હાંસલ કરવા ચાહો છો, તેના સ્પષ્ટ માર્ગની આસપાસ સંગઠિત બનો.

બીજી બાબત જે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ તે એ છે કે કદાચ માનવ ઈતિહાસમાં પહેલા કદી પણ નહિ હતું તેમ દ્વિભાષાપણું (bilingualism) એટલે કે તમારી રાષ્ટ્રીય ભાષા, પરંતુ અંગ્રેજી ભાષા પણ જગતભરની દરેક શિક્ષિત વ્યક્તિનો એક અતિ આવશ્યક ભાગ બનવા પામેલ છે. એ ઘણું જ મહત્વનું છે કે અમારા રૂહાની બાળકો, જગતભરમાં એક જ ભાષામાં સંદેશ- વ્યવહાર કરવા શક્તિમાન હોય. અને અમારી જમાતને અમારી સલાહ અંગ્રેજી ભાષા બોલવાનું શીખવાની છે, કારણ કે તે આપણા સમયની સૌથી વધુ વૈશ્વિક ભાષા છે; તે વિજ્ઞાનની ભાષા છે, તે જ્ઞાનની સંશોધનની ભાષા છે અને આથી અમે અમારી જમાતને અંગ્રેજી શીખવા માટે અને તે ભાષા સરળતાથી બોલવા માટે પ્રોત્સાહન આપીએ છીએ. તમારે યુનિવર્સિટીની શૈક્ષણિક વ્યક્તિ (academic) બનવાની જરૂર નથી, અમે અમારા રૂહાની બાળકોને એ નથી ફરમાવતા કે તમારે શેક્સપિયરિઅન અંગ્રેજી ભાષા બોલવી જોઈએ, અમે એ

બાબત નથી સૂચવતા... શેક્સપિઅર તો બહુ લાંબા સમય પહેલાં ચાલ્યા ગયા છે. તેઓ આપણાથી ઘણા પાછળ છે. આથી, આપણે આધુનિક અંગ્રેજીનાં શબ્દભંડોળ (vocabulary) સાથેની આધુનિક અંગ્રેજી શીખીએ, અને એ ભાષાનો -- અને બેશક, તે ઉપરાંત તમારી રાષ્ટ્રીય ભાષાનો તમે જે પણ પ્રવૃતિઓ ધરાવતા હો, તેમાં તમારી કારકિર્દીઓનું ઘડતર કરવા માટે ઉપયોગ કરો.

અમે આ મુલાકાત દરમ્યાન બેહદ ખુશી થયા છીએ અને અમે એ સઘળા વોલન્ટીયરો અને સઘળા મુરીદો, કે જેઓએ આ મુલાકાતને ઘણી જ ખુશીભરી બનાવવા માટે કાર્ય કર્યું છે, તેઓને તેઓએ જે અદ્દ્ભુત કાર્ય કર્યું છે તે માટે અમારા ઉત્તમ અને અમારા અતિશય હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તેઓએ એ જાણવું જોઈએ કે તેઓ અમારી પ્રશંસા ધરાવે છે, તેઓ અમારો આદરમાન ધરાવે છે, તેઓ અમારો આભાર ધરાવે છે, અને આ સર્વ લાગણીઓ કે જે અમે તેઓના માટે ધરાવીએ છીએ, તે સર્વે સમય માટે છે. જ્યારે ઈમામ ઉપસ્થિત હોય છે ત્યારે, પરંતુ જ્યારે તેઓ શારીરિક રીતે તમારી સાથે નથી હોતા, ત્યારે પણ તેઓ જે કાર્ય કરે છે, તે (સર્વ સમય) માટે છે. આથી અમારા એ રૂહાની બાળકો, કે

જેઓ આ અદ્દભુત સ્વૈચ્છિક સેવા અર્પણ કરે છે, તેઓને અમે અમારા ઉત્તમ હેતપૂર્વકનાં  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને તમે સર્વને, તમે જગતના જે પણ ભાગમાંથી આવ્યા હો, અમે આજે તમારી સઘળી જમાતોને, તમારા કુટુંબોને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમારા બાળકોની તેમના શિક્ષણમાં, તેમના ધર્મના પાલનમાં, તમારા કુટુંબોમાં એકતામાં સફળતા માટે, અને તમારી ઉમેદો, તમારી નેક ઉમેદોની પરિપૂર્ણતામાં સફળતા માટે, તમે જીવનની જે ગુણવત્તા ઈચ્છો છો તે માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમને મુખી દ્વારા જમાતના સઘળા રૂહાની સભ્યોને, જમાતના નાના સભ્યોને, અને તમારા દુન્યવી જીવનમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવવા માટે અરજ કરવામાં આવી છે. અમને ખાત્રી  છે કે મુખી અને કામડિયા પાસે બીજી અનેક ઈચ્છાઓ છે કે જેનો તેઓ ચાહે છે કે અમે નિર્દેશ કરીએ, પરંતુ તે ઈચ્છાઓ તેઓ તમારી પાસે વ્યક્ત કરે તે અમે તેમના ઉપર છોડીએ છીએ. અને અમે ફરમાવીએ છીએ: અમે

તેઓની ઈચ્છાઓની પરિપૂર્ણતામાં સફળતા માટે પણ અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  અમે અમારા રૂહાની બાળકો સાથે હોઈએ છીએ અને તમે હસો છો, ત્યારે તે બાબત અમને ખુશ કરે છે. એક પિતા તરીકે, અમારા બાળકોના સ્મિત અને હાસ્યથી વધારે અમને શેની ઈચ્છા રાખી શકીએ. આથી, જ્યારે  તમે ખુશી હો છો, ત્યારે અમે ખુશી હોઈએ છીએ.

અમે તમને જણાવવા ચાહીએ છીએ કે અમે આ મુલાકાત દરમ્યાન કેટલા ખુશી થયા છીએ. અમે તે સર્વેને દુઆઆશિષો ફરમાવવા ઈચ્છીએ છીએ કે જેઓ જમાતમાં સંસ્થાકીય કાર્ય પરિપૂર્ણ કરે છે, અને તેઓ એ જાણે કે ભારતમાં, પરંતુ ભારતની બહાર પણ, વિશ્વભરમાં આપણી સંસ્થાઓની મજબૂતી ઝમાનાના ઈમામ માટે એક ઘણી જ મહત્વની બાબત છે, કે જેથી આપણે જગતભરમાંના કુટુંબોને તેમની વિવિધ જરૂરિયાતોમાં ટકાવી રાખવાની ક્ષમતા ધરાવીએ.

અહીં તમારામાંના એકે એકને અને તમારા કુટુંબોને અને તમારી જમાતને અમે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકનાં પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ અમારી આશા, અમારી દુઆ છે કે તમારી ઉમેદો પરિપૂર્ણ થાય. તમારી સારી તંદુરસ્તી, તમારા કુટુંબોમાં એકતા, દુન્યવી બાબતોમાં સફળતા, પરંતુ ખાસ કરીને દીની બાબતોમાં સફળતા ધરાવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૨૭. અમદાવાદ, ભારત, ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં હાજર અમારા સર્વ રૂહાની બાળકોને, તમારી જમાતને, તમારા કુટુંબોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે  તમે તેમના સંપર્કમાં આવો, ત્યારે તેઓને આજે આ મુલાકાતના પ્રસંગે, અમારા વિચારો, અમારો વ્હાલ, અને અમારા દુઆઆશિષો પહોંચાડજો. અમે તેઓને ફરીથી અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો મોકલાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આપણી જગતભરની જમાત એક મોટો, વિસ્તૃત, વિશાળ ભાઈચારો છે. અને અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બાળકો, તેઓ જ્યાં પણ હોય -- એશિયામાં, આફ્રિકામાં, ઉત્તર અમેરિકામાં, યુરોપમાં -- તેઓએ હંમેશા એક બીજાની મદદમાં આવવું જોઈએ, એક બીજાને ટેકો આપવો જોઈએ,

એક બીજાને સહાય કરવી જોઈએ, કે જેથી જમાતમાંની કોઈ વ્યક્તિ કદી પણ એકલી હોવાનું ન અનુભવે, તે વ્યક્તિ હંમેશા એ જાણે કે તે અથવા તેણી જમાતમાં એવા ભાઈઓ અને બહેનો ધરાવે છે કે જ્યારે મદદ અને સહાયની જરૂર હોય, ત્યારે તેઓ મદદ અને સહાય કરવા આવશે.

બીજી પરિસ્થિતિમાં, અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બાળકોએ, ભવિષ્યની પેઢીઓ માટે ક્ષમતાનું ઘડતર કરવા માટે, તેઓની સંસ્થાઓ દ્વારા સાથે મળીને કાર્ય કરવું જોઈએ. આજે શિક્ષણ જીવન-પર્યંતનું છે. તે જટિલ (complex) છે, તે અપેક્ષા રાખનારું (demanding) છે, અને તે દરરોજ બદલાતું રહે છે. તમારા શિક્ષણનો ઉપયોગ કરો. અને અમે અમારા યુવાન રૂહાની બાળકોને ફરમાવીએ છીએ જ્યારે તમે શાળામાં હો, ત્યારે તમને પોતાને ભવિષ્ય માટે તૈયાર કરવા તે તકનો ઉપયોગ કરો. તમને જે જાણવાની જરૂરત છે તે શીખો, કે જેથી તમે જેમ પુખ્ત વયના થાઓ, તેમ તમે ખુશીભર્યા, સફળ, સારૂ જીવન ધરાવી શકો. આ મહત્વનું છે, કારણ કે અમે ઈચ્છીએ છીએ કે અમારા સૌથી વધુ નાના રૂહાની બાળકો તેમના શિક્ષણમાં હંમેશા હેતુ ધરાવે અને તે હેતુ એવું જ્ઞાન હાંસલ કરવાનો છે કે જેનો તમે જ્યારે વધુ મોટી વયના થાવ, તમારા પોતાના જીવનની અને તમારી આગળ આવનાર વર્ષોમાં તમે જે કુટુંબો ધરાવશો, તેની સંભાળ લેવા પરિપક્વ (mature) બનો, ત્યારે ઉપયોગ કરો.

અમે ઈચ્છીએ છીએ કે અમારી જમાત એક બીજાનો, ભાઈઓ અને બહેનો તરીકે વિચાર કરે. આજે જમાત આપણા તરીકાના ઈતિહાસમાં કદી પણ હતી તેના કરતાં વધુ ગતિશીલ (mobile) છે. આપણી જમાત વધુ દેશોમાં સ્થાપિત થયેલ છે. પહેલાં કરતાં વધુ પ્રવૃતિઓ  કરી રહી છે. અને આપણને સફળ થવા માટે, આપણને જ્ઞાનમાં સહભાગી બનવાની જરૂરત છે -- જ્ઞાનને આપણા પોતાના સુધી ન રાખીએ, પરંતુ જ્ઞાનમાં સહભાગી બનાવીએ, કાબેલિયતમાં સહભાગી બનાવીએ, વિચારશીલતામાં સહભાગી બનાવીએ, જગતના વિવિધ ભાગોમાં સમય જતા, તમારા કુટુંબો જે બનવા પામે તેની તમે જે ઈચ્છા રાખો છો, તેની આગળની વિચારણામાં સહભાગી બનાવો.

અને એ યાદ રાખો કે તમારા ઈમામ હંમેશા તમારી સાથે છે, અને અમે જગતભરની અમારી સઘળી જમાતને સફળતા માટે, સુખ માટે, લાંબા જીવન માટે, અને મુશ્કિલ-આસાન માટે હંમેશા દુઆઆશિષો ફરમાવીએ છીએ. એ અમારી આશા અને અમારી દુઆ, અને અમારી ઈચ્છા છે કે તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તેના ઉપર તમે કાબુ મેળવો. સાથે મળીને કાર્ય કરો, એક બીજાને સહાય કરો, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર રહો -- તે અતિ આવશ્યક છે. અમે તમારામાંના એકે એકને ફરીથી અમારા અતિશય ઉમળકાભર્યા,

અને અમારા અતિશય હેતપૂર્વકનાં  પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન.

અને અમે ખાસ કરીને આ ફરમાનમાં જમાતમાંના એ સઘળા વોલન્ટીયરોને અમારો વ્હાલ, અમારો આભાર, અમારો આદરમાન, અમારી પ્રશંસા ફરમાવવા ચાહીએ છીએ કે જેઓ અમારી મુલાકાતો પ્રસંગે, અને જમાતના જીવન દરમ્યાન સતત ધોરણે આવું શ્રેષ્ઠ કાર્ય કરે છે. આથી, અમારા વોલન્ટીયરોને અમે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો મોક્લાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે સામાન્ય રીતે અમારી જમાતને સુખ માટે, લાંબા જીવન માટે, કુટુંબોમાં સારી એકતા માટે, અને બીજા બધા કરતા વિશેષ, મુશ્કિલ-આસાન માટે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. જે પણ કાંઈ સમસ્યાઓ હોય, તે ચાલી જાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

મુખી અરજ  કરી છે કે અમે જમાતમાંના સઘળા રૂહાની મુરીદોને, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો

ફરમાવીએ કે જે હવે અમે, તેમની રૂહાનીઓની અનંત શાંતિ અને રાહત માટે ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને ત્યાર પછી તેમણે અમને અરજ કરી કે "બુઝુર્ગો (senior citizens) ને ભૂલતા નહિ" આથી અમે ફરમાવ્યું, "સારું, અમે બુઝુર્ગોને યાદ કરીશું", આથી અમે અમારા સઘળા સિનીઅર સિટિઝનોને અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

પરંતુ અમે અમારા "જુનિયર સિટીઝનો" -- નાનકડા બાળકોને -- તેમના શિક્ષણમાં સફળતા માટે, સારી તંદુરસ્તી માટે, તેમના કુટુંબોમાં એકતા માટે પણ અમારા દુઆઆશિષો ફરમાવીએ છીએ. આથી, અમે તમને જણાવવા ચાહીએ છીએ કે અમે માત્ર બુઝુર્ગો માટે જ વિચારતા નથી, પરંતુ આજે અમે સઘળી જમાત, બાળકો, પૌત્રો (grand-children), પ્રપૌત્રો (great grand-children) તેમની જે પણ ઉંમર હોય, તેમના માટે વિચારીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૨૮. હૈદ્રાબાદ, ભારત, ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે અહીં આજે રાતના અમારા સર્વે રૂહાની બાળકોને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકનાં અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન,ખાનાવદાન,ખાનાવદાન

આજે રાતના, અમે તમારામાંના એકે એકને "દાઈ" બનાવીએ છીએ, એટલે કે ઈમામનો સંદેશ તમારા કુટુંબો પ્રતિ, તમારી જમાત પ્રતિ લઈ જાઓ, અને તેમને કહેજો કે અમે તેમના વિશે કેટલો બધો વિચાર કરીએ છીએ, અમે તેમને સુખ માટે, એકતા માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે કેટલા બધા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન,ખાનાવદાન,ખાનાવદાન

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, તમારી સમક્ષ, ભારતની સરકાર અને વિવિધ રાજ્ય સરકારો કે જેઓએ અહીં ભારતમાં આ મુલાકાત પ્રસંગે અમને જે સૌજન્યશીલતાની સાથે આવકાર આપ્યો છે, તે બદલ અમારો ઊંડો આભાર વ્યક્ત કરીને કરવા

ચાહીએ છીએ. અમે સન્માનિત થયા છીએ, અને અમે ખુશી છીએ, અને અમે સરકાર પ્રતિ, રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે અમારો ઊંડો, ઊંડો આભાર વ્યક્ત કરીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે  ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમુક એવા સિધ્ધાંતો છે કે જેના ઉપર આપણે ઘડતર કરી શકીએ છીએ. અને ઝમાનાના ઈમામ  તરીકે ઘણી એ વાર – ઘણી એ વાર, અમારા વિચારો એ તરફ જાય છે કે ભવિષ્ય માટે કંઈ રીતે ઘડતર કરવું, કંઈ રીતે તમે અને અમે જરૂરી પગલાંઓ લઈ શકીએ, કે જેથી ભારતમાંની અને જગતના બીજા દેશોમાંની જમાતનું ભવિષ્ય મજબૂત હોય, તેનું યોગ્ય પાયાઓ (good foundation) ઉપર ઘડતર કરાયેલ હોય, તે વિશ્વાસપાત્ર, સન્માનીય હોય અને તે એક એવી મૂલ્ય- પધ્ધતિ હોય કે જેને જગતના સઘળા દેશોની સરકારો આદરમાન આપશે.

પ્રથમ, આપણને નીતિમત્તાભરી વર્તણૂકનું જીવન જીવવાની જરૂર છે. નૈતિકતા એ અંગત બાબત છે. દરેક મુરીદ શું ખરું છે અને શું ખોટું છે તેના વિશે, તેના પોતાના યોગ્ય સમયમાં તેનો પોતાનો નિર્ણય લે છે -- અથવા તેણીના યોગ્ય સમયમાં તેણીનો પોતાનો નિર્ણય લે છે. પરંતુ જે અતિશય અગત્યનું છે તે એ છે કે જમાતની સંસ્થાઓ એવી રીતે જોવામાં આવે, કે તે આપણે જેને "ઉત્તમ પ્રથા" (best practice) કહીએ છીએ

તેનું પાલન કરતી હોય. એટલે કે, આપણી સંસ્થાઓ પોતાની સંબંધિત મૂલ્ય પદ્ધતિઓના સર્વોચ્ચ ધોરણોએ કામગીરી કરે. અને આ આપણી શાળાઓ માટે ખરું છે, તે આપણી નાણાંકીય સંસ્થાઓ માટે ખરું છે, તે આપણી પ્રારંભિક બાળવયના શિક્ષણ (early childhood education) માટે ખરું છે. આથી ઉત્તમ પ્રથાના આ વિચારની અમે તમને જવાબદારી સોંપીએ છીએ -- તે જવાબદારી અમે તમને સોંપીએ છીએ. અને તમે જે રીતે વિચારો છો, તમે જે રીતે કાર્ય કરો છો, તમે જે રીતે જીવન જેવો છો, તમે જે રીતે તમારા કુટુંબો સાથે કાર્ય કરો છો, તમે જે રીતે તમારા બાળકોને શિક્ષિત બનાવો છો, તમે જે રીતે તમારી સારી તંદુરસ્તીની સંભાળ લ્યો છો, તેમાં ઉત્તમ પ્રથા મેળવવાનો પ્રયાસ કરો.

અને એ યાદ રાખો કે અમે હંમેશા, સર્વ સમયે તમારી સાથે છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે મુખીને પૂછ્યું કે એવા કોઈ મુદ્દાઓ છે કે જેના વિશે અમે આજે સાંજના સંબોધન કરીએ, અને ઘણી જ યોગ્ય રીતે, તેમણે અરજ કરી કે, "હાઝર ઈમામ , પ્રથમ જમાતના રૂહાની

સભ્યો માટે દુઆઆશિષો." આથી, અમે તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખ્વાનાવદાન, ખ્વાનાવદાન, ખ્વાનાવદાન.

અમે એ પણ જાણીએ છીએ કે વિદ્યાર્થીઓની પરીક્ષાઓ (exams) આવી રહી છે અને અમે જમાતમાંના વિદ્યાર્થીઓને તેમની પરીક્ષાઓમાં સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખ્વાનાવદાન, ખ્વાનાવદાન, ખ્વાનાવદાન.

અને અમે જમાતમાંના વિદ્યાર્થીઓને ફરમાવીએ છીએ: અમુક સમયે તમે તૈયાર નથી હોતા અને તમે પરીક્ષામાં નિષ્ફળ થાઓ છો, પરંતુ તેનો અર્થ એવો નથી થતો કે તમે જીવનમાં નિષ્ફળ થાઓ છો. આથી આનો જે અર્થ થાય છે તે એ છે કે પ્રત્યેક વ્યક્તિ તે પોતાની તરફ અથવા તેણી પોતાની તરફ જે જ્ઞાન લઈ આવે છે તેના માટે જવાબદાર હોય છે, કે જેથી તે જ્ઞાન વ્યક્તિના ભાગરૂપ બને છે, અને એ વ્યક્તિ તે જ્ઞાનનો દરરોજના જીવન માટે ઉપયોગ કરી શકે છે. આથી, અમે અમારા રૂહાની બચ્ચાઓને ન માત્ર ઔપચારિક શિક્ષણ (formal education) લેવા માટે, પરંતુ તમારા સમગ્ર જીવન દરમ્યાન શિક્ષણ મેળવવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહન

આપીએ છીએ. અને અમે તમને આ શોધમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને વિદ્યાર્થીઓ માટે, અમે તેઓને સફળતા, મહાન સફળતા ઈચ્છીએ છીએ. અમે ૧૧૦ ટકા સફળતા ચાહિએ છીએ, પરંતુ તમે તેમ કરી શકતા નથી, આથી અમારે ૧૦૦ ટકા સ્વીકારવા પડશે. જો તમે અમને ૧૦૦ ટકા આપશો તો અમે ખુશી થઈશું. સારી રીતે કાર્ય કરો, તમારા શિક્ષણનો તમારા ભવિષ્ય માટે ઉપયોગ કરો, એક બીજાને સહાય કરો -- વિદ્યાર્થી જીવનમાં આ ઘણું જ મહત્વનું છે -- એક બીજાને સહાય કરો. જેમને મુશ્કેલી હોય, તેઓએ બીજા એવા વિદ્યાર્થીઓ કે જેઓ વિષય જાણતા હોય, તેમની પાસેથી સહાય મેળવાનો પ્રયાસ કરવો જોઈએ. આથી તમારા શિક્ષણમાં આગળ વધવા માટે એક બીજાને સહાય કરો.

અમે અહીં હાજર એકે એક અને દરેક મુરીદને અને તમારા કુટુંબોને અને તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકનાં અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

મોડે સુધી જાગતા નહિ, જો તમે પરીક્ષાની આગળની રાત્રી નહિ સુઓ, તો તમે પરીક્ષામાં સૂઈ જશો. પરીક્ષા આવા બધા માટે નથી. અનેક વર્ષો પહેલા અમે એક વિદ્યાર્થી હતા, અને જ્યારે અમારા દાદાશ્રી વફાત પામ્યા, ત્યારે જમાતના ઝમાનાના ઈમામ બનવા માટે અમારે કોલેજ છોડી દેવી પડી હતી, તો પણ, અમે સફળતાપૂર્વક કોલેજ પૂર્ણ કરી હતી. અને અમારી જગતભરની જમાતની મુલાકાત લેવા માટે અમે યુનિવર્સિટીમાંથી દોઢ વર્ષ છુટ્ટી લીધી હતી. અને તે મુલાકાત પછી, અમે અમારો અભ્યાસ પૂર્ણ કરવા ફરી પાછા યુનિવર્સિટીમાં ગયા, અને આધુનિક સમયમાં જમાતની સંભાળ લેવા માટે અમને કયું જ્ઞાન લેવાની જરૂર છે, તે જાણવાનો અમને આ અતિ ઘણો ફાયદો થયો. અને તે તક મેળવવા બદલ અમે ઘણા, ઘણા જ ખુશી થયા, જો કે તે સમયે તે ઘણી સારી નહોતી લાગતી, કારણ કે કોઈને પણ પોતાના અભ્યાસને અચોક્કસ રીતે (indefinitely) લંબાવવાનું ગમતું નથી, સિવાય કે તમે એક શૈક્ષણિક વ્યક્તિ (academic) હો. અને અમે ચોક્કસપણે શૈક્ષણિક વ્યક્તિ બનવા નહોતા ચાહતા.

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને જો જમાતમાં શૈક્ષણિક વ્યક્તિઓ (academics) હોય, તો (તે શિક્ષણ) ચાલુ રાખો. કારણ કે અમે તેના વિશે હસીએ

છીએ, પણ અમે ગંભીરપણે નથી કહેતા. આથી જો તમે શૈક્ષણિક વ્યક્તિ હો, તો ઘણું જ સારું. આ શ્રેષ્ઠ વ્યવસાયને ચાલુ રાખો. તમારા જ્ઞાનમાં વધુ યુવાન પેઢીઓને સહભાગી બનાવો, તેમને તેમના પોતાના ભવિષ્યનું ઘડતર કરવા સક્ષમ બનાવો, અને અમે જેમ અગાઉના ફરમાનોમાં ફરમાવ્યું છે તેમ શિક્ષકો આપણી જમાતમાં આગેવાનો છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૨૯. મુંબઈ, ભારત, ૧લી માર્ચ, ૨૦૧૮ - ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે મુશ્કિલ-આસાન માટે અમારા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમારા મુરીદો જે પણ કંઈ સમસ્યાઓ ધરાવતા હોય, તે દૂર થઈ જાય, અને તે પાછી આવવા ન પામે -- તે હંમેશ માટે જતી રહે. અમે તમને, ફરીથી, અમારા ઉત્તમ હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીયે છીએ.

ખાનાવદાન.

અમે આ ફરમાનના પ્રસંગે, આ તકે અહીં સરકાર અને વિવિધ સંસ્થાઓ (organizations) કે જેઓએ આ મુલાકાતને ખાસ કરીને ખુશીપૂર્ણ, અને ખાસ કરીને સર્જનાત્મક બનાવી છે, તેમના તરફથી અમને જે સૌજન્યશીલતાઓ અને સદભાવનાઓ દર્શાવવામાં આવી છે, તે બદલ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

જ્યારે  અમે જમાતમાં મુસાફરી કરીએ છીએ, ત્યારે અમે જમાત અને તેની સંસ્થાઓના ભવિષ્ય સંબંધી કાળજી ધરાવીએ છીએ, અને અમે એ જોઈને ખુશી થયા છીએ કે તાજેતરના વર્ષોમાં આપણી સંસ્થાઓ જમાતમાં કેટલું સુંદર કાર્ય કરી રહી છે. આથી, અમે વોલન્ટીયરોથી લઈને, આગેવાનો સુધી બધાને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીયે છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જીવન આશ્ચર્યો (surprises) ધરાવે છે -- અમુક આવકાર્ય હોય છે, અમુક બિન-આવકાર્ય હોય છે. અમે આજે સાંજના, ખાસ દુઆઆશિષો ફરમાવીએ  છીએ કે તમે ફક્ત આવકાર્ય આશ્ચર્યો ધરાવો.

ખાનાવદાન, ખાનાવદાન.

સમગ્ર જમાત માટે મુશ્કિલ-આસાન -- તમે, તમારા કુટુંબો, તમારી જમાત, તેઓ જયાં પણ હોય -- અમે મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે સાંજના અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે, તમે સારી રીતે જાણો છો તેમ, વ્યક્તિ તેના અથવા

તેણીના ભૌતિક શરીર, અને તેના અથવા તેણીના આત્માની બનેલ હોય છે. અને અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે, હા, દુઆ-બંદગી માટેનો સમય હોય છે, પરંતુ વ્યક્તિના ધર્મ સંબંધી વિચાર કરવા માટેનો -- વ્યક્તિના ધર્મ સંબંધી વિચાર કરવા માટેનો પણ સમય હોય છે. અને એક વ્યક્તિ તરીકે તે સંબંધી વિચાર કરવો: તમારી ખુશી શું છે? તમે તમારા ધર્મમાંથી કેવી રીતે ખુશી મેળવી શકો છો? આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારા ધર્મ વિશે દિવસના અને રાત્રીના વિવિધ સમયે વિચાર કરો. જે દરેક સમયે તમે તમારા ધર્મ વિશે વિચાર કરો છો, તે એક આર્શીવાદ છે -- તે એક આર્શીવાદ છે. આથી, તમારા ધર્મ વિશે વિચાર કરો, તેને તમારી સાથે રાખો, અને તેને સઘળા સમયે તમારી પાસે રાખો. જ્યારે  તમારી પાસે તમારા ધર્મ વિશે વિચાર કરવાનો સમય હોય, તમારી તસ્બીહ લ્યો, અને અલ્લાહના, અથવા આપણા પયગંબર (સ.અ.સ.) ના, અથવા હઝરત અલી (અ.સ)ના નામનું સ્મરણ કરો -- તમારી તસ્બીહ લ્યો. આ રૂહાની ખુશીને, જરૂરી રીતે  સમયના બંધનમાં રહ્યા વગર, દરરોજ સતત ધોરણે, તમારી પોતાની તરફ લઈ આવો. તે વિચાર, સમર્પણ હોય છે કે જેને ગણતરીમાં લેવામાં આવે છે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીયે છીએ: તમે તમારા ધર્મને સર્વ સમયે -- સર્વ સમયે તમારી સાથે રાખો. અને અમે તમારી રૂહાની ફરજોમાં સફળતા માટે દુઆઆશિષો

ફરમાવીએ છીએ, તમે ખુશી મેળવો, તમે મજબૂતી મેળવો, તમે હિંમત મેળવો, તમે દ્રઢતા (rigour) અને સૌથી વિશેષ, જગતભરની સઘળી જમાતમાં ભાઈચારો મેળવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ભારતની આ મુલાકાત અમારા માટે એક ઘણી જ ખુશીપૂર્ણ મુલાકાત રહી છે, અને અમે ભારતની સરકાર, સઘળા સ્થાનિક અધિકારીઓ -- તેઓ જાહેર સેવાના જે પણ ક્ષેત્રોમાંથી આવતા હોય -- તેઓએ જે ઉદારતા, સૌજન્યશીલતા, અને અસરકારકતાની સાથે અમને ભારતની આ મુલાકાત દરમ્યાન સહાય કરી છે તે બદલ, તેઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમને જે સહાયતા આપવામાં આવી છે, તેની અમે ઊંડી રીતે કદર કરીએ છીએ, અને જમાત તરફથી અને અમારા તરફથી અમે જણાવીએ છીએ "આપનો આભાર."

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, તમે જયાંથી પણ આવ્યા હો, અમારા ઉત્તમ, ઉત્તમ, હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીયે છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને, આ ફરમાનના અંતમાં, અમે અહીં ભારતમાંના અને જગતભરમાંનાં અમારા રૂહાની બાળકોને યાદ અપાવીએ છીએ કે તમે ભાઈઓ અને બહેનો છો. જયાં મદદની જરૂરત હોય, ત્યાં મદદ કરો, જયાં ઉદારતાની જરૂરત હોય, ત્યાં ઉદાર બનો, જયાં મજબૂતીની જરૂરત હોય, ત્યાં મજબૂત બનો, જયાં દયા-ભાવનાની જરૂરત હોય, ત્યાં દયાળુ બનો, કે જેથી તમે જમાતમાં ભાઈચારા અને બહેનપણાની ભાવના -- મજબૂત ભાવનાનું ઘડતર કરો, કે જેથી કોઈપણ મુરીદ અલગ પડી ગયેલ હોવાનું ન અનુભવે, વંચિત રહી ગયેલ હોવાનું ન અનુભવે. દરેક મુરીદ એ જાણતો હોય કે તે અથવા તેણી જગતભરમાં હજારો ભાઈઓ અને બહેનો ધરાવે છે. આથી, કોઈપણ મુરીદ એકલો નથી, અને તે ઉપરાંત, અમે જગતભરના અમારા સઘળા મુરીદોની સાથે છીએ. અમે તમારામાંના એકે એકને અને દરેકને ફરીથી, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીયે છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જમાતમાંના વોલન્ટીયરો, એ અસંખ્ય વોલન્ટીયરો કે જેઓ, જ્યારે અમે મુલાકાત લઈએ છીએ, ત્યારે જમાત માટે અને ઈમામ માટે આ અદ્દભુત સેવા આપે છે, તેઓને અમારા સઘળા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવવા

ચાહીએ  છીએ. જો અમે અન્યોનો ઉલ્લેખ કરવાનું ભૂલી ગયા હોઈએ, તો પછી અમે તે શબ્દ "અન્યો" (others)માં જમાતમાંની અન્ય સંસ્થા -- જમાતમાંની દરેક અન્ય સંસ્થાનો સમાવેશ કરીએ છીએ. અમે તેઓને શ્રેષ્ઠ કાર્ય માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યારે અમે અમારી જમાત સાથે હોઈએ છીએ, ત્યારે અમે જમાતના  મુખી અને કામડિયાને  સાંભળવા ચાહીએ  છીએ, કે જેઓ અમને જમાતની ઈચ્છાઓ વિશે જણાવે છે, તેઓ અમને જમાતમાં શું થાય છે તે સંબંધી -- માત્ર સારી વસ્તુઓ --બીજું કાંઈ નહિ -- માત્ર સારી વસ્તુઓ (સંબંધી) જણાવે છે. અને હવે અમે જમાતના સઘળા રૂહાની સભ્યોની અનંત શાંતિ અને રાહત માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે એ સઘળા મુરીદો, જેઓ હવે આપણી વચ્ચે નથી, તેઓની અનંત શાંતિ, અનંત શાંતિ અને રાહત માટે અમારા દુઆઆશિષો  ફરમાવીએ છીએ.

અમે તમને સર્વેને  પણ મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તેનું

નિરાકરણ થાય, તમે તમારા કુટુંબોમાં ખુશી ધરાવો, તમારા બાળકો તેમના અભ્યાસમાં સફળ થાય અને આપણે જમાતમાં મજબૂત એકતા ધરાવીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમને જણાવવા ચાહિએ છીએ કે અમે અતિશય આભાર સાથે તમારું નઝરાણું કબુલ ફરમાવેલ છે, અને અમે ઈચ્છીએ છીએ કે તે નઝરાણું અમારી જમાત માટે હજારગણું, ભારતમાંની અને જગતભરમાંની અમારી જમાત માટે હજારગણું વધવા પામે.

તમે અમને જે અતિશય સુંદર ભેટ અર્પણ કરી છે તે માટે પણ અમે અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. (તમે) અમને ઘણા, ઘણા લાડ લડાવ્યા છે. અમે તેને અમારી સાથે ઘરે લઈ જઈશું, અને અમે તેને, જ્યાં અમે દરરોજ કાર્ય કરીએ છીએ ત્યાં અમારા ટેબલ ઉપર રાખીશું. અને અમે તમને જણાવવા ચાહીએ છીએ કે દરરોજ અમે તમારી ભેટ તરફ નઝર કરીશું અને અમે ભારતમાંની અમારી જમાતને યાદ કરીશું. અમે તમને એકે એકને અને દરેકને ફરીથી અમારા

અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

સંગઠિત રહો, તમારા ધર્મ ઉપર મજબૂત રહો, ઈસ્લામની નીતિમત્તાની અંદર જીવન જીવો, અને અમે તમને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અને તમારી સર્વે નેક ઉમેદો પરિપૂર્ણ થાય. અમે ફરીથી ફરમાવીએ છીએ, તમારી સર્વે નેક ઉમેદો પરિપૂર્ણ થાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૩૦. એટલાંટા, જ્યોર્જિયા, યુ.એસ.એ, ૧૪મી માર્ચ, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ, હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જયારે તમે તેમના -- તમારા કુટુંબોની સાથે, તમારી જમાત સાથે સંપર્કમાં આવો, તેઓ ભલે અહીં હોય અથવા વિદેશમાં હોય-- તેઓને કહેજો કે આજે, અમે તેમને મજબૂત દુઆઆશિષો, મજબૂત દુઆઆશિષો, ઘણા મજબૂત દુઆઆશિષો મોકલાવેલ છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆત, રાજ્ય સ્તરે, રાષ્ટ્રીય સ્તરે, સ્થાનિક સ્તરે, સઘળા અધિકારીઓ કે જેઓએ આ મુલાકાત દરમ્યાન, અમારા પ્રતિ જે સૌજન્યશીલતાઓ અને સદભાવનાઓ દર્શાવેલ છે, તે બદલ તેમનો આભાર માનીને કરવા ચાહીએ છીએ. આથી, તે અધિકારીઓ કે જેમની વચ્ચે

તમે રહો છો, અને જેઓએ અમને ઘણી જ ઉષ્માપૂર્વક અને ઉદારતાપૂર્વક આવકાર આપેલ છે. તેમના પ્રતિ તમે તમારા દરરોજના જીવનમાં અમારા આભારનું પ્રતિનિધિત્વ કરો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે આપણા જગતના આગળ પડતા જ્ઞાન આધારિત સમાજ (knowledge society) માં રહો છો, અને  આથી, જ્ઞાન ગ્રહણ કરવાની, તે જ્ઞાનમાંથી શીખવાની, તે જ્ઞાનમાં તમારા કુટુંબો કે જેઓ અહીં નથી, જેઓ કદાચ  હજુ વિકાસ પામી રહેલ જગતમાં વસવાટ કરે છે, તમને સહભાગી બનાવવાની તમારી પાસે તકો રહેલી છે. આથી, આજે સાંજના આ ફરમાનમાં અમારું પ્રથમ મંતવ્ય તમને એ ફરમાવવાનું છે: તે જ્ઞાનમાં તમારા કુટુંબોને, તમારા બાળકોને, તમારા બાળકોના બાળકોને સહભાગી બનાવવાની તમારી પાસે જે દરેક તક રહેલી છે, તેને હાસિલ કરો, કે જેથી જમાતમાં, પેઢી દર પેઢી, તમારા કુટુંબોની આ પેઢી માટે, અને તમારા કુટુંબોની ભવિષ્યની પેઢીઓ માટે, ગુણવત્તાપૂર્વકનાં જીવનનો વિકાસ કરવામાં તમને સહાય કરવા માટે જ્ઞાન --વધુ અને વધુ વિશ્વસનીય (trusted), વધુ અને વધુ લાભદાયક (leveraged)-- મિલકત (asset) બનવા પામે. અમે આજે સાંજના અમારા રૂહાની બાળકોને એ પણ ફરમાવીએ છીએ; આપણા સમયના, આપણા જગતના આગળ પડતા જ્ઞાન

આધારિત સમાજમાં રહેવા માટે એ મહત્વનું છે કે તે જ્ઞાનમાંથી તમે જેટલું પણ પ્રાપ્ત કરી શકો તેમ હો, તેટલું પ્રાપ્ત કરો તેને તમારું બનાવો, તેને તમારા માટે, તમારી ભવિષ્યની પેઢીઓ માટે કાર્યશીલ બનાવો, અને તે જ્ઞાનને જગતભરમાં, જગતના જુદા જુદા ભાગોમાંની, જુદી જુદી જમાતોને પહોંચાડો, કે જેથી આપણે --અને અહીં અમારો મતલબ બેશક જમાત છે -- જગતના જ્ઞાન આધારિત સમાજનો એક નોંધપાત્ર ભાગ બનવા પામે. એ ધ્યાનમાં રાખો કે ઐતિહાસિક રીતે,આપણા તરીકાએ જ્ઞાનનું પ્રસારણ કર્યું છે. તે આપણા ઈતિહાસના ભાગરૂપ છે. તે આપણને જે માનીએ છીએ તેના ભાગરૂપ છે. તે અલ્લાહના સર્જનને સમજવા માટે, વધુ સારી રીતે સમજવા માટે, જે મહત્વનું છે તેના ભાગરૂપ છે -- અને આથી, જ્ઞાનની શોધ અને તેમાં સહભાગી બનાવવાની બાબત -- આપણા દરરોજના જીવનના ભાગરૂપ છે.

બીજો મુદ્દો જે અમે  ફરમાવીશું તે એ છે કે તમે અહીં એક ઉચ્ચ રીતે વિકાસ પામેલ સમાજમાં રહો છો, અને (જ્યાં) એવું જ્ઞાન છે, એવી કાબેલિયતો છે, કે જેની વૈશ્વિક રીતે જરૂરત છે, જેની વૈશ્વિક રીતે આવશ્યકતા છે. આથી અમારા જે રૂહાની બાળકો અહીં રહે છે  તેઓને અમે ફરમાવીએ છીએ: તે જ્ઞાનમાં તમારા કુટુંબોને, તમારી જમાતને સહભાગી બનાવો, કે જેથી તે જ્ઞાન જગતભરમાંની, અને જે દેશો કદાચ

આ દેશ કરતાં ઓછા સહભાગી છે તેમાંની આપણી જમાતના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા માટે ઝડપથી આગળ વધવાનું એક સાધન (trampoline) બની શકે. આથી, જ્ઞાનમાં સહભાગી બનાવવું એ એક એવો સંદેશ છે, જેમાં અમે તમને સહભાગી બનાવીએ  છીએ, અને અમે આજે અમારા મુરીદોને ફરમાવીએ છીએ: તે જ્ઞાનની તમારા કુટુંબમાંની ભવિષ્યની સઘળી પેઢીઓ સાથે વિસ્તૃત રીતે આપ-લે કરો, કે જેથી તેઓ દુન્યવી બાબતોમાં પ્રગતિ કરવા શક્તિમાન બને.

તેઓને એમ પણ કહો કે આપણો (ભાઈચારો) એક વૈશ્વિક ભાઈચારો છે, અને આથી, જયારે કુટુંબો જગતના જુદા જુદા ભાગોમાં રહેતા હોય, ત્યારે એ અમારી આશા છે, એ અમારી ઈચ્છા છે, એ અમારી અપેક્ષા છે કે એક જ કુટુંબની જુદી જુદી શાખાઓ, જગતના વિવિધ ભાગોમાં સંગઠિત બને, સાથે મળીને કામ કરે, સાથે મળીને ઘડતર કરે, કે જેથી તમે જીવનની એવી ગુણવત્તાને વિકસવા માટે મજબૂત પાયાઓ ધરાવતા હો, કે જે અમે અહીં અને અન્ય જગ્યાઓના અમારા મુરીદો માટે ઈચ્છીએ છીએ.

અમે અમારા રૂહાની બાળકોને એ પણ ફરમાવીએ છીએ કે આપણા તરીકાની અંદર, આપણે ભાઈચારાનો  મજબૂત વિચાર ધરાવીએ છીએ, અને આથી, એનો અર્થ એ છે કે જયારે તમે એ જાણો કે એવી વ્યક્તિઓ અથવા એવા કુટુંબો છે

કે જેઓ થોડા સમય માટેની (temporary) મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, તો પછી તમે આગળ આવો અને તમે તે મુશ્કેલીઓને દૂર કરવામાં તેઓને સહાય કરો, કે જેથી, તેઓ જીવનની એક વધુ સારી ગુણવત્તાનો વિકાસ કરવા શક્તિમાન બનવા માટે, પોતાના ભવિષ્યની તરફ આશા અને વિશ્વાસની સાથે દ્રષ્ટિ કરી શકે.

આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને જે ફરમાવવા ચાહીએ છીએ તે એ છે કે, એક વૈશ્વિક ભાઈચારા તરીકે એક બીજાને સહાય કરો, સંગઠિત બનો. જ્યાં જ્ઞાનની બિનઉપસ્થિતિ (absence) હોય અને તમારી પાસે તે જ્ઞાન હોય, ત્યાં તેમાં બીજાઓને સહભાગી બનાવો. સાથે મળીને કાર્ય કરો, હંમેશા વ્યક્તિગત રીતે નહિ, પરંતુ વ્યવસાયિક સહકાર (professional co-operation)નાં વિવિધ સ્વરૂપમાં, પેઢીઓ વચ્ચે, સાથે મળી કાર્ય કરો-- પરંતુ સાથે મળીને કાર્ય કરો -- કે જેથી તમે આ ભાઈચારાને વાસ્તવિક સ્વરૂપ આપી શકો. તે ફક્ત એક સિધ્ધાંત (concept) જ નથી, તે એક એવો સિધ્ધાંત છે કે જેને તમે વાસ્તવિક રીતે અમલમાં મૂકી શકો છો.

આથી, આજે સાંજના અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: સંગઠિત બનો, જ્ઞાનની આપ-લે કરો, સાથે મળી કાર્ય કરો અને એક મજબૂત-- મજબૂત ભવિષ્ય, મજબૂત

ભવિષ્યનું ઘડતર કરો. અમને લાગે છે કે આપણે એક શબ્દ ધરાવીએ છીએ, જે કહે છે "મજબૂત(mazbut)"-- અમારો તે મતલબ છે – મજબૂત(mazbut). અને અમે એવી ખાતરી ધરાવવા ચાહીએ છીએ કે અમારી જગતભરની જમાત એક મજબૂત ભવિષ્યનું ઘડતર કરી રહી છે.

અમે તમને દીની  બાબતોમાં સફળતા માટે, દુન્યવી બાબતોમાં સફળતા માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, સારી તંદુરસ્તી માટે, લાંબા જીવનમાટે અને સિરાતલ - મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓ,

જયારે ઈમામ પોતાના રૂહાની બાળકોને જોવા માટે પધારે છે, ત્યારે જમાતના અનેક મુરીદો એક અથવા બીજી રીતે -- જમાતની વ્યવસ્થા માટે, જમાતના વાહન-વ્યવહાર માટે, જેઓને પાણી પીવાની જરૂરત હોય તેમના માટે પાણી લઈ આવવા માટે સેવા અર્પણ કરે છે. અને અમે આ ફરમાનના પ્રસંગે, ખાસ કરીને આ મુરીદોને અમારા ઉત્તમ, ઉત્તમ

પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવવા ચાહીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમે જયારે આ અદ્દભુત કાર્ય કરતા હો, ત્યારે એ ધ્યાનમાં રાખો કે તમારા ઈમામ તમારા વિષે વિચાર કરતા હોય છે. તેઓ તમારા માટે ગૌરવ અનુભવે છે.

આ ટેક્નોલોજીનો દેશ છે. અમે તમારી સાથે સામાન્ય રીતે વાત કરવાનો પ્રયાસ કરીશુ. જો (ધ્વનીયંત્ર) સાધન (equipment) અન્ય કંઈ નક્કી કરે, તો તેમાં અમારો દોષ નથી. અને અમુક સમય મુરીદો અરજ કરે છે, " હાઝર ઈમામ, પણ શા માટે તમે તમારી જમાતને હસાવો છો?" અને અમે ફરમાવીએ છીએ, "જયારે એક પિતાના બાળકો હોય છે ત્યારે તે શું કરે છે?" તે ચાહે છે કે તેઓ હંમેશા તેમના ચહેરા ઉપર સ્મિત ધરાવે. અને આ જ બાબત અમે અમારા મુરીદો માટે ચાહીએ છીએ.

આથી, આજે સાંજના એ ખાસ કરીને એક ખુશીપૂર્ણ પ્રસંગ છે, અને અમે રાષ્ટ્રીય, રાજ્ય, શહેરી અધિકારીઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ કે જેઓએ આ મુલાકાતને આટલીબધી ખુશીપૂર્ણ બનાવી છે. સઘળા વોલન્ટીયરો પ્રતિ (આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ), કે જેઓએ જમાત સાથે અમારી મુલાકાતને આટલીબધી ખુશીભરી બનાવી છે. અને અમે તમને, તમારી ઉમેદો, તમારી

નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે, સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, દુન્યવી બાબતોમાં સફળતા માટે, પરંતુ ખાસ કરીને દીની બાબતોમાં સફળતા માટે ઉત્તમ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને જયારે તમે આ હોલ છોડી જાઓ, ત્યારે બીજા મુરીદોને કહેજો કે જયારે તમે હસો છો ત્યારે ઈમામ ખુશ થાય છે. હાસ્ય એ ખુશીની એક નિશાની છે, તે આનંદની એક નિશાની છે, અને તે સહભાગીતાની લાગણીની એક નિશાની છે. ખુશીની આપણી જમાતમાં આપ-લે કરવી જોઈએ, તેને કેવળ એક અથવા બે લોકો માટે અલગ રાખવી જોઈએ નહિ. તે ખુશીની એક સર્વસામાન્ય (general) લાગણી છે. અને અમે જયારે અમારી જમાત સાથે હોઈએ છીએ, ત્યારે અમે ખુશી હોઈએ છીએ. અને અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ દુ'આઆશિષો ફરમાવીએ છીએ કે તે ખુશી સર્વ સમય તમારી સાથે હોય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૧. એટલાન્ટા, જ્યોર્જિયા, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ૧૫મી માર્ચ, ૨૦૧૮ (સવારે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆતમાં આ તકે, રાષ્ટ્રીય, રાજ્ય અધિકારીઓ અને શહેરી અધિકારીઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ કે જેઓએ અમને આવકાર આપ્યો છે અને આ મુલાકાતને આટલીબધી ખુશીપૂર્ણ બનાવી છે, અને દેશના વિવિધ વિસ્તારોમાંની અમારી જમાત કે જે એકત્રિત થયેલ છે, તેમને મળવા માટે અમને શક્તિમાન બનાવેલ છે. અને અમે અહીં તમારી સમક્ષ, અમારો ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરીએ છીએ. અમે જમાતમાંના સઘળા વોલન્ટીયરો કે જેઓએ અમારી મુલાકાતને આટલીબધી ખુશીપૂર્વક બનાવવા માટે આ અદ્‌ભુત કાર્ય કર્યું છે. તેઓ પ્રતિ પણ અમારો આભાર, અમારી પ્રશંસા વ્યક્ત

કરીએ છીએ. સમગ્ર જમાતમાંના વોલન્ટીયરોને, અમે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જયારે તમે જગતભરમાં નવીન દેશોમાં સ્થાયી થાઓ છો, ત્યારે એ મહત્વનું  છે કે નવીન દેશોમાં સ્થાયી થવા દ્વારા તમે શું હાંસલ કરવાની ઈચ્છા ધરાવો છો તે વિશેની તમારી પાસે સ્પષ્ટ ભવિષ્ય-દ્રષ્ટિ (clear vision) હોય. ઈમામના દ્રષ્ટિકોણથી એ મહત્વનું છે કે જયારે જમાત જગતના નવીન વિસ્તારોમાં સ્થાયી થતી હોય, ત્યારે તમે તે ડહાપણપૂર્વક, વિચારપૂર્વક, ડહાપણપૂર્વક, વિચારપૂર્વક, ડહાપણપૂર્વક, વિચારપૂર્વક કરો. અમે આશા રાખીએ છીએ કે તે સ્પષ્ટ હતું -- ડહાપણપૂર્વક, વિચારપૂર્વક -- કે જેથી, તમે તમારા ભવિષ્ય માટે ડહાપણસાથે, વિચારશીલતા સાથે, સમજદારી સાથે તૈયારી કરો, કે જેથી પેઢી દર પેઢી, અમે એવો વિશ્વાસ ધરાવી શકીએ કે જમાત સંભાળપૂર્વક, વિચારપૂર્વક, સમજદારીભરી રીતે સમયની અંદર આગળ વધી રહી છે, અને એક પેઢીથી બીજી પેઢી સુધી ઘડતર કરી રહી છે.

જમાતમાંના યુવાનો માટે અમે તમને ફરમાવીએ છીએ: સારા શિક્ષણ  માટે, તે શિક્ષણ જે ઉપયોગી છે તે માટે, તે શિક્ષણ જે

તમે તમારા સમગ્ર જીવન દરમ્યાન મેળવતા રહેશો તે માટે તમે જે તકો ધરાવો છો તેનો ફાયદો હાંસલ કરો, કે જેથી તમારા સમગ્ર જીવન દરમ્યાન, તમે જે સઘળું  કાર્ય કરો છો તે દરમ્યાન, તમે તે કાર્યના હેતુઓ પ્રતિ જ્ઞાન, પ્રમાણિકતા, કાબેલિયત લઈ આવો. અને તે ક્ષેત્રમાં, અમે આશા રાખીએ છીએ કે અમારી જમાત પોતાના વ્યવસાયિક જીવનમાં, તેઓ જે કંઈ લઈ આવે છે તે સંદર્ભમાં આગેવાન બનશે. અમે એવી ધારણા રાખવા ચાહીએ છીએ કે જગતભરમાં દરેક મુરીદ, જે કાર્ય કરવામાં આવે છે તેમાં એક આગેવાન છે. આથી, અમે ચાહીએ છીએ કે તમે એ યાદ રાખો કે ઉત્તમ પ્રથા (best practice) -- આ એક અભિવ્યક્ત છે કે જેનો આપણે ઉપયોગ કરીએ છીએ -- તે ઉત્તમ પ્રથા જગતભરમાં, સમગ્ર જમાતમાં એક લક્ષ્યાંક બને, કે જેથી આપણે એવા સ્ત્રી-પુરુષો તૈયાર કરીએ, આપણે સર્જન કરીએ કે તેઓ જે સમાજોમાં રહેતા હોય તેના પ્રતિ યોગદાન  આપે, અને પોતાના જ્ઞાન દ્વારા, પોતાની કાબેલિયત દ્વારા, પોતાના ડહાપણ દ્વારા, પોતાની પ્રમાણિકતા દ્વારા આગેવાની હાંસલ કરે.

અને અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ : સંગઠિત બનો, તમારા કાર્યમાં, તમારા વ્યવસાયોમાં, તમારી પ્રવૃત્તિઓમાં સંગઠિત બનો, કે જેથી તમે એવી ક્ષમતાનું સર્જન કરો કે જે સમાજમાં વ્યક્તિની ક્ષમતા કરતા વધુ મજબૂત હોય. આથી, સાથે મળીને કાર્ય કરો, કાબેલીયતનું

અને ક્ષમતાનું તેમજ મજબૂતીનું  અને ડહાપણનું સર્જન કરો, અને ભવિષ્ય માટે ઘડતર કરો. એ અમારા માટે અતિશય મહત્વનું છે કે તમે તમારા ભવિષ્ય માટે ઘડતર કરો. તમે તમારા કુટુંબોમાંની ભવિષ્યની પેઢીઓ માટે સંસાધનોને બાજુએ રાખો, તમે તમારા બાળકોને શિક્ષિત બનાવો, કે જેથી તેઓ દુન્યવી બાબતોમાં પ્રગતિ કરી શકે. તેઓને ધર્મની બાબતોમાં શિક્ષિત બનાવો, કે જેથી તેઓ પોતાના ધર્મનું પાલન કરે, કે જેથી તેઓ પોતાના ધર્મના મૂલ્યો ધરાવે, અને તેઓ જમાતમાં એકતા પૂર્વક જીવન જીવે, એક બીજાને સહાય કરે, એક બીજાને સશક્ત બનાવે, અને જગતભરમાંની જમાત માટે વધુ અને વધુ  મજબૂતીનું સર્જન કરે.

આજે, પહેલા કરતાં વધુ, આપણી જમાત એવા મુરીદો સાથેની એક વૈશ્વિક જમાત છે, કે જેઓ જગતભરમાં સ્થાયી થયા છે. અને અમે ચાહીએ છીએ કે જમાત સરહદોની પાર, સમગ્ર વ્યવસાયોમાં એક જ ભાઈચારા તરીકે કાર્ય કરે, કે જેથી તે દરેક દેશમાં, દરેક દેશમાં  કે જ્યાં જમાત રહે છે, ત્યાં ક્ષમતાનું ઘડતર કરવા માટે તમે સંગઠિત બનો.

અમે તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે અમારી સમક્ષની અમારી જમાતને, પરંતુ અમારી વૈશ્વિક જમાતને પણ ફરમાવીએ છીએ: અમે મુશ્કિલ-આસાન માટે, સુખ માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે તમારા કુટુંબોમાં  એકતા માટે, અને સઘળી  દીની બાબતોમાં મજબૂતી માટે અમે દુઆઆશિષો ફરમાવીએ  છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમે મુખીને પુછ્યું કે એવી કોઈ બીજી બાબત છે કે જેનો તેઓ ચાહે છે કે અમે નિર્દેશ કરીએ. તેમને અરજ કરી, "હાઝર ઈમામ, જમાતના સઘળા  રૂહાની સભ્યો માટે દુ'આઆશિષો ફરમાવો." આથી, આજે અમે જગતના આ ભાગમાંની અને વિશ્વભરમાંની આપણી જમાતના સઘળા રૂહાની સભ્યોના આત્માની અનંત -- અનંત -- શાંતિ અને રાહત માટે, તમારી સઘળી ભૂતકાળની પેઢીઓને, અનંત શાંતિ અને રાહત માટે ઉત્તમ, ઉત્તમ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ તકે, સઘળા અધિકારીઓનો, જમાતમાંના સઘળા વોલન્ટીયરોનો, એ દરેક વ્યક્તિ કે જેમણે  અમારી આ

મુલાકાતને આટલીબધી ખુશીપૂર્ણ બનાવવા માટે યોગદાન આપેલ છે તેઓનો પણ આભાર માનવા ચાહીએ છીએ. અમે તમારી સાથે હોવા બદલ અતિશય ખુશી થયા છીએ, અને અમે તે ખુશીમાં તમને સહભાગી બનાવીએ છીએ. અને અમે આશા રાખીએ છીએ કે તમે અનેક, અનેક, અઠવાડિયાઓ, અને મહિનાઓ અને વર્ષો સુધી એટલાજ ખુશ રહેશો કે જેટલા અમે આજે ખુશી છીએ. તમારી સાથે અમારી ખુશી લઈ જાઓ-- અને તમે અમારા ચહેરા ઉપરથી જોઈ શકો છે કે અમે ખુશી છીએ. અને અમે જયારે અમારા રૂહાની બાળકોને સ્મિત કરતા જોઈએ છીએ, ત્યારે તે અમારા બાળકોની જેમ છે કે જયારે તેઓ સ્મિત કરે છે. આથી, અમે જયારે તમે સઘળાને સ્મિત કરતા જોઈએ છીએ, ત્યારે તે બાબત અમને ઘણી ખુશ કરે છે. અને અમુક સમયે મુરીદો અમને અરજ કરે છે, "હાઝર ઈમામ શા માટે તમે જમાતમાં રમૂજ કરો છો ?" અને અમે ફરમાવીએ છીએ, "વારુ, શું એક પિતા પોતાના બાળકો સાથે હસે, તે સામાન્ય બાબત નથી?" શું તે (પિતા) નથી ચાહતો કે તેના બાળકો ખુશ હોય અને ખુશીમાં સહભાગી બનાવે અને અમુક સમયે રમૂજમાં સહભાગી બનાવે? -- અમે કોઈને કહીશું નહિ, ચિંતા નહિ કરતા -- પરંતુ બેશક તમારી વચ્ચે (કહીએ છીએ).

અને અમે તમારી ખુશીમાં તમારી સાથે હશું, અને અમે તમને તમારા જીવનમાં ખુશી માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારા ભૌતિક જીવન માટે અને રૂહાની જીવન માટે -- પરંતુ ખાસ કરીને તમારા રૂહાની જીવન માટે -- નિયમિત બનો, વિચારશીલ બનો, નમ્ર બનો, અને તમારા ધર્મની રોશની મેળવવાનો પ્રયાસ કરો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૨. એટલાન્ટા, જ્યોર્જિયા, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ૧૫મી માર્ચ, ૨૦૧૮ (બપોર પછીના સમયે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમારામાંના એક એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે અમે તમને અમારા દાઈઓ બનાવવા ચાહીએ છીએ -- જેઓ ઐતિહાસિક રીતે, જગતભરમાં ઈમામનો સંદેશ લઈ જતા હોય છે. ઈમામ તરફથી તમારા સઘળા કુટુંબો પ્રતિ વ્હાલનો, દુઆઆશિષોનો, પ્રેમનો અમારો સંદેશ લઈ જાઓ. અમે આપણી જમાતના, તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે પણ અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓ,

આ એક અતિશય  ખુશીપૂર્ણ મુલાકાત રહી છે, અને અમે જગતના આ ભાગમાંની જમાતના ભવિષ્ય સંબંધી અમુક

વિચારોમાં તમને સહભાગી બનાવવા ચાહીએ છીએ. અને અમે એવી આશા રાખીએ છીએ કે તમે તેને તમારી સાથે તમારી ભવિષ્યની પેઢીઓ દ્વારા જગતભરમાં લઇ જશો.

પ્રથમ મંતવ્ય જે અમે તમને ફરમાવીશું, તે તમે ઈમામ પાસેથી ઘણીવાર સાંભળેલ છે: અમારા મુરીદો જગતભરમાં ભાઈઓ અને બહેનો છે. અને તમે જ્યાં પણ હો, જગતના કોઈ પણ ભાગમાં, કોઈપણ મુરીદને કોઈ પણ મદદની જરૂરત હોય, તો મદદ અને ટેકો તેમજ સલાહ અને પ્રોત્સાહન પૂરો પાડવાનો પ્રયાસ કરો, કે જેથી આપણી જમાતના આ અદ્દભુત ભાઈચારા દ્વારા તમે સહાય લઈ આવો, તમે પોષણ (sustenance) લઈ આવો, જેઓ આ પૃથ્વી ઉપર તેમના દુન્યવી જીવન દરમ્યાન જરૂરતમંદ હોય, તેમને તમે ટકાવી રાખી શકો.

આથી, આજે અમે અમારા રૂહાની બાળકો, કે જેઓ વિશેષ અધિકારો ધરાવતા સમાજ (privileged society)માં રહે છે, તેઓને ફરમાવીએ છીએ: જેઓને સહાયની જરૂરત છે તેઓ તરફ સહાય લઈ આવો, તેઓને સલાહ આપવાનો, મદદ કરવાનો, તેઓની સંસ્થાઓને મજબૂત બનાવવાનો, તેઓને સારા શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરો, કે જેથી જગતભરની જમાત તમારા જ્ઞાનમાંથી, તમારા અનુભવમાંથી તમે જે સમાજમાં રહો છો તેમાંથી ફાયદો મેળવી શકે. આ સહભાગીતા (sharing) ઈસ્લામના ભાઈચારાનો, આપણી

જમાતમાંના આપણા ભાઈચારાનો એક મૂળભૂત ભાગ છે. આથી, જગતના આ ભાગમાંની જમાત પાસેથી અમે જ્ઞાનની, કાબેલિયતની, ક્ષમતાની, સંશોધનની સહભાગીતા ચાહીએ છીએ, કે જેથી આપણી જગતભરની જમાત, આપણે જે અતિશય પ્રગતિશીલ સમાજો (sophisticated societies)માં રહીએ છીએ, તેના ઉત્તમ જ્ઞાનમાંથી ફાયદો હાસિલ કરી શકો. એ બાબત ધ્યાનમાં રાખો કે જ્ઞાનની સહભાગીતા આપણા ઈતિહાસના ભાગ રૂપ છે. તે કાંઈ એવી બાબત નથી, કે જે આજે ૪૯મા ઈમામ તમને ફરમાવે છે -- તે આપણા ઈતિહાસના ભાગરૂપ છે, તે કે જેણે ઈતિહાસના દાયકાઓથી અને સદીઓથી જમાતને સુરક્ષિત રાખેલ છે, અને ટકાવી રાખેલ છે -- તે સહાયની, જ્ઞાનની, કાબેલિયતની, સંભાળની સહભાગીતાના ભાગરૂપ છે.

અમે જયારે જમાતના ભવિષ્ય તરફ આગળ દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે અમે અમને પોતાને પૂછીએ: "એવા કયા પાયાઓ છે કે જેના ઉપર તમે તમારા ભવિષ્યનું ઘડતર કરશો?" અને અમે આજે તમને ફરમાવીએ છીએ: પ્રથમ આપણા ધર્મનું સન્માન અને પાલન છે. બીજું, જ્ઞાનનો ઉપયોગ સારા હેતુ માટે કરવાનો છે -- જ્ઞાનનો ઉપયોગ સારા હેતુ માટે કરવાનો છે. ઈસ્લામમાં આપણે કહીએ છીએ: "અલ્લાહના સર્જનને વધુ સારી રીતે સમજવા માટે જ્ઞાન હાસિલ કરો." આ શિક્ષણનો હેતુ છે -- તે મોટાઈ (aggrandisement) અથવા ધન-

સંપત્તિ, અથવા સત્તા અથવા બળના હેતુ માટે નથી તે અલ્લાહના સર્જનને વધુ સારી રીતે સમજવા માટે છે.

આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: એ યાદ રાખો, ઈસ્લામમાં જ્ઞાનનો આ હેતુ છે. તે પછી જો તમે શિક્ષણ મેળવો અને તે જ્ઞાનનો ઉપયોગ તમારા દરરોજના જીવનમાં, તમારા અને તમારી ભવિષ્યની પેઢીઓના જીવનની ગુણવત્તા સુધારવા માટે કરો છો -- તો તે સારું છે, તે સારું છે, તે ઘણું સારું છે, તે શ્રેષ્ઠ છે! આથી, તે જ્ઞાનનો ક્ષમતાનું ઘડતર કરવા માટે, ભાઈચારાનું ઘડતર કરવા માટે, સમાન પ્રયાસ(common effort)નું ઘડતર કરવા માટે ઉપયોગ કરો, કે જેથી, તમે સાથે મળીને અમારી જમાતની ભવિષ્યની પેઢીઓ માટે, મજબૂત પાયાઓનું  સર્જન કરી શકો.

આ પ્રસંગે, આ અદ્દભુત દેશમાંના જુદા જુદા સ્તરોના સર્વે અધિકારીઓએ અમને જે સહાય કરી છે, અને આપણે આ દેશમાં જેમ આપણને પોતાને સ્થાપિત કર્યા છે, તેમ તેઓએ આપણી સંસ્થાઓને જે સહાય કરી છે, તે બદલ અમે તેઓ પ્રતિ પણ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

અંતમાં, અમે તમારામાંના એકે એકને અને દરેકને, તમે કે જેઓ અહીં  હાજર છો તેઓને, તમારા કુટુંબો, કે જેઓ

કદાચ અહીં નહિ હોય તેઓને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તેઓને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તેઓને શાંતિ અને સુખ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને તેઓને સારી તંદુરુસ્તી માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તેઓને ભાઈચારા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તેઓને તેઓની નેક ઉમેદોની, તેઓની નેક ઉમેદોની -- અમે ફરીવાર ફરમાવીએ છીએ -- તેઓની નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તેઓને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે તમારા કુટુંબોના રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમે મુખીને પૂછ્યું કે કાર્યક્રમમાં (હવે) શું છે, અને તેમણે અમારી તરફ જોયું અને અરજ કરી કે "કાર્યક્રમની સમાપ્તિ." અમે તેની અપેક્ષા નહોતી રાખી.

આથી, અમે તમને ફરીથી તમારી સાથે હોવા બદલ અમારી ખુશી, તમને જોઈને અમારો આનંદ, તમારા કુટુંબોના સર્વે સભ્યો -- તેઓ જ્યાં પણ હોય, તેઓને અમારા દુઆઆશિષો પહોચાડવા માટે તમને અમારું આમંત્રણ આપવા, અને તમારા કુટુંબોના રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે અમારા દુઆઆશિષો ફરમાવવા ચાહિએ  છીએ. અને અમે તમને સફળતા - ધર્મમાં સફળતા અને જગતમાં સફળતા માટે ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૩. એટલાન્ટા, જ્યોર્જિયા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ૧૭ માર્ચ ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની  શરૂઆત, તમારામાંના એકે એકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે મુશ્કિલ-આસાન માટે તમને, તમારા કુટુંબોને, તમારી જમાતોને અમારા દુઆઆશિષો ફરમાવીએ છીએ -- તમારી સમસ્યાઓ તમારા સંતોષ પ્રમાણે ઉકેલાય જાય. તમારા કુટુંબોમાં, તમારી જમાતોમાં તમોને શાંતિ હોય, તમારા વિદ્યાર્થીઓ તેઓના અભ્યાસમાં સફળ થાય, તમે આર્થિક રીતે સારી તંદુરુસ્તીમાં હો, અને તમારા દીનનું પાલન  નિયમિત રીતે કરો. અમે ફરીથી તમોને અમારા ઉત્તમ ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આપણી જમાતની યુવાન પેઢી જે આ દેશમાં રહે છે, તેઓને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી છે અને, જેમ તમે જાણો છો,  કે ઈસ્લામમાં , શિક્ષણ એ મૂળભૂત છે. પણ આપણે કહીએ, "શિક્ષણ શું ઉદ્દેશ્ય માટે છે? શું શિક્ષણ એ ભૌતિક સંપત્તિ માટે છે? શું શિક્ષણ એ શાંતિ માટે છે? અથવા શું શિક્ષણ એ અલ્લાહના સર્જનને વધુ સારી રીતે સમજવા માટે છે? ઈસ્લામમાં  શિક્ષણનો તે જ હેતુ  છે. તેથી અમે અમારા રૂહાની બચ્ચાઓને આજે કહીએ છીએ કે: શિક્ષણ એ પુંજી છે. પણ તે પુંજીનો અક્કલપૂર્વક, ડહાપણપૂર્વક ઉપયોગ કરવો જોઈએ, અને કે જેથી તે તમારા જીવનની ગુણવત્તા લાવે, અને અલ્લાહના સર્જનને  સમજવા માટે તમારા ઈમાનમાં  (faith) મજબૂતી લાવે. તેથી, અમે અમારા રૂહાની બચ્ચાઓને ફરમાવીએ છીએ: તે ધ્યાનમાં રાખો કે ઈસ્લામમાં શિક્ષણનો એક જુદો જ હેતુ છે સૌથી અગત્યનું એ છે કે તે તમારા માટે શું પ્રાપ્ત કરવા ચાહે છે, કે જે  બિન-મુસ્લિમ માટે બીજી બાબત હશે. તેથી અમે અમારા રૂહાની બચ્ચાઓને ફરમાવીએ છીએ: ધ્યાનમાં રાખો -- કે તે જ  શિક્ષણનો હેતુ છે.

હવે તે (શિક્ષણ) એ શિક્ષણથી વિરોધાભાસ નથી કે જે કે આર્થિક હેતું માટે, જીવનની ગુણવત્તા માટે, વ્યવસાયિક પ્રવૃત્તિઓ માટે, તંદુરસ્તીની સંભાળ માટે, નાણાકીય વ્યવસ્થામાં, શિક્ષણમાં જે મંડળીઓ કામ કરે છે તેમને સાથે

લાવવા માટે છે. પણ યાદ રાખો કે આ શિક્ષણ ફક્ત દુન્યવી શિક્ષણ ન હોવું જોઈએ -- તે આપણા દીનનું પણ શિક્ષણ હોવું જોઈએ, જેથી દરેક મુરીદો આપણા દીનનું સત્વ સમજી શકે. અને તે આ બાબત છે કે જેના પર દેખીતી રીતે અમે, ઈમામ તરીકે, ઘણી જ અગત્યતા આપીએ છીએ.

તેથી અમે તમને એક ઉદાહરણ આપવા ચાહીએ છીએ: કુરાનમાં  એક આયાત છે જે કહે છે "કુલ હુવલ્લાહુ અહદ્" તમારામાંથી કોણ 'કુલ' શબ્દનો અર્થ જાણે છે? સરસ, અમે એક હાથ ઊંચો થયેલો જોયો. સરસ. તે છે, "કહે."(Say). પણ તે કોને અને કયા સંદર્ભમાં સંબોધવામાં આવ્યું છે? અને કુરાનમાં તે શા માટે વારંવાર પાછું આવે છે?  તે એટલા માટે કે અલ્લાહ પયગંબરને કહેવા માટે આદેશ આપે છે. તેથી તે સીધેસીધું અલ્લાહ આપણા પયગંબરને બોલવા માટે(to speak), કહેવા માટે (to say)અને વાતચીત માટે (to communicate) આદેશ આપે છે. તેથી તે અગત્યનું છે કે અમારા રૂહાની બચ્ચાઓ પાસે જે દુઆ છે તેનો અર્થ સમજે, તે દુઆના  સંદર્ભને સમજે, અને તે, ઈન્શાઅલ્લાહ તમારી ખુશીમાં, તમારા રોજીંદા જીવનમાં શું લઈ આવશે તે સમજે.

એ પણ, ધ્યાનમાં  રાખો કે, ફક્ત અલ્લાહનો વિચાર એ ઈસ્લામમાં , દુઆ અને રહેમત છે. તેથી તમારા રોજીંદા જીવનમાં, તમારી તસ્બીહ લ્યો, "યા અલ્લાહ," "યા

મુહમ્મદ", "યા અલી" કહો. તમારા દુઆના વખત ઉપરાંત, તમારા ભેગાં મળવાના વખત ઉપરાંત તમે ખુશી મેળવવા માટે તસ્બીહ નો ઉપયોગ કરો, કારણ કે તે સારું છે -- તે સારું છે કે તમે તમારા વિચારોને  તમારા રોજીંદા જીવનમાં તમારા દીન સાથે જોડી રાખો. તેને તમારા રોજીંદા જીવનનો ભાગ બનાવો, તેને હંમેશા તમારી સાથે રાખો -તેને હંમેશા તમારી સાથે રાખો.

અમે તમને ખુશી માટે, લાંબા જીવન માટે અને સિરાતલ મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અમારા ઉત્તમ, ઉત્તમ,ઉત્તમ વ્હાલભર્યા  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ ફરમાનના પ્રસંગે, અમે જમાતમાંના બધા વોલન્ટીયરોને અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો પહોંચાડવા ઈચ્છીએ છીએ. અમે તમોને ઉત્તમ કાર્ય જે તમોએ કર્યું છે તેના માટે મુબારકી આપીએ છીએ, કે જે તમે કરવાનું ચાલુ રાખો. તમે અમારા ગૌરવ છો, તમે અમારી ખુશી છો, તમે અમારા આનંદ છો. તેથી અમે તમને ઉષ્માભર્યા, અતિ ઉષ્માભર્યા, અતિ, અતિ, અતિ ઉષ્માભરી મુબારકી આપીએ છીએ -- હવે તમે સમજી ગયા છો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

આ પ્રસંગોએ, અમે જમાતના મુખી કામડીયા સાથે મુલાકાત લઈએ છીએ અમે તેમને પૂછીએ છીએ," તે શું છે કે જે તમે કહેવડાવવા ઈચ્છો છો?" અને તેઓએ અમને અરજ કરી છે કે અમે આપણી જમાતના દરેક રૂહાની મેમ્બરોના રૂહોની અનંત શાંતિ અને આરામ માટે દુઆઆશિષો ફરમાવીએ. તેથી અમો જેઓ શારીરિક રીતે આપણી સાથે નથી તેઓની અનંત શાંતિ અને અનંત આરામ માટે ઉત્તમ ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમે એમ પણ ચાહીએ છીએ, કે જમાતના વોલન્ટીયરો જેઓએ ઉત્તમ કાર્ય કર્યું છે તેઓને તે માટે ફરીથી અમારો આભાર અને મુબારકી પહોંચાડીએ. તેઓને એ જાણવું જોઈએ કે તેઓ અમને ઘણીજ ખુશી આપે છે. તેઓ આ મુલાકાત દરમ્યાન અમને જમાતની વધુ નજદીક લાવવા માટે શક્ય બનાવે છે, કે જે બીજી બાબતોમાં શક્ય ન હોય શકે, કારણ કે તેઓ જમાત વચ્ચે જોડાણ (link) તરીકે કાર્ય કરે છે. તેથી તેઓ અમારા કાર્યમાં, અમારા જીવનમાં ઘણા ઘણા મહત્વના છે અને અમે તેઓને કહીએ છીએ: મુબારક, મુબારકી. અને અમે આશા રાખીએ છીએ કે આ ઉત્તમ કાર્યમાં તમોને ખુશી મળે.

જેમ સમય પસાર થતો થાય છે -- આ દેશમાં, જગતભરમાં પણ -આપણે જમાતની મજબૂતી માટે અને કેળવણી માટે પ્રયાસ કરવા  જોઈએ.  મજબૂતી એટલા માટે કે તે સારી તંદુરસ્તી લાવે, મજબૂતી કે જેથી તેમાં આર્થિક સલામતી હોય, આર્થિક સ્થિરતા હોય, મજબૂતી કે જેથી શિક્ષણ જમાતમાં પેઢીઓની અખંડતાનો એક ભાગ હોય; કે જેથી, તે જગતમાં કે જ્યાં જ્ઞાન  આવશ્યક છે, આપણી જમાત ઈન્શાઅલ્લાહ, દાયકા પછી દાયકા પછી દાયકા પ્રગતિ કરશે. તે પ્રગતિ ભૌતિક પ્રગતિ હોય શકે, પરંતુ અમે ઈચ્છીએ છીએ કે દરેક મુરીદ દાઈ બને. શું તમે જાણો છો  તે શબ્દનો શું અર્થ છે? હા? સરસ. દાઈઓનો ઈતિહાસ  અને તેઓએ જમાત અને વખતના ઈમામ માટે જે મુસાફરીઓ કરી છે તે તમે જાણો છો. હવે, અમારી એ ઈચ્છા છે કે, તમારા કુટુંબની આ પેઢીના તમે બધા દાઈઓ બનો.

અમો ફરીથી તમો દરેકને ખુશી માટે, સિરાતલ મુસ્તકીમ ઉપર મજબૂતી માટે, સારી તંદુરસ્તી માટે, અને તમારા જીવનમાં જે પણ મુશ્કેલીઓનો તમે સામનો કરી રહ્યા હો, તે ચાલી જાય, તે અદ્રશ્ય થઈ જાય, તે હવે કદી પણ તમારી સાથે ન હોય, કે જેથી  તમે શાંતિમાં, એકતામાં  અને આનંદમાં રહો તેના માટે અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમો તમોને ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ જમાતમાં મુરીદો છે જે દુનિયાના ઘણા ભાગોમાંથી આવ્યા છે, તેથી અમે અમારા મુરીદો કે જેઓ બહારથી અહીં આવ્યા છે: તેમને આ પ્રસંગે, તમારા કુટુંબોને અને તમારી જમાતને, અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષ પહોંચાડજો. તેઓ જાણે કે અમો તેઓને માટે વિચારી રહ્યા છીએ અને અમો ઈચ્છીએ છીએ કે તમો અમારી ખુશી, અમારો હેત, અમારો પ્યાર, અમારા દુઆઆશિષો તમારા કુટુંબોને અને તમારી જમાતોને પહોંચાડજો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

મુખી અને કામડીયા એવું ઈચ્છે છે કે અમે  આપણી જમાતના બધા રૂહાની સભ્યોના રૂહોની અનંત શાંતિ અને આરામ માટે દુઆઆશિષો ફરમાવો. અને આ અમો અત્યારે કરી રહ્યા છીએ. અમો જમાતના બધા રૂહાની સભ્યોને તમારા કુટુંબોને, આગલી પેઢીઓને ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ -- કે તેઓ અખંડ શાંતિ અને ખુશીમાં આરામ પામે. અને અમે તમોને એકવાર દીની બાબતોમાં અને દુન્યવી બાબતોમાં સફળતા માટે, તમો દરેકને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારી અંતિમ ભલામણ અમારી જમાતને એ યાદ અપાવવું છે કે તમો બધા ભાઈઓ અને બહેનો છો. જ્યારે તમો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હો ત્યારે એકબીજાને મદદ કરો. તમારા સમય અને તમારા ડહાપણ સાથે ઉદાર બનો. અને વિદ્યાર્થીઓ, જયારે તેઓના શિક્ષણ દરમ્યાન કામ કરે છે -- વિદ્યાર્થીઓ જે ઉત્તમ સ્થાન પર છે -- અમો તેમની પાસેથી બીજા વિદ્યાર્થીઓ માટે મદદ ચાહીએ છીએ, કે જેથી આપણી વિદ્યાર્થી સમિતિ (student body) તેઓના શિક્ષણમાં સફળતાપૂર્વક અને ખુશી પૂર્વક આગળ વધી શકે અને તેઓનું શિક્ષણ આવતા દાયકાઓમાં સારા હેતુ માટે ઉપયોગ કરી શકે. અને અમારા દરેક વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસમાં સફળતા માટે અમો અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ પણ યાદ રાખો કે શૈક્ષણિક સફળતા તેના પરિણામમાં સંપૂર્ણ નથી. જેઓ  શૈક્ષણિક ક્ષેત્રમાં સફળ થયા છે --  તે ઉત્તમ છે. પણ તમારે જીવનમાં શૈક્ષણિક ક્ષેત્રમાં સફળતા મેળવવાની જરૂર નથી, તમારા જીવનમા  જો તમે સખત મહેનત અને પ્રમાણિકતાથી કાર્ય કરશો તો તમો ડહાપણવાળા અને વિચારશીલ છો, તમો તમારી સંસ્થાઓમાં, તમારી કારકિર્દીમાં મજબૂતી લાવશો. તેથી, અમો શૈક્ષણિક શિક્ષણના મોટા સમર્થક છીએ, પણ અમો અમારા રૂહાની બચ્ચાઓને

કહીએ છીએ  કે જો તમોને શૈક્ષણિક શિક્ષણ જે સ્તર ઉપર તમે ઈચ્છતા હો, તે ન મળ્યું હોય તો તમે  નાખુશ અથવા ચિંતાતુર નહિ બનો, કારણ કે તમો  શિક્ષણ કે જે અમો ઈચ્છીએ છીએ તમો પ્રાપ્ત કરો તે તમો જિંદગી પર્યંત કરી શકો છો. આપણે માનવ ઈતિહાસના  એ સમયમાં નથી જીવી રહ્યા કે જ્યાં શિક્ષણ ફક્ત શૈક્ષણિક પ્રક્રિયામાં આપવામાં આવતું હતું. તેથી અમો અમારા રૂહાની બચ્ચાઓને કહીએ છીએ કે હાલનું જીવન પહેલા કરતા વધારે સતત શૈક્ષણિક પ્રક્રિયા છે -- તેના ભાગરૂપ બનો અને, અમને ખાતરી છે કે તમો સફળતા મેળવશો. તો આ સતત ઉત્તમ શિક્ષણના માર્ગ ઉપર કાયમ રહો. સરસ.

અમો પણ તેને ચાલુ રાખીએ છીએ, પણ અમો તમોને નહિ કહીએ કે અમે શું વાંચીએ છીએ. તો તમે જોયું કે જીવનમાં થોડી રમૂજ સારી વાત છે.તેથી અમો આશા રાખીએ છીએ કે આપણે બધા સાથે મળીને હાસ્ય કરીએ, આપણે બધા સાથે ખુશ રહીએ, આપણે હાસ્ય કરીએ, આપણે જીવનમાંથી આપણા કુટુંબો માટે, આપણા બાળકો માટે, આપણા પરપૌત્ર માટે અને વિશ્વભરની જમાત માટે આનંદ જાળવી રાખીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૪. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ૨૦મી માર્ચ ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે વિશ્વભરની જમાતોને શાંતિ માટે, એકતા માટે અને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારામાંના જેઓના કુટુંબો વિદેશમાં છે, (તેઓને) અમારા દુઆઆશિષો પહોંચાડજો. તમારા કુટુંબો, તમારી જમાતોને કહેજો કે અમે તેમના વિષે વિચારીએ  છીએ. અને અમે તેઓને એકતા માટે, જીવનની ગુણવત્તા માટે, અને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો મોકલાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆત, આ મુલાકાત દરમ્યાન, અહીં અને અમે જ્યાં પણ હતા ત્યાં, અમને જે સઘળી સૌજન્યશીલતાઓ અર્પણ કરવામાં આવેલ છે તે બદલ, જમાત અને અમારા તરફથી, અમારો આભાર માનીને કરવા ચાહીએ છીએ. અમે જમાત તરફથી, અને અમારા પોતાના તરફથી અમારો આભાર વ્યક્ત કરીએ છીએ. અને અમે આશા કરીએ છીએ કે તમે સમગ્ર પશ્ચિમી જગતમાંના સભ્ય સમાજ (civil society)માં જે રીતે રહો છો, તેમાં આ આભારને તમે વાસ્તવિક બનાવશો.

અમે આજે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે, પશ્ચિમી જગતમાં રહેવામાં, ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરવાના બે માર્ગો છે. એક (માર્ગ) આપણા ધર્મના સિધ્ધાંતોમાનો છે, અને બીજો ધર્મની અવગણના કરવાનો અને ધર્મમાં સહભાગી થયા વિના તેનું પાલન કર્યા વિના સભ્ય સમાજમાં રહેવાનો છે. અને અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: સીધા માર્ગ ઉપર મજબૂત રહો -- મજબૂત રહો. આ મૂલ્યોને તમારા કુટુંબોમાં, તમારી પ્રવૃતિઓમાં, તમારા ધંધાકીય સાહસો (enterprises)માં રાખો. તમારા ધર્મના પાલનમાં નિયમિત બનો. નબળાઓની સહાય કરીને, બીમારોની સહાય કરીને, ગરીબોની સહાય કરીને, જેઓ મુશ્કિલમાં હોય તેમની સહાય કરીને, તમારા પોતાની વચ્ચે ભાઈચારાની-- તમારા ધર્મની નીતિમત્તાનો અમલ કરો. આથી, અમે અમારા રૂહાની

બાળકોને ફરમાવીએ છીએ: આજે તમારી આસપાસ સર્વ જગ્યાએ, અને તમારા કુટુંબોમાં અને તમારી સંસ્થાઓમાં આપણા ધર્મની નીતિમત્તાનો અમલ કરો. આપણા ધર્મની નીતિમત્તા ઉપર ઘડતર કરો, અને અમને ખાત્રી છે -- અમને ખાત્રી છે -- કે જો તમે આપણા ધર્મની નીતિમત્તા ઉપર ઘડતર કરો, તો તમે રોશની(enlightenment)ના, ખુશીના, રૂહાની મજબુતીના અને ઈન્શાઅલ્લાહ, દુન્યવી સફળતાના જીવન ધરાવશો. પરંતુ અમે તમને ફરમાવીએ છીએ : આપણા ધર્મની નીતિમત્તા મુજબ જીવન જીવો.

અમે આ પ્રસંગે, જમાતમાંના સઘળા વોલન્ટીયરો પ્રતિ પણ અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરવા ચાહિએ છીએ, કે જેઓ જમાતની સેવા કરે છે, જેઓ કોઈપણ સ્વીકૃતિ (recognition)મેળવવાનો નહિ, પરંતુ જમાતને, જે લક્ષ્યાંકો આ શ્રેષ્ઠ સેવા વગર હાંસલ કરવા મુશ્કેલ હોય, તેને હાંસલ કરવા શક્તિમાન બનાવીને, જમાતની વિવિધ રીતે સેવા કરવાનો પ્રયાસ કરે છે. આથી, અમે જમાતમાંના સઘળા વોલન્ટીયરોને ફરમાવીએ છીએ: અમે આભારી છીએ અને અમે તેમને ફરમાવીએ છીએ, "મુબારક !" તમારા સમગ્ર જીવન પર્યંત, તમારા કુટુંબોમાં, અને જે શ્રેષ્ઠ કાર્ય તમે કરી રહ્યા છો તેમાં બરકાત તમારી સાથે હોય.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ જગતભરમાંની વધુ અને વધુ જમાત, આપણે જેને "જ્ઞાન આધારિત સમાજ"(knowledge society)કહીએ છીએ તેમાં રહે છે. આ બાબત સંસ્થાકીય જીવનમાં, રાજકીય જીવનમાં, આર્થિક જીવનમાં મૂળભૂત પરિવર્તનો ઉત્પન કરે છે, અને અમે આશા રાખીએ છીએ કે અમારા રૂહાની બાળકો એ યાદ રાખશે કે અમે, તમારા ઈમામ તરીકે, તમારા માટે એવી ઈચ્છા ધરાવીએ છીએ કે તમે ન માત્ર આ સમયમાં જીવો, પરંતુ આ સમયથી આગળ -- આ સમયથી આગળ જીવો. તો તમે આમ કેવી રીતે કરી શકો છો ? આમ તમે જ્ઞાન હાંસલ કરવા દ્વારા, એ બાબતની ખાત્રી કરવા દ્વારા કરી શકો છો, કે તે જ્ઞાનની નિયમિત રીતે સુધારણા થતી રહે, કે જેમ તમારી આજુબાજુના સમાજોમાં પરિવર્તન આવે, તેમ તમે એ પરિવર્તનનો ફાયદો મેળવવા, અને બેશક, તેમાં સહભાગી બનવા, અને કદાચ તેમાં આગેવાની લેવા શક્તિમાન હો, કે જેથી આપણી જગતભરની જમાત, તમે જે સમાજોમાં રહો છો, તેમાં સફળતાપૂર્વક રહેવા હંમેશા મજબૂત સ્થિતિમાં હોય.

ઉત્તર અમેરિકામાંની મોટાભાગની જમાત, જગતના બીજા ભાગોમાં કુટુંબો ધરાવે છે, આથી આજે, અમે ઉત્તર અમેરિકામાંની જમાતને ફરમાવીએ છીએ: તમે જે જ્ઞાન ધરાવો છો, તમે જે કાબેલિયતો ધરાવો છો તેમાં જગતભરની જમાતને સહભાગી બનાવો, કે જેથી તેઓ તમારી

ઉપસ્થિતિથી, આપણા સમયના જ્ઞાન આધારિત સમાજમાંની તમારી સક્રિય ઉપસ્થિતિથી ફાયદો મેળવી શકે, કારણ કે જ્ઞાનમાં સહભાગી બનાવવું એ આપણી જમાત માટે પ્રગતિ કરવાનો મૂળભૂત આધાર(fundamental premise) છે.

અમે મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, અમે દુઆઆશિષો ફરમાવીએ છીએ કે તેનું નિરાકરણ થાય-- તેનું સંતોષજનક રીતે, અને તમારી ખુશી પ્રમાણે નિરાકરણ થાય. તમારા કુટુંબો સંગઠિત હોય, તમારી તંદુરસ્તીની સમસ્યાઓ દૂર થાય, અને તમે આપણા ધર્મનું નિયમિત રીતે પાલન કરતા રહો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ફરીથી, અમે આ ફરમાનને, શહેરી સ્તરે, રાજ્ય સ્તરે, રાષ્ટ્રીય સ્તરે અધિકારીઓએ આ મુલાકાત દરમ્યાન અમારા પ્રતિ જે સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે, તે બદલ અમે તેઓનો આભાર માન્યા વગર પૂર્ણ કરવા નથી ચાહતા. અમે ઘણા જ ખુશી થયા છીએ, અને અમે આશા રાખીએ છીએ કે આ ખુશી તમે જોઈ શકો છો અને તેની આપલે કરી શકો છો. અને અમે તમને અમારા ઉત્તમ ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

મુશ્કિલ-આસાન માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, સારી તંદુરુસ્તી માટે અને તમારી નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે (દુઆઆશિષો ફરમાવીએ છીએ)

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

મુખી અને કામડિયાએ અમને તમારા કુટુંબોના  સઘળા રૂહાની સભ્યો -- જ્યાં પણ મૃત્યુ થયું હોય, તેમના આત્માની અનંત શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવવા અરજ કરી છે, અમે ખાસ શાંતિ, અનંત શાંતિ, અનંત રાહત માટે, અને તે જગતમાં શાંતિ હોય તે માટે દુઆઆશિષો ફરમાવીએ  છીએ. અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

તમો સર્વેને, અમે તમને, તમારા કુટુંબોને, તમારી જમાતને, આજે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો પાઠવવા માટે ફરમાવીએ છીએ. તેઓને કહેજો કે અમે તેમના વિશે આપણી વિશ્વભરની જમાત વિશે વિચારીએ છીએ અને આપણી જગતભરની જમાતો પ્રતિ આધુનિક સમાજનું જ્ઞાન, કાબેલિયતો અને પાયારૂપ બાબતો (foundations) લઈ આવવા માટે અમે તમારી તરફ દ્રષ્ટિ કરીએ છીએ. તમે ભાઈઓ અને બહેનો છો -- સાથે મળીને કાર્ય કરો, સંગઠિત

બનો, અને સારું જીવન જીવો, કે જેથી તમે એક ઘણા, ઘણા જ મોટા વૈશ્વિક કુટુંબ તરીકે-- એક ઘણા, ઘણા જ મોટા વૈશ્વિક કુટુંબ તરીકે સાથે મળીને કાર્ય કરી શકો. અમે તમને ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે (દુઆઆશિષો ફરમાવીએ છીએ).

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અંતમાં, આના જેવા પ્રસંગોએ અમે હંમેશા વોલન્ટીયરો વિશે વિચાર કરીએ છીએ. તેઓ એવા પુરુષો અને સ્ત્રીઓ અને બાળકો છે, કે જેઓ જમાતને પોતાને વ્યવસ્થાબધ્ધ બનાવવા માટે સહાય કરે છે, કે જેથી અમે જયારે તમારી સાથે હોઈએ છીએ, ત્યારે અમારા માટે જે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હોય, તેને અમે પૂર્ણ કરી શકીએ. અમે તમને ફરીથી, ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન.

તમારી સર્વે નેક ઉમેદો વાસ્તવિક બને. આ અમારા દુઆઆશિષો છે. આ અમારી ઈચ્છા છે. આ અમારી દુઆ છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૫. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ૨૧મી માર્ચ ૨૦૧૮ (સવારે)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે આ ફરમાનની શરૂઆત "નવરોઝ મુબારક" ફરમાવીને કરીએ છીએ. નવું વર્ષ તમારી સઘળી નેક ઉમેદો પરિપૂર્ણ કરે. તે તમારા પ્રતિ ખુશી, તમારા કુટુંબોમાં એકતા, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી લઈ આવે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે જગતના એક એવા દેશમાં રહો છો, કે જ્યાં જ્ઞાન આધારિત સમાજ (knowledge society) રાષ્ટ્રીય જીવનનો એક આધારરૂપ પાયો છે. જમાત, કે જે આજે એક વૈશ્વિક જમાત છે, તે હંમેશા આવું સદભાગ્ય -- જ્ઞાન આધારિત સમાજમાં રહેવાનું સદભાગ્ય નથી ધરાવતી. અમારી સમક્ષના અનેક મુરીદો એવા કુટુંબો ધરાવે છે, કે જેઓ હજુ એવા દેશમાં રહે છે કે જ્યાં વિકાસ મુશ્કિલ છે, જ્યાં અસ્થિરતા (instability) છે, જ્યાં આર્થિક પરિણામો અચોક્કસ છે. આથી, અમે અહીં આ જ્ઞાન આધારીત સમાજમાં રહેતા અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ : તમારા જ્ઞાનમાં સહભાગી બનાવો, તમારા જ્ઞાનમાં સહભાગી બનાવો. તમારા

કુટુંબો પ્રતિ, તમારી જમાત પ્રતિ તમારું જ્ઞાન, તમારું ડાહપણ લઈ આવો, કે જેથી જ્ઞાન આધારિત સમાજના ફાયદાઓ તરીકે તમારી પાસે જે કંઈ પણ છે, તેમાં આપણી જગત બહારની જમાતને સહભાગી બનાવી શકાય. અમે જગતભરની જમાત માટે એવું ઈચ્છીએ છીએ કે તે જ્ઞાન આધારીત સમાજની પહોંચ (access) મેળવે અને પોતાના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા તે જ્ઞાન આધારિત સમાજનો ઉપયોગ કરે.

નવરોઝના પ્રસંગે, અમે તમને ફરીથી ફરમાવીએ છીએ "નવરોઝ મુબારક". નવું વર્ષ, ખુશીનું, લાંબા જીવનનું, સારી તંદુરસ્તીનું, તમારા કુટુંબોમાં અને જમાતમાં એકતાનું, અને ખાસ કરીને મુશ્કિલ-આસાનનું વર્ષ બની રહે. તમે જે પણ સમસ્યાઓ ધરાવો છો, તે સર્વે અદ્રશ્ય થઈ જાય; તે સુખમાં, સફળતામાં, તમારા કુટુંબોમાં એકતામાં, સારી તંદુરસ્તીમાં બદલાઈ જાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

મુખીએ અને કામડિયાએ અમને મુશ્કિલ આસાન માટે જમાતના સઘળા રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવવા અરજ કરી છે, અને

અમે તે બંને માટે; સારી તંદુરસ્તી માટે અને તમારા કુટુંબના સર્વે સભ્યો કે જેઓ અવસાન પામ્યા છે, તેમની અનંત શાંતિ અને રાહત માટે  દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ખાસ કરીને નવરોઝ, એટલે કે આપણા નવા વર્ષના પ્રસંગે દુઆઆશિષો ફરમાવવા ચાહીએ  છીએ, અને અમે ઈચ્છીએ છીએ કે નવું વર્ષ તમારા માટે ખુશીનું, સારી તંદુરસ્તીનું, તમારી ઉમેદોની પરીપૂર્ણતાનું, તમારા કુટુંબોમાં એકતાનું, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતીનું એક વર્ષ બની રહે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારી અહીંની અને જગતભરની સઘળી જમાતોને નવરોઝ મુબારક.

મુખીએ અને કામડિયાએ એવી પણ અરજ કરી છે કે અમે આપણા સઘળા વોલન્ટીયરોને દુઆઆશિષો ફરમાવીએ. આથી અમે આપણા સઘળા સારા વોલન્ટીયર, કે જેઓ જમાતમાં આવું શ્રેષ્ઠ કાર્ય કરે છે, તેઓને  દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમારા દુઆઆશિષોમાં તમારા કુટુંબોને સહભાગી બનાવો. તમારી  વોલન્ટીયરી સેવા ઉદાહરણરૂપ છે, અને તમે જે કાર્ય કરો છો  તે માટે અમે ઘણો

ગૌરવ ધરાવીએ છીએ. તમે અમને ખુશ કરો છો, તમે અમને ખુશ કરો છો, તમે અમને ઘણા જ ખુશ કરો છો. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અંતમાં અમે ફરીથી ફરમાવીએ છીએ, "નવરોઝ મુબારક". નવું વર્ષ તમારા માટે, તમારામાંના એક એક અને દરેક માટે બરકાતથી ભરપૂર હોય, અને તમારી ઉમેદો પરિપૂર્ણ થાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૩૬. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ૨૧મી માર્ચ ૨૦૧૮ (બપોર પછી)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

નવરોઝ મુબારક! તે શાંતિ, સુખ, સારી તંદુરસ્તી, એકતા અને તમારી ઉમેદોની પરિપૂર્ણતાના એક વર્ષ તરફ દોરી જતો, એક ઘણો જ ખુશીપૂર્ણ નવરોઝ હોય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનના પ્રસંગે એ સઘળા અધિકારીઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ કે જેઓએ અમને અહીં આવકાર આપ્યો છે, અમારા કાર્યમાં અમને સહાય કરી છે, અને અમે માનીએ છીએ કે, જમાતને સહાય કરી છે. અને આપણે જમાતમાંના અને જમાતની બહારના એ સઘળા સ્ત્રી-પુરુષો તરફ આપણો આભાર વ્યક્ત કરવો જોઈએ કે જેઓએ આપણને ખુશીપૂર્વક, શાંતિપૂર્વક અને ભવિષ્ય માટેના વિશ્વાસની સાથે મળવા શક્તિમાન બનીએ તે માટે યોગદાન આપેલ છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે જેમ તમારા જીવનમાં આગળ વધતા જાઓ, તેમ એ ધ્યાનમાં રાખો કે તમારો એક માત્ર ભાગ, કે જે અનંત છે, જે

હંમેશ માટે છે, તે તમારો રૂહ છે. અને તમારામાંના પ્રત્યેક જ્યારે  તમે જન્મ પામો છો, ત્યારે તમે રૂહની સાથે જન્મ પામો છો. આથી, એ ધ્યાનમાં રાખો કે તમે દુનિયાની બાબતો ધરાવો છો, અને તમે આત્માની, રૂહની બાબતો ધરાવો છો. એ ભૂલતા નહિ.

અમે અમારા રૂહાની બાળકોને અનેક પ્રસંગોએ ફરમાવ્યું છે: એક સારા મુસ્લિમ હોવાનો અર્થ એ નથી થતો કે તમારે (માત્ર) દુઆ બંદગીના ઔપચારિક સમયને સંપૂર્ણપણે વળગી રહેવું જોઈએ. તમે ધર્મમાંના વ્યક્તિઓ (individuals within the faith) બની શકો છો. તમે કોઈપણ સમયે, તમારી તસ્બીહ લઈ શકો છો, તમે અલ્લાહના નામનું સ્મરણ કરી શકો છો, તમે પયગંબર (સ.અ.સ) ના  નામનું સ્મરણ કરી શકો છો, તમે હઝરત અલી (અ.સ)ના નામનું સ્મરણ કરી શકો છો. આથી, તમે દિવસ અને રાત્રી દરમ્યાન, કોઈપણ સમયે, કેવળ ધર્મ પ્રતિ સમર્પણ કરવાની, દુઆ બંદગીના નિયમિત કલાકોની બહાર, ધર્મ પ્રતિ સમર્પિત કરવા માટે, એ એક સેકન્ડ અથવા એ બે સેકન્ડ અથવા એ દસ મિનિટો લઈ શકવાની સ્થિતિમાં હો છો. આ ઘણું સારું છે, અને અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જ્યારે  તમે આમ કરવા શક્તિમાન હો છો, તો પછી અમે માનીએ છીએ કે તમે તમારા જીવનમાં વધારે રહેમતો ધરાવશો. અને અમે તમને તે બિન ઔપચારિક સમર્પણ (informal submission) -- બિન

ઔપચારિક સમર્પણ -- અને અલ્લાહના સ્મરણમાં સફળતા માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. આથી, અમે આશા રાખીએ છીએ કે તમારામાંના એકે એક સુખની, સત્યની, પ્રેમની, હેતની, અને દ્રઢતા (rigour)ની, તેમજ સિરાતલ-મુસ્તકીમ ઉપર રહેવાની શોધના એ તત્ક્ષણ ક્રિયા (spontaneous gesture)માં ખુશી મેળવશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ તકે એ સઘળા અધિકારીઓનો આભાર માનવા ચાહીએ છીએ કે જેઓએ, જે રીતે આપણે મળી રહ્યા છીએ તે રીતે મળવા માટે, વ્યવસ્થાબદ્ધ રીતે તેમ કરવા માટે, જમાતને અને અમને સહાય કરી છે, અને અમે આ મુલાકાતો -- કે જેને આપણે "દીદાર" કહીએ છીએ, તે કરવામાં આપણને સહાય કરેલ છે. અને તમને સઘળાઓને જોવાની અમને આવી ખુશી અર્પણ કરેલ છે, તે બદલ તેઓ પ્રતિ અમારો આભાર, અને તમારો પણ આભાર વ્યક્ત કરવા ચાહિએ છીએ. કારણ કે અહીંથી, અમે તમને સઘળાઓને -- જેઓ પાછળની તરફ બેઠેલા છે, તેઓને પણ જોઈએ છીએ -- અમે તેઓને અહીંથી જોઈ શકીએ છીએ. આથી, અમે તેઓને પણ ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

આજે નવરોઝ -- નવું વર્ષ છે, અને અમે આશા રાખીએ છીએ કે આ નવું વર્ષ તમારા પ્રતિ સુખ, સારી તંદુરસ્તી, મુશ્કિલ-

આસાન લઈ આવશે, અને તમારી સઘળી સમસ્યાઓ અદ્રશ્ય થઈ જાય. આ વર્ષ ખાસ ખુશી, ખાસ આનંદ, અને તમે જે પણ કંઈ હાથ ધરો પછી તે આ જગતની અથવા આપણા ધર્મના જગતની બાબતો હોય, તેમાં સફળતાનું એક વર્ષ બની રહે.

અમે તમને ફરીથી, તમારામાંના એકે એકને અને દરેકને, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે તમને તમારા કુટુંબો - જો તેઓ આજે અહીં ન હોય -- તેઓ જગતમાં ક્યાંય પણ હોય - તો તેઓને આ દુઆઆશિષો પહોંચાડવાનો આગ્રહ કરીએ છીએ, તેઓને કહેજો કે અમે તેઓને અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ, અને અમે તેઓને અતિશય ખુશીપૂર્ણ નવરોઝ ઈચ્છીએ છીએ અને એ કે આગળનું વર્ષ અમારી અહીંની અને જગતભરની જમાત માટે, દરેક રીતે એક પરિપૂર્ણતાનું વર્ષ બની રહે.

અમે આ તકે, જમાતમાંના એ સઘળા વોલન્ટીયરો કે જેઓએ આવું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે તે બદલ, તેઓ પ્રતિ પણ અમારો આભાર અને અમારા દુઆઆશિષો પાઠવવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે આ નવું વર્ષ, પરિપૂર્ણતાનું વર્ષ, ખુશીનું વર્ષ, સારી તંદુરસ્તીનું વર્ષ, કુટુંબમાં, જમાતમાં અને જગતભરમાં એકતાનું, અને જગતભરની સઘળી જમાતો માટે મુશ્કિલ-આસાનનું વર્ષ બની રહે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

મુખી અને કામડિયાએ જમાત વતી અરજ કરી છે કે તમારા કુટુંબોના સર્વે રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ. આજે અમે તેમ કરીએ છીએ -- અમે સર્વે અવસાન પામેલા મુરીદોની અનંત શાંતિ માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અંતમાં, અમે મુશ્કિલ-આસાન માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તે દૂર થઈ જાય. તેનું તમારા માટે અને બીજાઓ માટે સંતોષજનક રીતે નિરાકરણ થાય. અને એક જમાત તરીકે, સાથે મળીને કાર્ય કરો, તમે જે દરેક રીતે કરી શકતા હો, તેમાં એક બીજાને સહાય કરો, કે જેથી કોઈપણ મુરીદ દુન્યવી મુશ્કેલીમાં રહેવા ન પામે. અમે મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ફરી એક વાર, વોલન્ટીયરોને શાબાશી. તેઓએ શ્રેષ્ઠ કાર્ય કર્યું છે. તેઓ ઉદાહરણરૂપ - જેમ આપણે અંગ્રેજીમાં કહીએ છીએ તેમ -- ઉદાહરણરૂપ (exemplars) છે. શું તમે તે શબ્દ જાણો છો? સરસ. આથી, અમે જમાતમાંના સઘળા વોલન્ટીયરોને ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ, અને અમે આ શ્રેષ્ઠ કાર્ય માટે તેમને મુબારકીઓ આપીએ છીએ. અને અમે નવરોઝના પ્રસંગે, તમારામાંના એકે એકને અને દરેકને ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ -- નવું વર્ષ સુખનું, સારી તંદુરસ્તીનું, એકતાનું વર્ષ બની રહે, અને તમારી સઘળી સમસ્યાઓ અદ્રશ્ય થઈ જાય - જેને આપણે "મુશ્કિલ-આસાન" કહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૭. હ્યુસ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ૨૨મી માર્ચ ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને અને તમારી જમાતને અમારા ઉત્તમ, અતિશય પ્યારભર્યા, અતિશય હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

અમે મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. સઘળી સમસ્યાઓ શાંતિપૂર્વક અદ્રશ્ય થઈ જાય. અમે શાંતિ માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે, તમારી નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, તેમજ ધર્મની બાબતોમાં અને દુનિયાની બાબતોમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે અમારી જમાતને એ બાબત ફરમાવવા માટે ખુશી છીએ કે, એ અમારી આશા છે કે આવનારા વર્ષોમાં, આપણે અહીં હ્યુસ્ટનમાં એક સેન્ટરનું વિકાસ કરી શકીશું. અને અમે જાણીએ છીએ કે આ એક એવી બાબત છે કે, જ્યાં જમાતી આગેવાનો ચાહતા હતા કે અમે અમારી જમાત પ્રતિ તેની

પુષ્ટિ આપીએ -- અહીં તમારા માટે (અમારી) મંજૂરી છે, અહીં તમારા માટે (અમારી) મંજૂરી છે. આપણે એક સેન્ટરનું નિર્માણ કરવા સાથે મળીને કાર્ય કરીશું: તે આપણી જમાત માટે એક પ્રતિનિધિત્વ ધરાવતી (ambassadorial) ઈમારત, સંસ્કારિતા (elegance)ની ઈમારત, ધર્મનું પ્રતિનિધિત્વ ધરાવતી ઈમારત  હશે. તે એક એવી ઈમારત  હશે, જ્યાં ઈન્શાઅલ્લાહ, તમે શાંતિ અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી મેળવી શકશો. તમને એ ફરમાવતા અમને ખુશી થાય છે કે અમારા ભાઈ આ પ્રયોજન ઉપર પહેલેથી જ કામ કરી રહ્યા છે. આથી, આપણે એવા વ્યવસાયિક સ્થાપત્યશાસ્ત્રીઓ (architect) અથવા એક સ્થાપત્યશાસ્ત્રીય માટે શોધ કરી રહ્યા છીએ કે જે આ ઈમારતમાં આપણા ધર્મની અભિવ્યક્તિ કરશે. આપણે જગતભરમાં એવી અન્ય ઈમારતોમાં તેમ કરવાનો પ્રયાસ કર્યો છે, કે જેનું તાજેતરમાં બાંધકામ કરવામાં આવ્યું છે, અને અમને લાગે છે કે સામાન્ય રીતે કહીએ તો, આપણે સફળ થયા છીએ. અને અમે આ બાબતનો નિર્ણય માત્ર જમાતના પ્રતિસાદ ઉપરથી નથી કરતા, પરંતુ બીજાઓના પ્રતિસાદ ઉપરથી પણ કરીએ છીએ કે જેઓ દુઆબંદગીના આપણા સ્થળોની, ધર્મના આપણા સ્થળોની મુલાકાત લ્યે છે, અને એવું સમજે છે કે આ ઈમારતો આપણા ધર્મની વાસ્તવિક રીતે પ્રતિનિધિત્વ ધરાવતી ઈમારતો છે. આથી, અમે એવી આશા રાખીએ છીએ કે અહીં આપણે એક એવી ઈમારતનું

બાંધકામ કરવામાં સફળ થઈશું કે જે અમારી અહીંની અને જગતભરની સઘળી જમાત માટે પ્રતિનિધિત્વ ધરાવતી (representational)હશે -- એક એવી ઈમારત  કે જ્યાં તમે શાંતિ, એકતા અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી મેળવી શકશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

નવરોઝ હમણાં જ પૂર્ણ થયેલ છે, પરંતુ અમે તમને હજુ પણ નવા વર્ષમાં દરેક ખુશીઓ ઈચ્છીશું. તમારી નેક ઉમેદો પરિપૂર્ણ થાય, તમે સારી તંદુરસ્તી, તમારા કુટુંબોમાં એકતા અને તમારા જીવનમાં શાંતિ ધરાવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનને, એ સર્વ અધિકારીઓ પ્રતિ અમારો ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કર્યા વિના પૂર્ણ કરવા નહિ ચાહીશું, કે જેઓ અમારી મુલાકાત માટે આટલા સૌજન્યશીલ, આટલા સહાયકર્તા રહ્યા છે. અને તેઓ પ્રતિ -- તમારા અને અમારા વતી -- અમે એ સઘળા અધિકારીઓ પ્રતિ અમારો ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કરીએ છીએ કે જેઓએ આ મુલાકાતને અમારા માટે અને અમારી જમાત માટે આટલી બધી ખુશીપૂર્ણ બનાવી છે. અમે નવા વર્ષ માટે પણ ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે તે શાંતિનું, એકતાનું, સિરાતલ-મુસ્તકીમ

ઉપર સફળતાનું નવું વર્ષ બની રહે, અને તમે -- તમારા સમાજોમાં, તમારા કુટુંબોમાં, તમારી સંસ્થાઓમાં સંગઠિત અને ખુશી હો. અમે ફરી એક વાર ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

અમે આ ફરમાનને જમાતમાંના એ સઘળા વોલન્ટીયરો પ્રતિ અમારો આભાર વ્યક્ત કર્યા વિના પૂર્ણ નહિ કરીએ કે જેઓએ આ મુલાકાત માટે આટલું અદ્દભુત કાર્ય કર્યું છે અને તેઓને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે તેઓને તેઓએ જે અદ્દભુત કાર્ય કર્યું છે તે માટે મુબારકીઓ આપીએ છીએ -- અમે તેઓને મુબારકીઓ આપીએ છીએ. તેઓ પોતાના કાર્યમાં ઉદાહરણ રૂપ રહ્યા છે.

અમારી સઘળી જમાતને, તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અહીં અથવા જગતમાં અન્ય ક્યાંય પણ, અમે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ નવું વર્ષ, સુખનું, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતીનું, જમાતમાં અને કુટુંબોમાં -- એકતાનું, અને તમારી રૂહાની ઉમેદોમાં, તમારી શોધમાં સફળતાનું, અને તમારી દુન્યવી બાબતોમાં સફળતાનું, સારી તંદુરસ્તી માટેનું, લાંબા જીવન માટેનું, અને તમારા કુટુંબોના સર્વે રૂહાની સભ્યોની અનંત શાંતિ અને રાહત માટેનું નવું વર્ષ બની રહે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે હમણાં એક નઝરાણું અર્પણ કર્યું છે, જેને અમે કબુલ ફરમાવેલ છે. અને જેના માટે અમે તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને અને તમારી જમાતને અમારા ઉત્તમ, ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારી એ ઈચ્છા છે કે એ નઝરાણાનો તમને સો (100) ઘણો બદલો મળવા પામે, તે તમને આવનારા દાયકાઓમાં શાંતિ અને રક્ષણ અને વિશ્વાસ આપે. અમે આ પ્રસંગે તમને મુશ્કિલ-આસાન માટે ખાસ, ખાસ પ્યારભર્યા દુઆઆશિષો

ફરમાવીએ છીએ, અને અમે તમારી શાંતિ, તમારી સારી તંદુરસ્તી, તમારી ખુશી, તમારા કુટુંબોની એકતા અને તમારા લાંબા જીવન માટે ઈચ્છા કરીએ છીએ. અમે જમાતના સર્વે રૂહાની સભ્યોની અનંત શાંતિ અને રાહત માટે પણ ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને એક દિવસ મોડું, અમે નવરોઝ મુબારક ફરમાવીએ છીએ -- કારણ કે તે એક નવું વર્ષ છે, અને આપણે તેની શાંતિપૂર્વક, વિશ્વાસપૂર્વક, આશાપૂર્વક ઉજવણી કરીએ, તમારી ઉમેદો, તમારી નેક ઉમેદોની પરિપૂર્ણતા કરવા, સારી બાબતો માટે તમે જે સઘળું ઈચ્છો છો તે માટે, જમાતની એકતા માટે, સારી તંદુરસ્તી માટે, લાંબા જીવન માટે, દીની બાબતોમાં અને દુન્યવી બાબતોમાં સફળતા માટે (દુઆઆશિષો ફરમાવીએ છીએ).

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને તમે જે સુંદર ભેટ અમને અર્પણ કરી છે, જે અમને યુગો દરમ્યાનના, સદીઓ દરમ્યાનના, અમારા કુટુંબના, આપણા તરીકાના ઈતિહાસની યાદ અપાવે છે, અને જે વિશ્વાસનો, ખુશીનો, જમાતમાં એકતાનો આવો એક સ્ત્રોત (sources) છે. અને જે ઈમામ તરીકે અમારા માટે ખુશીનો આવો સ્ત્રોત

છે. તે બદલ અમે ફરીથી અમારો ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરીએ છીએ. અમે તમને રૂહાની બાબતોમાં અને દુન્યવી બાબતોમાં સફળતા ઈચ્છીએ છીએ, અને તમારી સર્વે નેક ઉમેદો -- તે જે પણ હોય -- રૂહની, આત્માની બાબતોમાં અથવા દુનિયાની બાબતોમાં હોય, તે પરિપૂર્ણ થાય, તમે સફળ બનો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે ફરી એક વાર, તમે અમને આ મુલાકાત દરમ્યાન જે રીતે લાડ લડાવ્યા છે તે બદલ અમારો આભાર વ્યક્ત કરીએ છીએ. સામાન્ય રીતે માબાપ બાળકોને લાડ લડાવતા હોય છે, પરંતુ તમે તેનાથી વિપરીત કર્યું છે. અમે એ વિપરીત ક્રમ (reversal) માટે તમારો આભાર વ્યક્ત કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૮. નૈરોબી, કેનિયા, ૧૪મી એપ્રિલ, ૨૦૧૮
## ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ અતિશય ખુશીભર્યા દિવસે, અમારા ફરમાનની શરૂઆત, તમને, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે જેમ અમારા માટે આ એક ખુશીનો દિવસ છે તેમ, જમાતમાં એક ખુશીનો દિવસ હશે, ખુબજ આનંદ હશે -- અમને લાગે છે કે તમે તેને ડાંડિયા રાસ કહો છો -- એટલે પુષ્કળ પ્રમાણમાં નૃત્ય હશે, અમને સંદેહ છે કે અહીંથી અથવા ત્યાંથી થોડી ઘણી બિરયાની (પણ) હશે. અને અમે તમારા આનંદમાં સહભાગી થશું, કારણ કે એ અમારા માટે બેહદ ખુશીનો એક દિવસ છે.

અમે અહીં  એક બાળક તરીકે (રહેતા) હતા -- અમે અહીં ની અમારા બાળપણની અનેક અદ્‌ભુત યાદગીરીઓ (memories) ધરાવીએ છીએ.

અને અમે આશા રાખીએ છીએ કે અમારી જમાત શાંતિપૂર્વક રહેવાનું ચાલુ રાખશે. સંગઠિત રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશે, અને તમે તમારી સઘળી આકાંક્ષાઓમાં મુશ્કિલ-આસાનમાંથી ફાયદો મેળવવા પામો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ પ્રસંગે અમારા પ્રતિ જે સઘળી સદ્‌ભાવનાઓ અને સૌજન્યશીલતાઓ દર્શાવવામાં આવેલ છે, તે બદલ સરકારનો પણ આભાર માનવા ચાહીએ છીએ.

અને અમે આશા રાખીએ છીએ કે જ્યારે  તમે ઘરે પાછા જાઓ, તમે ક્યાંથી પણ -- કેનિયા, કેનિયાની બહારથી -- આવ્યા હો, તમે તમારી જમાત પ્રતિ અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો લઈ જશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારી જમાતને કહેજો કે અમે તેઓ વિશે વિચારી રહ્યા છીએ, અમે તેઓને ન માત્ર અહીં  કેનિયામાં, પરંતુ જગતભરમાં, તેઓના જીવનમાં મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો મોકલાવીએ છીએ. અને અમે જમાતની એકતા માટે, આપણી સંસ્થાઓની મજબૂતી માટે, અને આપણી વધુ યુવાન પેઢીઓની તેમના શિક્ષણમાં સફળતા માટે મજબૂત કાર્ય પ્રતિ દ્રષ્ટિ કરીએ છીએ. અને અમે વધુ યુવાન પેઢીઓને

ફરમાવીએ છીએ: શીખો અને વધુ શીખો, અને તમારા સમગ્ર જીવન દરમ્યાન શીખવાનું ચાલુ રાખો, કે જેથી તમે તમારા કુટુંબોની અને તમારી જમાતની મજબૂતીપૂર્વક અને સફળતાપૂર્વક સેવા કરી શકો. અને અમે તમને, વધુ યુવાન પેઢીઓ, જેઓ તમારું શિક્ષણ લઈ રહ્યા છો તેમને, તમારા અભ્યાસમાં સફળતા માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેમ સમય આગળ વધતો જાય છે, તેમ આપણે આપણને પોતાને પૂછવું જોઈએ: આપણે જમાતની મજબુતી માટે શેના ઉપર ઘડતર કરવું જોઈએ? એવા કયાં સંસાધનો છે કે જેને આપણે ગતિશીલ બનાવવાની જરૂર છે? અને આજનું સવારનું ફરમાન, ભવિષ્યમાં ઘડતર કરવા સંબંધી અમુક વિચારોમાં તમને સહભાગી બનાવવા અંગેનું છે.

અમે અમારા સૌથી વધુ યુવાન મુરીદોને ફરમાવીને શરૂઆત કરીશું: પ્રારંભિક બાળવયના વિકાસ (early childhood development) થી લઈને અનુસ્થાનક (post graduate) યુનિવર્સિટી અભ્યાસના -- તમારા શિક્ષણ દરમ્યાન સખત મહેનત કરો, તમારા શિક્ષણમાં સખત મહેનત કરો. આ તમારા માટે એવી ક્ષમતાઓ (capabilities) હાંસલ કરવા માટેની એક તક છે કે, જે તમને તમારા સમગ્ર જીવનકાળ દરમ્યાન

સેવા આપશે, આથી આ તકને ગુમાવી દેતા નહિ. તે એક અદ્‌ભુત તક છે, અને એ અમારી આકાંક્ષા છે કે તમે સર્વે તમારા અભ્યાસમાં સફળ બનો અને અમે અમારા વિદ્યાર્થી સમુદાયને તેમના અભ્યાસમાં સફળતા માટે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

બીજું અમે અહીં અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે એક વૈશ્વિક ભાઈચારાના ભાગરૂપ છો. સાથે મળીને કાર્ય કરો, સંગઠિત બનો. સરહદોની પાર, સમુદ્રોની પાર, જગતભરમાં પ્રયત્ન કરો અને સારા લક્ષ્યાંકો (good goals) હાંસલ કરો, કે જેથી આપણી જમાતનો ભાઈચારો જેમ તમે -તમારા માટે અને તમારી ભવિષ્યની પેઢીઓ માટે તમારા જીવનકાળ દરમ્યાન જીવન જીવો, તેમ તે સઘળાઓ માટે મજબૂત પોષણ (solid sustenance) નું એક સ્વરૂપ બની શકે.

ત્રીજો મુદ્દો, જે અમે અમારી જમાતને ફરમાવીશું તે એ છે કે, ઈસ્લામમાં આપણી પ્રણાલિકા એક બૌદ્ધિક પ્રણાલિકા (intellectual tradition) છે. અને અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારી બુદ્ધિમાં રોકાણ કરો, જ્ઞાન હાંસલ કરો, જ્ઞાનનો તમારા પોતાના, તમારા કુટુંબો અને તમારી જમાતના ફાયદા માટે ઉપયોગ કરો. ન માત્ર જ્યારે

તમે તમારા શિક્ષણમાં હો છો, ત્યારે તમારા શૈક્ષણિક વર્ષો દરમ્યાન પરંતુ તમારા સમગ્ર જીવનકાળ દરમ્યાન જ્ઞાન હાંસલ કરો. જ્ઞાનને, તમે જે રીતે વિચાર કરો છો અને જે રીતે તમારી પ્રવૃત્તિઓને વિકસાવો છો તેના ભાગરૂપ બનાવો. તમારી પ્રવૃત્તિઓમાં જ્ઞાન, કાબેલિયત, ડહાપણ અને આપણે જેને "ઉત્તમ પ્રથા" (best practice) કહીએ છીએ, તેને લઈ આવો. જો અમારી સઘળી જમાત, જગતભરમાં, ઉત્તમ પ્રથાના ભાગરૂપ હોય, તો અમે ઘણા જ ખુશી થઈશું. આ બાબતની અમે અમારી જમાત માટે આશા રાખીએ છીએ, અને અમે ઉત્તમ પ્રથામાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ફરમાનની આ તકે, સરકારે અમારી મુલાકાત દરમ્યાન અમારા પ્રતિ જે સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે તે બદલ, તેઓનો આભાર માનવા અને તેમને એમ ફરમાવવા ચાહીએ છીએ કે તેઓએ અહીં  અમારા પ્રતિ જે સદ્ભાવનાઓ અને સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે તે બદલ -- તમારા વતી અને અમારા વતી -- અમે કેટલા બધા આભારી છીએ.

અમે જ્યારે  કેનિયામાં પ્રથમ રહેતા હતા ત્યારે અમે એક બાળક હતા, અને અમે નૈરોબીની પરિસીમા (perimeter) માં એક મિલકત ધરાવતા હતા. અમારા ભાઈ અને અમે

સસલાઓ એકત્રિત કરતા હતા. આથી, દરરોજ સવારે, અમે બહાર જતા અને સસલાઓને "સુપ્રભાત" (good morning) કહેતા અને એક સવારે અમને ભયંકર આશ્ચર્ય થયું -- તે બધા ખતમ થઈ ગયા હતા, તેનું ભક્ષણ થઈ ગયુ હતું. આમ, અમારા બાળવયની સ્મૃતિ છે -- ઘણી બધી મજા, થોડાક આઘાત (heartaches), અને સૌથી વિશેષ, અહીં કેનિયામાં હોવાની ખુશી.

અને તમને એકે એકને, ફરીથી, સુખ, લાંબુ જીવન, સારી તંદુરસ્તી, અને મુશ્કિલ-આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

તમારી સર્વે સમસ્યાઓ અદ્રશ્ય થઈ જાય, જાણે તે અસ્તિત્વજ નહોતી ધરાવતી. એ બાબત અમે તમારા માટે ઈચ્છીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ ફરમાન પૂર્ણ કરતાં પહેલા, અમે ફરીથી, સરકાર પ્રતિ અને જમાતમાની સર્વે સંસ્થાઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ, કે જેઓ આ મુલાકાતને અમારા માટે આટલી બધી ખુશીપૂર્ણ બનાવવા સંગઠિત થયા છે. અને તમે ભવિષ્યમાં જે સઘળા સારા સાહસો (good enterprises) ધરાવો. તેમા અમે તમારી સફળતા ઈચ્છીએ છીએ. અને અમે,

ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, આ મુલાકાત પ્રસંગે તમે અમને જે ભેટો અર્પણ કરેલ છે, તે માટે તમારા પ્રતિ અમારો અતિશય આભાર માનીએ છીએ, અને અમે આશા રાખીએ છીએ કે એ ભેટો તમારા પ્રતિ તમારા જીવનમાં બેહદ સુખ, આનંદ અને સફળતા લઈ આવશે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જગતના અન્ય ભાગોમાંની જમાત તરફથી પણ ભેટો છે. અને તેઓએ જે ભેટો અર્પણ કરી છે તે બદલ, અમે અહીં જે આગેવાનો છે, તેઓને તેઓની જમાતો તરફ અમારો ઉષ્માભર્યો સ્નેહ, અમારા દુઆઆશિષો અને અમારો આભાર લઈ જવા ફરમાવીએ છીએ. અને અમે ઈચ્છીએ છીએ કે આ ભેટોનો તમારામાંના એકે એકના જીવનમાં તમને હજારગણો - હજારગણો - બદલો મળે. તમે ખુશી, આનંદ, સારી તંદુરસ્તી, અને તમારી આગળ તમારા જીવનમાં સફળતા પ્રાપ્ત કરો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે સવારના આ ફરમાન અમારી જમાતને એમ ફરમાવીને પૂર્ણ કરીશું કે તમે જયાં પણ રહેતા હો, તમે એક વૈશ્વિક ભાઈચારાના ભાગરૂપ છો. અને એ અમારી આકાંક્ષા, અમારી આશા, અમારી ઈચ્છા છે કે, જયાં પણ જમાત રહેતી હોય -- અહીં, આફ્રિકામાં, એશિયામાં, ઉત્તર અમેરિકામાં, યુરોપમાં અથવા તે જયાં પણ હોય -- તમે એક મજબૂત ભાઈચારા તરીકે સાથે મળીને કાર્ય કરો. તમે એક બીજાને સહાય કરો, તમે સારા જ્ઞાનની સહભાગીતા કરો, તમે તમારા ડહાપણ અને સલાહ-સૂચનની સહભાગીતા કરો, કે જેથી, જગતભરના આપણા મુરીદો તેઓની પોતાની કાબેલિયતોમાંથી, પરંતુ જમાતની કાબેલિયતોમાંથી પણ ફાયદો મેળવી શકે. આ ભાઈચારાનો અર્થ છે, અને અમે ઈચ્છીએ છીએ કે એ ભાઈચારાને જગતભરની જમાતોમાં અમલમાં મુકવામાં આવે.

અમે આ ફરમાન, તમારામાંના એકે એકને, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને અમારા ઉત્તમ, હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને પૂર્ણ કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જગતભરની જમાતને મુશ્કિલ-આસાન ઈચ્છીએ છીએ. સર્વે સમસ્યાઓ અદ્રશ્ય થવા પામે. તમે શાંતિપૂર્વક, એકતાપૂર્વક, ખુશીપૂર્વક અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતીની સાથે જીવન જીવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

મુખી અને કામડિયાએ અમને યાદ અપાવેલ છે -- પરંતુ તેઓએ (યાદ) અપાવવી નહોતી જોઈતી -- પરંતુ તેઓએ અમને વોલન્ટીયરોના સરસ કાર્ય માટે યાદ અપાવેલ છે. આથી, આજે, જમાતના એ સઘળા વોલન્ટીયરો કે જેઓએ આ મુલાકાતને અહીં  અમારા માટે આટલી બધી ખુશીપૂર્ણ બનાવવા આવું સુંદર કાર્ય કર્યું છે, તેઓને અમે ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. આથી, વોલન્ટીયરોને: ખાનાવદાન. અમારી આ એક અતિશય ખુશીપૂર્ણ મુલાકાત રહી છે.

અમે અમારી જમાતને, તમને સુખ, તમારી નેક ઉમેદોની પરિપૂર્ણતા ઈચ્છીએ છીએ, અને તમે સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂત રહો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૩૯. વેનકુવર, કેનેડા ૫મી મે, ૨૦૧૮
## ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત તમારામાંના એકે એકને, તમારા કુટુંબોને, અને તમારી જમાતને -- જગતભરમાંથી તમે જ્યાંથી પણ આવ્યા હો – અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે સૌથી પહેલાં, તમને એ ફરમાવવા ચાહીએ છીએ કે અમને સરકાર, સભ્ય સમાજની સંસ્થાઓ, જમાતી સંસ્થાઓ દ્વારા અહીં જે ઉષ્માપૂર્વક આવકાર આપવામાં આવ્યો છે, તે બદલ કેટલા ખુશી અને આભારી છીએ. અને આથી, અમને તમને ફરમાવવું છે કે અમે ઘણા જ લાડ લડાવ્યાની, ઘણા જ લાડ લાડાવ્યાની લાગણી અનુભવીએ છીએ. એ જગતભરમાં, એક પ્રણાલિકા છે કે માબાપો પોતાના બાળકોને લાડ લડાવે છે. તમે વિપરીત કરી રહ્યા છો, અને સમયની, પ્રયાસની, પ્રયત્નની તમારી ઉદારતા બદલ  અમે અતિશય આભારી છીએ.

અમે જ્યારે  જગતભરની જમાત તરફ આગળ દ્રષ્ટિ કરીએ છીએ, અમે સૌથી પહેલા, શાંતિનો પ્રયાસ કરીએ છીએ.

જમાત જ્યાં પણ રહેતી હોય, અમે શાંતિ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે એકતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અને અમે સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમે જ્યારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમે અમને પોતાને કહીએ છીએ કે, જગતભરમાં, આપણને મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવાની જરૂરત છે -- એવી સંસ્થાઓ જે જમાતને ટકાવી રાખી શકે, યુવાન પેઢીઓ જે ભવિષ્ય ધરાવશે તેના માટે તેમને તૈયાર કરી શકે, તેમને એવા સારા શિક્ષણ દ્વારા સુસજ્જ બનાવી શકે, કે જેનો તેઓ યોગ્ય રીતે ઉપયોગ કરી શકે. અને આથી, અમે શિક્ષણમાંની, આરોગ્ય- સંભાળમાંની, આર્થિક વિકાસમાંની -- એ સઘળાં પાસાઓ કે જે સભ્ય(civil) સમાજની ગુણવત્તા ઉપર પ્રભાવ પાડે છે, તેમાંની આપણી સંસ્થાઓની ગુણવત્તાને અતિશય વધુ મહત્વતા આપીએ છીએ.

આ દેશ પાસે મજબૂત રીતે શિક્ષિત લોકો (educated population) છે. અને એ અમારી આશા છે કે આ જમાત, જગતભરમાંની અન્ય જમાતો કે જેમને પોતાના જીવનની ગુણવત્તાઓની સુધારણા કરવા માટે કાબેલિયતોની જરૂરત છે, તેમને તમારા જ્ઞાનમાં સહભાગી બનાવવાનો, તમારા શિક્ષણમાં સહભાગી બનાવવાનો, તમારી કાબેલિયતોમાં

સહભાગી બનાવવાનો સંકલ્પ (will), ઈચ્છા ધરાવતી હશે. આનો અર્થ એવો નથી થતો કે કેનેડામાંના, અથવા યુનાઈટેડ સ્ટેટ્સમાંના, અથવા પશ્ચિમી યુરોપમાંના મુરીદોને પોતાના જીવનનો ક્રમ (course) છોડી દેવો પડશે. આનો અર્થ એ થાય છે કે તેઓ જગતના બીજા ભાગોમાંની જમાતને, તેમની સંસ્થાકીય ક્ષમતાનું ઘડતર કરવામાં સહાય કરવા માટે, પોતાના જીવનમાંથી અમુક સમય આપવાની ઈચ્છા ધરાવી શકે છે. તો આમ કંઈ રીતે થશે? -- અમને ખાત્રી છે કે તમે પોતાને એ પૂછી રહ્યા છો. અને અમે તમને થોડા જવાબો આપીશું.

સૌથી પહેલાં, સામાજિક જરૂરતના આરોગ્ય-સંભાળમાંના, શિક્ષણમાંના, આર્થિક વિકાસમાંના ક્ષેત્રોમાં જ્ઞાનની સહભાગિતા, કાબેલિયતોની સહભાગીતા કરવી. અને આથી, અમે અમારી કેનેડામાંની જમાત પાસેથી ચાહીએ છીએ કે તમારે તે જ્ઞાનમાં ન માત્ર કેનેડામાંની સંસ્થાઓને, પરંતુ વધુ સામાન્ય રીતે, ઔદ્યોગિક જગતમાંની સંસ્થાઓને પણ સહભાગી બનાવવું જોઈએ. બીજા શબ્દોમાં અન્ય જમાતોને તેમના જીવનની ગુણવત્તામાં સુધારણા કરવા માટે સહાય કરો, કારણ કે આપણા ભાઈચારામાં -- અને જમાત એક જ ભાઈચારો છે -- ભાઈઓ એક બીજાને મદદ કરે છે. આથી, અમે અહીં અમારા રૂહાની બાળકોને ફરમાવી રહ્યા છીએ: જો તમારી પાસે જગતના બીજા ભાગોમાંની જમાતોને તમારો થોડો સમય અને જ્ઞાનમાં સહભાગી બનાવવાનો સમય હોય,

તમારી પાસે સંકલ્પ હોય, તમારી પાસે ક્ષમતા હોય, તો અમે ખરેખર સૌથી વધુ ખુશી થઈશું. આ એક ઈચ્છા છે, તેનાથી વધુ કાંઈ નહિ. અમે તે ફરીથી ફરમાવીએ છીએ, કે જેથી તે સ્પષ્ટ થાય: આ એક ઈચ્છા છે, તેનાથી વધુ કાંઈ નહિ. આ ફરમાન નથી, આ એક ઈચ્છા છે.

માનવ સમાજ જ્ઞાન દ્વારા, કાબેલિયત દ્વારા, સંગઠન પદ્ધતિ (organisation) દ્વારા, સામાજિક એકતા દ્વારા પ્રગતિ કરે છે. અને એ મહત્વનું છે કે, જગતભરમાં, જમાતે માનવ પ્રયાસનાં સઘળાં  ક્ષેત્રોમાં અતિશય વધુ કાબેલ, અતિશય વધુ લાયકાત ધરાવનાર પાસેથી ફાયદો હાંસલ કરવો જોઈએ. આથી, અમે અહીં અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમારા જીવનમાંથી નાનકડી બારી (થોડો સમય) કાઢવાનો, અને સમય તેમજ શકિત અને કાબેલિયત તેમજ જ્ઞાનની એ નાનકડી બારીને, જગતભરની અન્ય જમાતોને અર્પણ કરવા માટેનો, તમારી પાસે સમય હોય, જો તમારી પાસે સંકલ્પ હોય, તો અમે બેહદ ખુશી થઈશું. અને અમે માનીએ છીએ કે તે તમારા માટે ખુશી લઈ આવશે. અને અમે જાણીએ છીએ કે તમે જે જમાતોને સહાય કરી રહ્યા છો, તેના માટે તે અતિ વધુ ખુશી લઈ આવશે.

આવનારા દાયકાઓ દરમ્યાન, જગતના વિવિધ ભાગોમાંની જમાતને સેવા આપવા માટે આપણે મજબૂત સંસ્થાઓનું

ઘડતર કરવાનો પ્રયાસ કરીશું. આથી, આપણે શિક્ષણમાં -- પ્રારંભિક બાળવય વિકાસ (early childhood development)થી લઈને ઉચ્ચ સ્તર પછીના (post-tertiary) શિક્ષણમાંની આપણી કાબેલિયતોમાં વધારો કરીશું. અમે આપણી જમાતના આરોગ્યની સુધારણા કરવાનો પ્રયાસ કરીશું -- અને જગતભરના લોકોની જેમ, આપણી જમાત, હૃદયરોગ (cardiology) માંની અને કેન્સરની બીમારીઓ (oncology) માંની નબળાઈઓ દર્શાવે છે અથવા પ્રદર્શિત કરે છે. અને આથી, આપણે આ પરિસ્થિતિઓના કારણો શું છે તે સમજવું પડશે, અને આપણે તે કારણોને કેવી ઉત્તમ રીતે સંબોધી શકીએ તેમ છીએ તે જોવું પડશે.

અમે ચાહીએ છીએ કે અનેક ક્ષેત્રોમાં ઉચ્ચ સ્તરોની ક્ષમતા સાથે, એક ઉચ્ચ સ્તરના ઔદ્યોગિક સમાજ (highly industrialised society)માં રહેતી આ જમાતના જ્ઞાન અને કાબેલિયતોને, તેણે વિકાસ પામી રહેલ જગતમાંની આપણી સંસ્થાઓને તે જ્ઞાન અને તે કાબેલિયતમાં સહભાગી બનાવવી જોઈએ. આનો અર્થ એ નથી થતો કે તમે તમારી કારકીર્દીઓને છોડી દો. આનો અર્થ એ થાય છે કે તમે થોડો સમય મેળવવાનો પ્રયાસ કરો, કે જ્યાં તમે આપણી સંસ્થાઓની ગુણવત્તામાં વૃદ્ધિ લાવવા માટે આફ્રિકામાંની, એશિયામાંની, મધ્ય એશિયામાંની સંસ્થાઓ સાથે કાર્ય કરી શકો. અને એ બાબત ધ્યાનમાં રાખો કે આ સંસ્થાઓ માત્ર જમાતની જ

સેવા નથી કરતી, તેઓ આ દેશોમાંના સમગ્ર જનસમુદાય (total populations) ની સેવા કરે છે. અને આથી, જ્યારે તમે આ સંસ્થાઓને તેમની કાબેલિયતોમાં સહાય કરો છો, ત્યારે તમે હકીકતમાં આ દેશોની તેમના નાગરિકોના જીવનની ગુણવત્તાની સુધારણા કરવામાં સહાય કરો છો.

આ એક ભવ્ય પ્રયાસ છે, અને જો તમે તેમ કરી શકો તેમ હો, તો અમે બેશક ઘણા જ ખુશી થશું. અમે ફરમાવીએ છીએ, જો કે આપણી પ્રાથમિકતા (priority) આપણા પોતાના બાળકો માટે, આપણી પોતાની ભવિષ્યની પેઢીઓ માટે, આપણી પોતાની સંસ્થાઓને વધારવાની અને મજબૂત કરવાની છે અને આથી, અમે તમને ફરમાવીએ છીએ: જેઓ શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની, અથવા ઔષધ (medicine), નર્સિંગ, આરોગ્ય-સંભાળના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની ઈચ્છા રાખે છે, તો તમે માનવ જીવનના એ ક્ષેત્રોમાં જમાતની સેવા કરી શકો છો, કે જે જગતભરની જમાતના જીવનની ગુણવત્તા માટે અતિશય મહત્વનાં છે. સરળ શબ્દોમાં (કહીએ તો) અમે આપણી સંસ્થાઓ માટે, જે વ્યાપારી જગતમાં "ઉત્તમ પ્રથા" (best practice) તરીકે ઓળખાય છે, તેને મેળવવાનો પ્રયાસ કરીએ છીએ. આ બાબત છે કે જે અમે જગતભરની આપણી જમાતી સંસ્થાઓ માટે મેળવવાનો પ્રયાસ કરીએ છીએ -- ઉત્તમ પ્રથા. આપણી સંસ્થાઓમાં ઉત્તમ પ્રથાને ટકાવી રાખવા અથવા સર્જન કરવા માટે સહાય

કરવા કોઈ પણ યોગદાન , જે કેનેડામાંનો અથવા અન્ય કોઈ જગ્યામાંનો કોઈ પણ મુરીદ કરી શકે તેમ હોય, તો તે એક ભવ્ય યોગદાન છે. અને અમે એ સઘળા મુરીદો, કે જેઓ માનવ પ્રયાસના કોઈ પણ ક્ષેત્ર -- પછી તે શિક્ષણ હોય, પછી તે આરોગ્ય સંભાળ હોય, પછી તે આર્થિક વિકાસ હોય -- તે જે પણ હોય, તેમાં ઉત્તમ પ્રથાની સહભાગીતા માટે સક્ષમ છે, તેમની સહાયને આવકારીશું. જો તમે આપણી સંસ્થાઓની વૃધ્ધિ કરવા માટે તમારા જ્ઞાનની આપલે કરો છો તો અમે અતિ ઘણા ખુશી થશું.

અમે આ તકે, આપણી જમાતના વોલન્ટીયરો દ્વારા કરવામાં આવેલ અદ્દભુત કાર્ય માટે પણ અમારી પ્રશંસા, અમારો આભાર, અમારી સ્વીકૃતિ (recognition) વ્યક્ત કરવા ચાહીએ છીએ. તેઓએ ભવ્ય કાર્ય કર્યું છે. તેઓએ જમાતને સાથે મળવા માટે, અને અમને અસાધારણ રીતે સારી પરિસ્થિતિઓમાં જમાત સાથે મુલાકાત કરવા માટે શક્તિમાન બનાવેલ છે. અને અમે જમાતમાંના સઘળાં વોલન્ટીયરોને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકનાં દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે આ અદ્‌ભુત વોલન્ટરી સેવા જમાતના ફાયદા માટે, આપણી જમાતમાં એક સતત (continuous) પ્રણાલિકા તરીકે ચાલુ રહેશે.

અમે તમારામાંના એકે એકને અને દરેકને, તમને, તમારા કુટુંબોને, તમારી જમાતોને, મુશ્કિલ-આસાન માટે અમારા ખાસ દુઆઆશિષો -- મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. આજે એવી જમાતો છે કે જેઓ મુશ્કિલ પરિસ્થિતિઓમાં રહે છે, અને અમે તે જમાતોને મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અંતમાં, અમે અમારી જમાતને જણાવવા ચાહીએ છીએ કે અમે અહીં હોવા માટે, અમારી જમાત સાથે સમય વિતાવવા માટે, અને સરકાર તેમજ સભ્ય સમાજની સંસ્થાઓ સાથે સંબંધોને મજબૂત બનાવવા માટે પણ કેટલા ખુશી છીએ.

અમે ફરીથી, તમારામાંના એકે એકને, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે જ્યારે  તમે આ હોલ છોડી જાઓ ત્યારે તમે ખુશીની, આનંદની, નિર્ભયતા (no fear),

સારી તંદુરસ્તી, તમારા કુટુંબોમાં એકતા, અને તમારા પ્રયાસોમાં સફળતાની સમજણ ધરાવતા હશો.

ખ્વાનાવદાન, ખ્વાનાવદાન, ખ્વાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમુક વખતે અમે અમને પોતાને કહીએ છીએ: મુખી અથવા કામડિયા હોવાનું કેટલું મુશ્કિલ હોય છે, કારણ કે તેઓ એ કદી જાણતા નથી હોતા કે ઈમામ તેમને શું પૂછશે? આથી, તેઓ પોતાને તૈયાર નથી કરી શકતા.

તેઓએ અમને અરજ કરી છે કે અમે અમારી જમાતને ફરમાવીએ કે અમે જમાતના સઘળા રૂહાની સભ્યોની શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. આથી, જે મુરીદો આપણી વચ્ચે નથી, તેઓના આત્માની અનંત શાંતિ અને રાહત માટે અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખ્વાનાવદાન, ખ્વાનાવદાન, ખ્વાનાવદાન.

તેઓએ એવી પણ અરજ કરી છે કે અમે વોલન્ટીયરોને દુઆઆશિષો ફરમાવીએ. અમને લાગે છે કે અમે તે ફરમાવેલ છે, પરંતુ જો એમ ન ફરમાવેલ હોય તો અમારા વોલન્ટીયરોને તેઓએ જે અદ્‌ભુત  કાર્ય કર્યું છે તે માટે અમે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે આશા રાખીએ

છીએ કે જમાત તેમના કાર્યની સ્વીકૃતિ આપશે, તેમના કાર્યને સન્માન આપશે, (તેમના કાર્યને) ચાલુ રાખવા માટે તેઓને પ્રોત્સાહન આપશે, અને એ બાબતની ખાત્રી કરશે કે જમાત પ્રતિ અને ઈમામ માટેની આ અદ્ભુત સેવા આવનારાં વર્ષોમાં ચાલુ રહેવા પામે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

કેનેડા, ઉત્તર અમેરિકા, પશ્ચિમી યુરોપ, જેને આપણે અંગ્રેજીમાં "જ્ઞાન આધારિત સમાજો" (knowledge societies) કહીએ છીએ, તે છે. એ ઘણું જ મહત્વનું છે કે જે જમાતો આ જ્ઞાન આધારિત સમાજોમાં રહે છે, તેઓએ તે જ્ઞાનની વિકાસ પામી રહેલ જગત સાથે સહભાગીતા કરવી જોઈએ. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે એક શિક્ષક, અથવા એક ડોક્ટર, અથવા એક નર્સ, અથવા એક અર્થશાસ્ત્રી, અથવા એક બેન્કર -- હા, એક બેન્કર પણ હો -- તેઓ વિચારશીલ અને ઉદાર તેમજ સંગઠિત હોય શકે છે, અમે ચાહીએ છીએ કે અમારા મુરીદોએ જમાતની સેવા કરવી જોઈએ, જમાતની વિચારશીલ રીતે, બુધ્ધિશાળી રીતે સેવા કરવી જોઈએ, તે પ્રક્રિયા દ્વારા તેમની સંસ્થાઓને નબળી બનાવવી જોઈએ નહિ, (પરંતુ) તેમની સંસ્થાઓને મજબૂત બનાવવી જોઈએ, કે જેથી તેઓ જગતભરની જમાતને વધુ સેવા, વધુ સેવા અર્પણ કરી શકે.

જગતભરમાંની આપણી સંસ્થાઓ વૃદ્ધિ પામી રહી છે, અને એ અમારી આશા છે કે તે તેનાથી પણ વધુ વૃદ્ધિ પામવાનું, જગતભરના વધુ અને વધુ મુરીદોને સેવા આપવાનું ચાલુ રાખશે, અને અમે એવું નક્કી કર્યું છે કે આ વર્ષ ગરીબી નાબુદી (poverty elimination) પ્રતિ સમર્પિત કરવામાં આવશે. જમાતમાં આ એક સમસ્યા છે. તે એક સમસ્યા છે -- તે એક વૈશ્વિક સમસ્યા છે -- તે માત્ર આપણી જમાત માટે જ નથી. પરંતુ, જો આ જ્યુબિલી વર્ષના અંતમાં, આપણે આપણને પોતાને એમ કહી શકીએ કે આપણે ગરીબી, તે જમાતમાં જ્યાં પણ હોય, તેને નાબૂદ કરવા માટે ભૂતકાળમાં આપણે કર્યું હતું, તેના કરતાં વધુ કર્યું છે, તો અમે ખુશી થશું.

આથી અમે કેનેડામાંની, ઉત્તર આફ્રિકામાંની, પશ્ચિમી યુરોપમાંની, મજબૂત અર્થતંત્રો ધરાવતા દેશોમાંની અમારી જમાતો તરફ દ્રષ્ટિ કરીએ છીએ -- અમે આ જમાતો તરફ એ બાબતનો નિર્ણય કરવા દ્રષ્ટિ કરીએ છીએ કે, એ જમાતો જગતના વધુ ગરીબ દેશોમાંની આપણી જમાત માટે સુધારણા કરાયેલ આર્થિક પરિસ્થિતિઓ પ્રતિ મદદ કરી શકે કે કેમ અને તે કેવી રીતે મદદ કરી શકે. અને આમ કરવાના અનેક માર્ગો છે. અમે આજે તમારી સાથે આ બાબતોની (ચર્ચામાં) પ્રવેશવા નથી ઈચ્છતા, પરંતુ તેના વિશે વિચાર કરો, અને જ્યાં પણ તમે તમારું જ્ઞાન, તમારી કાબેલિયત, તમારી વિચારશીલતાનું યોગદાન આપી શકો તેમ હો, તો તે બેશક ઘણું, ઘણું જ

આવકારદાયક હશે. આથી, અમે આશા રાખીએ છીએ કે આ જ્યુબિલી વર્ષને જગતભરમાંથી ગરીબીના ઘટાડા પ્રતિ સમર્પિત કરી શકાય છે.

અમે તમારામાંના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમારી સર્વે સમસ્યાઓ અદ્રશ્ય થઈ જાય, જાણે કે તે કદી પણ અસ્તિત્વ જ નહોતી ધરાવતી. એ અમારી ઈચ્છા છે, એ અમારી આશા છે, એ અમારી દુઆ છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૪૦. વેનકુવર, કેનેડા ૬ મે, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અહીં હાજર અમારી સઘળી જમાતને, તમારા કુટુંબોને - અહીં અને અન્ય જગ્યાઓએ તમારી જમાતને, તેઓ જ્યાં પણ હોય -- અમે આજે, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન ,ખાનાવદાન.

અમે તમને તમારા કુટુંબોને, તમારી જમાતને અમારા દુઆઆશિષો પાઠવવા ફરમાવીએ છીએ. અને તેઓને કહેજો કે તેઓ અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છે, અને તેઓ સર્વે સમયે અમારા દુઆઆશિષો ધરાવે છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જ્યારે  જગતભરની જમાતના ભવિષ્ય વિશે વિચાર કરીએ છીએ, ત્યારે અમે એ હકીકત ઉપર ચિંતન કરીએ છીએ કે જેઓ તમે સઘળા અનુભવ કરી રહ્યા છો, અને તે એ છે જ્ઞાન આધારિત સમાજની વૃધ્ધિ (enhancement), અને વૈશ્વિકરણ (globalisation). જ્ઞાન આધારિત સમાજના વૈશ્વિકરણનો અર્થ એ થાય છે કે જમાતને તેના શિક્ષણમાં

રોકાણ કરવાની જરૂરત છે. જ્ઞાનમાં સહભાગી બનાવવાની જરૂરત છે. એક જમાતથી બીજી જમાત સુધી, એક વ્યવસાયથી બીજા વ્યવસાય સુધી -- જ્ઞાનના પુલો બાંધવાની જરૂરત છે, કે જેથી આપણે "જ્ઞાન આધારિત જમાત" (knowledge jamat) બની શકીએ. ન માત્ર એક ધર્મ (faith) આધારિત જમાત. પરંતુ એક જ્ઞાન આધારિત જમાત. આથી અમે અમારા રૂહાની બાળકોને, આજે ફરમાવીએ છીએ: તમારા મગજમાં આ સંદેશને સૌથી ઉપર (uppermost) રાખો. તેના ઉપર પેઢી દર પેઢી ઘડતર કરો. એ બાબતની ખાતરી કરો કે પુત્ર-પુત્રીઓ અને પૌત્ર-પૌત્રીઓ (grandchildren)ની પાસે શક્ય તેટલા ઉત્તમ શિક્ષણને ઉપલબ્ધ કરવાની તક રહેલી હોય.

અમે માનીએ છીએ કે એ પણ મહત્વનું છે કે જમાતની પાસે એક સમાન વૈશ્વિક (global) ભાષા હોવી જોઈએ, અને અમે માનીએ છીએ કે તે સમાન વૈશ્વિક ભાષા અંગ્રેજી ભાષા હોવી જોઈએ. આપણે અનેક બીજી (ભાષાઓ) પસંદ કરી શક્યા હોત, પરંતુ અમારી જમાત દ્વિભાષી (bilingual), ત્રિભાષી (trilingual), ચતુર્ભાષી (quadrilingual) છે.... તેના પછી અમને લાગે છે કે કંઈક "પંચભાષી" (quintilingual) જેવું હોવું જોઈએ. જે કોઈ પણ રીતે હોય, અમારી જમાત બહુભાષી (multilingual) છે. અને આથી તમારું જ્ઞાન અનેક જુદી જુદી સભ્યતાઓમાંથી આવે છે. તેનો ઉપયોગ કરો, તેમાંથી શક્તિ

મેળવો, (તેમાંથી) વિચારશીલતા, ડહાપણ, બુદ્ધિમત્તા (wisdom), વિચારો, સર્જનશીલતા (creativity) મેળવો -- તમે જ્યાંથી પણ મેળવી શકો તેમ હો, ત્યાંથી આ પેઢી માટે, અને ભવિષ્યમાંની સઘળી પેઢીઓ માટે, તમારા કુટુંબોમાં જ્ઞાન આધારિત સમાજનું ઘડતર કરવા માટે તે મેળવો.

અંગ્રેજી ભાષા વધુ અને વધુ, એક વૈશ્વિક ભાષા બની રહી છે. અને આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે જે પણ ભાષાઓમાં કાર્ય કરો છો, તમે તેમાં સંદેશ-વ્યવહાર કરો છો, તે શ્રેષ્ઠ છે. તેને બદલાવતા નહિ, ઘડતર કરો. પરંતુ તેમાં ઉમેરો કરો, જ્યાં પણ તમે કરી શકો તેમ હો, ત્યાં અન્ય ભાષાઓમાં વધારાનું જ્ઞાન ઉમેરો. અને અમે ભલામણ કરીએ છીએ કે અહીં અને જગતભરની અમારી જમાતે, અંગ્રેજી ભાષાની આસપાસ ઘડતર કરવું જોઈએ. કારણ કે અમે માનીએ છીએ કે ભવિષ્યની પેઢીઓ માટે -- તેમના વ્યવસાયોમાં, તેમનાં કૌટુંબિક જીવનમાં, ભવિષ્યના સમાજોમાં સફળતાપૂર્વક કામગીરી કરવા બૌદ્ધિક ક્ષમતાના સંદર્ભમાં -- તેમને જે દરેક વસ્તુની જરૂર છે તેમાં, તે એક મજબૂતીનો સ્ત્રોત બની રહશે. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: કોશિશ કરો અને અંગ્રેજીનું સારું જ્ઞાન ધરાવો. તમારે એવું વિચારવાની જરૂરત નથી કે તમે શેક્સપીઅર છો. અને જો તમે વિચારતા હો કે તમે શેક્સપીઅર છો, તો અમારે તમને ફરમાવવું જોઈએ -- તમે

ખોટા (wrong) છો. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: બહુભાષી વાતાવરણમાં સ્વસ્થતાપૂર્વક (comfortably), (અને) ઉપયોગી રીતે સંદેશ-વ્યવહાર કરવાનું શીખો. અને એ ભાષામાં એક અંગ્રેજી હોવી જોઈએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે તેમ, અમે જગતભરની વિવિધ જમાતો વચ્ચે પુલો બંધાયેલા જોવા ચાહીએ છીએ. અને અમે ચાહીએ છીએ કે તે પુલો, સૌથી પહેલા, ધર્મમાંના પુલો હોય, પરંતુ તે પછી જ્ઞાનમાંના પુલો, કાબેલિયતમાંના પુલો, સમજણમાંના પુલો હોય, કે જેથી એક વૈશ્વિક જમાત તરીકે, તમે ઉત્તમ જ્ઞાન-- ઉત્તમ જ્ઞાન -- તે જ્યાં પણ સ્થિર થયેલ હોય, તેમાંથી ફાયદો મેળવી શકો. અને જ્ઞાન ઉપર કોઈનો પણ ઈજારો (monopoly) નથી, જ્ઞાન ઉપર કોઈનો ઈજારો નથી. અને આથી, અમે આજે અમારી જમાતને, ખાસ કરીને યુવાન પેઢીઓને ફરમાવીએ છીએ: તમને પોતાને શિક્ષિત બનાવવાનું વિચારો, કે જેથી ભવિષ્યના જ્ઞાન આધારિત સમાજમાં તમે સંપૂર્ણ રીતે સક્રિય હો. પછી તે અહીં હોય કે અન્ય કોઈ જગ્યાએ હોય, તે જ્ઞાન ઉપર ઘડતર કરો -- તે જ્ઞાન ઉપર ઘડતર કરો.

બીજું, ઘડતર કરવાનું ચાલુ રાખો. તમે માત્ર એ જ્ઞાનની સાથે કાર્ય નહિ કરતા કે જે તમે, ત્યારે મેળવો છો, જ્યારે તમે

શાળામાં હો છો, અથવા જ્યારે  તમે યુનિવર્સીટીમાં હો, અથવા જ્યારે  તમે ન તો (તેમાંથી) એકમાં અથવા અન્યમાં હો છો -- કારણ કે તે પણ બની શકે છે. પરંતુ તમારા પોતાના માટે અને તમારી ભવિષ્યની પેઢીઓ માટે તમે જે રીતે ભવિષ્યનું ઘડતર કરો છો, તેમાં જ્ઞાનને આધારરૂપ પાયો (foundation) બનાવવો. અને કુટુંબોની વચ્ચે, વ્યવસાયોની વચ્ચે, દેશોની વચ્ચે જ્ઞાનની આપલે કરો, કે જેથી તમે ન માત્ર કોઈ એક ખાસ વાતાવરણમાં, પરંતુ જગતભરમાં કામગીરી કરી શકો.

અમે એ બાબત અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, કારણકે, અમને લાગે છે કે ભૂતકાળના દાયકાઓએ એ દર્શાવ્યું છે કે, એ કેટલું મહત્વનું છે કે તમે ગતિશીલ (mobile) બની શકો. ન કે તમે ગતિશીલ હો, પરંતુ તમે જુદા જુદા વ્યવસાયો કરતા, જુદા જુદા સમાજોમાં, જુદા જુદા આર્થિક વાતાવરણોમાં રહેવા માટે ગતિશીલ હોવા શક્તિમાન બની શકો. અને અમારી સમજણ એ છે કે આજે વધુ યુવાન પેઢીઓ પોતાના જીવનકાળ દરમ્યાન ત્રણ અથવા ચાર અથવા પાંચ વખત વ્યવસાયો બદલાવતી હોય છે. અને આથી, એ મહત્વનું છે કે તમારી પાસે કામગીરી કરવા માટે એક મજબૂત ભાષા હોય. અને અમે એવી ભલામણ કરીએ છીએ કે તે અંગ્રેજી ભાષા હોય, કારણ કે અમે માનીએ છીએ, કે તે વધતા પ્રમાણમાં વૈશ્વિક જ્ઞાન-- વૈશ્વિક જ્ઞાનની ભાષા, સંશોધનની

ભાષા, નવા જ્ઞાનની ભાષા છે -- કે જે જ્ઞાન પછી જગતભરમાં મૂળભૂત રીતે અંગ્રેજી ભાષામાં ફેલાતું રહે છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેઓ ઔદ્યોગિક પશ્ચિમ (industrialised west)માં રહે છે, અમે તમને ફરમાવીએ છીએ કે: જગતના અન્ય ભાગોમાંની જમાતો સાથે પુલો બાંધો. પુલો બાંધો, તેઓ જે સમાજોમાં રહે છે, તેઓ જે સંસ્થાઓ ઉપર આધાર રાખે છે, તેઓ જે શિક્ષણ મેળવે છે, અને (જેનો) પોતાની ભવિષ્યની પેઢીઓમાં જે ક્ષમતાનું ઘડતર કરવા ઉપયોગ કરે છે, તેની ગુણવત્તામાં સુધારણા કરવા માટે તેમને તમારી સાથે કામ કરવા દો. આથી, અમે અમારી જમાતને અહીં ફરમાવીએ છીએ: જ્ઞાનના પુલો -- જ્ઞાનના પુલો વિશે વિચાર કરો. જગતભરમાં તમે સર્વે ભાઈઓ અને બહેનો છો. તેઓ હંમેશા સાથે મળી શકતા નથી. અમુક સમયે સમસ્યાઓ ઉભી થાય છે (things go wrong) અને લોકો નારાજ થઈ જાય છે. પછી (સંબંધોમાં) તાપમાનને નીચે લાવી દેવા માટે એકાદ જણ અમુક રીતે બાજુએ હટી જાય છે. અને તે પછી, કુટુંબમાં બધી વસ્તુઓ શાંતિપૂર્ણ વાતાવરણ, ખુશી, એકતા તરફ પાછી ફરે છે.

આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: ગુણવત્તાભર્યા જીવનની નમ્રતા -- ગુણવત્તાભર્યા જીવનની નમ્રતાને પણ ધ્યાનમાં રાખો. પુલોનું ઘડતર કરો. જો

મુશ્કેલીઓ હોય, તો તેમને શાંતિપૂર્વક દૂર કરો. અને એ બાબતની ખાત્રી કરવાનું પ્રયાસ કરો કે તમારા કુટુંબોની દરેક પેઢી એવી પેઢી હોય કે જે ભવિષ્યમાં વિશ્વાસ ધરાવતી હોય, (જે) ભવિષ્યમાંના જીવન માટે સારી રીતે તૈયાર હોય, અને નવી વધુ યુવાન પેઢીઓની સાથે ભવિષ્યમાં ઘડતર કરી શકે.

અમે આજે તમારામાંના એકે એકને અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા ઉત્તમ અને અમારા અતિશય હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને તમારા કુટુંબોમાં એકતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને સારી તંદુરસ્તી માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને તમારી નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

મુખીએ અમને અરજ કરી છે કે અમે તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવીએ. અને અમે તે ફરમાવીએ છીએ,

આજે -- અમે તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને પછી મુખીએ અરજ કરી કે, "પરંતુ યુવાન પેઢીઓનું શું? તમે તેમને 'શા માટે ભૂલી જાવ છો?' તો અમે ફરમાવ્યું "ઓલરાઈટ, અમે વિદ્યાર્થીઓ માટે, તેમના અભ્યાસમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીશું". આથી, અમે જમાતમાંના સઘળા યુવાનો કે જેઓ અભ્યાસ કરી રહ્યા છે, તેમને તેમના ભવિષ્ય માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તેમને સફળતા, દ્રઢતા (rigour), દ્રઢતા, અને વધુ દ્રઢતા ઈચ્છીએ છીએ, કે જેથી તેઓ તેમના શિક્ષણમાં સઘળા જુદા જુદા તબક્કાઓમાં, અને પછી જીવનમાં આગળ જતા, તેઓ જ્યારે મોટી ઉંમરના થાય ત્યારે સફળ બને.

અમે આ પ્રસંગે, સરકાર અને સરકારની સંસ્થાઓએ, અમારા પ્રતિ જે મહાન સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે, જેની અમે બેહદ પ્રમાણમાં કદર કરીએ છીએ, અને જે બેશક, અમારી જમાતના સન્માનનું એક પ્રતિબિંબ (reflection) છે, તે બદલ તેઓનો આભાર માનીએ છીએ. આથી, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: આ લાગણીઓ અમારા પ્રતિ, પરંતુ ખાસ કરીને તમારા માટે બેહદ ખુશી લઈ આવે છે. એક

શિસ્તબધ્ધ શૈલીમાં, સંગઠિત રીતે કાર્ય કરવાનું ચાલુ રાખો. સારી રીતે કાર્ય કરવાનો પ્રયાસ કરો. ઉદાર બનો. મુશ્કેલી અને તણાવો દૂર કરવાનો પ્રયાસ કરો. અને એ બાબતની જાણ થવા દો કે જ્યાં પણ ઈસ્માઈલી જમાત રહે છે, ત્યાં શાંતિ હોય છે. અમે જગતભરની જમાત માટે શાંતિ માટેની ઈચ્છા રાખીએ છીએ. અને અમે તમારામાંના એકે એકને અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને એ યાદ રાખો કે, અમે આ ફરમાનની શરૂઆત એમ ફરમાવીને કરી હતી: તમારા કુટુંબોને, તમારી જમાતને, જો તેઓ આજે અમારી સમક્ષ ન હોય તો તેઓને અમારા દુઆઆશિષો પહોંચાડજો. આથી, આ પ્રસંગે, તમારામાંના એકે એકને, આપણે જેને "દાઈ" એટલે કે ધર્મની બાબતોને (પહોંચાડનાર) સંદેશવાહક કહીએ છીએ, તે બનશે. આથી, અમે તમને ફરમાવીએ છીએ: મુબારક! આજે તમે તમને પોતાને દાઈઓ કહી શકો છો. મુબારક!

અમે તમને ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૪૧. કેલગરી, કેનેડા ૯મી મે, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, તમારી જમાતને, તમારા કુટુંબોને અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અહીં જમાત, જગતના અનેક ભાગોમાંના મુરીદોની બનેલ છે, અને અમે ચાહીએ છીએ કે તમે ન માત્ર જગતભરની સઘળી જમાતોને અમારા દુઆઆશિષો, પરંતુ શાંતિ માટે પણ અમારી દુઆઓ પહોંચાડજો -- કે જગતભરમાં જમાત શાંતિમાં રહે, તેઓ ખુશીપૂર્વક, સંગઠિત રીતે, અને શાંતિમાં રહી શકે. અને અમે જગતભરની જમાતને શાંતિ માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

ઉત્તર અમેરિકામાંની જમાત એક એવી જમાત છે કે જે એક વ્યવસ્થાબધ્ધ વાતાવરણમાં રહે છે. રાજ્યપદ (Statehood)

સ્થાપિત થયેલ છે -- તે કાર્ય કરે છે -- અને આથી, અમારી જે જમાત અગાઉથી અહીં  છે, તેને અમારી ભલામણ છે: યથાર્થ મૂળો (good roots) સ્થાપિત કરો, યથાર્થ મૂળો સ્થાપિત કરો. એ બાબતની ખાતરી કરો કે તમારા બાળકો શક્ય તેટલું ઉત્તમ શિક્ષણ મેળવે. એ બાબતની ખાત્રી કરો કે તમે તમારા જ્ઞાનમાં અને તમારી કાબેલિયતોમાં જગતના અન્ય ભાગોમાંની જમાતને સહભાગી બનાવો, કારણ કે આપણી જમાત એક, વિશાળ, વિશ્વવ્યાપક ભાઈચારો છે. અને જમાતો જ્ઞાનની, કાબેલિયતની જેટલી વધુ સહભાગિતા કરે છે, તેટલી વધુ સારી રીતે તેઓ ભવિષ્યમાં મજબૂત પાયાઓ ઉપર ઘડતર કરી શકે છે.

અને જ્યારે  અમે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમે પોતાને કહીએ છીએ: ભવિષ્યનું સૌથી અગત્યનું પાસું કયું છે કે જેનો અમે જમાત માટે વિચાર કરીએ  છીએ? અને તે છે તકોના દેશો, તકોના દેશો: એવા દેશો કે જયાં તમે ભવિષ્યની પેઢીઓને મજબૂત શિક્ષણમાં દ્રઢ કરી શકો; એવા દેશો કે જ્યાં તમારા પ્રયાસોનો યોગ્ય રીતે બદલો મળવા પામે. અને તે બદલો, તમને જે ઉચિત રીતે પ્રદાન કરતું હોય, તે રીતે કરવા માટે તમારો હોય; એવા દેશો કે જયાં આપણે શિક્ષણમાં, આરોગ્ય સંભાળમાં, આર્થિક સહાયમાં મજબૂત સંસ્થાઓનું ઘડતર કરી શકીએ. આથી, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: જગત તમારું છે. પુલોનું ઘડતર કરો -- જગતના અન્ય

ભાગોમાંની જમાતો સાથે પુલોનું ઘડતર કરો, કે જેથી એ પુલો તમારી કાબેલિયતોને, જગતના અન્ય ભાગોમાંની જમાતની કાબેલિયાતોને સાથે લઈ આવે, કે જેથી પરસ્પરની વૃદ્ધિ (mutual growth), પરસ્પરની મજબૂતી હોય. અને અમે તે ઘણા જ અર્થપૂર્ણ રીતે ફરમાવીએ છીએ. અમારા મંતવ્ય મુજબ એ અતિ આવશ્યક છે કે, જગતભરની જમાત મજબૂત સંસ્થાઓનું ઘડતર કરવાનું ચાલુ રાખે કે જેથી એ દરેક દેશ કે જ્યાં  જમાત રહે છે તે તકોનો દેશ બને, કે જ્યાં  ચોક્કસ (given) કુટુંબની દરેક પેઢી -- જીવનની ગુણવત્તા, સારી તંદુરસ્તી તેમજ આર્થિક મજબૂતી. એમ બંને સંદર્ભમાં મજબૂત પાયાઓ ઉપર ઘડતર કરી શકે અને ભવિષ્યમાં મજબૂતીનું ઘડતર કરી શકે.

અમે તમારામાના એકે એકને અને દરેકને વ્યક્તિગત રીતે, અહીં આજે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે ફરમાવીએ છીએ -- અમે ફરમાવીએ છીએ -- તમે અમારા દુઆઆશિષો તમારા સઘળા કુટુંબોને, તમારી જમાતને પહોંચાડજો, કે જેથી જગતભરની જમાત તમારા મારફત ઈમામની દુઆઆશિષો પ્રાપ્ત કરે. અને તમને સુખ માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબમાં એકતા માટે,

સફળતા માટે અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારા કુટુંબોને અમારા દુઆઆશિષો પહોંચાડજો. શું તમે તે કરશો? ઓલરાઈટ. તો પછી તે બાબત અમને ઘણી જ ખુશ કરે છે, ઘણી જ ખુશ કરે છે. તમને અને તમારા સઘળા કુટુંબોને ઉત્તમ દુઆઆશિષો.

ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

મુખીએ અરજ કરી છે કે આ કાર્યક્રમની સમાપ્તિ છે. પરંતુ અમે અમારી જમાત પાસે વધુ સમય વીતાવવા ચાહીએ છીએ. અમે ફરીથી, તમારામાંના એકે એકને અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ, હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જમાતના અને તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોની અનંત શાંતિ માટે પણ ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેઓ અવસાન પામ્યા છે તેમની રૂહાનીઓ અનંત શાંતિ, અનંત શાંતિમાં રાહત પામે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જગતભરની જમાતોનું જીવન એવા સમાજોમાં સ્થિર થશે કે જે હરીફાઈભર્યા છે. અને જમાતને સફળ થવા માટે, તેની સંસ્થાઓ મજબૂત હોવી જોઈએ, તેના શિક્ષણની ગુણવત્તા મજબૂત હોવી જોઈએ, તમારી એકતા અને સાથે મળીને કાર્ય કરવાની બાબત મજબૂત હોવી જોઈએ. અને તમારે તમારા સમગ્ર જીવન દરમ્યાન આપણે જેને "ઉત્તમ પ્રથા" (best practice) કહીએ છીએ, તે હાંસલ કરવાનો આશય રાખવો જોઈએ. અને અમે આજે, અમારી જમાતને, ઉત્તમ પ્રથા માટે અમારા ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ વિચારને તમારા જીવનમાં, તમારા બાળકોના શિક્ષણમાં, તમારી વચ્ચે તમે જે સહભાગી પ્રવૃત્તિઓ (shared activities) ધરાવતા હો તેમાં લઈ આવો. અને મજબૂતીનું ઘડતર કરો, કાબેલિયતનું ઘડતર કરો, સારી પ્રથાના પાયા તરીકે પ્રમાણિકતા (integrity)નો ઉપયોગ કરો, કે જેથી આપણી સંસ્થાઓ સારી રીતે ગણનાપાત્ર (well-regarded), સારી

રીતે આદરમાન ધરાવતી હોય. અમે તમારામાંના એકે એકને, ફરીથી અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

મુશ્કિલ-આસાન માટે સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે, સુખ માટે,સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને આનંદ માટે -- જીવનમાં સારા આનંદ માટે (દુઆઆશિષો) -- કે તમે ખુશી ધરાવો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૪૨. કેલગરી, કેનેડા ૧૦મી મે, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ જમાતો માટે પણ જે એવા દેશોમાં રહે છે કે જ્યાં મુશ્કેલી છે, અમે મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. જમાતો સુરક્ષિત રહે, શાંતિમાં રહે, અને દીની બાબતોમાં તેમજ દુન્યવી બાબતોમાં સારી પ્રગતિ કરે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે અમે અમારી જમાતને એ હકીકત ભારપૂર્વક ફરમાવવા ચાહીએ છીએ કે તમે જગતના એક સૌથી વધુ વિકસિત દેશમાં રહો છો  અને કાર્ય કરો છો. આથી, તમે તેના વિષે વાકેફગાર હો કે ન હો, તમે દરરોજ શીખી રહ્યા છો -- તમે દરરોજ જ્ઞાન હાંસલ કરી રહ્યા છો.  અને અમે અમને પોતાને કહીએ છીએ: જો આ સંપૂર્ણ જમાત, જગતભરની જમાત માટે શિક્ષકો

બની જાય તો શું થઈ શકે તેમ છે? અને અમે અમને પોતાને કહીએ છીએ: તે કેવું અદ્દ્ભુત  હશે! અને અમે આ વિચાર તમારી પાસે, ખાસ કરીને યુવાન પેઢીઓ પાસે છોડી જવા ચાહીએ છીએ. જો તમે જગતના અન્ય ભાગોમાંની જમાત, જેમને પોતાના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા માનવ સંસાધનો (human resources) ની જરૂરત છે, તેમની સાથે કાર્ય કરવાની ઈચ્છા, ખુશી અને સંતોષ મેળવી શકો -- અમે અહીં અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમે તે ઈચ્છા મેળવી શકો, તો તે જગતના અન્ય ભાગોની જમાતો પ્રતિ તમારું જ્ઞાન અને તમારી કાબેલિયતો લઈ આવવા માટે ખુશી અને આનંદિત થશો. તો પછી અમે બેહદ પ્રમાણમાં ખુશી થાશું, આ એક વિચાર છે, ફરમાન નથી. અમે ફરી વાર ફરમાવીએ છીએ -- આ વિચાર છે, ફરમાન નથી. આથી, માવિતરો એ બાબતની તકેદારી રાખજો, તમારા બાળકોને એવું નહિ કહેતા કે ઈમામના ફરમાનનો મતલબ આમ થાય છે.

આથી અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: એક વૈશ્વિક ભાઈચારા તરીકે, શું એ ખરું નથી, શું એ યોગ્ય નથી કે જેઓની પાસે સારું શિક્ષણ છે તેઓ વિવિધ ક્ષેત્રોમાં કાબેલ છે, તેઓએ જગતના અન્ય ભાગોમાંની આપણી સંસ્થાઓને મજબૂત બનાવવી જોઈએ, કે જેથી વિશ્વભરની જમાત પોતાના દરરોજના જીવનમાં પ્રગતિ કરી શકે. અમે અહીં

અમારી જમાતને તમારા કાર્યમાં, તમારી કુટુંબોની એકતામાં અને ખાસ કરીને સિરાતલ-મુસ્તકીમ  ઉપર સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, તમારા મૂલ્યો પ્રમાણે જીવન જીવો. તમારા મૂલ્યો અજોડ છે. અને તે ઐતિહાસિક છે, અને તેની જમાતને સદીઓ પછી સદીઓ પછી સદીઓ સુધી ટકાવી રાખેલ છે. આથી--ભાઈચારાના, ઉદારતાના, વિચારશીલતાના, દયાભાવનાના, જેમને જ્ઞાનની જરૂર છે તેમની સંભાળના એ મૂલ્યો મુજબ જીવન જીવો--કે જેથી આ ભાઈચારો જગતભરના સઘળા મુરીદો માટે વાસ્તવિક જીવનમાં પ્રગટ થવા પામે. અમે તમને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તે ચાલી જાય, જાણે કે તે કદી અસ્તિત્વ પણ નહોતી ધરાવતી. આથી, જ્યાં સમસ્યા હોય, ત્યાં સમસ્યાઓને હાથ ધરવા કાર્ય કરો, વિચાર કરો, સહભાગી થાઓ (join hands), સાથે મળીને કાર્ય કરો. અને તમારા જ્ઞાનની સાથે તમારી કાબેલિયતની સાથે ઉદાર બનો. તેઓને તમારા જ્ઞાનમાં અને તમારી કાબેલિયતમાં સહભાગી બનાવો, કે જેઓ તમારા અનુભવ, તમારા જ્ઞાન, તમારા વ્યવસાયીપણા (professionalism)માંથી ફાયદો મેળવી શકે તેમ હોય.

અમે ફરી એક વાર, અહીંની અમારી સઘળી જમાતને, તમારા કુટુંબોને, તમારી જમાતને, તેઓ જ્યાં પણ હોય, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનના અંતમાં અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: અમે તમને મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ, કેવળ એટલા માટે, કારણ કે અમે તમારી સાથે હોવા બદલ ઘણા ખુશ છીએ, કે અમે તમારા ચહેરા ઉપર સ્મિત જોવા ચાહીએ છીએ. આથી અમે નથી ચાહતા કે તમે દુન્યવી મુશ્કેલીઓમાં અટવાયેલા હો, અમે ચાહીએ છીએ કે તમે ખુશી, અને આનંદ, તમારા કુટુંબોમાં એકતા, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી ધરાવો. તમારામાંના એકે એક વ્યક્તિગત રીતે, ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અંતમાં અમે અમારી કેનેડિયન જમાતને ફરમાવીએ છીએ, તમારા જ્ઞાન અને તમારા સમયની સાથે ઉદાર બનો. જ્યાં તમે બીજાઓને સહાય કરી શકો તેમ હો, બીજાઓને સહાય કરો. શાંતિ, જ્ઞાન, કાબેલિયતનું ઘડતર કરો કે જેથી તમારી આસપાસ અને જમાતમાં અને ખાસ કરીને જે

સભ્યસમાજમાં તમે રહો છો, તેમાં જમાતને, જમાત જ્યાં પણ રહેતી હોય, તેને શાંતિના ઘડવૈયા (builder) તરીકે જોવામાં આવે અને સન્માન આપવામાં આવે . શાંતિનું ઘડતર કરો--આપણને જમાત માટે શાંતિની જરૂરત છે. આપણે જમાત અને બીજાઓ માટે શાંતિ મેળવવાનો પ્રયાસ કરવામાં ખરા (right) છીએ. આથી, શાંતિનું ઘડતર કરવા યોગદાન આપવા માટે દરેક નૈતિક માન્યતા (moral validation) રહેલી છે. આજે પણ એવી જમાતો છે કે જે એવા દેશોમાં રહે છે જ્યાં આંતરિક ઘર્ષણ (internal conflict) છે. અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ કે તેઓ શાંતિ મેળવે. અને આ જમાતને, તમારા કુટુંબોને, તમારી જમાતોને, અહીં અથવા અન્ય જગ્યાઓએ, અમે ફરીથી, સુખ, લાંબા જીવન, સારી તંદુરસ્તી અને ખાસ કરીને સિરાતલ-મુસ્તકીમ ઉપર પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

મુખી અને કામડિયાએ અમને અરજ કરી છે કે, "હાઝર ઈમામ જમાતના સઘળા રૂહાની સભ્યોને દુઆઆશિષો ફરમાવો" આથી હવે અમે એમ જ કરીએ છીએ-- અમે તમારા કુટુંબના સઘળા રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ (eternal peace) અને રાહત (rest) માટે-- તેમના આત્માની અનંત શાંતિ અને રાહત માટે ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

શબ્દ અનંત (eternal) ઉપર ધ્યાન આપો-- અનંત એટલે સદાકાળ (forever). આ બાબત છે કે જે આપણે ચાહીએ છીએ-- એ સઘળા મુરીદો કે જેઓ અવસાન પામ્યા છે તેમની અનંત શાંતિ અને રાહત.

અમે તમને એકે એકને ફરીથી, અને તમારી જમાતોને, અને તમારા કુટુંબોને, અમારા ઉત્તમ, ઉત્તમ, ખાસ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ મુલાકાત પ્રસંગે, તમને, તમારામાંના એકે એકને, ફરીથી, વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતોને, અમારા આ અતિશય ઉમળકાભર્યા, અમારા ઉત્તમ, અમારા અતિશય મજબૂત(mazbut), મજબૂત, મજબૂત-- અહીં  અને જગતભરમાં સઘળી જમાત, તમારા આ કુટુંબો માટે મજબૂત દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ પ્રસંગે, જમાતમાના સઘળા વોલન્ટીયરો કે જેઓએ આવું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે તેમને પણ અમારા ઉત્તમ, હેતપૂર્વકના

દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમને લાગે છે કે અમારા દાદાશ્રીની અભિવ્યક્તિ (expression) હતી, "શબ્દો નહિ, કાર્ય કરો". અમારું તમને ફરમાન છે: "કાર્ય કરો અને ઘણા શબ્દો (પણ કહો)". આથી, વાતચીત કરો, હસો જીવનનો આનંદ માણો, અને અમે સુખ માટે, લાંબા જીવન માટે, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યાં દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમુક વખતે મુરીદો અમને અરજ કરે છે: હાજર ઈમામ, તમે જમાતને શા માટે હસાવો છો? અને અમે ફરમાવીએ છીએ, વારુ, શું અમારા બાળકોને હસતા જોવામાં અમારો આનંદ નથી? અને જ્યારે  અમારા રૂહાની બાળકો ખુશ હોય છે, ત્યારે એ બાબત અમને ઘણી જ ખુશ કરે છે. આથી આજે સાંજના અમે તમને ખુશી- તમારા કુટુંબોમાં ખુશી, તમારી જમાતમાં ખુશી, તમારા ખાનગી જીવનમાં ખુશી, તમારા કાર્યના જીવનમાં ખુશી, અને તમારા લાંબા જીવનમાં ખુશી માટે, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. ઉત્તમ ઉત્તમ પ્યારભર્યાં દુઆઆશિષો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને તમારી જે જમાતો અહીં  નથી તેઓને અમારા દુઆઆશિષો પહોંચાડજો આથી, અમે વિશ્વાસ રાખીએ છીએ કે તમે તેમ કરશો. તેઓને કહેજો કે અમે આજે સાંજના, જગતભરમાં, તેમના વિષે વિચારીએ છીએ. અને અમે તેઓને ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો અને તેઓ જે પણ સમસ્યાઓ ધરાવતા હોય, તેમનો સામનો કરવા માટે, મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અહીં અમારી સઘળી જમાતને, અમે ફરીથી, અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન

# ૪૩. કેલગરી, કેનેડા, ૧૧મી મે, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

પ્રથમ, અમે આ પ્રસંગે, તમે સર્વેને, તમારા કુટુંબોને, તમારી જમાતને– જમાત જ્યાં પણ હોય -- અમારા ઉત્તમ, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ખાસ, પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જગતભરની જમાત માટે શાંતિ માટે, દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે જગતભરની જમાત માટે રૂહાની સુખ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમારી નેક ઉમેદો -- કે જે પણ હોય, તેની પરિપૂર્ણતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. પરંતુ અમે તેનો (ખાસ સંદર્ભમાં) નિર્દેશ કરીએ છીએ -- નેક ઉમેદો. અમે ફરીથી ફરમાવીએ છીએ -- નેક ઉમેદો. અને ત્રીજી વખત (ફરમાવીએ છીએ) -- નેક ઉમેદો અમે આશા રાખીએ છીએ કે તમારી સઘળી નેક ઉમેદો પરિપૂર્ણ થાય. અને અમે તમને ખાસ, ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ તકે આ મુલાકાત દરમ્યાન અમારા પ્રતિ જે સદભાવનાઓ અને સૌજન્યશીલતાઓ દર્શાવામાં આવી છે તે બદલ, સરકાર ને સઘળી જાહેરી સંસ્થાઓ (public agencies) નો આભાર માનવા ચાહીએ છીએ. અને અમે આતુર છીએ કે આ સમાજના મૂલ્યો -- જગતના સઘળા લોકો અને ખાસ કરીને તે કે જેમાં આપણી જમાતો રહે છે તેમની વચ્ચે  શાંતિ, સુમેળતા, બહુમતવાદ (pluralism)ના વૈશ્વિક મૂલ્યો બનવા પામે.

અમે આજે સવારના અમારી જમાતને ફરમાવીએ છીએ કે આપણે જગતભરમાં એવી સંસ્થાઓ ધરાવીએ છીએ કે જે જમાતને શિક્ષણ આપવાનો પ્રયાસ કરી રહી છે. જમાતની આરોગ્ય- સંભાળની સુધારણા કરવાનો પ્રયાસ કરી રહી છે, જમાતની આર્થિક પરિસ્થિતિની સુધારણા કરવાનો પ્રયાસ કરી રહી છે -- અને આ સઘળી સંસ્થાઓ માનવ કાબેલિયત ઉપર આધારિત છે. કેનેડામાંની જમાત માનવ પ્રયાસના અનેક ક્ષેત્રોમાં મહાન ક્ષમતા ધરાવવા માટે વિશેષ સદભાગી (privileged)છે. આથી અમે અહીં અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમે જગતભરમાં, આપણી સંસ્થાઓના કાર્ય પ્રતિ, તમારા જ્ઞાન અને તમારી કાબેલિયત વડે યોગદાન  આપવાની ઈચ્છા ધરાવતા હો, જો તમે સંકલ્પ ધરાવતા હો, તો અમે ખરેખર અતિશય ખુશી થશું. કારણ કે, તમે સર્વે જાણો છો  તેમ, અમે જગતભરમાંની આપણી

જમાત માટે ઉત્તમ ઈચ્છીએ છીએ. અને તેનો અર્થ આપણે જમાતમાં, વિવિધ ક્ષેત્રોમાં --આરોગ્ય સંભાળમાં, શિક્ષણમાં, આર્થિક સંસ્થાઓને ચલાવવામાં, સભ્યસમાજની સંસ્થાઓને ચલાવવામાં જે સઘળી ઉત્તમ કાબેલિયતો ધરાવીએ છીએ, તેનો ઉપયોગ કરવાનો થાય છે -- કે જેથી, જગતભરમાંની જમાત દુન્યવી પ્રગતિ કરી શકે. અને અમે આ પ્રસંગે, તમને, તમારામાંના એકે એકને, અમારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે દુઆઆશિષો ફરમાવીએ છીએ કે તમારી નેક ઉમેદો પૂરી થાય -- તેની પરિપૂર્ણતામાં તમે ખુશી મેળવો -- અને એ કે તમે બીજાઓની ઉદારતાપૂર્વક સંભાળ રાખીને, તમારા જ્ઞાન અને તમારી કાબેલિયતની સહભાગીતા કરીને, અને જગતભરમાં, જ્યાં પણ થઈ શકે તેમ હોય, આપણી જમાતની ઉન્નતિ કરાવીને (elevating), એક વૈશ્વિક ભાઈચારા તરીકે, તમે શાંતિ અને એકતાપૂર્વક રહો. અમે આ જ બાબત કેનેડામાંની જમાતની જેમ (vis-a-vis) જગતના અન્ય ભાગોમાંની જમાતોને ફરમાવીએ છીએ. આથી અમે એકપક્ષી વિશેષ અધિકારો (unilateral privileges)નો પ્રયાસ નથી કરતા, અમે આપણા ઉત્તમ સંસાધનોની સાથે, આપણી જમાતની સેવા કરવામાં, અને જેમાં આપણી જમાત રહે છે તે દેશોની

સેવા કરવામાં, આપણી સંસ્થાઓની સફળતા માટે -- જમાતના વિશેષ અધિકારો -- વૈશ્વિક જમાતી વિશેષ અધિકારોનો પ્રયાસ કરીએ છે.

અમે તમને તમારી નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. શાંતિ માટે, સુખ માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

વોલન્ટીયરો અમે જમાતના સઘળા વોલન્ટીયરોને તેમના શ્રેષ્ઠ કાર્ય, તેમના શ્રેષ્ઠ કાર્ય માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે હમણાં અમને એક અતિશય મહત્વપૂર્ણ ભેટ -- નાસીર ખુશરૂનું દીવાન અર્પણ કરેલ છે. અને અમે આ અસાધારણ ભેટ બદલ તમારો આભાર માનવા ચાહીએ છીએ, કે જે તમે જાણો છો તેમ - નાસીર ખુશરૂનું દીવાન તમે અમને આપી શકો તેવી સૌથી વધુ અર્થપૂર્ણ ભેટ છે. અમે આ વિચારશીલ,

ઉદાર અને અદ્ભુત  ભેટ બદલ અમારી જમાતનો આભાર માનીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે જે ખુશી તમે અમને અર્પણ કરી રહ્યા છો, તેનો બદલો તમને હજારગણો મળશે, કે જેથી કેનેડા અને અન્ય જગ્યાઓમાંની અમારી સઘળી જમાત અતિશય શાંતિ, સુખ, એકતા અને સિરાતલ-મુસ્તકીમ ઉપર પરિપૂર્ણતા હાંસલ કરે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ એક ભવ્ય ભેટ છે. જેણે પણ આ નિર્ણય લીધો છે, તે સુંદર રીતે બુધ્ધિશાળી, સુંદર રીતે બુધ્ધિશાળી છે -- કારણ કે આ એક કૃતિ છે કે જે આપણે સૌ જાણીએ છીએ તેમ સંપૂર્ણ રીતે અજોડ છે, અને આપણી જમાતના નૈતિક અને બૌધ્ધિક ઈતિહાસ માં સૌથી વધુ મહત્વપૂર્ણ છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જયારે તમે ઘરે પાછા જાવ ત્યારે તમારી જમાતો --  પછી તે અહીં કેનેડામાં હોય અથવા જગતમાં અન્ય કોઈ જગ્યાએ હોય -- તેમના પ્રતિ અમારા દુઆઆશિષો લઈ જાવ અને તેઓને કહેજો કે આજે, અમે તમારી મારફત, તેઓને અમારા ઉત્તમ

પ્યારભર્યાં દુઆઆશિષો ફરમાવીએ છીએ. વિશ્વભરની જમાત માટે ઉત્તમ પ્યારભર્યાં દુઆઆશિષો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## ૪૪. પેરિસ, ફ્રાન્સ ૨૩મી જૂન, ૨૦૧૮ ડાયમંડ જ્યુબિલી દરબાર

(ફ્રેન્ચ ફકરાઓના અંગ્રેજી તરજુમો ગુજરાતી અનુવાદ)

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા ઉત્તમ, માતા પિતા તરીકેના દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ - તેઓની સઘળી ઉમેદો પરિપૂર્ણ થાય; જગતભરની જમાત શાંતિમાં રહે; તેઓ ખુશીમાં રહે; તેઓને તંદુરસ્તીની, કુટુંબોમાં એકતાની, અને એક એવા સ્થિર અને મજબૂત ભવિષ્યની રહેમતો પ્રાપ્ત થાય, કે જેના ઉપર તેઓ અહીં અને જગતભરમાં ઘડતર કરી શકે.

અમે મુખીને પૂછ્યું કે અમે તમને ફ્રેન્ચમાં સંબોધન કરીએ કે અંગ્રેજીમાં. તેમણે અમને અરજ કરી: બંનેમાં. અમને ખાત્રી નથી કે અમે સમજ્યાં છીએ. પરંતુ અમને લાગે છે કે આ જમાતમાં ફ્રેન્ચ કરતા અંગ્રેજી વધુ સર્વસામાન્ય (common) છે. આથી અમે તમને અંગ્રેજીમાં પણ સંબોધન કરીશું.

અમે જ્યારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે પ્રથમ બાબત, અમારી જગતભરની જમાત માટે અમે ચાહીએ છીએ તે એ છે કે, તે શાંતિમાં રહે, એકતામાં રહે, દુન્યવી મુશ્કેલી

વિના રહે, અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂત હોય. આથી, વિશ્વભરની જમાતને, આજે, અમે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જગતભરમાં જે સમુદાયો (communities) ભવિષ્ય માટે ઘડતર કરવાનું ઈચ્છે છે, તેઓ સંસ્થાઓની આસપાસ, કાર્યક્રમોની આસપાસ, સમાન હેતુઓની આસપાસ સંગઠિત થાય છે. અને એ અમારી ઈચ્છા છે કે જગતભરની આપણી જમાતે આ ડહાપણભર્યા દિશાસૂચન (wise direction): એકતાના દિશાસૂચન, પ્રયાસના દિશાસૂચન, કામગીરીની ગુણવત્તા (quality of performance)ના દિશાસૂચનનું અનુસરણ કરવું જોઈએ. આથી, આ પ્રસંગે અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: અમે આગેવાનો અને દરેક જણ પાસેથી, તમારી પોતાની રીતે, ચાહીએ છીએ કે સખત કાર્ય કરો, પ્રમાણિકતાપૂર્વક કાર્ય કરો અને રૂહાની સફળતા અને ભૌતિક સફળતા એમ બંને મેળવવાનો પ્રયાસ કરો. અને અમે તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે, દુઃખદ રીતે, એવા દેશો છે કે જે ઘર્ષણમાં છે, અને આમાંના અમુક દેશોમાં જમાત રહે છે. આથી, આજે, અમે જગતભરની જમાત માટે શાંતિ માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જ્યારે  ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમે પોતાને કહીએ છીએ: એવા ક્યાં સ્તંભો (pillars) છે કે જેના ઉપર જમાત પોતાના માટે, અને તે જે લોકોની વચ્ચે રહે છે, તેમના માટે એક મજબૂત ભવિષ્યની સ્થાપના કરવા માટે ઘડતર કરી શકે. અને અમને લાગે છે કે જવાબ ઘણોજ સરળ છે: તે તમે જે પણ કાંઈ સઘળું કરો છો તેમાં ઉત્તમ પ્રથા (best practice) છે. તમારા જીવનમાં દરરોજ, (કાર્ય) કંઈ રીતે કરવું તે તમે જે જાણો છો, તેને ઉત્તમ રીતે કરવાનો પ્રયાસ કરો, કે જેથી તે પ્રયાસ, તમે જે રીતે તમારા જીવન--તમારા વ્યવસાયિક જીવન, ઘરોમાંનાં તમારા જીવન, જમાતમાંનાં તમારા જીવન જીવો છો, તેના ભાગરૂપ બનવા પામે. "ઉત્તમ પ્રથા" નો અર્થ "પ્રયાસની સાતત્યતા" (continuum of endeavour) થાય છે. આથી, અમે  અહીં ની અને જગતભરની અમારી જમાતને ફરમાવીએ છીએ: પ્રયાસની આધારશીલા (premise) ઉપર, કુટુંબમાં સાથે મળીને, જમાતમાં સાથે મળીને, બીજાઓની સાથે મળીને પ્રયાસની,

(આધારશીલા ઉપર) કાર્ય કરો, કે જેથી તમે ભવિષ્ય માટેની મજબૂતી ઉપર ઘડતર કરો.

અને અમે તમારામાંના એકે એકને, રૂહાની બાબતોમાં --પ્રથમ --અને પછી ભૌતિક બાબતોમાં, સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. પ્રથમ, રૂહાની બાબતો --સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી -- અને પછી ભૌતિક બાબતો. અને અમે તમને સારી તંદુરસ્તી માટે, સુખ માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, તમારા બાળકોના તેમના અભ્યાસમાં સફળતા માટે, અને જીવનમાં તમારા જે પણ સામાન્ય પ્રયાસો (normal endeavours) હોય, તેમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. એ ધ્યાનમાં રાખો કે આ દુઆઆશિષો સર્વે સમયે તમારી સાથે છે, ન માત્ર, કારણ કે અમે તમને તે આજે સાંજના ફરમાવીએ છીએ (એટલે ત્યારે જ નહિ), પરંતુ તે સર્વે સમયે તમારી સાથે છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાન, જમાતમાંના આપણા વોલન્ટીયરો દ્વારા જે અદ્ભુત  કાર્ય કરવામાં આવ્યું છે, તે માટે અમારા ખાસ દુઆઆશિષો,  અમારી પ્રશંસા વ્યકત કર્યા વિના પૂર્ણ કરવા નથી ચાહતા. તેઓએ ભવ્ય કાર્ય કર્યું છે, અને અમે જાણીએ છીએ કે ઝમાનાના ઈમામ તરફથી તેઓ અભિનંદનો અને સન્માન (recognition)ને પાત્ર છે.

અમે કંઈક જુદું પણ કરવા ચાહીએ છીએ. અમે એ સઘળા બાળકોને દુઆઆશિષો ફરમાવવા ચાહીએ છીએ, કે જેઓએ અમે જયાં કોરિડૉર (અંદરના રસ્તા)થી જઈએ છીએ, તેમાં સુંદર નાનકડાં ચિત્રો દોર્યા છે, અને અમે તેમને જણાવવા ચાહીએ છીએ કે અમે તેને નિહાળેલ છે, તેઓએ જે લખ્યું છે તે અમે વાંચેલ છે. અને અમે જે તેમનું સુંદર કાર્ય જોઈ શક્યા છીએ, તે દરેક પળે આનંદ માણેલ છે. આથી, એ દરેક બાળકો, કે જેઓએ આ અદ્ભુત ચિત્ર દોરેલ છે, અમે તમને ફરમાવીએ છીએ: અભિનંદનો અને તમારો આભાર. અને અમે તમારા સુખ માટે અને તમારા ભવિષ્યના અભ્યાસની સફળતા માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

અંતમાં, અમે વિશ્વભરની જમાતને, આ પ્રસંગે, શાંતિ માટે, એકતા માટે અને સિરાતલ -મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અમારા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આપણી જમાતમાંના સઘળા રૂહાની મુરીદોની અનંત શાંતિ અને રાહત માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *નઝરાણા અને ભેટની રજૂઆત વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે અમને લાડ લડાવ્યા છે, અને અમે ઘણાજ લાડ અનુભવીએ છીએ. એક એવી હદીસ છે કે જે ફરમાવે છે કે ઈસ્લામ ચીન સહીત જગતભરમાં (પહોંચી) જશે. અને તમે હમણાં અમને એક કુરાન અર્પણ કરેલ છે, કે જેનું લખાણ ચીનમાંના મુસ્લિમો દ્વારા કરવામાં આવ્યું છે, અને આ ખાસ કરીને અર્થપૂર્ણ ભેટ બદલ અમે અતિશય પ્રભાવિત થયા છીએ.

અમે તમારા ઉદાર નજરાણા માટે પણ તમારો આભાર માનીએ છીએ. અમે આ નઝરાણાનો અહીંના અને જગતભરની જમાતના હિતમાં ઉપયોગ કરીશું, અને અમે ઈચ્છીએ છીએ કે તે નઝરાણાનો તમને, તમારામાંના એકે એકને હજારગણો--હજારગણો બદલો પ્રાપ્ત થાય.

અમે આ અદ્‌ભુત  પ્રસંગ માટે તમને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. અમે તમારો આભાર માનીએ છીએ. અમે વોલન્ટીયરોનો, એ સઘળાઓનો આભાર માનીએ છીએ કે જેઓએ આ અતિશય ખુશીભરી મુલાકાત માટે જમાતમાં કાર્ય કર્યું છે. અને અમે આશા રાખીએ છીએ કે, જેમ ભવિષ્ય તમારા માટે પ્રગટ થતું જાય છે, તેમ માત્ર સુખ, માત્ર સફળતા, માત્ર સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી અને તમારી સઘળી નેક ઉમેદોની પરિપૂર્ણતા હશે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

મુખીએ અરજ કરી છે કે અમે અમારી જમાતને ફરીથી વધુ દુઆઆશિષો ફરમાવીએ, જે અમે ફરમાવીએ છીએ. અને અમે તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને--તેઓ આ જગતમાં જયાં પણ હોય--અમે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. આથી, તમારા કુટુંબોને અમારા દુઆઆશિષો પહોંચાડજો, અને અમે તમારા કુટુંબોના સઘળા રૂહાની સભ્યોની અનંત શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ એક અતિશય ખુશીભરી મુલાકાત રહી છે અને હવે અમે ચીનમાંથી આવેલ કુરાન ધરાવીએ છીએ. એક મુસ્લિમ તરીકે તે ઘણું જ વિશિષ્ટ હોય છે. ચીન સંબંધી અને ચીનમાં ઈસ્લામના પહોંચવા સંબંધી અનેક હદીસો છે અને તમે જે પેશ કરેલ છે તે ઈસ્લામની ચીન તરફની મુસાફરીનું એક પ્રતીક છે. અમે અતિશય ઘણા આભારી છીએ અને અમે આ અજોડ ભેટનો સંચય (treasure) કરીશું. જેણે પણ એવી સલાહ આપી છે કે આ ભેટ પેશ થવી જોઈએ, તેની અમે પ્રશંસા

કરીએ છીએ. તે એક અદ્‌ભુત  નિર્ણય હતો અને અમે આનાથી વિશેષ વધુ ખુશી થઈ શક્યા ન હોત. આથી, અભિનંદનો અને અમારો સઘળો આભાર. અમે આશા રાખીએ છીએ કે નઝરાણાનો અમારી જમાત માટે, તમારામાંના એકે એક માટે, હજારગણો બદલો પ્રાપ્ત થાય.

અમે તમને સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી અને દીની બાબતો તેમજ દુન્યવી બાબતો બંનેમાં, રૂહાની અને દુન્યવી એમ બંનેમાં સફળતા માટે ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૪૫. લંડન, યુનાઈટેડ કિંગ્ડમ, ૨૯મી જૂન, ૨૦૧૮
# ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, તમારી જમાતને, તેઓ જગતમાં જયાં પણ હોય, અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

અમે સુખ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે શાંતિ માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે ઈમાનની મજબૂતી માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, અમે જગતભરની સઘળી જમાત માટે -મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆતમાં આ પ્રસંગે યુનાઈટેડ કિંગ્ડમની સરકાર અને સંસ્થાઓ કે જેઓ આ અતિશય ખુશીભરી મુલાકાત માટે, અમારી જમાત પ્રતિ અને અમારા પોતાના પ્રતિ આટલા બધા ઉદાર, વિચારશીલ અને મદદરૂપ રહ્યા છે, તે બદલ તેમના પ્રતિ અમારો આભાર વ્યકત કરવા ચાહીએ છીએ. આથી, અમે ફરમાવીએ છીએ: તમારો આભાર --ઘણો, ઘણો જ મજબૂતીપૂર્વક --તમારો આભાર!

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આપણી જમાત તેના ઈતિહાસમાં ક્યારે પણ હતી, તેના કરતાં વધુ વૈશ્વિક (global) છે. તેની પાસે આરોગ્ય-સંભાળ, શિક્ષણ, આર્થિક સહાયના મહત્વપૂર્ણ ક્ષેત્રો --આ સઘળા ક્ષેત્રો કે જ્યાં આપણે માનીએ છીએ, જ્યાં અમે માનીએ છીએ કે જમાતને એક ખુશીપૂર્ણ, એકીકૃત (consolidated) ભવિષ્ય માટે સહાયની જરૂરત છે, તેમાં સેવા આપતી વધુ અને વધુ સંસ્થાઓ છે. અને અમે અહીં  અમારી જમાતને ફરમાવીએ છીએ: જ્યાં પણ જ્ઞાન છે, જ્યાં પણ કાબેલિયત છે, જેમ કે અહીં  છે, ત્યાં આપણે તે જ્ઞાનનો ઉપયોગ કરીએ, આપણે તે કાબેલિયતનો ઉપયોગ કરીએ, કે જેથી, તે જગતભરની જમાત માટે એક વૈશ્વિક સંસાધન (global resource) બનવા પામે. આથી, અમે ફરમાવીએ છીએ: વૈશ્વિક જગતમાં, જગતના દરેક દેશમાંથી ઉત્તમ હાંસલ કરો; તેને તમારા પ્રતિ લઈ આવો, તેને જમાતના ભવિષ્યમાં સ્થિર (anchor) બનાવો, અને આ જ્ઞાન દ્વારા જમાતના ભવિષ્યને મજબૂત બનાઓ. આ જ્ઞાનને ખાસ કરીને આપણી સંસ્થાઓમાં સ્થિર કરી શકાય છે અને આથી, આજે સાંજના અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જેઓ માનવીય જરૂરતના કોઈ ચોક્કસ ક્ષેત્રોમાં--તે જે પણ (ક્ષેત્રો) હોય -- તેમાં વ્યવસાયિક રીતે સેવા આપવા માટે રસ ધરાવતા હોય, અને તૈયારી તથા ખુશી ધરાવતા હોય, તેઓ આગળ આવે, અને આપણને તમારા

જ્ઞાન, તમારા પ્રોત્સાહન, અને તમારી સહાય માટે આભારી બનવા દો. અને અમે આપણી શિક્ષણની સંસ્થાઓનો વિચાર કરીએ છીએ, અમે આપણી આરોગ્યની સંસ્થાઓનું વિચાર કરીએ છીએ, અમે આપણી આર્થિક સંસ્થાઓનું વિચાર કરીએ છીએ. આપણે જગતમાં જ્યાંથી પણ અતિશય કાબેલ જ્ઞાન મેળવી શકીએ, (તો) તેની આપણને જરૂરત છે, અને સદભાગ્ય, તેમાંનું ઘણું બધું (જ્ઞાન) જમાતમાં છે. આપણે ઘણા ખુશ નસીબ છીએ કે તે ત્યાં (જમાતમાં) છે, આથી, આજે, અમે અમારા રૂહાની બાળકોને કેવળ ફરમાવીએ છીએ: આગળ આવો, જમાત જ્યાં રહે છે તે સઘળા દેશોમાં કાબેલિયત, ક્ષમતાનું ઘડતર કરવામાં અમને સહાય કરો. આપણે મજબૂત સંસ્થાઓનું ઘડતર કરીએ, કે જેથી, ભવિષ્યની પેઢીઓ એક એવા વાતાવરણમાં રહી શકે કે જે વધતા પ્રમાણમાં સુઆયોજિત (well-organised), જો કટોકટીઓ ઉભી થાય તો તેને પ્રતિસાદ આપવા વધતા પ્રમાણમાં સક્ષમ (able), સમયમાં આગળનું વિચારવામાં વધતા પ્રમાણમાં કાર્યક્ષમ (capable) હોય, કે જેથી આપણી સંસ્થોઓએ, ભવિષ્યની પેઢીઓની સેવામાં જે રીતે કામગીરી કરવી જોઈએ તે રીતે કામગીરી કરે.

અમે આ ફરમાનનું સમાપન, તમારી સાથે હોવા બદલ યુનાઈટેડ કિંગ્ડમમાંની અમારી જમાત પ્રતિ અમારી અતિશય મહાન ખુશી વ્યક્ત કરીને, અને તમારા વોલન્ટીયરોને પણ

એમ ફરમાવીને કરીએ છીએ કે, તેઓએ અસાધારણ કાર્ય કર્યું છે. અને અમે તમારા સઘળા વોલન્ટીયરોને અમારા અતિશય હેતપૂર્વકના, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અગર જો કોઈ ગેર સમજણ થતી હોય, તો આ દુઆઆશિષો માત્ર વોલન્ટીયરો માટે જ નથી -- તે જગતભરની અમારી સઘળી જમાત અને અહીં યુનાઈટેડ કિંગ્ડમમાંની અમારી જમાત માટે છે. અને અમે તમને, ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમે જે પણ સમસ્યાઓ ધરાવતા હો, અમે, ખુશીપૂર્ણ ઉકેલો--ખુશીપૂર્ણ ઉકેલો, વાજબી (equitable) ઉકેલો માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ, કારણ કે વાજબીપણું (equity) આપણા ધર્મના ભાગરૂપ છે. આથી, અમે ફરમાવીએ છીએ: વાજબી ઉકેલો, યોગ્ય ઉકેલો, કે જેથી કોઈ ગુમાવનારા (losers) ન હોય, બધા જીત મેળવતા હોય. એ ઉત્તમ ઉકેલ છે.

અમે અમારી યુનાઈટેડ કિંગ્ડમની જમાતને, (આ) બેહદ ખુશીપૂર્ણ મુલાકાત માટે અમારા અતિશય હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *નઝરાણા અને ભેટની રજૂઆત પછીનું ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમને હમણાં ઘણા લાડ લડાવવામાં આવેલ છે, અને અમે આ અદ્ભુત, અદ્ભુત ભેટો બદલ, અહીં મુરીદો પ્રતિ અમારો બેહદ આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. તમે તમારા ઈમામને લાડ લડાવો છો, પરંતુ અમારી જમાતને લાડ લડાવવા તે અમારી ભૂમિકા છે - તે એ બાબત છે કે જે અમારે કરવી જોઈએ. આથી, અમે તમારામાંના એકે એકને અને દરેકને, સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે અને મુશ્કિલ-આસાન માટે -- તમે જે પણ સમસ્યાઓનો સામનો કરતા હો -- મુશ્કિલ-આસાન, શાંતિ અને સફળતા માટે અમારા ઉત્તમ, ખાસ, ખાસ, ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનનું સમાપન, સરકાર, સભ્ય સમાજની સંસ્થાઓ (civil society organisations), જમાતી સંસ્થાઓ, વોલન્ટીયરો, એ સઘળા મુરીદો કે જેઓએ આ અદ્ભુત મુલાકાત, કે જેણે અમને ઘણાજ ખુશ કરેલ છે, તેના માટે કાર્ય કરેલ છે, તેઓ પ્રતિ અમારો આભાર દર્શાવીને કરીએ

છીએ. આથી, અમે તમને સઘળાઓને, અમારા પ્યારભર્યા, પ્યારભર્યા, પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેઓ દુન્યવી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તેઓ માટે, અમે તેઓને એ મુશ્કેલીઓના ખુશીપૂર્ણ ઉકેલ માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને અમે સઘળી જમાતને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે સઘળા સમયે દિવસ અને રાત તમારી સાથે છીએ. અને અમે તમને-- તમારામાંના એકે એકને અને દરેકને અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સિધાવી જતી વખતે ફરમાન*

આ મુલાકાતના પ્રસંગે, તમે અમને જે લાડ લડાવ્યા છે, તે માટે અમે તમારા પ્રતિ અમારો આભાર સંતોષજનક રીતે વ્યક્ત કરેલ નથી. અમે તમારી ભેટ અમારી સાથે લઈ જઈશું. અમે તેને સંભાળપૂર્વક રાખીશું. અમે એ વિષય સામગ્રીઓ

(contents) ઉપર વિચારણા કરીશું. અમને લાગે છે કે તમે જાણો છો કે એ ભેટ શું છે -- તેની તમને સમજણ આપવામાં આવી છે. તે એક અદ્‌ભુત, અદ્‌ભુત  ગ્રંથ (treatise) છે, કે જે ઈતિહાસમાં ખોવાય ગએલ નથી. તે ડહાપણ (wisdom)નો, જ્ઞાનનો, ધર્મનો અવિરત સ્ત્રોત (continuing source) છે, અને અમે તમારી ભેટ બદલ બેહદ આભારી છીએ.

નઝરાણું પણ અમે ઈચ્છીએ છીએ કે એ નઝરાણાનો -- જગતભરની અમારી જમાતને હજારગણો બદલો પ્રાપ્ત થાય, કે જેથી તેઓ ભૌતિક જરૂરતોથી હંમેશાં સુરક્ષિત રહે, અને જમાતમાં ખુશી અને એકતા હોય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૪૬. લિસ્બન, પોર્ટુગલ, ૭મી જુલાઈ, ૨૦૧૮

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, અહીં  તમારામાંના એકે એકને અને દરેકને, તમારા કુટુંબોને, તેઓ જયાં પણ હોય, તમારી જમાતને, તેઓ જયાં પણ હોય, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારી જમાતને, તમારા કુટુંબોને તેઓ જયાં પણ હોય, આ દુઆઆશિષો પહોંચાડજો, અને તેઓને કહેજો કે આ મુલાકાત પ્રસંગે, જેમ અમે તમારા વિશે વિચાર કરીએ છીએ, તેમ અમે તેઓના વિશે વિચાર કરીએ છીએ. અને અમે તેઓને, તેઓ જયાં પણ રહેતા હોય, અને તેઓ જે પણ સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોય--ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો મોક્લાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ તકે, સરકારે જગતના સઘળા ભાગોમાંના મુરીદોને, તમારી અને અમારી સાથે ઉજવણી કરવા, આ પ્રસંગે અહીં આવવા માટે જે સઘળી સહાય આપી છે તે માટે સરકાર પ્રતિ

અમારો ઉષ્માભર્યો આભાર વ્યકત કરવા ચાહીએ છીએ. અને અમે આશા રાખીએ છીએ કે, જગતભરમાંની આપણી જમાત, પોર્ટુગલના હિતમાં કામગીરી કરવા શક્તિમાન બનશે, કાર્ય કરવા શક્તિમાન બનશે. શું તમે (આ બાબત) સમજ્યાં? અમે નિરીક્ષણ કરીશું. અને ઈન્શાઅલ્લાહ, તમે પોર્ટુગલની સારી રીતે સેવા કરશો, તમે પોર્ટુગીઝ લોકશાહી (democracy), અનેક્તાવાદ (pluralism), નૈતિક વર્તણુક (ethical behavior)ની ગુણવત્તાઓને વિદેશમાં લઈ જશો -- આ એવી ગુણવત્તાઓ છે કે જે એક જમાત તરીકે, આપણે ન માત્ર અહીં પોર્ટુગલમાં, પરંતુ જગતભરમાં ધરાવવા ચાહિએ છીએ. આથી, આજે અમે તમને અમારા દાઈ બનાવીએ છીએ -- અમે તમને અમારા દાઈ બનાવીએ છીએ -- આથી, તમે આ સંદેશને જગતભરમાં લઈ જઈ શકો અને તેના અમલીકરણમાં સહાય કરી શકો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ મુલાકાત ખાસ કરીને ખુશીપૂર્ણ રહી છે, અને આથી, સરકારે, જગતભરમાં સર્વે જગ્યાઓથી જમાતને અહીં આવવામાં જે સઘળી સહાય કરી છે, તે બદલ તેઓ પ્રતિ અમારો આભાર અમે ફરીથી વ્યકત કરવા ચાહીએ છીએ. સરકાર અતિશય મદદરૂપ રહી છે, અને તમારા ઈમામ તરીકે, અમે તમારો આભાર અને અમારો આભાર વ્યક્ત કરીએ

છીએ. જમાત આ ખુશીપૂર્ણ પ્રસંગે ઉજવણી કરવા માટે સાથે મળવા શક્તિમાન બની છે, તે માટે આપણે સરકાર પ્રતિ ઘણા જ આભારી છીએ.

અમે જ્યારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે એવી કંઇ બાબત છે કે જેને મેળવવાનો આપણી જમાત પ્રયાસ કરી રહી છે? અમને લાગે છે કે અતિ મહત્વની બાબત એ છે કે તમે જે દરેક દેશમાં રહો છો, આ દેશોને તકોના દેશો -- તકોના દેશો બનાવવામાં તમારે યોગદાન આપવું જોઈએ. જો તમે સફળ થશો, તો સમગ્ર જમાત -- સંબંધિત દેશમાંની અને સમગ્ર જમાતમાં વિશ્વભરની જમાતને ફાયદો થશે. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તકોના દેશની વ્યાખ્યા (definition) વિશે વિચાર કરો. તમે તકોના દેશની કંઈ રીતે વ્યાખ્યા કરો છો? આપણે શાંતિ મેળવવાનો પ્રયાસ કરીએ છીએ, આપણે પાલન માટેની સ્વતંત્રતા (freedom to practice) મેળવવાનો પ્રયાસ કરીએ છીએ, આપણે સારી વ્યવસ્થા (good order) મેળવાનો પ્રયાસ કરીએ છીએ, આપણે આર્થિક સુધારણા મેળવવાનો પ્રયાસ કરીએ છીએ, આપણે આપણી ભવિષ્યની પેઢીઓ માટે સ્થિરતા મેળવવાનો પ્રયાસ કરીએ છીએ -- આ સઘળા હેતુઓ છે કે જે જમાત અને ઈમામ ધરાવે છે. અને આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે જયાં પણ રહેતા હો, કોશિષ કરો અને એ બાબતની ખાત્રી કરો કે,

જીવનમાંના આ ગુણો એવા ગુણો બને કે જે જગતભરની જમાતના માટે લાભ કરતા હોય.

બીજું, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમે જે સઘળું કરો છો તેમાં ગુણવત્તા મેળવવાનો પ્રયાસ કરો, ઉત્તમ પ્રથા (best practice) મેળવવાનો પ્રયાસ કરો. જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને જ્ઞાન મેળવો અને તમે અમારી ઉંમરના થાઓ ત્યાં સુધી પણ તમે જ્ઞાન મેળવો. આથી, અમારી સમક્ષ સઘળા યુવાન મુરીદો એ દ્રષ્ટાંત લે કે શિક્ષણ એક જીવન પર્યંતની પ્રવૃત્તિ (lifelong practice)છે. તેને એક જીવન પર્યંતની પ્રવૃત્તિ બનાઓ, તમારી ક્ષમતાઓની સુધારણા કરો, તમારા કુટુંબોના ભવિષ્યમાં રોકાણ કરો, ભવિષ્યની પેઢીઓ માટે ક્ષમતાનું ઘડતર કરો. તેનો જે અર્થ થાય છે તે માત્ર તમારા પોતાના માટે જ કમાવાનો નથી, પરંતુ તેનો અર્થ ભવિષ્યની પેઢીઓ માટે કમાવાનો થાય છે. તેનો અર્થ ભવિષ્યની પેઢીઓ, તેઓ જયાં પણ રહેતી હોય, તેમની સુરક્ષા કરવાનો થાય છે, કે જેથી તેઓ આવનારી પેઢીઓમાં પોતાના કુટુંબો માટે એક મજબૂત ભવિષ્યનું ઘડતર કરી શકે.

આથી, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: આગળનો વિચાર કરો, બુધ્ધિપૂર્વક આગળનો વિચાર કરો, મજબૂત પાયાઓનું ઘડતર કરો, તમારા બાળકોને શિક્ષણ આપો,

મહત્વકાંક્ષી (ambitious) બનો, પરંતુ લાલચી નહિ બનો -- મહત્વકાંક્ષી બનો પરંતુ લાલચી નહિ બનો --અને દરેક કુટુંબની ભવિષ્યની દરેક પેઢી પ્રતિ તમારાથી જેટલી થઈ શકે તેટલી સહાય લઈ આવો. શાંતિ, મદદની આસપાસ ઘડતર કરો, જેઓને સહાયની જરૂરત હોય, તેમની સહાયમાં આવો, તમારા સમય અને તમારા વિચારોથી ઉદાર બનો, અને જેઓ દુન્યવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેમને મદદ કરો. આપણી જમાત એક મોટો ભાઈચારો છે, અને અમે એવી અપેક્ષા રાખીએ છીએ કે જ્યારે એવી મુશ્કેલીઓ હોય કે જેને હાથ ધરવાની જરૂર હોય ત્યારે, દરેક મુરીદ બીજા દરેક મુરીદની મદદ કરવા માટે ઉપલબ્ધ હોય.

અમે જમાત માટે, એકતા માટે, સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂતી માટે અને દુન્યવી સમસ્યાઓને દૂર થવા માટે ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ, કે જેથી તમે શાંતિ, એકતા, ખુશીનું જીવન ધરાવો, અને અમે મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમે જે પણ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો, અમે મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ -- તેનું તમારા સંતોષ મુજબ નિરાકરણ થાય, તે ફરીથી પાછી આવવા ન પામે. અમુક સમયે તેઓ એવી દુષ્ટ આદત (nasty habit)

ધરાવતી હોય છે, આથી, તેવું બનવા પામે તેમ આપણે નથી ચાહતા. અને અમે તમને તમારી સઘળી નેક ઉમેદોમાં, તમારા જીવન અને કુટુંબો માટે જે સઘળી હકારાત્મક (positive) વસ્તુઓની તમે ઈચ્છા રાખો છો તેમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ -- અમે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જમાતમાંના સઘળા વોલન્ટીયરો, કે જેઓએ અમારી મુલાકાતની વ્યવસ્થા કરવા, દેશથી બહારના લોકોને આવકાર આપવા માટે આવું અદ્‌ભુત  કાર્ય કર્યું છે, તેઓને ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ--અમે તેઓને -- સઘળા વોલન્ટીયરોને ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારી સઘળી જમાતને, સુખ માટે, લાંબા જીવન માટે, દુન્યવી સફળતા માટે, દીનમાં, ઈમાનમાં, સઘળી સમસ્યાઓના નિરાકરણમાં સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ -- સઘળી સમસ્યાઓ ચાલી જાય.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *સીધાવી જતી વખતે ફરમાન*

મુખી અને કામડીયાએ અમને અરજ કરી, જેમ તેઓને કરવી જોઈએ, કે અમે જમાતમાંના સઘળા રૂહાની સભ્યોની અનંત શાંતિ અને રાહત માટે દુઆઆશિષો ફરમાવીએ. આથી, આજે સાંજના, આપણી જમાતના સઘળા રૂહાની સભ્યોની અનંત શાંતિ અને રાહત માટે અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

પછી અમે મુખીને પૂછ્યું કે એવી કોઈ બીજી બાબત છે કે જેનો અમે નિર્દેશ કરીએ, અને તેમણે અરજ કરી, "જમાતમાં ખુશી". આથી, અમે તમારા જીવનમાં ખુશી માટે, ઉત્તમ ખાસ દુઆઆશિષો, ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને એ સંદર્ભમાં, અમે મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. તમારી સઘળી મુશ્કેલીઓ અદ્રશ્ય થઈ જાય, સમસ્યાઓનું સંતોષ મુજબ નિરાકરણ થાય, તમે તમારા જીવનમાં શાંતિ, દુન્યવી સફળતા અને રૂહાની સફળતા ધરાવો, અને અમે સુખ માટે ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ફરીથી, આ મુલાકાત માટે જગતભરમાંથી મુરીદોનું આવવાનું શક્ય બનાવવા માટે સરકારનો આભાર માનીને આ ફરમાનનું સમાપન કરીશું. તેઓ અતિશય ઉદાર, અતિશય સહાયરૂપ, અતિશય વિચારશીલ રહ્યા છે, અને જ્યારે સરકારો આપણી જમાતને શાંતિપૂર્વક, આપણી પ્રણાલિકાઓ મુજબ રહેવામાં, અને તમારી અને અમારી ઈચ્છાઓને પરિપૂર્ણ કરવામાં સહાય કરે છે, ત્યારે અમે તમારા ઈમામ તરીકે, તેની બેહદ કદર કરીએ છીએ. આથી, એ બાબત છે કે જે અહીં  બનવા પામી છે -- અમે માનીએ છીએ કે તમારી ઈચ્છાઓ અને અમારી ઈચ્છાઓ સંપૂર્ણ રીતે પરિપૂર્ણ થઈ છે. અને આ દેશના સઘળા અધિકારીઓએ આપણને જે મદદ આપી છે, તે બદલ તેઓ પ્રતિ અમે આભાર વ્યક્ત કરીએ છીએ.  તેઓ પોતાની મર્યાદાની બહાર જઈને આ મુલાકાત માટે અહીં  આવવા માટે જમાતને સહાય કરી છે -- અને અમે તે જાણીએ છીએ. આથી, તેમની મદદ માટે સરકાર પ્રતિ અમારો ઘણો જ પ્રબળ આભાર વ્યક્ત કરીએ છીએ.

ફરીથી, અમારી સઘળી જમાત માટે, મુશ્કિલ-આસાન માટે અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એક વિગત: અમુક વખતે મુરીદો અમને કહે છે: "હાઝર ઈમામ, એવું શા માટે છે કે તમે અમને હસાવવા ચાહો છો?" અને અમે ફરમાવીએ છીએ: પરંતુ, જો અલ્લાહે આપણને ખુશીની એક અભિવ્યક્તિ (expression) તરીકે હસવાની ક્ષમતા આપી છે, તો શું આપણે તે ખુશીની અભિવ્યક્તિનો ઉપયોગ નહિ કરીએ? આપણો ધર્મ ગમગીની અથવા મુશ્કિલ અથવા સમસ્યાઓમાં નથી જનમ્યો -- આપણો ધર્મ એક ખુશીનો ધર્મ છે. અને અમે ચાહીએ છીએ કે અમારી જમાત એ સમજણમાં વિશ્વાસ ધરાવતી હોય કે, અલ્લાહ ન માત્ર એ લોકો કે જેઓ (ધર્મનું) પાલન કરે છે, તેમના સંબંધી સવાલો પૂછીને પોતાને પ્રગટ કરે છે, પરંતુ તે ખુશી લઈ આવીને પણ તેમ કરે છે. ખુશી ઈસ્લામમાં એક રહેમત છે -- એ બાબત ધ્યાનમાં રાખો, એ બાબત ધ્યાનમાં રાખો -- તે આપણા ધર્મમાં એક રહેમત છે. આથી, જો જમાતમાં ખુશી હોય અને તે ખુશી સારી રીતે રહેલી (well-placed) હોય, તો પછી તે ખુશીનો આનંદ માણો -- તે ખુશીનો આનંદ માણો, તેને તમારા જીવનના ભાગરૂપ બનાવો. સ્મિત (smile)માં કંઈ ખર્ચ કરવો નથી પડતો. જમાતમાં અનેક લોકો વ્યાપારી લોકો છે. અમે તેમને પૂછીએ છીએ: જ્યારે તમે સ્મિત કરો છો ત્યારે તેઓ તમને ચુકવણી (pay) કરે છે? અને જવાબ છે: બેશક નહિ! આથી, અમે આશા રાખીએ છીએ કે અમારી જમાત ખુશી થશે, સ્મિત કરશે, તમારી પોતાની વચ્ચે, તમારા

બાળકોની સાથે, તમારા માબાપોની સાથે, તમારા દાદા-દાદીઓ, નાના-નાનીઓ (grandparents)ની સાથે, તમારા મિત્રો સાથે ખુશીની સહભાગિતા કરશે -- ખુશીનો ફેલાવો કરો. અમે તમને ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

હવે અમે તમારા વચ્ચેથી સીધાવી જઈશું, પરંતુ તમે જાણો છો કે અમે હંમેશાં અમારી જમાત સાથે છીએ અને અમે તમને ખુશી માટે અને તમારી સઘળી નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# ૪૭. લિસ્બન, પોર્ટુગલ, ૧૧મી જુલાઈ, ૨૦૧૮
# ડાયમંડ જ્યુબિલી દરબાર

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આજે, તમારા પ્રતિ આ ફરમાનની શરૂઆત, અમારા પરિવારના સભ્યો આજે અમારી સાથે હોવા બદલ અમારી બેહદ ખુશીમાં તમને સહભાગી બનાવીને કરીએ છીએ. અમારા પરિવાર સાથે ઉજવણી કરવી એ અમારા માટે ઘણી જ ખાસ ખુશી છે, અને અમે આશા રાખીએ છીએ કે અમારી જમાત એ ખુશીમાં સહભાગી થશે.

આપણે જેમ ભવિષ્ય માટે ઘડતર કરીએ તેમ, જમાતે આગળનો સારી રીતે વિચાર કરવો જોઈએ, અને તેણે એવા દેશો શોધવા જોઈએ કે જયાં તેનું લાંબા ગાળાનું ભવિષ્ય સુરક્ષિત હોય. અને અમે આ તકે પોર્ટુગલની સરકારે અમારા પરિવાર અને અમારા પ્રતિ, આપણી સંસ્થાઓ પ્રતિ જે સઘળી સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે, તે બદલ તેનો આભાર માનીએ છીએ, અને અમે આશા રાખીએ છીએ કે, જગતભરમાં, આપણે પોર્ટુગલના સઘળા લોકોના ફાયદા માટે પોર્ટુગીઝના હિતો (interests)માં સહભાગી બની શકીશું અને કાર્ય કરી શકીશું. અમે એમ નથી ફરમાવતા કે આ બાબત અજોડ (unique) હશે, કારણ કે જે સઘળા દેશોમાં જમાત રહે છે, તેના પ્રતિ વફાદારીની આપણે એક નીતિ (policy),

એક પ્રણાલિકા ધરાવીએ છીએ. પરંતુ એ મહત્વનું છે કે, આના જેવા પ્રસંગોએ, આપણને તે દેશ પ્રતિ આપણી વફાદારી વિશેષ સ્વરૂપે દર્શાવવી જોઈએ કે જેને મિત્રતા, આવકાર, ઉષ્મા (warmth), ઉદારતા અને સદભાવના દાખવેલ છે.

પોર્ટુગલની સરકારની ઉદારતા, આગળની વિચારણા (forward-thinking)ના પરિણામે, અમે અહીં પોર્ટુગલમાં ઈમામતના એક સ્થાન (Seat of the Imamat)નું સર્જન કરવાનો નિર્ણય કર્યો છે. આ પોર્ટુગલમાં એક કાયમી ઉપસ્થિતિ (permanent presence) હશે. તે જમાતના હિતમાં, પોર્ટુગલના હિતમાં, જગતભરમાં વિવિધ દેશોમાં, જે લોકોની વચ્ચે આપણે રહીએ છીએ તેમના હિતમાં કાર્ય કરશે. જે દેશોએ આવી સતત ઉદારતા પ્રદર્શિત કરેલ છે, તેમની સાથે વિશેષ અધિકારના સંબંધો (privileged relations)ની સ્થાપના કરવી એ એક મહત્વપૂર્ણ નીતિ (policy) છે, કે જેનું આપણને અનુસરણ કરવું જોઈએ. અને અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: માત્ર પોર્ટુગલ વિશે જ વિચાર નહિ કરો. મોઝામ્બિકમાં પાછળના એ સમય તરફ વિચાર કરો કે જયારે પરિસ્થિતિ મુશ્કેલ હતી, અને જે મુરીદો, મુશ્કેલી અને અસ્થિરતા તથા મોઝામ્બિકમાં પોતાના ભવિષ્ય અંગે સંદેહ ધરાવતા હતા, તેઓને આ દેશની સરકારે જે દ્રઢતા (rigour), ઉદારતા, ડહાપણની સાથે આવકાર આપ્યો હતો, તે સમય તરફ વિચાર કરો. આથી, આજે અમે તમને ફરમાવીએ

છીએ: અમે અહીં , ઈમામતના એક સ્થાન (Seat of the Imamat)ની સ્થાપના કરીએ છીએ, કે જે પોર્ટુગલમાં એક કાયમી ઉપસ્થિતિ હશે. આ કાયમી ઉપસ્થિતિ બિન-સાંપ્રદાયિક (secular) સરકારો અને ઈસ્માઈલી ઈમામત વચ્ચેના સંબંધો વિશે એક નવીન ભવિષ્ય- દ્રષ્ટિ (vision)ની શરૂઆત છે. એ અમારી આશા છે કે, આવનારા દાયકાઓમાં જમાતના હિતમાં, આપણે જગતભરમાં એક મોટી સંખ્યાની સરકારો સાથે આ સંબંધો સ્થાપિત કરી શકીશું.

આપણે જ્યારે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે અમે ખાસ કરીને, આજે સાંજના એક ઘણી જ વિશાળ શ્રેણીની રાષ્ટ્રીયતાઓ (spectrum of nationalities)ના અમારા રૂહાની બાળકો, કે જેઓ અહીં છે, તેઓને ફરમાવીએ છીએ: દેશોમાં, સરહદોની પાર-- સાથે મળીને કાર્ય કરો, સાથે મળીને ઘડતર કરો, સંગઠિત બનો, ક્ષમતાનું સર્જન કરો, જોખમથી તમને પોતાને સુરક્ષિત રાખો. આથી, એક બુદ્ધિગમ્ય (rational), વિચારશીલ (considered), હેતુપૂર્ણ રીતે આગળ વધો, કે જેથી, જમાતની ભવિષ્યની પેઢીઓ, જીવનની એક એવી ગુણવત્તાની ખાત્રી રાખી શકે, કે જેની અમે અને તમે તેમના માટે ઈચ્છા રાખીએ છીએ.

અમે અહીં  હાજર એકે એક અને દરેકે મુરીદને, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે માનીએ છીએ કે આજે સાંજના, તમે અમુક સ્વરૂપનો દરબાર ધરાવવાનો ઈરાદો કરી રહ્યા છો. પ્રણાલિકા અનુસાર, દરબાર, ખુશીનો, આનંદનો એક પ્રસંગ હોય છે. આથી, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: સહભાગી બનો અને એક અદ્‌ભુત સમય ધરાવો. અમે આશા રાખીએ છીએ કે દરેક મુરીદ કે જે અહીં  છે, જે એ દરબારમાં સહભાગી થઈ રહેલ છે, તે ખુશ થશે-- તમે આનંદ, તમારી પોતાની વચ્ચે સારા સંબંધો, સરહદોની પારથી નવીન પરિચિતો (acquaintances), અને સમગ્ર જમાતમાં ખુશી મેળવશો.

અમે આ ફરમાનનું સમાપન, તમારામાંના એક એકને, વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને અને તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને ખાસ કરીને, અમે તમારા માટે, તમારા કુટુંબો અને કોઈપણ જમાત, જે તકલીફમાં છે તેમના માટે મુશ્કિલ-

આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ. તે મુશ્કેલીઓ અદ્રશ્ય થઈ જાય -- દૂર ચાલી જાય અને દૂર રહે. અને અમે તમને ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન ,ખાનાવદાન, ખાનાવદાન.

## *પ્રથમ હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમે અમને લાડ લડાવ્યા છે -- તમે અમને વિચારશીલતાપૂર્વક, ઉદારતાપૂર્વક, કંઈ બાબત અમને ખુશ કરે છે તે બાબત જાણીને, ઘણી જ બુધ્ધિ અને ડહાપણની સાથે લાડ લડાવ્યા છે, અને અમે તમારા પ્રતિ અમારો અતિશય ઉષ્માપૂર્વકનો આભાર -- અમારો અતિશય ઉષ્માપૂર્વકના આભાર વ્યકત કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમને ખાત્રી છે કે, તમારા મગજમાં તમે પોતાને કહી રહ્યા છો: હાઝર ઈમામ આ ભેટોનું શું કરશે? આથી, અમે તમને જણાવીશું. સૌ પ્રથમ, કળાની અસાધારણ કૃતિઓ (extraordinary works of art) ઈમામતની માલિકીની હશે, પરંતુ તે થોડા સમયમાં, કેનેડામાંના આગાખાન મ્યૂઝિયમ અને

જગતભરમાંના બીજા મ્યૂઝિયમોમાં જાહેર પ્રદર્શન(public exhibition) માટે મોકલવામાં આવશે. ભૌતિક નઝરાણાનો જગતભરની જમાત માટેની પહેલો (initiatives) ઉપર ખર્ચ કરવામાં આવશે, કે જેથી જમાતો જે દેશોમાં રહે છે, જેમાં તેઓને મદદની જરૂરત છે, તેમને ટકાવી રાખવા માટે આપણે આપણાથી થઈ શકે તેટલું ઉત્તમ (કાર્ય) કરી શકીએ.

અને અંતમાં, અમે તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને, અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમને ખાત્રી છે કે તમે સઘળા "દાઈ" શબ્દનો અર્થ જાણો છો. અમે ચાહીએ છીએ કે આ અતિશય ખુશીભર્યા પ્રસંગે જમાતોની ભેટો, તેમના વિચારો માટે તેમનો આભાર માનવા, આજે સાંજના તમારામાંના સઘળા અમારા દાઈ, અમારા દાઈઓ બને. આથી, તમારી જમાતોને, તમારા કુટુંબોને અમારા દુઆઆશિષો પહોંચાડજો, અને તેઓને કહેજો કે અમે તેઓનો દાઈઓ તરીકે વિચાર કરીએ છીએ -- અમે તેઓનો દાઈઓ તરીકે વિચાર કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અંતમાં, અમે તમારી સઘળી ઉમેદો -- તમારી સઘળી નેક ઉમેદોની પરિપૂર્ણતા માટે, અને ખાસ કરીને મુશ્કિલ-આસાન માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *પોર્ટુગીઝ રિપબ્લિકના પ્રેસિડેન્ટની હાજરીમાં ફરમાવેલ મંતવ્ય*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આ એક બીનઅપેક્ષિત (unexpected) રહેમત હતી. અને જમાત, અમારો પરિવાર અને અમારા વતીથી આપણી સાથે આ સમયે સહભાગી થવા બદલ નામદાર પ્રેસિડેન્ટનો અમે આભાર માનીએ છીએ.

આજે સવારના, અહીં  લિસ્બનમાં ઈસ્માઈલી ઈમામતના સ્થાન (Seat of the Ismaili Imamat) કે જેને અમે "ઈસ્માઈલી ઈમામતના દીવાન" (Diwan of Ismaili Imamat) તરીકે નામ આપવાનો નિર્ણય કર્યો છે, તેને નિયુક્ત કરવા એક વિધિસરના દસ્તાવેજ ઉપર અમે સહી-સિક્કા કર્યા છે. આ જમાતની જરૂરતોની વધુ સારી સેવા કરવા ઈમામતની સંસ્થાઓની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવા માટે એક ઐતિહાસિક પગલું (historic step)છે. આ સ્થાન (Seat)ની અહીં  સ્થાપના કરવા માટે અમને આમંત્રિત કરવા માટે અમે પોર્ટુગલની સરકાર અને લોકો તરફ અમારો આભાર વ્યક્ત

કરીએ છીએ. આ સ્થાનની સ્થાપના એ બાબત પૂરી પાડે છે કે મુસ્લિમો અને બિન-મુસ્લિમો વચ્ચે સમજણમાં વૃદ્ધિ (enhance) કરવા, અને જગતભરમાં શાંતિ અને સ્થિરતા પ્રતિ યોગદાન  આપવા માટે ઈમામત અને સરકાર સાથે મળીને કાર્ય કરવાનું ચાલુ રાખશે. હવે પોર્ટુગલ, અલહમ્દોલિલ્લાહ, આપણા ભાગીદાર તરીકે આપણી પાસે છે.

## *બીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અહીં  હાજર અમારા સઘળા રૂહાની બાળકોને, તમારા કુટુંબોને -- (અહીં ) હાજર હોય કે દૂર હોય, તમારી જમાતને -- દૂર હોય કે (અહીં ) હાજર હોય, અમે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા રૂહાની બાળકો અમારી સમક્ષ છે, અને અમારો પરિવાર અમારી પાછળ છે, અને અમે અમારી જમાતને જણાવવા ચાહીએ છીએ કે અમે કેટલા બધા ખુશી છીએ કે, આ પ્રસંગે, અમારો પરિવાર આ મુલાકાત માટે, અમારી સાથે આવી શકેલ છે. તે મારા માટે મહાન ખુશીનો, અમુક પ્રમાણની રમૂજ (humour)નો, પ્રાસંગિક (occasional)

સવાલોનો એક સ્ત્રોત (source) છે -- જે તમે કદી પણ અનુભવતા નથી -- પરંતુ આપણી જમાત સાથેની આ મુલાકાત માટે અમારી સાથે અમારા પરિવારનું હોવું એ મહાન ખુશીની એક પળ છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જેમ આપણે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ છીએ, તેમ તમે તમને પોતાને પૂછો છો કે તમારા ભવિષ્યનું કેવી રીતે ઘડતર કરવું; તમારા ભવિષ્યનું ક્યાં ઘડતર કરવું; એવા કયા પાયાઓ છે કે જેના ઉપર તમે એક મજબૂત ભવિષ્યનું ઘડતર કરી શકો? અને અમે અમારી જે જમાત ઉર્દુ, ગુજરાતી, અરબી, અન્ય ભાષાઓ બોલે છે, તેમને ફરમાવ્યું છે: અંગ્રેજી શીખો. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: દ્વિભાષી (bilingual), ત્રિભાષી (trilingual), ચતૂંર્ભાષી (quadrilingual) પંચભાષી (quintilingual) બનો, પરંતુ અંગ્રેજીમાં બોલવાનું, અંગ્રેજીમાં વાંચવાનું શીખો, કે જેથી તમે વૈશ્વિક જ્ઞાન પ્રતિ અતિશય ઘણી પહોંચ (greatest access) ધરાવો, કે જેથી અમારી જમાત જયાં પણ રહેતી હોય, તમે જે પણ વ્યવસાયમાં હો, તમે વૈશ્વિક જ્ઞાનની પહોંચ ધરાવી શકો. તમે શેક્સપીઅર છો તેવો ડોળ (pretend) કરવાની જરૂર નથી -- તેઓ લાંબા સમય પહેલાં ચાલ્યા ગયા છે!

આથી, કેવળ અંગ્રેજીમાં સંદેશ-વ્યવહાર કરવાનું અને અંગ્રેજીમાં વાંચવાનું શીખો.

તમારા વ્યવસાયિક જીવનમાં--જમાતી સંસ્થાઓ, સહકારી મંડળીઓ (co-operatives), સંગઠનો (associations), બિન-સત્તાવાર સંસ્થાઓ (informal organisations)માં સંગઠિત બનો -જ્યારે  તમે સંગઠિત બનો છો ત્યારે તમે વધુ મજબૂત હો છો. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જો તમે તમારા વ્યવસાયો, અથવા તમારા ધંધા-રોજગારો, અથવા તમારી પ્રવૃત્તિઓમાં સંગઠિત બની શકો -- તે જે પણ હોય -- તો સંગઠિત બનવાનો, ભવિષ્યમાં વધુ સારી મજબૂતી, વધુ સ્થિર મજબૂતીનું ઘડતર કરવાનો પ્રયાસ કરો.

બીજો મુદ્દો, જે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ તે ભવિષ્ય માટે તૈયારી કરવાનો છે. તમે એક સંદર્ભ (context)માં રહો છો, કે જયાં ઈન્શાઅલ્લાહ, તમે ભવિષ્યની પેઢીઓ માટે નાનકડાં પ્રમાણની સંપત્તિનું સર્જન કરી શકો છો. અને અમારા એ રૂહાની બાળકો જેઓ પશ્ચિમી જગતમાં રહે છે, તેઓને અમે ફરમાવીએ છીએ: જો તમે કરી શકો તેમ હો, તો તમે આવનારા વર્ષોમાં, ભવિષ્યની પેઢીઓની સુરક્ષા કરવા, નાનકડી રકમો (small amounts)નું સર્જન કરો. માત્ર સાવચેત રહો, તમારી કમાણીની અંદર જીવન

જીવો, તમારાથી થઈ શકે તેટલું બાજુએ રાખો અને ભવિષ્યની પેઢીઓ માટે તૈયારી કરો. અમે અમારી જમાત પાસેથી જે ચાહીએ છીએ તે પેઢી દર પેઢી મજબૂતી છે - કે તમે બીજી, ત્રીજી, ચોથી પેઢી તરફ આગળ વધવા, ક્ષમતાનું સર્જન કરવા માટે તમારી પોતાની પેઢીની આગળ તરફ દ્રષ્ટિ કરો.

અમારી જમાત સાથે તે પછીનો મુદ્દો, જે અમે ફરમાવવા ચાહીએ છીએ તે તમારી પ્રવૃત્તિઓની પ્રમાણિકતા (integrity) છે. અમે ચાહીએ છીએ કે અમારી જમાત, આપણે જેને "ઉત્તમ પ્રથા" (best practice) કહીએ છીએ, તેને એક લક્ષ્યાંક તરીકે ધરાવે. તેમ જે પણ કંઈ કરતા હો -- તમારા વ્યવસાયિક જીવનમાં, તમારા ધંધાકીય જીવનમાં -- તેમાં ઉત્તમ પ્રથા, તમારો લક્ષ્યાંક હોવો જોઈએ. કારણ કે તે એવો પાયો છે કે જેના ઉપર તમે સંખ્યાબંધ વર્ષો સુધી ક્ષમતાનું ઘડતર કરી શકો છો, અને ઈન્શાઅલ્લાહ, તે ક્ષમતાને ભવિષ્યની પેઢીઓને આપી જઈ શકો છો.

અમે તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે તમને જણાવવા ચાહીએ છીએ કે અમારી પાછળ (બેઠેલ) અમારો પરિવાર, તમારી સાથે આનંદ મનાવે છે, આથી, તમે એક આનંદપૂર્ણ (good) સમય ધરાવો. તમે કદાચ જાણો છો કે દરબાર મનોરંજનનો, રમૂજનો, નૃત્યનો, સંગીતનો એક પ્રસંગ હોય છે, આથી, આગળ વધો, સમગ્ર જમાતમાં, સાંજના ખુશહાલ દરબારોની ઉજવણી કરો. અને અમે તમને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અનેક વર્ષો અગાઉ, અમે જ્યારે  ઘણા યુવાન હતા, ત્યારે અમે જમાત સાથે સાંજના સમયમાં આ પ્રસંગોમાં સહભાગી થતા હતા. અને ત્યારે "ડાંડિયા રાસ" (stick dance) તરીકે ઓળખાતું જબરદસ્ત નૃત્ય થતું હતું, અને જો તમે સાવચેતી ન રાખો, તો દરેક સમયે હાથ ઉપર તમને લાગી જાય. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: ડાંડિયા રાસથી સાવચેતી રાખજો. ઉત્તમ દુઆઆશિષો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *બીજા હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

મુખીએ અરજ કરી કે અમે બાજુના હોલમાં જઈએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ત્રીજા હોલમાં ફરમાન*

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆત, તમારામાંના એકે એકને, વ્યક્તિગત રીતે, તમારા કુટુંબોને, અને તમારી જમાતને અમારા અતિશય હેતપૂર્વકના ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીને કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જમાતના સઘળા રૂહાની સભ્યોની અનંત શાંતિ અને રાહત માટે ઉત્તમ દુઆઆશિષો -- ખાસ દુઆઆશિષો -- ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તે પછી, અમે એ સઘળા કે જેઓ જમાતની સેવા કરે છે -- વોલન્ટીયરો અને બીજાઓને -- દુઆઆશિષો ફરમાવીએ છીએ -- આથી, તેઓ જાણે કે તેઓના અદ્ભુત કાર્ય માટે ઈમામ ઘણો આભાર અને આદર ધરાવે છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

જ્યારે  તમે ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરો છો, ત્યારે અમે જેના માટે ચિંતિત છીએ તે, એ છે કે તમે તેના માટે ઘડતર કરો, અને તમે એવી રીતે જીવન નહિ જીવો, કે જાણે કે એક કુટુંબમાની એક પેઢી કેવળ તેના પોતાના ભવિષ્ય માટે જ સંભાળ રાખે. આથી, આજે અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, ખાસ કરીને, જો તમે નાના બાળકો ધરાવતા હો: ધ્યાન રાખો, તેમની સુરક્ષા રાખો, તેમના માટે બચત કરો, મિલ્કતોને બાજુએ રાખો, કે જેથી એક પેઢીથી બીજી પેઢી સુધી, પ્રત્યેક કુટુંબની જીવનની ગુણવત્તામાં પ્રગતિ થાય. આ બાબત અમે અમારી જમાત માટે ઈચ્છીએ છીએ કે તમે વિચારશીલ, સમજદાર, કાબેલ અને ઘણા જ કાબેલ બનો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ તકે સરકાર અને સઘળા અધિકારીઓએ ન માત્ર અમારા પરિવાર તરફ, પરંતુ આપણી સમગ્ર જમાત તરફ જે સઘળી સદભાવનાઓ અને સૌજન્યશીલતાઓ દર્શાવેલ છે, તે બદલ તેઓનો પણ આભાર માનવા ચાહીએ છીએ. તેઓએ પ્રવેશ (access)ને સરળ બનાવેલ છે, તેઓએ જે રીતે પ્રતિસાદ આપ્યો છે, તેમાં ઉદાર રહ્યા છે. અને આપણે તેમના આભાર અને આદરના ઋણી છીએ. આથી, અમે સરકાર પ્રતિ, અમારી જમાત, અમારા પરિવાર અને અમારા પોતાના તરફથી તે (ઋણ) વ્યકત કરીએ છીએ.

અંતમાં, અમે તમને મુશ્કિલ-આસાન માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. તેમ જે પણ સમસ્યાઓ ધરાવતા હો, તેને ચાલી જવા દો. અમે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

મુશ્કિલ-આસાન માટે -- દૂર, દૂર, દૂર, દૂર, દૂર (થઈ જાય).

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## *ત્રીજા હોલમાંથી સીધાવી જતી વખતે ફરમાન*

ઘણી પરિસ્થિતિઓમાં જમાત વિવિધ હોલમાં બેઠેલી હોય છે, આથી અમને મુખીને પૂછવું પડે છે કે, "શું બીજો હોલ, અથવા બીજા બે હોલ, અથવા બીજા ત્રણ હોલ છે? શું અમે અમારી સંપૂર્ણ જમાતને અમારી સમક્ષ ધરાવીએ છીએ?" આથી, અમે તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, અને તમારા કુટુંબોને, અને તમારી જમાતને અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને એ પણ જણાવવા ચાહીએ છીએ કે અમારો પરિવાર અમારી જમાત સાથે હોવા બદલ અમે કેટલા બધા ખુશ છીએ. આથી, અમે તમારા સુખ, તમારા લાંબા આયુષ્ય,

અને તમે જે પણ સમસ્યાઓનો સામનો કરતા હો, તેમાં મુશ્કિલ-આસાન માટે ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# 48. ADDRESS Of His Highness The Aga Khan

**ADDRESS of His Highness the Aga Khan, 49th Hereditary Imam of the Shia Imami Ismaili Muslims to both Houses of Parliament in the House of Commons Chamber, Ottawa, on Thursday, February 27, 2014 H.H. Aga Khan (49th Hereditary Imam of the Shia Imami Ismaili Muslims):**

Bismillahir Rahmanir Raheem.

Prime Minister, Speaker Kinsella, Speaker Scheer, hon. members of the Senate and the House of Commons, Chief Justice of the Supreme Court, hon. members of the diplomatic community, distinguished guests, ladies and gentlemen,

The Prime Minister's generous introduction has been very kind. I am grateful for this invitation, for our association, and for so thoughtfully enabling leading representatives of our community and institutions around the world to join us on this occasion. Thank you, Prime Minister.

I am thankful that these leaders of the Ismaili community will have this opportunity to see for themselves why Canada is a leader in the community of nations. I must also thank you, Prime Minister, for inviting me to become an honorary citizen.

May I congratulate you on the gold medals of your remarkable hockey teams in Sochi. As an ex-player myself, I was hoping you would require your honorary citizens to join your team. I am convinced that the Dalai Lama and I would have been a formidable defence.

[Translation]

Thank you again for the invitation, Mr. Prime Minister.

It is an unprecedented honour for me to be here today. This is both a personal feeling and an objective observation, since I was told that this is the first time in 75 years that a spiritual leader has addressed a joint session of the Senate and the House of Commons during an official visit.

It is therefore with humility and a feeling of great responsibility that I speak to you, the elected representatives of the Canadian federal Parliament, in the presence of the highest authorities of the federal government.

I have the great privilege of representing the Ismaili Imamate, an institution that reaches across borders and, for over 1,400 years, has identified itself and been recognized by a growing number of states as the succession of the Shia Imami Ismaili Imams.

As the 49th Imam in that long history, for over 50 years, I have carried two inseparable responsibilities: overseeing the spiritual journey of Ismailis and, at the same time, improving their quality of life and the quality of life of the communities in which they live.

Although there was a time where the Ismaili Imams were also caliphs, which means heads of state—for example, in Egypt in the Fatimid period—today, my role is not a political one, since all Ismailis are first and foremost citizens of their native or adopted country.

The purview of the Ismaili Imamate is much greater now than it was in those days, since today, it is active in many areas of the world. With that in mind, I would like to share some thoughts with you that I think are important.

I propose today to give you some background about myself and my role and then to reflect upon what we call the umma, the entirety of Muslim communities around the world.

I will comment as a faith leader on the crisis of governance in so much of the world today, before concluding with some thoughts about the values that can assist countries of crises to develop into

countries of opportunity and how Canada can help shape that process.

First then, a few personal words.

I was born into a Muslim family, linked by heredity to the Prophet Muhammad. May peace be upon him and his family.

My education is blended in Islamic and western traditions. I was studying at Harvard some 50 years ago—actually, 56 years ago—when I became the hereditary Imam of the Shia Imami Ismaili Muslims. The Ismaili Imamate is a separate national entity, representing the succession of Imams since the time of the Prophet. Let me clarify something more about the history of that role, in both the Sunni and the Shia interpretations of the Muslim faith.

The Sunni position is that the Prophet nominated no successor and that spiritual moral authority belongs to those who are learned in matters of religious law. As a result, there are many Sunni Imams in a given time and a given place. Others believe that the Prophet had designated his cousin and son-in-law Ali as his successor. From that early division a host of further distinctions grew up, but the question of rightful leadership remains central. In time the Shia were also subdivided over those questions, so that

today the Ismailis are the only Shia community who throughout history have been led by a living hereditary Imam in direct descent from the Prophet.

The role of the Ismaili Imam is a spiritual one. His authority is that of religious interpretation. It is not a political role. I do not govern any land. At the same time, Islam believes fundamentally that the spiritual and material worlds are inextricably connected. Faith does not remove Muslims or their Imams from daily practical matters in family life, in business, and in community affairs. Faith, rather, is a force that should deepen our concern for our worldly habitat, for embracing its challenges, and for improving the quality of human life. The belief in this fusion of faith and world is why much of my attention has been committed to the work of the Aga Khan Development Network.

In 1957, when I succeeded my grandfather as Imam, the Ismaili community lived for the most part in the colonies and ex-colonies of France, Belgium, and the British Empire, or behind the Iron Curtain. This is still a highly diverse community in terms of ethnicity, language, culture, and geography. They continue to live mostly in the developing world, though increasing numbers now live in Europe and North America.

Before 1957, individual Ismaili communities had their own social and economic institutions where that was allowed. There was no intent for them to grow to national prominence, and even less vision to coordinate their activities across frontiers.

Today, however, that situation has changed, and the Aga Khan Development Network has a strong presence in several dozen countries where appropriate regional coordination is also useful. The AKDN, as we call it, is composed of a variety of private non-governmental, non-denominational agencies, implementing many of the Imamate's responsibilities. We are active in the fields of economic development, job creation, education, health care, as well as important cultural initiatives.

Most of our AKDN activities have been borne from the grassroots of developing countries, reflecting their aspirations and fragilities. Through the years, of course, this landscape has changed fundamentally, with the creation of new states, like Bangladesh; the horrors of ethnic cleansing, in Uganda; the collapse of the Soviet empire; and the emergence of new countries with large Ismaili populations, such as Tajikistan. More recently, of course, we have faced the conflicts in Afghanistan and in Syria, but through all of these experiences,

the Ismaili peoples have demonstrated an impressive capacity to persevere and to progress.

Our work has always been people driven. It grows out of the age-old Islamic ethic that is committed to goals with universal relevance: the elimination of poverty, access to education, and social peace in a pluralist environment. The AKDN's fundamental objective is to improve the quality of human life.

Among the great common denominators of the human race is a third aspiration, a common hope for a better quality of life. I was struck a few years ago to read about the UNDP survey of 18 South American states, where the majority of the people were less interested in their forms of government than in the quality of their lives. Even autocratic governments that improve their quality of life would be more acceptable for most of those polled than ineffective democratic governments. I cite that study, of course, with due respect to governmental institutions that have had a more successful story, including certain very distinguished parliaments.

The sad fact behind so much instability in our world today is that governments seem to be inadequate to these challenges. A much happier fact is that in the global effort to change this picture, Canada is an exemplary leader.

